# પ્રસાદ નં. ૧૫૧

## સમયસાર ગાથા ૧૪૨

(ફાગણ વદ ૭, ગુરુવાર, ૨૦૦૭)

શરીર, મન, વાણીની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. પુણ્ય-પાપાદિ શુભાશુભ ભાવોનો પણ આત્મા કર્તા નથી. અહીં તો કહે છે કે નયપક્ષના વિકલ્પ ઊઠે છે તેનો પણ આત્મા કર્તા નથી. ૮૮મા શ્લોકમાં કહ્યું કે આત્મામાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એવા જે ભેદ પડે છે, તે વ્યવહાર છે ને તે ભેદ આત્માનું સ્વરૂપ નથી. આત્મા એવા ભેદરહિત છે. એવો જે વિકલ્પ ઉઠાવવો તે આત્માનું કાર્ય ને આત્મા તેનો કર્તા એવો કર્તાકર્મ સંબંધ માનવો તે પણ ભ્રાંતિ છે. એટલા માટે નયોના સૂક્ષ્મ વિકલ્પોને છોડી આત્મસ્વભાવમાં ઠરી જવાનું આચાર્ય ભગવાન કહે છે.

### કળશ ૮૯

આત્મા સ્વસંવેદનજ્ઞાનથી વર્તમાન પ્રત્યક્ષ છે ને જ્ઞાનમાં જણાય તેવો છે, તે વાત યથાર્થ છે ને તે નિશ્ચયનયનો પક્ષ છે. આત્મા પરપદાર્થથી ને પુણ્યપાપના વિકલ્પથી જણાય તેવો નથી તે વ્યવહારે વાત બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે. આ પ્રમાણે ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.

પરથી જણાય તેવો નથી તે વ્યવહારની વાત તો સદાય ગૌણ કરજે પણ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષથી જણાય તેવો છે તેવું માત્ર ગોખવાથી સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થશે નહિ માટે તેવા વિકલ્પને છોડીને જે જીવ પોતાના આત્મામાં ઠરે છે તેને સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થઈ પ્રત્યક્ષ અનુભવ થાય છે.

**ભાવાર્થ :—**ઉપરના કળશોમાં જણાવ્યા પ્રમાણે બદ્ધ-અબદ્ધ આદિ અનેક પ્રકારના નયોના પક્ષપાતો છે.

## વ્યવહારનય સદાય ગૌણ કરી, નિશ્ચયનયનો પણ રાગ જે છોડે છે તે જીવને આત્માનો અનુભવ થાય છે.

પ્રથમ જુદા જુદા નયનાં કથનોનો અપેક્ષાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. શાસ્ત્રકાર કઈ અપેક્ષાએ વાત કહેવા માગે છે, તે પ્રથમ સમજવું જોઈએ. ભગવાને કહ્યા તે નય સાચા, એમ કહી જે પ્રમાદ સેવે છે તેને તો વ્યવહારુ જ્ઞાન પણ સાચું નથી. પણ વ્યવહારનયને વ્યવહાર જાણવો જોઈએ, તેને નિશ્ચય જાણવો ન જોઈએ. નિમિત્તથી કાર્ય થાય તે તો વ્યવહાર છે જ નહિ પણ પોતે પરના આશ્રયે સ્વયં અપરાધ કરે છે, કોઈ પર પદાર્થ અપરાધ કરાવતો નથી. એમ

વ્યવહારનયનું સ્વરૂપ જાણી તે અપરાધ મારું ત્રિકાળી સ્વરૂપ નથી, એમ યથાયોગ્ય જાણવું જોઈએ. આમ બન્ને નયોને યથાર્થ જાણીને જેટલાં વ્યવહારનયનાં કથનો છે તે તો સદાય ગૌણ કરવા જેવાં છે. તેની તો કદી પણ મુખ્યતા કરવાની નથી. પણ નિશ્ચયનયનો પક્ષ લઈ જે રાગ થાય છે તે પણ છોડવા જેવો છે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ'—વ્યવહારનયને પ્રથમથી છોડવાનો છે ને નિશ્ચયનયનો રાગ છોડવાનો છે. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો' જેને દેહથી જુદા એકલા જ્ઞાનસ્વભાવનું જ્ઞાન વર્તે છે, તે જીવને વિકલ્પનો નાશ થઈ આત્માનો અનુભવ થાય છે.

## જ્ઞાન સ્વ પર પ્રકાશક છે માટે તેને મુખ્ય કરી જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.

જીવમાં અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનેક સાધારણ ધર્મો છે. તે બીજા જડ પદાર્થોમાં પણ છે. તેથી જીવ તે વડે જડથી જુદો પડતો નથી પણ જીવનો અસાધારણ ધર્મ તો જ્ઞાન છે ને પ્રગટ અનુભવગોચર છે. તે જ્ઞાનગુણ બીજા જડ પદાર્થોમાં નથી માટે જીવ અસાધારણ જ્ઞાનગુણ વડે જડથી જુદો પડે છે. જ્ઞાનગુણ જડ તેમ જ જીવને જાણે છે, તેમ જ જ્ઞાનગુણ જીવના બીજા ગુણોને પણ જાણે છે માટે જ્ઞાન જ એક અસાધારણ ગુણ છે. તે વડે સ્વ—પર બધું જણાય છે. જીવમાં બીજા ગુણો અનંત હોવા છતાં આ કારણસર જ્ઞાનને મુખ્ય કરીને જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.

## કળશ ૯૦

## આત્મસ્વભાવમાં અંતર અને બહાર સમતારસ ભરેલ છે. તત્ત્વવેદી સમતારસને અનુભવે છે.

સંસારની અંદર બૈરાં—છોકરાં નડતાં નથી પણ પોતાનો મોહ ભાવ નડે છે. જેમ કરોળિયો પોતાની જાળમાં ફસાઈ જાય છે તેમ જીવ સંસારમાં 'આનું કરું ને તેનું કરું' એવા વિકલ્પમાં ફસાઈ જાય છે. તેમ અહીં પણ નયો જીવને ફસાવતા નથી પણ નયોના જુદાજુદા વિકલ્પોમાં અજ્ઞાની જીવ ફસાય છે. આત્મા કર્મબંધ સહિત છે ને કર્મબંધ રહિત છે, આત્મા મૂઢ છે ને આત્મા અમૂઢ છે, એવા અનેક પ્રકારના વિકલ્પો જેને ઊઠે છે તે જીવને આત્માનો અનુભવ થતો નથી. વળી જેમ હલકી જમીનમાં કળથી (હલકું અનાજ) થાય પણ ચોખા પાકે નહિ તેમ વ્યવહારનયના પક્ષમાં વિકાર પાકે પણ ચોખ્ખો શુદ્ધ આત્મા પાકે નહિ. હવે

નિશ્ચયનયના પક્ષનો પણ જેને વિકલ્પ ઉઠે છે તેને પણ આત્મઅનુભવ થતો નથી. પેંડાનો ભાવ ગોખવાથી પેંડા ખાવાનો સ્વાદ આવતો નથી તેમ નિશ્ચયનયથી વસ્તુસ્વરૂપ આમ છે, એમ ગોખવાથી અંતર અનુભવ થતો નથી. પણ જે જીવ તે રાગને ઓળંગીને પોતાના સ્વભાવમાં ઠરે છે તેને અનુભવ થાય છે. જ્ઞાનસ્વભાવમાં અંદર અર્થાત્ દ્રવ્યમાં અને બહાર અર્થાત્ પર્યાયમાં સમતારસ ભરપૂર ભરેલો છે. વ્યવહારનય અસમતારસ પેદા કરે છે ને નિશ્ચયનયનો રાગ પણ અસમતા પેદા કરે છે. માત્ર જ્ઞાનસ્વભાવ સમતારસમય છે, તેમાં જે જીવ નિર્વિકલ્પપણે ઠરે છે તેને તે રસનો અંતર અનુભવ થાય છે. આઠ વરસની બાલિકા, દેડકું વગેરે ભગવાનના સમવસરણમાં આવું ભાન કરે છે. દરેક સંજ્ઞી જીવને આવો અનુભવ થઈ શકે છે. પ્રથમ પોતાની ભૂમિકા બરાબર તૈયાર હોવી જોઈએ. મુમુક્ષુ જીવ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની વાણીને સાંભળતો નથી. સાચી પ્રરૂપણા કરનારા સુગુરુ પાસે સ્વ લક્ષે સાંભળે છે. જુદા જુદા નયોનું યથાર્થ જ્ઞાન કરે છે. જ્યાં જ્યાં જેમ કથન છે, તેની અપેક્ષા સમજે છે. ચારે અનુયોગના કથનની અપેક્ષા સમજે છે ને ચારે અનુયોગનો સાર વીતરાગતા છે, તેમ સમજે છે. પછી નયપક્ષનો રાગ છોડી પોતાના સ્વરૂપમાં અભેદપણે ઠરે છે, તેને ધર્મદશા પ્રગટ થાય છે.

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું વાક્ય કહે છે :—

## કળશ ૯૧

## જ્ઞાનમાત્ર સ્વભાવની પ્રગટતા થતાં સમસ્ત વિકલ્પરૂપ તરંગોનો નાશ થાય છે.

અર્થ :—શાસ્ત્રમાં કથન આવે છે કે “હે નાથ ! તારા નયનાં કથનો ઇન્દ્રજાળ જેવાં છે.” ઘડીમાં આત્માને બદ્ધ કહે, વળી બીજી અપેક્ષાએ અબદ્ધ છે એમ તરંગો ઊઠે છે. ઘડીમાં કહેશે કે કુંભાર વિના ઘડો થાય નહિ. ઘડીમાં કહેશે કે કુંભારથી ઘડો થાય નહિ. ગુરુથી જ્ઞાન થાય નહિ ને ગુરુ વિના જ્ઞાન થાય નહિ. આમ અનેક પ્રકારના ચોટા ચંચળ તરંગો-નયોના વિકલ્પો ઊઠે છે પણ જેમ ધનુષ્યનો ટંકાર દુશ્મનને ભગાડી મૂકે છે—જેમ કૃષ્ણનો ધનુષ્યટંકાર થતાં તેના પ્રતિપક્ષી સહન કરી ન શક્યા, ને સાંભળીને ભાગી ગયા, તેમ આત્મા જ્ઞાનસ્વભાવી છે, પરની ક્રિયાનો આત્મા સ્વામી નથી, નયપક્ષોના વિકલ્પ ઉઠાવવા તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો એકલો જ્ઞાનનો તેજઃપુંજ છે. તેવા જ્ઞાનપુંજનું સ્ફુરણ—ટંકારમાત્ર થવાથી એટલે કે જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્ર થવાથી સમસ્ત

નયપક્ષોના તરંગો નાશ પામે છે. એવો ચિન્માત્ર તેજઃપુંજ હું છું. જ્ઞાનમાત્ર કહ્યો છે. પરપદાર્થ તથા વિકારના અભાવરૂપ એકલા જાણવા દેખવાના સ્વભાવવાળો આત્મા તે જ હું છું. (જ્ઞાન કહેતાં દર્શન, ચારિત્ર, સુખ વગેરે ગુણો એમાં આવી જાય છે.)

**ભાવાર્થ :—**પોતે જ્ઞાનસ્વભાવી આત્મા છે, એવો અનુભવ થતાં બધા નયોના વિકલ્પોની ઇન્દ્રજાળ તે જ ક્ષણે નાશ પામે છે; એવો જ્ઞાનસ્વભાવી હું છું. ॥૧૪૨॥

# પ્રસાદ નં.-૧૫૨

## સમયસાર ગાથા ૧૪૩

(ફાગણ વદ ૮, શુક્રવાર, ૨૦૦૭)

ગાથા ૧૪૨માં કહ્યું કે જે ધર્માત્મા જીવ છે તેને વ્યવહારનયનો તો પક્ષ નથી જ પણ નિશ્ચયનયના રાગનો પક્ષ નથી ને જે વિકલ્પરહિત સ્વરૂપનો અનુભવ કરે છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધર્મદશા પ્રગટ કરે છે. તેથી અહીં શિષ્ય પૂછે છે કે હે પ્રભુ! જે ધર્મી જીવ નય પક્ષોને ઓળંગી ગયેલો છે, તેનું શું સ્વરૂપ છે? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈપણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩**

અન્વયાર્થ : નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થયો થકો, (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો) બન્ને નયોના કથનને કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને જરાપણ ગ્રહણ કરતો નથી.

## નયપક્ષનો રાગ છોડી જ્ઞાનસ્વભાવ સાથે એકતા કરવી તે મોક્ષમાર્ગ છે.

મૂળ ગાથામાં શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને તો ટૂંકી શૈલીમાં અસ્તિથી વાત કરી છે, તેને શ્રી અમૃતચંદ્રાચાર્ય મહારાજ કેવળીભગવાનનું દ્રષ્ટાંત આપી ટીકામાં વિશેષ સમજાવશે. નિશ્ચયથી આત્મા એક છે, વ્યવહારથી અનેક છે; નિશ્ચયથી આત્મા અમૂઢ છે, વ્યવહારથી મૂઢ છે; નિશ્ચયથી અદ્વેષી છે, વ્યવહારથી દ્વેષી છે— એવા નયપક્ષોના વિકલ્પનો જેને આગ્રહ નથી તે નયપક્ષરહિત કહેવાય છે. તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવને અનુભવતો બન્ને નયોના કથનને જાણે છે પણ નયપક્ષના વિકલ્પને ગ્રહણ કરતો નથી.

ગાથા ૧૪૨ સુધી કર્તાકર્મ અધિકારમાં ઘણી સરસ વાતો આવી ગઈ. આ આત્મા શરીર, મન, વાણી આદિ પરપદાર્થોનો કર્તા નથી, આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે એ ઉપાધિભાવ છે. વસ્તુસ્વભાવની દ્રષ્ટિએ તે પણ આત્માનું કર્તવ્ય નથી. આત્મા પર્યાયદ્રષ્ટિએ રાગ-દ્વેષનો કર્તા-ભોક્તા થાય છે તે વ્યવહારનો તેમજ નિમિત્તનો પક્ષ તો પ્રથમથી જ છોડાવેલ છે પણ આત્મા અકર્તા છે—અભોક્તા છે એવા રાગમિશ્રિત વિચારનો આગ્રહ પકડે તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતું નથી.

આત્માના અનુભવ વખતે નયનું જ્ઞાન વર્તે છે પણ નયના વિકલ્પના આગ્રહમાં રોકાતો નથી. તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. દેહની ક્રિયામાં ધર્મ નથી, પુણ્ય-પાપની ક્રિયામાં ધર્મ નથી, નયપક્ષના પકડમાં ધર્મ નથી. આત્મા ચૈતન્યમૂર્તિ છે તેવું ભાન કરી, પરપદાર્થ પ્રત્યેનું વલણ છોડી, નિશ્ચય-વ્યવહારનયોના રાગમિશ્રિત વિચારો સાથે રાગની એકતાબુદ્ધિ કાઢી નાખી, જ્ઞાનસ્વભાવ સાથે એકતાબુદ્ધિ કરવી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે.

## કેવળી ભગવાન કેવા છે?

ટીકા : અહીં અમૃતચંદ્રાચાર્ય ભગવાન સાધકદશાના નિર્વિકલ્પ અનુભવને કેવળી ભગવાનના અનુભવ સાથે સરખાવે છે. કેવળી ભગવાન કેવા છે તે પ્રથમ કહે છે.

૧. કેવળી ભગવાન સમસ્ત વસ્તુના સાક્ષી છે, તેમને નિશ્ચય-વ્યવહારપક્ષનો વિકલ્પ ઊઠતો નથી. બધી વસ્તુના માત્ર જ્ઞાતા છે.

૨. કેવળજ્ઞાનમાં નય હોતા નથી. મતિ, અવધિ, મનઃપર્યયજ્ઞાનમાં નય નથી. શ્રુતજ્ઞાન પોતે પ્રમાણ છે પણ તેમાં નય પડે છે. શ્રુતવિકલ્પા નયાઃ શ્રુતમાં ભેદ પડે છે તે નય છે. શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહાર-નિશ્ચયનયના પક્ષોના સ્વરૂપને ભગવાન કેવળ જાણે છે. જાણે છે એનો અર્થ એ નથી કે નિશ્ચય તથા વ્યવહારનયના પક્ષનો રાગ ઊઠે છે. તેમને વિકલ્પ હોતો નથી પણ બન્ને નયોના સ્વરૂપને જાણે છે.

૩. ભગવાનનું કેવળજ્ઞાન કેવું છે? નિરંતર પ્રકાશમાન છે, સહજ જ્ઞાનદશા પ્રગટ થઈ છે, નિર્મળ સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે, ત્રણકાળ-ત્રણલોકને એક સમયમાં જાણે છે.

૪. ભગવાન સદા પોતે જ વિજ્ઞાનઘન થયા છે. એકલા જ્ઞાનનો ઘન—ગાંગડો છે.

૫. ભગવાન શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા છે. કેવળી ભગવાનને છદ્મસ્થદશા હોતી નથી એટલે કે અલ્પજ્ઞતા હોતી નથી.

૬. કેવળી ભગવાન સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી કોઈપણ નય પક્ષને ગ્રહતા નથી એટલે કે નયપક્ષની જે જે ભૂમિકા છે તેને જાણે છે પણ નિશ્ચય-વ્યવહારનો વિકલ્પ ઉઠતો નથી.

હવે અહીં શ્રુતજ્ઞાનીને કેવળી ભગવાન સાથે સરખાવે છે એટલે કે અંતર અનુભવ વખતે ક્યા પ્રકારે સમાનતા છે, તે દર્શાવે છે.

## ૧. શ્રુતજ્ઞાની વિકલ્પના ઉત્સાહથી નિવર્ત્યા છે ને સ્વભાવ તરફના ઉત્સાહમાં વર્તે છે.

શ્રુતજ્ઞાનીને ક્ષાયોપશમિક જ્ઞાન છે. બધાને એકીસાથે જાણવાની દશા ઉઘડી નથી. જેમ કેવળી ભગવાન સઘળી ચીજોના સાક્ષી છે ને તેમને સંપૂર્ણ જ્ઞાનદશા પ્રગટી છે તેમ શ્રુતજ્ઞાનીને હોતું નથી. શ્રુતજ્ઞાની સમસ્ત ચીજોના સાક્ષી નથી. નીચલીદશામાં વિકલ્પ ઉત્પન્ન થાય છે અર્થાત્ નિર્વિકલ્પ અનુભવ પહેલાં ભેદભૂમિકા હોય છે ખરી. છતાં પણ ધર્મી જીવને વિકલ્પ ગ્રહણ કરવા તરફનો ઉત્સાહ નિવૃત્ત થયો છે. આત્મા વ્યવહારે કર્તા છે, નિશ્ચયે અકર્તા છે; ભોક્તા છે, અભોક્તા છે; પર્યાયમાં નિમિત્તથી બદ્ધ છે, સ્વરૂપમાં બદ્ધ નથી; પર્યાયે અનિત્ય છે, સ્વભાવે નિત્ય છે—એવા વિકલ્પોમાં શ્રુતજ્ઞાનીને ઉત્સાહ વર્તતો નથી. પણ પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ તરફ ઉત્સાહ વર્તે છે—સ્વભાવ તરફ ઢળવા માગે છે. સ્વ તરફ ઉત્સાહ વધ્યો છે ને વિકલ્પો તરફ ઉત્સાહ નથી એમ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત છે. શરીરની ક્રિયા મારાથી થાય છે, દયા-દાનના ભાવ કરવા જેવા છે, એમ ધર્મી કદી માનતો નથી. પાંચ મહાવ્રતના ભાવોને પકડું એવું જ્ઞાનીને હોતું નથી. વસ્તુમાં ગુણ-પર્યાયે ભેદ છે, દ્રવ્યે અભેદ છે; સ્વસંવેદન જ્ઞાન વડે પ્રત્યક્ષ છે ને પુણ્યથી કે ઇન્દ્રિયથી પ્રત્યક્ષ નથી—એવા વિકલ્પો ઊઠવા છતાં તે ઉત્સાહથી પાછો ફરેલ છે.

સમ્યગ્દર્શનના નિર્વિકલ્પ અનુભવ વખતની દશાની વાત ચાલે છે. હું ધર્મી છું, મારામાંથી ધર્મ પ્રગટ થાય તેમ છે, એવા રાગમિશ્રિત વિચારનો ઉત્સાહ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી હું સમજીશ એમ તો કદી માનતા નથી પણ હું સ્વથી સમજીશ એવા નિશ્ચયનયના રાગમિશ્રિત વિકલ્પો પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો છે.

## ૨. શ્રુતજ્ઞાની નિશ્ચય-વ્યવહારનયના સ્વરૂપને કેવળ જાણે છે.

શ્રુતજ્ઞાની ધર્માત્મા કેવળી ભગવાનની જેમ નિશ્ચય અને વ્યવહારનય—બંનેનું સ્વરૂપ જાણે છે. બન્નેના જાણવામાં કાંઈ ફેર નથી. પરથી લાભ-નુકશાન થાય, એમ શ્રુતજ્ઞાની માનતા નથી. વિકાર અવસ્થામાં છે ને તે ત્રિકાળ આત્માનું

સ્વરૂપ નથી. પણ આત્મા જ્ઞાનસ્વરૂપી છે, એમ શ્રુતજ્ઞાનના અવયવભૂત નિશ્ચય-વ્યવહાર પક્ષોના યથાર્થ સ્વરૂપને કેવળ જાણે છે, વિકલ્પ ઉઠાવતા નથી.

## ૩. શ્રુતજ્ઞાનીને નિર્મળ આત્મસ્વભાવમાં તીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી લીનતા વર્તે છે.

કેવળી ભગવાનને નિરંતર પ્રકાશમાન સંપૂર્ણ વ્યક્તજ્ઞાન વર્તે છે, જ્યારે શ્રુતજ્ઞાનીને નિરંતર સંપૂર્ણ વ્યક્ત જ્ઞાન નથી. તેનું જ્ઞાન ઘણું તીક્ષ્ણ છે અર્થાત્ ઉગ્રતાને પામેલ છે. પોતે સહજ આનંદ સ્વભાવમાં દ્રઢીભૂત થયા છે. નિમિત્તદ્રષ્ટિ, ભેદદ્રષ્ટિ, વિકલ્પદ્રષ્ટિને નાશ કરી છે ને જ્ઞાનાનંદ છું એવી તીક્ષ્ણબુદ્ધિથી નિર્મળ, નિત્ય ઉદિત (પ્રકાશમાન), ચૈતન્યમય આત્માને અનુભવે છે. કેવળીને લીનતા કરવાની હોતી નથી, શ્રુતજ્ઞાની લીનતા કરે છે. શ્રુતજ્ઞાની લીનતા વડે વિજ્ઞાનઘન થયો છે.

## ૪. શ્રુતજ્ઞાની અંતર અનુભવ વખતે પોતાની ભૂમિકા અનુસાર વિજ્ઞાનઘન થાય છે.

કેવળી ભગવાન સદાય વિજ્ઞાનઘન વિકલ્પ વિનાના છે, જ્યારે શ્રુતજ્ઞાની અંતર અનુભવ વખતે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છે. શ્રુતજ્ઞાનીનો આત્મા જ્યારે અંતર અનુભવમાં હોય છે ત્યારે વિજ્ઞાનઘન થયો છે. તે વખતે વિકલ્પ વિનાનો થયો છે. રાગને લીધે, નિમિત્તને લીધે અથવા બીજા કારણથી વિજ્ઞાનઘન થયો નથી પણ આત્માના અનુભવમાત્રથી વિજ્ઞાનઘન થયો છે. હું સાધક છું ને હવે મારે સિદ્ધદશા કરવી છે એવા વિકલ્પો અનુભવન વખતે નથી. જેમ કેવળી ભગવાન સદાય વિજ્ઞાનઘન છે તેમ શ્રુતજ્ઞાની અનુભવ વખતે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છે, એકલા જ્ઞાનમાં તરબોળ છે. મનનો, પુણ્યનો, વિકલ્પનો આશ્રય નથી. હું પરમાત્મા નથી ને મારે પરમાત્મા થવું છે, વીતરાગી દશા મારું કાર્ય ને હું કર્તા એવા વિકલ્પો અનુભવ વખતે નથી, પણ એકલા જ્ઞાનમય છે.

## ૫. શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પોની ભૂમિકાને ઓળંગી ગયા છે.

કેવળજ્ઞાની શ્રુતજ્ઞાનની ભૂમિકા ઓળંગી ગયા છે ને શ્રુતજ્ઞાનીને શ્રુતજ્ઞાન છે પણ અનુભવ વખતે વિકલ્પોની ભૂમિકા ઓળંગી ગયો છે. વળી પૂર્વે શ્રુતજ્ઞાની

આત્મા વાણી દ્વારા ને મન દ્વારા વિકલ્પો કરતો હતો તે વિકલ્પોને ઓળંગી ગયો છે. અનંતા આત્મા છે, દરેકને અનંત ગુણો ને અનંતી પર્યાય છે. આત્મા પર્યાયથી ભેદરૂપ છે ને નિશ્ચયથી અભેદરૂપ છે. તેની સમય સમયની પર્યાય થાય છે. એક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ પડે છે. વ્યવહારથી અનેકરૂપ છે ને નિશ્ચયથી અસંખ્યપ્રદેશી એક છે વગેરે પ્રકારના વિકલ્પોથી પૂર્વે શાસ્ત્રના લક્ષે તથા મનથી નિર્ણય બરાબર કર્યો હતો, પણ અનુભવ વખતે તે અંતર તથા બાહ્ય સમસ્ત વિકલ્પોની ભૂમિકાને ઓળંગી ગયો છે.

## વિકલ્પ દ્વારા વસ્તુનો યથાર્થ નિર્ણય કર્યો હોય તે જ જીવ સમ્યક્-દર્શનરૂપી મહેલમાં જઈ શકે છે, બીજો નહિ.

આ ઉપરથી એટલું તો નક્કી થાય છે કે જેને આવો અનુભવ કરવો હોય તેણે વિકલ્પ દ્વારા પ્રથમ યથાર્થ નિર્ણય કર્યો હોવો જોઈએ. તેણે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, તે સમજાવનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ તથા નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. આટલો નિર્ણય કરે નહિ તેને તો સમ્યગ્દર્શન થાય નહિ.

કેવળજ્ઞાની શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા છે, જ્યારે શ્રુતજ્ઞાની વિકલ્પોની ભૂમિકાને ઓળંગી ગયા છે. અલ્પકાળમાં મારી મુક્તિ થશે, બંધ અનાદિનો છે પણ હવે ટળી જશે; પર્યાયદ્રષ્ટિએ બંધ છે, સ્વભાવમાં બંધ નથી; આમ જેણે વિકલ્પ દ્વારા નક્કી કરેલ છે તેને વિકલ્પાતીત થવાનો પ્રસંગ આવે છે, પણ જેણે આવું નક્કી કરેલ નથી તે અનુભવ કદી પણ કરી શકે નહિ.

જેમ ઢેઢના આંગણામાંથી રાજાના મહેલમાં જવાતું નથી પણ રાજાના મહેલના આંગણામાંથી રાજાના મહેલમાં જવાય છે, તેમ વસ્તુસ્વરૂપ વિપરીત જાણીને અથવા સ્વરૂપ જાણ્યા વિના અંતર અનુભવના મહેલમાં જવાતું નથી. પણ સ્વરૂપ યથાર્થ જાણ્યા પછી વિકલ્પ તોડીને અંતર અનુભવ થઈ શકે છે. સ્વના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે, પરના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વથી જુદા છે એમ જાણે. જાણ્યા પછી જે વિકલ્પ ઉઠતો હતો તેને તોડે છે. વાણી સાંભળવી બાહ્ય જલ્પ છે ને મનના વિચાર અંતર્જલ્પ છે. તે વિકલ્પો તોડીને અતિક્રાંતપણાને પામીને શ્રુતજ્ઞાની અંતર અનુભવ કરે છે.

## ૬. શ્રુતજ્ઞાની સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા છે.

કેવળીભગવાન સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા છે જ્યારે શ્રુતજ્ઞાની અંતર-અનુભવ વખતે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા છે. બન્નેમાં સમાનતા છે.

પ્રથમ ભૂમિકા બરાબર હોવી જોઈએ. ઉપશમ કે ક્ષાયિક સમ્યગ્દર્શન થયા પહેલાં શ્રુતજ્ઞાન ઘણા પડખાંથી યથાર્થ હોવું જોઈએ. ઘણાં પડખાંથી નિર્ણય થયા પછી વિકલ્પની ભૂમિકા ઓળંગે છે. નિમિત્તથી થાય નહિ, ઉપાદાનથી થાય છે. નિમિત્તથી થાય નહિ—એ પણ વ્યવહાર છે. મારાથી ધર્મ થાય એમાં પણ નિશ્ચયપક્ષનો રાગ છે. તે રાગને પણ શ્રુતજ્ઞાની પકડતો નથી.

આ પ્રમાણે છ બોલ કેવળી ભગવાન સાથે મેળવ્યા છે.

## શ્રુતજ્ઞાનીને નિર્વિકલ્પદશા વખતે આત્માનો અનુભવ કેવો હોય છે?

આવી રીતે શ્રુતજ્ઞાની આત્મા બધા વિકલ્પોથી પાર છે. કોઈપણ અંતર કે બાહ્ય વિકલ્પનો નાશ થયો છે. તે નાસ્તિથી વાત કરી છે, હવે કેવો આત્મા અનુભવે છે તે અસ્તિથી વાત કરે છે. પરમાત્મા થયો છે. પરમાત્મા એટલે પરિપૂર્ણદશા પામેલો આત્મા—એવો અર્થ નથી. પણ રાગ ને ભેદ વિનાના આત્માનો આશ્રય કર્યો માટે તે પરમાત્મા છે. આ દ્રવ્ય છે. જ્ઞાનાત્મા એટલે જ્ઞાનસ્વરૂપમાં લીન થયેલો આત્મા છે. વિકલ્પથી દૂર એવો જ્ઞાનાત્મા થયો છે. “દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો” રાગનું જ્ઞાન નહિ, પરનું જ્ઞાન નહિ, દયાદાનના વિકલ્પનું જ્ઞાન નહિ, કેવળ ચૈતન્યનું જ્ઞાન વર્તે છે એવો જ્ઞાનાત્મા થયો છે. આ ગુણ છે. વળી તે પ્રત્યગ્જ્યોતિ થયો છે, પરથી જુદી જ્યોતિરૂપ થયો છે. જ્ઞાનપ્રકાશ પ્રત્યક્ષ પ્રગટ થયો છે. આત્મખ્યાતિરૂપ થયો છે. પ્રથમ મિથ્યાદશામાં પુણ્ય-પાપની તથા પરની ખ્યાતિ હતી. હવે પુણ્ય-પાપ તે હું નહીં, હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું એથી આત્મખ્યાતિ પ્રગટ થઈ છે. દુનિયામાં લોકો રાજા વગેરેની ખ્યાતિને ખ્યાતિ કહે છે, તે સાચી ખ્યાતિ નથી. તે તો ધૂળની ખ્યાતિ છે. ચૈતન્યશક્તિ જે ધ્રુવરૂપ શક્તિ હતી તે પર્યાયરૂપે પ્રગટ થઈ તે આત્મખ્યાતિ સાચી ખ્યાતિ છે. વળી તે આત્મા અનુભૂતિમાત્ર=એકલો અનુભવ-ચૈતન્યનો અનુભવ કરે છે. નિર્વિકલ્પદશા વખતે એકલો ચૈતન્યનો અનુભવ થાય છે. તે વખતે પુણ્ય-પાપના વિકારનો અનુભવ હોતો નથી. તે આત્મા સમયસાર છે

એટલે શુદ્ધ આત્મા છે. સમયસાર પુસ્તકમાં નથી, પાનામાં નથી, મનમાં નથી, અક્ષરમાં નથી, પુણ્ય-પાપના વિકલ્પમાં રહેતો નથી, વસ્તુની નિર્વિકલ્પ પ્રતીતિ થાય તે સમયસાર છે.

શ્રુતજ્ઞાની ને કેવળીને સાથે સરખાવે છે. આગળ-પાછળની વાત નથી. અનુભવ વખતે સરખાવે છે. કેવળીની સાથે ને કેવળીની સાખે સરખામણી કરે છે. કેવળજ્ઞાન વર્તમાનમાં નથી ને ભવિષ્યમાં થશે એવો ભેદ અંતર અનુભવ વખતે શ્રુતજ્ઞાનીને હોતો નથી. લીનતા વખતે પ્રત્યક્ષ જ્યોતિ-અનુભૂતિ સમયસાર ભગવાન પોતે છે. આનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. આ વિના વ્રત,તપ, જાત્રા બધું રણમાં પોક છે. પુણ્ય છે, રાગ છે, ધર્મ નથી પણ તે પુણ્યથી ધર્મ માને તો મિથ્યાત્વ થાય છે ને અધર્મનું પોષણ થાય છે. આ ભાન વિના ધર્મ હોઈ શકે નહિ.

## શ્રુતજ્ઞાનીને કેવળી ભગવાન સાથે અપેક્ષાએ સરખામણી

૧. કેવળી ભગવાન બધી વસ્તુના સાક્ષી છે. જ્યારે શ્રુતજ્ઞાની સમસ્ત વસ્તુના સાક્ષી નથી પણ અંતર અનુભવ વખતે પરપદાર્થો તરફ વિકલ્પોના ઉત્સાહની નિવૃત્તિ છે, એ અપેક્ષાએ સરખા છે.

૨. કેવળી ભગવાન નિશ્ચય-વ્યવહારના સ્વરૂપને જાણે છે, જ્યારે શ્રુતજ્ઞાની પણ નિશ્ચય-વ્યવહારના સ્વરૂપને જાણે છે. આમાં બન્ને સરખા છે.

૩. કેવળી ભગવાન સદા નિરંતર કેવળજ્ઞાનથી જાણે છે ને અનુભવે છે, જ્યારે શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન નથી પણ તીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી નિર્મળ ચૈતન્યમય આત્માની લીનતાથી તે જાણે છે ને અનુભવે છે.

૪. કેવળી ભગવાન સદાય વિજ્ઞાનઘન છે. જ્યારે શ્રુતજ્ઞાની નિર્વિકલ્પ અનુભવ વખતે પોતાની ભૂમિકા અનુસાર વિજ્ઞાનઘન છે.

૫. કેવળી ભગવાન શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા છે જ્યારે શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા નથી પણ શ્રુતજ્ઞાનમાં વિકલ્પવાળી દશામાં અંતર-બાહ્ય જે વિકલ્પો ઉઠતા તેને ઓળંગી ગયા છે. અનુભવ વખતે વિકલ્પ ઊઠતો નથી, એ અપેક્ષાએ સમાન કહ્યા છે.

૬. કેવળી ભગવાન સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા છે. જ્યારે શ્રુતજ્ઞાની પણ નિર્વિકલ્પ અનુભવ વખતે નયપક્ષના વિકલ્પોથી દૂર થયા છે. આમાં બન્ને સરખા છે.

## અમુક અપેક્ષાએ સમાનતા હોવા છતાં શ્રુતજ્ઞાનીના જ્ઞાન-આનંદ વગેરે પ્રગટદશા કેવળી કરતાં અનંતમે ભાગે છે.

અહીં શ્રુતજ્ઞાનીની કેવળી ભગવાન સાથે સરખામણી કરવામાં આવી છે. જ્યાં જેમ છે તેમ અપેક્ષાએ સમજવું. શ્રુતજ્ઞાનીને કેવળીભગવાનની જાતનો આનંદ છે માટે બધી અપેક્ષાએ સમાન છે, એમ સમજી લેવું નહિ. વળી અહીં જે સમાનતા કહી છે તે શ્રુતજ્ઞાનીના અંતર અનુભવ વખતની દશા સાથે સમજવી. બાહ્ય વિકલ્પવાળી દશા વખતની વાત નથી. વળી અંતરદશા વખતે આનંદ-અનુભવ એની જાતનો હોવા છતાં

૧. શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનથી અનંતમે ભાગે છે;

૨. કેવળજ્ઞાની પૂરા વિજ્ઞાનઘન છે, શ્રુતજ્ઞાની પૂરા વિજ્ઞાનઘન નથી.

૩. કેવળી ભગવાનને અનંત આનંદ આવે છે. શ્રુતજ્ઞાનીને અનંતમા ભાગે આનંદ આવે છે.

આનંદ એક જાતનો છે પણ કેવળી જેટલો નહિ પણ પોતાની ભૂમિકા અનુસાર હોય છે. કારણ કે કેવળી ભગવાન જેટલો આનંદ હોય તો પાછો ફરી સાધકદશામાં આવે નહિ. જેમ દશાશ્રીમાળી નાતમાં ગરીબ ને સાહુકાર વચ્ચે એક જ નાત હોવાના કારણે કન્યાની લેવડદેવડ થાય તેમ જ બીજો વ્યવહાર પણ થઈ શકે. એક નાત છે તે અપેક્ષાએ સરખા છે છતાં ગરીબાઈ ને તવંગરપણાની અપેક્ષાએ સમાનતા નથી. તેમ શ્રુતજ્ઞાની ને કેવળજ્ઞાની એક જ નાતના છે. અમુક અપેક્ષાએ સમાનતા છે છતાં પણ પ્રગટ આનંદ, અનુભવ, શાંતિ ને જ્ઞાનની પ્રગટદશાની અપેક્ષાએ શ્રુતજ્ઞાનીને તે બધુ અનંતમાં ભાગે છે, એમ યથાયોગ્ય સમજવું.

## વસ્તુસ્વરૂપ સમજ્યા વિના બાહ્ય વ્રત, તપ આદિ કાર્યકારી નથી.

વસ્તુસ્વરૂપ જેમ છે, તેમ બરાબર સમજવું જોઈએ. અજ્ઞાની કહે છે કે અમો પરની દયા પાળીએ ને પરને બચાવી શકીએ, વળી દયાના શુભરાગથી હળવે હળવે ધર્મ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે—તે બધા અજ્ઞાનભાવો છે.

અનુકૂળ નિમિત્તો હોય તો ધર્મ થાય, પ્રતિકૂળ નિમિત્તો હોય તો ધર્મ ન થાય. ગુરુની દયાથી ધર્મ થાય, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે તો તો સ્થૂલ ભૂલ છે. 'ગુરુની કૃપા હજો.' તે તો વ્યવહારની ભાષા છે, તેનો અર્થ એમ છે કે મારા આત્માની કૃપા હજો, કરુણા હજો. 'કરુણા હમ પાવત હૈ તુમકી' પોતાના આત્માના ભાન- સહિત પોતાની કરુણા કરે છે ત્યારે ભગવાનની કરુણા થઈ એમ વિકલ્પથી કહેવામાં આવે છે. અહીં તો તેવી સ્થૂલ વાત તો દૂર છે પણ આત્મા પર્યાયે મૂઢ છે ને દ્રવ્યે અમૂઢ છે. આત્મા પર્યાયમાં રાગનું કારણ છે ને દ્રવ્યમાં રાગનું કારણ નથી. પર્યાયે સાંત છે ને દ્રવ્યે અનંત છે, એવા નયપક્ષોના વિકલ્પો થયા તેથી શું? જે જીવ આવા વિકલ્પોને છોડી પોતાના જ્ઞાનસ્વભાવમાં ઠરે છે ને નયાતિક્રાંત થાય છે તે સમસ્ત વિકલ્પોથી જુદો પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર શુદ્ધ આત્મા થાય છે, ને તે જ ધર્મ છે.

ભાવાર્થ : જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે બધા નયોના વિકલ્પથી પર થઈ પોતાના આત્માને અનુભવે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે.

૧. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વસહિતનો રાગ ઉત્પન્ન થાય છે, તેને ધર્મ થતો નથી. જેમકે આત્મા સર્વથા બંધ સ્વરૂપ જ છે એમ જાણે તો મિથ્યા છે. આત્મા સર્વથા અબંધ છે એમ જાણે તોપણ મિથ્યા છે. કારણ કે તેવું વસ્તુસ્વરૂપ નથી. પર્યાયમાં બંધ છે ને સ્વભાવે અબંધ છે, એમ બે પક્ષોનું જ્ઞાન કરવાને બદલે એક પક્ષમાં એકાંત તાણી જવાથી જ્ઞાન ખોટું થાય છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

૨. વસ્તુસ્વરૂપ અનેકાંત છે, ને તે નિશ્ચય ને વ્યવહાર નય દ્વારા બરાબર જાણી શકાય છે. પ્રયોજનવશાત્ નિમિત્ત તથા વ્યવહારના પક્ષને ગૌણ કરી ઉપાદાનપક્ષ અથવા નિશ્ચયનયના પક્ષને મુખ્ય કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે. સ્વ તરફ ઢળવાનું પ્રયોજન છે માટે નિશ્ચયને મુખ્ય ને વ્યવહારને ગૌણ કરે છે.

"અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી." —શ્રીમદ્ રાજચંદ્ર

૩. જ્યારે નિશ્ચયનયના પક્ષનો પણ રાગ છોડે છે, જેમકે આત્મા શુદ્ધ છે, અભેદ છે, પરિપૂર્ણ છે એવા વિકલ્પનો પણ રાગ છોડે છે, ત્યારે તે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ અંશે અનુભવ પામે છે ને નયપક્ષનો જ્ઞાતા થાય છે, એમ જાણવું.

# પ્રસાદ નં. ૧૫૩

## સમયસાર ગાથા ૧૪૩

(ફાગણ વદ ૯ શનિવાર, ૨૦૦૭)

જે આત્મા નય પક્ષનો રાગ છોડે છે તે શુદ્ધાત્માને અનુભવે છે, તે આત્મા આવો અનુભવ કરે છે, એમ કળશમાં કહે છે.

**કળશ ૯૨**

**"ધર્મી જીવ વીતરાગી પરિણામને ઉપજાવે છે ને ટકાવે છે ને શુદ્ધ આત્માને અનુભવે છે."**

આ આત્મા જ્ઞાનસ્વભાવી છે, શરીર, મન, વાણી આત્માનું સ્વરૂપ નથી ને પુણ્ય-પાપના ભાવો થાય છે તે પણ ઉપાધિ સ્વરૂપ છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા અનંતી શક્તિનો ઢગલો છે. ધર્મી જીવ માને છે કે મારા જ્ઞાનસ્વભાવ વડે મારી નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય. પૂર્વ પર્યાયનો વ્યય થાય છે ને મારા જ્ઞાનસ્વભાવપણે ટકી રહું છું. શરીર મન, વાણી તથા બીજા પદાર્થને હું ઉપજાવતો નથી, નાશ કરતો નથી તેમજ ટકાવતો નથી. કારણ કે તે પરપદાર્થો છે, પરંતુ આત્માની પર્યાયમાં થતાં વિકારને પણ સ્વભાવદ્રષ્ટિએ જ્ઞાનપુંજ આત્મા ઉત્પન્ન કરતો નથી, નાશ કરતો નથી, તેમજ ટકાવતો નથી. પોતાના વીતરાગી પરિણામને ઉત્પન્ન કરવાને તેને જ ટકાવી રાખવા એવો ચિત્સ્વભાવ પુંજ હું છું, પરની દયા પાળવી ને પરના કામ કરવાં તે આત્માના અધિકારની વાત નથી. નિમિત્ત વિનાનો, કર્મ વિનાનો, મનના અવલંબન વિનાનો, રાગના અવલંબન વિનાનો પરમાર્થ સ્વરૂપ આત્મા એક છે. વિકલ્પોની અનેકતા આત્મામાં નથી, ને સમયે સમયે જે શુદ્ધતા થાય છે તે દ્રવ્ય સાથે એકપણું પામે છે, માટે એક છે. એવા અપાર શુદ્ધાત્માને હું અનુભવું છું. શરીર, મન, વાણીની ક્રિયા તો હું કરી શકતો નથી પણ પુણ્ય-પાપના ભાવો તે પણ બંધ ભાવો છે. પોતાની અસ્થિરતાથી કર્મના નિમિત્તે થતા શુભાશુભ સર્વ ભાવોને છોડીને હું શુદ્ધાત્માને અનુભવું છું.

ભાવાર્થ :–જેના જ્ઞાન, દર્શન વિગેરે અનંતા ગુણો છે એવા શુદ્ધ આત્માને ધર્મી જીવ નિર્વિકલ્પપણે અનુભવે છે તે વખતે હું શુદ્ધાત્માને અનુભવું છું, એવો વિકલ્પ પણ હોતો નથી. જે નય પક્ષોના વિકલ્પને ઓળંગી ગયો છે તે જ શુદ્ધ આત્મા છે, એમ નિયમથી તે કહે છે.

## ગાથા-૧૪૪

**સમ્યક્ત્વ તેમજ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નય પક્ષ સકળ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે.**

અન્વયાર્થ :–જે સર્વ નય પક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે, તે સમયસાર છે; આને જ (-સમયસારને જ) કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા (નામ) મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)

ટીકા :–આત્મા પદાર્થ પરનો આશ્રય કરે ને પરપદાર્થ આત્માનો આશ્રય કરે તેવો તો આત્માનો સ્વભાવ નથી પણ આત્મા કર્મથી બંધાયેલો છે ને કર્મથી બંધાયેલો નથી એવા નયપક્ષના વિકલ્પોથી પણ ખંડિત થાય તેવો આત્માનો સ્વભાવ નથી. અંતર નિર્વિકલ્પ વખતે સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે. તે જ શુદ્ધાત્મા અથવા સમયસાર છે. તે જ સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર છે. ખરેખર આ શુદ્ધ આત્માને જ સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાનનું નામ પામે છે. સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાન શુદ્ધ આત્માથી જુદા નથી, એક જ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યક્દર્શન નથી. પણ અંતર આત્મામાં શુદ્ધતા થાય છે તે સમ્યક્દર્શન છે.

## મુમુક્ષુએ પ્રથમ શું કરવું?

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરવો. ઘણા જીવો પૂછે છે કે અમારે પ્રથમ શું કરવું? અહીં અમૃતચંદ્રાચાર્ય ભગવાન સ્પષ્ટ લખે છે કે પ્રથમ જ્ઞાન- સ્વભાવી આત્માનો નિર્ણય કરવો. વ્રત, તપ કરવાનું, લીલોતરી ન ખાવાનું, અમુક દ્રવ્યો ખપે અને ન ખપે એ પ્રથમ કરવાનું કહ્યું નથી. હું પરની દયા પાળી શકું ને પર મારું કલ્યાણ કરી આપે, એ વસ્તુ છે જ નહિ. પણ દયા, વ્રતાદિના પરિણામ કરવાનું કહ્યું નથી, અવ્રત ટાળવાનું, દેશને સુધારવાનું કહ્યું નથી. પહેલે ધડાકે શ્રુતજ્ઞાનના અવલંબનથી આત્માનો નિર્ણય કરવો, તે નિર્ણય કરવા માટે સાચું શ્રુતજ્ઞાન કોના નિમિત્તે પ્રગટ થાય તેમ છે, તેનો પણ નિર્ણય કરવો જોઈએ.

## મુમુક્ષુ નિમિત્તનો વિવેક કરે છે.

જુઓ ટીકાની અંદર અમૃતચંદ્રાચાર્ય ભગવાન નિર્વિકલ્પ અનુભવ કરતા પહેલાં વિકલ્પવાળી ભૂમિકા કેવી હોય છે, તેની વાત કરે છે. આ પ્રથમ ઉપાય બહુ સરસ બતાવેલ છે.

(૧) જ્ઞાનસ્વભાવી આત્મા પરનું કરી આપે ને. પરથી પોતાને લાભ થાય કે પુણ્યથી ધર્મ થાય એવું પ્રરૂપનારા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો સમાગમ પહેલે ધડાકે છોડી દેવો જોઈએ, કોઈ કહે કે પ્રથમ વ્રત કરો, ઉપવાસ કરો, તપશ્ચર્યા કરો એમ કરતાં કરતાં હળવે હળવે ધર્મ થશે એમ કહેનારા સાચા દેવ નથી, ગુરુ નથી, શાસ્ત્ર નથી માટે તેનો સમાગમ છોડવો.

(૨) તું જ્ઞાનસ્વભાવી છો, તું મન, વાણી, દેહની ક્રિયા કરી શકતો નથી, પુણ્ય-પાપ તારું સ્વરૂપ નથી, એમ જેમની દિવ્યધ્વનિમાં આવે છે, ને જે પરિપૂર્ણદશાને પામ્યા છે તે સર્વજ્ઞદેવ સાચા દેવ છે ને એવી જ શ્રદ્ધા-જ્ઞાન સહિત પરિપૂર્ણદશા પામવાને જેઓ પ્રયત્ન કરી રહ્યા છે તે નિર્ગ્રંથ ગુરુ છે ને વિકાર તારું સ્વરૂપ નથી, જ્ઞાન તે જ તું છે, એમ અનેકાન્ત સ્વરૂપ યથાર્થ સ્વતંત્રતા બતાવનાર શાસ્ત્ર તે જ સત્ શાસ્ત્ર છે. એમ સત્ દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ કબૂલીને તેમની જે પાસે ઉપદેશ સાંભળે છે. આવી રીતે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું લક્ષ છોડી સત્ દેવ-ગુરુ-શાસ્ત્રની વાત સત્ના લક્ષે સાંભળવી જોઈએ.

## “સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે તું જ્ઞાનસ્વભાવી છો એમ નિર્ણય કરજે”

સાચા દેવ-ગુરુનો નિર્ણય કરીને મુમુક્ષુ જીવે પોતાના આત્માના સ્વભાવની વાત વારંવાર સાંભળી, નિર્ણય કરવો જોઈએ. પ્રથમ રાગ મિશ્રિત દશામાં જ્ઞાનસ્વભાવ કેવો છે, તે નિર્ણય કરે છે. જેમ સાકરનો સ્વભાવ ગળપણ છે, લીંબુનો સ્વભાવ ખટાશ છે, તેમ આત્માનો સ્વભાવ જાણવા દેખવાનો છે. પરની ક્રિયા કરે એવો આત્માનો સ્વભાવ નથી. કોઈ કહે કે પુણ્યથી ધર્મ થશે, પ્રથમ કાંઈક ક્રિયા કરો તો તેની વાત સાંભળતો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું, વિકાર તે મારું કાર્ય નથી, સાચા ગુરુને સાંભળતી વખતે સાંભળવાનો રાગ વર્તે છે તે વખતે દેવ-ગુરુ કહે છે કે “તું જ્ઞાન છો, એમ નક્કી કરજે” અમારા સામે જોવાથી ને શુભરાગથી તારું કલ્યાણ થાય તેમ નથી. કુદેવાદિનો અશુભ રાગ છૂટ્યો છે, સંસારનો પણ અશુભરાગ છૂટ્યો છે ને ધર્મદેશના સાંભળવાનો શુભરાગ વર્તે છે, તે વખતે કહે છે કે હે ભાઈ, શુભ લાગણી અનિત્ય છે, પલટતી છે. નિર્ણય કર કે પલટતી વસ્તુ તારું કાયમી ટકાઉ તત્ત્વ નથી. જ્ઞાનસ્વભાવ તે તારું ટકાઉ તત્ત્વ છે, એમ નિર્ણય કરજે. સમેતશિખરની જાત્રા કરજે, આટલાં વ્રત કરજે, આટલા

દયા, દાનના ભાવ કરજે, એમ શ્રીગુરુ કહેતા નથી પણ તું જ્ઞાનસ્વભાવી છો, એમ નિર્ણય કરજે.

(૧) તું જ્ઞાનસ્વભાવી છો એમ નિર્ણય કરજે, એમ કહે છે. તો પૂર્વે અવસ્થામાં જ્ઞાનસ્વભાવી પોતાને માનતો ન હતો પણ રાગ કરું, દયા કરું, વિકલ્પ કરું તો ધર્મ થાય એવી પૂર્વે માન્યતા હતી. પૂર્વે મિથ્યાત્વદશા હતી, એમ સાબિત થાય છે.

(૨) ઊંધી માન્યતામાં નિમિત્ત કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર હતા.

(૩) હવે તેનું લક્ષ છોડ્યું છે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો સતના લક્ષે આદર કરે છે ને તેનું સાંભળે છે.

(૪) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સાંભળીને જ્ઞાનસ્વભાવી છું એવો વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે, જેથી પર્યાય પલટન પામે છે.

(૫) પ્રથમ ઊંધી માન્યતા હતી, તેનો વ્યય થયો. હવે સાચી માન્યતા વિકલ્પ દ્વારા કરે છે એટલે તેનો ઉત્પાદ થયો ને પોતે બન્નેમાં ધ્રુવ ટકી રહ્યો એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ નક્કી કરે છે.

## "મુમુક્ષુ જીવ વિકલ્પ દ્વારા શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાન સ્વભાવનો નિર્ણય કરે છે."

હું છું તો શરીર ચાલે છે અથવા વાણી થાય છે એમ જ્ઞાની માનતો નથી. વળી ઉપવાસ, વ્રત, તપ કરવા એ પ્રથમ ઉપાય નથી. વ્યાકરણ ન્યાયાદિના શાસ્ત્ર ખૂબ વાંચે એ પણ પ્રથમ ઉપાય નથી, એવો જ્ઞાનનો ઉઘાડ પણ ઘણીવાર થયો પણ જન્મ-મરણનો અંત આવ્યો નહિ માટે પ્રથમ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો જોઈએ. શીરો બનાવવા માટે પ્રથમ ઘીમાં લોટ શેકવો જોઈએ ને પછી ગોળનું પાણી નખાય તે સિવાય બીજી રીતે શીરો બનતો નથી, તેમ પ્રથમ પોતે નિર્ણય કરવો જોઈએ કે આત્મા જ્ઞાનસ્વભાવી છે. જેમ વેપારીનો ધંધો પૈસા ભેગા કરવો તે છે, તેમ મુમુક્ષુનો પ્રથમ ધંધો જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેમ નિર્ણય કરવો. જ્ઞાનદશા પ્રગટ થશે, તે નિમિત્તથી કે પુણ્ય-પાપથી પ્રગટ થશે નહિ, આત્મ સ્વભાવમાં એકાગ્રતા કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થશે, એમ પ્રથમ રાગ મિશ્રિત વિચારમાં નક્કી કરવું. શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો તે પણ નિમિત્તથી કથન છે. નિર્ણય તો પોતાના જ્ઞાનસ્વભાવથી થાય છે, ત્યારે શ્રુતજ્ઞાન નિમિત્ત કહેવાય છે.

## "પછી પ્રગટ અનુભવ માટે મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને આત્મસન્મુખ કરે છે."

જ્ઞાન બહારથી આવતું નથી, અંતર એકાગ્રતાથી આવે છે. હજી સમ્યક્દર્શનની અનુભવદશા નથી. ચિદાનંદની પ્રગટ પ્રસિદ્ધિ માટે શું કરવું? પાંચ ઇન્દ્રિયો ને મન દ્વારા પર- પદાર્થની પ્રસિદ્ધિ થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર કુટુંબ વગેરે ઇન્દ્રિયો અને મન દ્વારા જણાય છે. પણ ઇન્દ્રિય ને મન દ્વારા આત્માની પ્રસિદ્ધિ થતી નથી. જે બુદ્ધિ પરપદાર્થની પ્રસિદ્ધિમાં રોકાતી તેને મર્યાદામાં લાવીને આત્મસન્મુખ કરવું, વળી સાધક ભૂમિકામાં અનેક પ્રકારના નયપક્ષના વિકલ્પો પ્રથમ હોય છે ખરા, દેવ-ગુરુ-શાસ્ત્ર આત્માને નિશ્ચયથી સિદ્ધ સમાન કહે છે ને વ્યવહારથી અવસ્થામાં રાગ થાય છે, એમ કહે છે. એવા નય પક્ષના વિકલ્પો હોય ખરા, પણ તેથી આકુળતા ઉત્પન્ન થાય છે, તે આકુળતામાં સમ્યક્દર્શનનો અનુભવ થતો નથી, વિકલ્પો અશાંતિ ઉપજાવે છે તેથી તે શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન તત્ત્વ જે નયોના વિકલ્પ તરફ રહેતું તેને આત્માની સન્મુખ કરવું.

## "મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનની સાચી મર્યાદા"

મતિજ્ઞાન ઇન્દ્રિયોમાં પ્રવર્તી દેવ-ગુરુ-શાસ્ત્રને સામાન્ય પ્રકારે જાણે તે મતિજ્ઞાનની મર્યાદા નથી કારણ કે પરજ્ઞેયને સામાન્યપણે જાણવું તે મતિજ્ઞાનનું ખરેખર કાર્ય નથી પણ જે મતિજ્ઞાન પરજ્ઞેયોને છોડી સ્વજ્ઞેયને જાણે તે મતિજ્ઞાનની મર્યાદા છે. વળી શ્રુતજ્ઞાનમાં પ્રથમ નય નિક્ષેપ વગેરેનું જ્ઞાન કરવું જોઈએ, આત્મા અનંતગુણોનો પિંડ છે, તેની સમયે સમયે અવસ્થા પલટાય છે વગેરે અનેક પડખાંથી વિચાર કરવા શ્રુતજ્ઞાનમાં વિકલ્પો ઊઠે છે ખરા પણ શ્રુતજ્ઞાનમાં વિકલ્પ ઊઠે તે શ્રુતજ્ઞાનની મર્યાદા નથી પણ તે નય ભંગોને ઓળંગીને વિકલ્પોને ટાળીને પોતા તરફ વળે તે શ્રુતજ્ઞાનની મર્યાદા છે.

## "વિકલ્પ રહિત શુદ્ધાત્માનો અનુભવ તે જ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન છે."

આવી રીતે જે જીવ મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનને અંતરસન્મુખ કરે છે, અત્યંત વિકલ્પ રહિત થઈને (એટલે કેવળજ્ઞાન પ્રગટ થયું છે એમ ન સમજવું) બુદ્ધિપૂર્વકના વિકલ્પોનો અભાવ કર્યો છે. મન, વાણી ને દેહથી, પુણ્ય-પાપના

ભાવોથી તથા નયપક્ષના ભેદોથી રહિત થયો છે તે તત્કાળ નિજરસથી પ્રગટ થતા આત્માને અનુભવે છે. આદિ, મધ્ય ને અંત રહિત એટલે કે શરૂઆતમાં દયા-દાનના વિકલ્પો અથવા નય વિકલ્પો હતા માટે આત્માનો અનુભવ થયો, એમ નથી. આદિ, મધ્ય અંતમાં બધા વિકલ્પોથી રહિત શુદ્ધ આત્મા જ છે. જ્યારે વિકલ્પો હતા ત્યારે આકુળતા હતી હવે વિકલ્પ રહિત થયો છે માટે અનાકુળ શાંતરસને અનુભવે છે. આવી રીતે તે કેવળ એક આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય એમ અખંડ પ્રતિભાસમય અનંત વિજ્ઞાનઘન એટલે એકલો વિજ્ઞાનમાં જ તરબોળ પરમાત્મરૂપ આત્માને અનુભવે છે, તે વખતે જ આત્મા સમ્યક્પણે શ્રદ્ધાય છે અને જણાય છે, તેથી સમયસાર જ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાન શુદ્ધાત્માથી જુદાં નથી.

# પ્રસાદ નં. ૧૫૩એ

## સમયસાર ગાથા-૧૪૪

(ફાગણ વદ ૧૦, રવિવાર, ૨૦૦૭)

## પ્રથમ ધર્મકળા સમ્યક્દર્શન કેવી રીતે પ્રગટ થાય?

આત્મામાં સમ્યક્દર્શનની નિર્મળપર્યાય પ્રગટ થાય છે તે કોને કહેવી? દેહની ક્રિયાને કહેવી? શુભાશુભભાવની ક્રિયાને કહેવી? ના, તે સમ્યક્દર્શન નથી, ધર્મની પહેલી કળાની વાત કરે છે. મતિજ્ઞાન જે પરપદાર્થની પ્રસિદ્ધિ કરતું તેને ચૈતન્ય તરફ વાળવું ને શ્રુતજ્ઞાનમાં નયપક્ષમાં અનેકતા થતી તે રાગમિશ્રિત વિચાર છે, તે સમ્યક્દર્શન નથી, તેથી તેવા નયપક્ષો છોડીને શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરવું ત્યાર પછી હું વિજ્ઞાનઘન છું, એમ જ્યારે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવની પ્રતીતિ કરી અનુભવ કરે, તે સમ્યક્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, રાગની વૃત્તિ તૂટી, નિર્મળ સ્વસંવેદન જ્ઞાન પ્રગટે છે, તે સમ્યગ્જ્ઞાન છે. નિર્વિકલ્પ આત્માની પ્રતીતિ તે સમ્યક્દર્શન છે. આ સમ્યક્દર્શન ને જ્ઞાનથી અનંત ભવનો અંત આવે છે.

ભાવાર્થ :–આત્મા શરીરની ક્રિયા રહિત છે, પુણ્ય-પાપ વિનાનો છે, માત્ર જ્ઞાનસ્વરૂપ છે, એમ પહેલાં શાસ્ત્ર દ્વારા નિર્ણય કરવો, પછી જે મતિજ્ઞાન બહારમાં પ્રવર્તતું તેને આત્મામાં મેળવી દેવું ને શ્રુતજ્ઞાનના નયોના વિકલ્પો મટાડીને શ્રુતજ્ઞાનને નિર્વિકલ્પ કરવું. ત્યારપછી એક અખંડ આત્માનો અનુભવ થવો તે જ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન આત્માના અનુભવથી જુદાં નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

### કળશ—૯૩

અર્થ : “વિકલ્પોની જાળના લોહવાટિયા જીવને આત્માનો અનુભવ થતો નથી.”

આ આત્મા તો શુદ્ધ સ્વભાવ નયોના પક્ષોથી રહિત છે પણ જેને નયોની જ ખબર નથી તે નય પક્ષથી રહિત થઈ શકે નહિ. આત્મા અનંત ગુણનો પિંડ શુદ્ધ દ્રવ્ય છે, એમ જાણવું એ નિશ્ચયનય છે ને વર્તમાન અવસ્થામાં વિકાર થાય છે તેને જાણનારા જ્ઞાનને વ્યવહારનય કહે છે. પ્રથમ નયોને જાણવા જોઈએ પણ નયોના રાગમિશ્રિત વિચારમાં રોકાવાથી ચલપણું થાય છે તેથી આત્માનો અનુભવ થતો નથી. જેમ સંસારના દુકાન, ધંધાના અશુભભાવોમાં લીનતાવાળા લોહવાટિયા

જીવને આત્માનો અનુભવ થતો નથી તેમ શાસ્ત્રના લોહવાટિયાને પણ આત્માનો અનુભવ થતો નથી. કુદેવ, કુગુરુ, આમ કહે છે ને સુદેવ, સુગુરુ આમ કહે છે, એમ માત્ર રાગમિશ્રિત વિચારમાં રોકાય, વિકલ્પોમાં દોડ્યા કરે, તેને આત્માનો અનુભવ થતો નથી.

## "આત્મલીન પુરુષો શુદ્ધ આત્માને આસ્વાદે છે."

પણ જે જીવ નયપક્ષોથી રહિત થાય છે તથા સર્વ પ્રકારના વિકલ્પથી રહિત થાય છે, તે આત્મલીન જીવો શુદ્ધ આત્માનો અનુભવ કરે છે.

"સિદ્ધ સમાન સદા પદ મેરો" એ બરાબર સમજી પોતામાં જ લીન રહે છે. જે જીવો પોતાના આત્મામાં નિશ્ચલ છે, કોઈપણ વૃત્તિથી ચલાયમાન થતા નથી, પોતાના જ્ઞાનઘન આત્મામાં ઠરી ગયા છે અને વિજ્ઞાન એટલે વિશેષે કરીને જ્ઞાન જ જેનો એક રસ છે, એવો આત્મા પોતે ભગવાન છે. અર્હન્ત સિદ્ધ આદિ ભગવંતો છે, તે તો તેના ભગવાન છે, મારા ભગવાન નથી; મારું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એ જ મારો ભગવાન છે. પવિત્ર પુરાણ પુરુષ છે, એટલે અનાદિકાળનો એવોને એવો શુદ્ધ પવિત્ર આત્મા છે, એવા આત્માનો અનુભવ નિશ્ચલ પુરુષો કરે છે. તેને જ્ઞાન કહો, દર્શન કહો, ચારિત્ર કહો, આનંદ કહો, અનાકુળ સ્વરૂપ કહો, મોક્ષમાર્ગ કહો, મુક્તિનો રાહ કહો, શુદ્ધ આત્મા કહો, બધું એક જ છે, માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે, જે કાંઈ છે તે આ એક જ છે.

**વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવૈ વિશ્રામ,**
**રસ સ્વાદત સુખ ઊપજૈ અનુભવ યાકો નામ.**

(બનારસીદાસ)

આત્મા અનંતગુણ પર્યાયનું ધામ છે. તેનો વિચાર કરતાં મનનું વલણ પુણ્ય-પાપના વિકલ્પથી છૂટી વિશ્રામ પામે છે. વિકલ્પ રહિત થતાં શાંતરસનો સ્વાદ ને સુખ ઊપજે છે. તેને અનુભવ કહો, આત્મસાક્ષાત્કાર કહો કે ઈશ્વરદર્શન કહો, એ બધું એક જ છે.

## "આત્માની શાંતિ આત્મામાં છે, બહારમાં નથી."

તે શાંતરસ, અનુભવ, શાંતિ આત્મામાં છે, બીજે ક્યાંય નથી. કોઈ મકાનમાં, મંદિરમાં, પર્વતમાં, મનમાં, શરીરમાં, પુણ્ય-પાપના વિકલ્પમાં નથી, વધારે શું કહીયે? આ વાત સર્વજ્ઞ સિવાય બીજે મળે તેમ નથી, માટે જેમ છે તેમ સમજવું

જોઈએ. અનાદિકાળનો આત્મા અજ્ઞાનના કારણે ચોરાશીના અવતારમાં રખડતો હતો, તે સાચું જ્ઞાન થતાં જ્ઞાનમાં જ આવી મળે, એમ હવે કહે છે.

## કળશ ૯૪

## "અનાદિનો જીવ મિથ્યાબુદ્ધિના કારણે વિજ્ઞાન સ્વભાવથી દૂર હતો."

અર્થ :–જેમ પાણી પોતાના સમૂહથી છૂટક પડીને બીજે નીકળી ગયું હોય, વનમાં થોડો ભાગ છૂટું ફરે, પછી તેને કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા પાછું વાળવામાં આવે તો તે પાણી, પાણીના સમૂહ તરફ ખેંચતું પ્રવાહરૂપે થઈને પોતાના સમૂહમાં આવી મળે છે, તેવી રીતે અનાદિનો અજ્ઞાની જીવ પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપથી ચ્યુત થાય છે એટલે કે પહેલાં પર્યાયમાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો છે, એમ નથી પણ પહેલેથી જ ભ્રમણામાં હતો, પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નહિ હોવાથી દાન પૂજા આદિથી લાભ થશે, એમ માનતો હતો. દેશની કે કુટુંબ સેવાથી આત્મસાક્ષાત્કાર થશે, તેમ માનતો હતો. પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો, રાગની લાગણીના થોકમાં રહેતો હતો, જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવથી દૂર ભાગતો હતો, કાંઈક પુણ્ય હોય તો ઠીક, નિમિત્ત હોય તો લાભ થાય, એમ માનતો હતો. વ્રત કરું, ક્રિયા કરું, વ્રત ઉદ્યાપન કરું, પાંચ લાખ રૂપિયા ખરચીને ધર્મ કરું–એવા વિકલ્પોમાં રોકાતો ને છેવટે નયના રાગમાં ભટકતો હતો, પોતે સિદ્ધ સમાન છે તે ચૂકીને બહારથી સુખ ને ધર્મ પ્રાપ્ત કરી લઉં, એમ વિકલ્પ ઉઠાવી જ્ઞાનસ્વભાવથી દૂર ભાગતો હતો. વળી તે વિજ્ઞાનઘન સ્વભાવથી ચ્યુત થયો છે, એમ લખ્યું છે પણ કોઈ કર્મના ઉદયને લીધે ચ્યુત થયો છે, એમ કહ્યું નથી, પણ પોતાના અજ્ઞાનના કારણે એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ કર્યા કરતો, તેથી ચ્યુત થયો છે. વિકલ્પ ઉઠાવી પોતાનો વિજ્ઞાનઘન આત્મા છે તેમાં ખંડ પાડે છે.

૧) સાચું માનશું તો સંપ્રદાય ને સમાજમાં મને વ્યવહારની મુશ્કેલી પડશે, એમ વિકલ્પો ઘણા કર્યા કરતો.

૨) શાસ્ત્રો આમ કહે છે, બીજાઓ વસ્તુસ્વરૂપ બીજી રીતે કહે છે, એમ વિકલ્પોમાં ગુંથાઈ ગયો છે.

૩) કોઈ એક કાર્ય થવામાં બે કારણ માને છે. નિમિત્ત પણ સહકારી કારણ છે. એક કાર્ય થવામાં બે કારણ ભગવાને કહ્યાં છે, એવા બે કારણના વિચારમાં ગુંથાઈ ગયો.

૪) વળી કોઈ એમ કહે છે કે જેટલા પ્રમાણમાં કર્મનો ઉદય આવે એટલા પ્રમાણમાં જીવને રાગ-દ્વેષ કરવા જ પડે, એમ તે વિચારોમાં ગુંથાઈ ગયો. અનેક પ્રકારના મિથ્યાત્વસહિતના વિકલ્પોમાં ફરવાથી જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકી ગયો હતો.

## "તે જીવ સમ્યક્જ્ઞાનરૂપી વિવેકથી પોતાની પર્યાયને જ્ઞાનસ્વભાવ તરફ વાળે છે."

આવી રીતે જે ગહન વિકલ્પ જાળમાં રોકાઈ, પોતાના જ્ઞાનસ્વભાવથી દૂર ભાગતો હતો, તેને સમ્યક્જ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના વિજ્ઞાનઘન સ્વભાવ તરફ વાળવામાં આવ્યો. પ્રથમ મિથ્યા અવસ્થામાં શરીરથી ને પુણ્યથી ધર્મ માનતો હતો, તેને તે તરફથી પાછો વાળ્યો, ધર્મ આત્મામાં ને આત્માથી થાય છે, પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવાથી ધર્મ થાય છે, શરીરથી ને રાગથી પૃથક્ મારું સ્વરૂપ છે, એમ વિવેક પ્રગટ કર્યો.

**"ધર્મ વિવેકે નિપજે"** તે વિવેક બહારનો નહિ પણ અંતર વિવેકથી ધર્મદશા થાય છે. તે સમ્યક્જ્ઞાનરૂપી વિવેકથી પોતાની પર્યાયને પોતાના બળથી જ્ઞાન સ્વભાવ તરફ વાળી.

## "આમ સ્વભાવના રસીલા આત્માઓ સમ્યક્જ્ઞાન પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે."

આવી રીતે આત્મા કેવળજ્ઞાન સ્વરૂપ છે એવા વિજ્ઞાનઘનના રસીલા આત્માને વિજ્ઞાનરસવાળો આત્મા જ અનુભવાય છે, જેમ સંસારમાં ખાવા-પીવાના, પૈસાના, ગંજીપાના, બીડી વગેરેના રસીલા હોય છે, તે સંસારમાં રખડે છે. વળી જેમ ધર્મના નામે શરીરની ક્રિયાના રસીલા, વ્યવહારના રસીલા, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના રસીલા, કર્મના રસીલા, અનુકુળ નિમિત્ત મળે તો કાર્ય થાય એવા નિમિત્તના રસીલા, પુણ્યના રસીલા, એ રસીલા પણ સંસારમાં રખડે છે. એ રસ મટી ગયો, સંયોગબુદ્ધિ ને પર્યાયબુદ્ધિના રસનો નાશ કરી સ્વભાવબુદ્ધિનો-જ્ઞાનસ્વભાવનો રસ ઉત્પન્ન કરેલ જીવ એકલા જ્ઞાનનો જ રસ લ્યે છે, એવા જ્ઞાનસ્વભાવી આત્માનો રસીલો આત્માને આત્મામાં જ ખેંચી જાય છે. સંયોગ અને પુણ્ય-પાપની રુચિ છૂટીને જ્ઞાનની પર્યાય અંતર તરફ વળી તે સદાય વિજ્ઞાનઘન સ્વભાવમાં મળે છે ને કેવળજ્ઞાન પર્યાય પ્રગટ કરે છે. એકવાર ભેદજ્ઞાન થયું ને

સંસારનું બીજ નાશ થયું એટલે તે કેવળદશાને સિદ્ધદશાને જરૂર પામે છે. ફરી સંસારમાં અવતરતો નથી. પર તરફનું રસિકપણું ટળ્યું ને સ્વતરફનું રસિકપણું થયું તે સિદ્ધદશા-વિજ્ઞાનઘન પૂરી દશાને પામે છે. પછી તે જીવ ભક્તોને ભીડ પડે ત્યારે અથવા શાસનની ઉન્નતિને માટે ફરી અવતરતા નથી. જેમ છૂટું પડેલું પાણી ઢોળાવ આવતાં પાણીના સમૂહને મળે છે તેમ અનાદિથી સ્વભાવથી છૂટી પડેલી પર્યાય વિવેક પ્રગટ થતાં જ્ઞાનસમુદ્રમાં આવી મળે છે ને સદાય અનુપમ શાંતિ અનુભવે છે.

ભાવાર્થ :–જેમ જળ, જળના નિવાસમાંથી કોઈ રસ્તે બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે, પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા જેમ હતું તેમ પોતાના પાણીના સમૂહ સાથે મળે છે તેવી રીતે આત્મા પોતે પોતાને ભૂલીને, પરમાં પોતાનું સ્વરૂપ માનીને, રાગથી ને નિમિત્તથી ધર્મ માનતો, આ સંસારરૂપી વનમાં ભ્રમણ કરતો હતો, તે સ્વ-પર ભેદવિજ્ઞાન કરીને પુણ્યથી ધર્મ નથી પણ આત્માના આશ્રયે ધર્મ છે, એવા સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરીને પોતાની સમ્યક્જ્ઞાનની પર્યાયને પોતામા ખેંચતો વિજ્ઞાનઘન સ્વભાવમાં આવી મળે છે એટલે કે કેવળદશાને પામે છે.

# પ્રસાદ નંબર – ૧૫૪

## સમયસાર ગાથા-૧૪૪

(ફાગણ વદ ૧૧, સોમવાર, ૨૦૦૭)

હવે કર્તા-કર્મ અધિકારનો ઊપસંહાર કરતાં, કેટલાંક કળશરૂપ કાવ્યો કહે છે. તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છે.

### કળશ ૯૫

**"અજ્ઞાની જીવ રાગ-દ્વેષનો કર્તા થઈ રાગ-દ્વેષને પોતાનું કાર્ય માને છે."**

આ આત્મા છે તેની પર્યાયમાં જે શુભાશુભ ભાવો થાય છે, તે મારું કર્તવ્ય છે ને હું તેનો કર્તા છું, એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની પણ પરની ક્રિયા કરી શકતો નથી, પણ માને છે કે હું છું તો પરની ક્રિયા થાય છે, હું આટલા પૈસા કમાણો, આટલા વાપર્યા, એમ તે પરવસ્તુનો કર્તા પોતાને માને છે, છતાં તેની ક્રિયા તો તે પણ કરી શકતો નથી, પણ જે રાગ ને દ્વેષ કરે છે, તેનો કર્તા અજ્ઞાની થયા છે. હું ચૈતન્ય છું, પુણ્ય-પાપ રહિત છું, એવી જ્ઞાતાદ્રષ્ટિ ભાસતી નથી પણ દયાદાન જેટલો જ હું છું, વિકાર જેટલો જ હું છું, એમ તેને ભાસે છે. તેથી જે જીવ એવા મિથ્યાત્વના વિકલ્પ સહિત છે, તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી, ને તેનો સંસાર ચાલુ રહે છે.

ભાવાર્થ :–જ્યાં સુધી રાગ-દ્વેષ મારા, એવો વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે જ્યારે એવા વિકલ્પનો અભાવ થાય છે એટલે કે હું જ્ઞાતાદ્રષ્ટા છું, એવી રાગના કર્તાપણા રહિત દ્રષ્ટિ કરે ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે.

જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે. એમ હવે કહે છે :–

### કળશ-૯૬

**"રાગ-દ્વેષનો કર્તા થનાર જીવ જ્ઞાતાસ્વરૂપને જાણતો નથી."**

અર્થ :–જે કરે છે તે કેવળ કરે છે, પોતાની શુદ્ધ ચિદાનંદ સ્વભાવને ચૂકીને વિકાર કરે છે ને દેવ-ગુરુની ભક્તિ મારું કર્તવ્ય, એમ માને છે તેને પર્યાયબુદ્ધિ કહ્યો છે. આત્મા શું વસ્તુ છે, તેની તેને ખબર નથી. બહારની વસ્તુ આટલી ખપે ને આટલી ન ખપે, એમાંથી જે નવરો થતો નથી તેને જડનું અભિમાન વર્તે છે અને તેને વિકાર પોતાનું કર્તવ્ય ભાસે છે પણ શુદ્ધ ચિદાનંદ આત્મા આદિ અંત વિનાનો

ભાસતો નથી. જેને પુણ્ય-પાપના કર્તાપણાની મુખ્યતા ભાસે છે, તેને પુણ્ય-પાપ રહિત જ્ઞાતાદ્રષ્ટા છું, એવી મુખ્યતા ભાસતી નથી એટલે જે વિકારનો કર્તા થાય છે તે પર્યાયદ્રષ્ટિજીવ કદી જ્ઞાનસ્વભાવને જાણતો નથી. તે જીવ સદાય વિકારનો કર્તા થાય છે.

## "જ્ઞાનસ્વરૂપને જાણનાર જીવ રાગ-દ્વેષનો કર્તા થતો નથી."

ધર્મી જીવને છદ્મસ્થ અવસ્થામાં અલ્પ રાગ હોવા છતાં રાગને જાણે છે, પણ રાગ-દ્વેષનો કર્તા થતો નથી. રાગ-દ્વેષ મારું કાર્ય નથી, એમ માને છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની મુખ્યતા વર્તે છે, ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાનની મુખ્યતા વર્તે છે, તે જીવ વિકારનો કર્તા થતો નથી કારણ કે વિકાર તે ચૈતન્યનું કાર્ય નથી. વિકાર ચૈતન્યથી વિકૃત કાર્ય છે. આત્મા પરપદાર્થની ક્રિયા તો કરી શકતો નથી, એમ જાણે છે પણ આટલા પદાર્થ લીધા કે છોડ્યાં એવો અહંકાર જ્ઞાની જીવને હોતો નથી કારણ કે જે જાણે છે તે કદી વિકારનો ને અહંભાવનો કર્તા થતો નથી. માટે સ્વભાવદ્રષ્ટિવંત જીવ સદાય જ્ઞાતા છે.

ભાવાર્થ :–જે જીવ રાગ-દ્વેષનો કર્તા છે તે જ્ઞાતાસ્વરૂપને જાણતો નથી અને જે પોતાનો જ્ઞાનસ્વભાવ છે એમ જાણે છે, તે વિકારનો કર્તા થતો નથી.

એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બંને ભિન્ન છે, એમ હવે કહે છે.

## કળશ ૯૭

## "કરોતિ ક્રિયા" સંસારનું કારણ છે.

જે જીવ પુણ્ય-પાપ કરવા જેવા છે. દયા દાન કરવા જેવા છે, એમ માને છે તેને પોતાનો આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે તેવા શ્રદ્ધા-જ્ઞાનની ક્રિયા ભાસતી નથી. તે અજ્ઞાની જીવને દયા કરું, વ્રત પાળું, એમ વિકાર કરવાનું ભાસે છે પણ પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવની એકાગ્રતા થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય એવી એકાગ્રતાની પરિણતિ ભાસતી નથી. શરીર વગેરે જડની ક્રિયામાં અધર્મ કે ધર્મ નથી પણ અંતર પરિણમન ઉપર ધર્મ કે અધર્મ છે. અંતરમાં શુભની રુચિ તે અધર્મ છે. આવો અજ્ઞાની જીવ ઘણીવાર જાત્રા કરે, હજારો રૂપિયા ખર્ચે તો પણ તેને ધર્મ થતો નથી. પર્વત ઉપર શરીરનું જવું તો તે શરીરની ક્રિયા છે. અંતર શુભભાવ થાય છે તે શરીરની ક્રિયાથી થતો નથી પણ અંતર લોભ આદિ કષાયના પરિણામ ઘટાડે તો પુણ્ય થાય છે ને પુણ્યથી મને લાભ થશે, એમ

માને તેને મિથ્યાત્વ થાય છે. ભાન વગર અનંતવાર સમેતશિખર જાય તો પણ કલ્યાણ થતું નથી. કારણ કે આત્મા શું છે તેની તેને ખબર નથી તેથી તેને શુભનું કર્તવ્ય ખસતું નથી, આવી અજ્ઞાનીની ક્રિયાને 'કરોતિ ક્રિયા' કહે છે. તે ક્રિયા સંસારનું કારણ છે.

## "જ્ઞપ્તિક્રિયા તે ધર્મનું કારણ છે."

જે જીવ જાણે છે કે શરીરાદિ પર વસ્તુ છે, તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. પુણ્ય-પાપના વિકાર થાય છે પણ તેની તેને રુચિ નથી. પુણ્ય-પાપના ભાવને તથા શરીરાદિને જાણે છે તે જ્ઞપ્તિ ક્રિયા—જાણનક્રિયા છે. હું જાણનાર છું, જ્ઞાતા દ્રષ્ટા છું, વિકારનો કર્તા નથી એવી જેને જ્ઞાનદ્રષ્ટિ થઈ તેને પુણ્ય-પાપ મારાં છે, એવી દ્રષ્ટિ થતી નથી. પોતાના વિજ્ઞાનઘન સ્વભાવના એકાગ્ર પરિણમનમાં પરનું કરવારૂપ ને પુણ્ય-પાપ કરવારૂપ ક્રિયા ભાસતી નથી, કારણ કે પોતાના સ્વરૂપ લક્ષ્મીથી ધર્મ થાય તેમ તે માને છે. તેને શુભભાવ હોવા છતાં તેની મુખ્યતા નથી. આમ જે સદાય જ્ઞાતાપણું ટકાવે છે તે જાણનક્રિયા છે. જ્ઞપ્તિક્રિયા છે તે ધાર્મિક ક્રિયા છે, તે સંસારનો નાશ કરે છે. જ્ઞપ્તિ અને કરોતિ ક્રિયા બન્ને જુદી છે તેથી નક્કી થાય છે કે જે પોતાના જ્ઞાનસ્વભાવરૂપ જાણનક્રિયાનો કર્તા છે. તે રાગનો કર્તા થતો નથી.

ભાવાર્થ :–અજ્ઞાની જીવ માને છે કે હું પરદ્રવ્યને કરું છું. હું છું તો શરીર ચાલે છે, હું છું તો પરની દયા પાળી શકાય છે, હું છું તો બૈરા-છોકરા દુકાન વગેરેની વ્યવસ્થા થાય છે, હું છું તો શિષ્ય ધર્મ પામે છે, એમ પરપદાર્થોનું પરિણમન કરવારૂપ જેનો અભિપ્રાય છે તે જીવની ક્રિયા 'કરોતિ ક્રિયા' છે તેથી કર્તા જ છે ને તે અજ્ઞાની છે. પણ જે જીવ જાણે છે કે શરીર, મન, વાણીની ક્રિયાને તથા પર જીવોના પરિણામની ક્રિયા હું કરી શકતો નથી. હું તો પરદ્રવ્યને માત્ર જાણું છું, એમ જે જીવ જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે તે જ્ઞપ્તિક્રિયા છે, તે જીવ જ્ઞાતા છે, ધર્મી છે.

અહીં કોઈ પૂછે છે કે અવિરત સમ્યક્દ્રષ્ટિને તે આત્માનું ભાન છે પણ આસક્તિને લીધે રાગ-દ્વેષ પોતાની નબળાઈના કારણે થાય છે, ત્યાં સુધી તે રાગ-દ્વેષરૂપ તો પરિણમે છે, તો તેને રાગ-દ્વેષનો કર્તા કહેવાય કે નહિ?

## "ધર્મી સંયોગોનો સ્વામી થતો નથી."

સમ્યક્દ્રષ્ટિ જીવ પરદ્રવ્યનો સ્વામી થતો નથી. ભરત ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રી તેમજ બીજા રાજ્ય વૈભવનો ઢગલો હતો પણ અંતરમાં ભાન હતું કે પરપદાર્થો મારા નથી. આ સ્ત્રી, લક્ષ્મી, રાજ્યનો હું સ્વામી નથી, લક્ષ્મી તો જડ છે, જડનો ધણી જડ હોય, જડનો ધણી ચેતન હોઈ શકે નહિ. વળી મારે લીધે જડ તથા ચેતન પદાર્થો આવ્યા છે, એમ ધર્મી માનતો નથી. ભરત અને બાહુબલી બન્ને ધર્મી હતા. લડાઈના પરિણામ થયા છતાં અંતર પરિણમન તો જ્ઞાનનું જ છે. આસક્તિને લીધે જે રાગ-દ્વેષના પરિણામ થાય છે, તે પોતાના ચારિત્રગુણની ઊંધી પરિણતિનું બળ છે. તે વિપરીત અવસ્થા ચારિત્ર મોહનીયકર્મને લીધે થાય છે, એમ તે કદી માનતો નથી તેથી ખરેખર તો જે અલ્પ રાગ-દ્વેષ થાય છે, તેને જાણે છે. અજ્ઞાની જીવ પરપદાર્થને મારા માની એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ કરી કર્તા થાય છે. પણ જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ હોવા છતાં તે તેનો કર્તા નથી પણ જ્ઞાતા છે.

## "ધાવમાતાની જેમ અવિરત સમ્યક્દ્રષ્ટિ રાગ-દ્વેષને પારકા સમજી જ્ઞાતા રહે છે."

જ્ઞાનીને અંતરભાન હોય છે કે એક રજકણના અમો સ્વામી નથી. અલ્પ રાગ-દ્વેષ થાય છે તે પરના કારણે થતો નથી પણ પોતાની નબળાઈથી, ચારિત્રગુણની વિપરીતતાના જોરથી થઈ રહ્યો છે. તેને જાણે છે પણ તેને કરવાની બુદ્ધિ નથી. જેમ ધાવ માતા રાણીના બાળકને ધવડાવે, ખવડાવે, સુવડાવે છે, ઘણી કાળજીથી સંભાળ રાખે છે. બીજાને એમ લાગે કે તે તેનો દીકરો હશે પણ ધાવમાતાને અંતરભાન છે કે આ બાળકને ગમે તેટલો રાખું તોપણ તે મારો થવાનો નથી, એમ અંતર્ભેદ પડી ગયો છે. તેમ અવિરત સમ્યક્દ્રષ્ટિ બહારની ક્રિયામાં ધાવમાતાની જેમ દેખાય છે, અંતરમાં પરની ક્રિયા તો પોતાની માનતો નથી પણ રાગ-દ્વેષ થાય છે તે પોતાના સ્વભાવમાંથી આવે છે, એમ માનતા નથી. ધાવમાતા જેમ દીકરાને પારકો સમજે છે તેમ ધર્મી જીવ રાગ-દ્વેષ વગેરેને પારકા સમજે છે ને પોતે જ્ઞાનસ્વભાવરૂપ રહે છે,

## “મિથ્યાત્વરૂપી મૂળ બળી જવાથી સંસારરૂપી વૃક્ષનો નાશ થાય છે.”

નિમિત્તની બળજોરીથી થતાં પરિણમનનું ફળ કિંચિત્ હોય છે, એમ પણ કહ્યું છે એટલે કે નિમિત્ત અથવા કર્મે ચારિત્રની વિપરીત અવસ્થા કરી દીધી છે, એમ નથી પણ પોતાની નબળાઈના કારણે ચારિત્રગુણની વિપરીતતા છે તેથી તે ધર્મી અલ્પ રાગદ્વેષરૂપે પરિણમે છે, છતાં તેનો જ્ઞાતા રહે છે તેથી તેનું ફળ અલ્પ છે, તે સંસારનું કારણ નથી. વૃક્ષનું મૂળ કપાણા પછી વૃક્ષ થોડા વખત રહે છે અથવા સુકાઈ જાય છે, ક્ષણે ક્ષણે નાશ થાય છે. તેમ મિથ્યાત્વરૂપી મૂળનો નાશ થયા પછી સંસારનો નાશ થાય છે અથવા અલ્પ હોય તોપણ તે નાશ થવા માટે છે ને ચોરાશીના અવતારમાં રઝળવું પડતું નથી, ને કેવળદશાને પામે છે.

આવી રીતે જ્ઞપ્તિ ક્રિયા તે ધર્મનું કારણ છે, એમ જાણવું

# પ્રસાદ નંબર – ૧૫૪એ

## સમયસાર ગાથા ૧૪૪

(ફાગણ વદ ૧૨, મંગળવાર, ૨૦૦૭)

હવે ફરીને એ જ વાતને દ્રઢ કરે છે,

### કળશ-૯૮

### "જીવ પુદ્‌ગલને કર્તાકર્મપણું નથી."

આત્મા દેહથી જુદુ તત્ત્વ છે, છતાં મન, વાણી, દેહ, કર્મ વગેરેની ક્રિયા હું કરું છું, તેમ માનવું તે અધર્મ છે. આત્મા જડકર્મોથી જુદો છે. વિવેક કરી જુદો માને તો જડનો કર્તા થાય નહિ, હું જ્ઞાનસ્વરૂપ છું એમ જાણી જ્ઞાતા રહે, શરીર જડ, રૂપી છે, આત્મા ચેતન અરૂપી છે, આત્મામાં શરીરનો અભાવ છે, જડની ક્રિયા જડથી થાય છે અને આત્માની ક્રિયા આત્માથી થાય છે, એમ નક્કી કરે તો હું આત્મા કર્તા ને જડની ક્રિયા મારું કર્મ, એમ કદી માને નહિ. આત્મા કર્તા થઈને જડમાં પેસતો નથી ને જડ આત્મામાં પેસતું નથી, એમ બન્નેનો અરસપરસ નિષેધ કરવામાં આવે એટલે કે જડની ક્રિયા આત્મા કરે નહિ ને આત્માની ક્રિયા જડ કરે નહિ, તો કર્તા કર્મની સ્થિતિ શું? એટલે કે જીવ પુદ્‌ગલને કર્તા-કર્મપણું ન જ હોઈ શકે. કર્મ આત્મામાં નથી ને આત્મા કર્મમાં નથી, બન્ને ભિન્ન-ભિન્ન છે, જીવની ઇચ્છાથી રોગ મટતો હોય તો રોગ મટાડવાની બધાની ઇચ્છા છે, છતાં તુરત મટતો નથી એ જ બતાવે છે કે જડનું કાર્ય જડથી થાય છે પણ આત્માથી થતું નથી ને આત્માનું કાર્ય જડમાં નથી, એમ નિષેધ કરાવે છે.

### "જડ ચેતનને જુદા માનનાર જીવ રાગ-દ્વેષનો પણ કર્તા થતો નથી પરંતુ જ્ઞાતાદ્રષ્ટા રહે છે."

ચેતન ને જડની ક્રિયા સ્વતંત્ર થાય છે, તેમ નક્કી કરે તેને પર ઉપરની દ્રષ્ટિ હઠી જાય છે. પરની બધી અવસ્થા પરને કારણે પરમાં થાય છે. મારે શું છે? મારે તેને કરવાનો, હલાવવાનો, ચલાવવાનો અધિકાર નથી. મારે તો તે બધી અવસ્થાને જાણવાનો અધિકાર છે. આમ પર તરફથી દ્રષ્ટિ ખસતાં તે સદા જ્ઞાતા જ રહે છે, ને જડનું કાર્ય જડમાં છે, એમ નક્કી થતાં સ્વમાં સદાય દ્રષ્ટિ રહે છે, તેના રાગ-દ્વેષ લૂલા થઈ જાય છે ને રાગ હોવા છતાં રાગનો કર્તા થતો નથી પણ જ્ઞાતા રહે છે.

## "જડ ને ચેતન જુદા હોવા છતાં અજ્ઞાની જીવો પરકર્તૃત્વનો મોહ કેમ કરે છે."

આમ વસ્તુ સ્થિતિ પ્રગટ છે કે આત્મા પોતાનું કરી શકે પણ જડનું કાંઈ કરી શકે નહિ, આ વાત સ્પષ્ટ છે. આચાર્ય ભગવાનને કરુણાબુદ્ધિપૂર્વક ખેદ અને આશ્ચર્ય થાય છે કે વસ્તુસ્થિતિ આમ જ છે. તીર્થંકર ભગવાનો એમ જ કહે છે છતાં પડદા પાછળ એટલે મૂઢ જીવોના આત્માની અંદર મોહ કેમ જોરથી નાચે છે? આત્મા પ્રગટ જ્ઞાયકસ્વભાવી છે છતાં પરજીવોને મેં બચાવી દીધા, શરીરની ક્રિયા મેં કરી. કર્મનો ઉદય આવે એટલે જીવને વિકાર કરવો જ પડે ને જીવ વિકાર કરે તો કર્મને બંધાવું જ પડે. આમ પરપદાર્થના કર્તૃત્વનો મોહ કેમ નાચે છે? જડનું કાર્ય જડમાં અને આત્માનું કાર્ય આત્મામાં છે છતાં સ્વભાવ તરફ દ્રષ્ટિ નહિ કરતાં પર સન્મુખ દ્રષ્ટિ કરી અજ્ઞાની જીવો કેમ નાચે છે? એમ આચાર્ય ભગવાનને ખેદ અને આશ્ચર્ય થાય છે.

ભાવાર્થ :–જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે આઠ કર્મો પુદ્‌ગલ છે. તેનો કર્તા જીવને કહેવો તે અસત્ય છે કારણ કે કર્મો જડ છે, તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. શરીરની ક્રિયા, શ્વાસ લેવાની ક્રિયા બધી જડની છે, તેને આત્મા કરી શકતો નથી. જીવ શ્વાસમાં નથી ને શ્વાસ જીવમાં નથી. શરીર ને શ્વાસ આત્માના રાખ્યા રહેતા નથી માટે જીવ તથા પુદ્‌ગલને કર્તા-કર્મભાવ હોઈ શકે નહિ, જીવ તો જાણનાર-દેખનાર જ છે. પુદ્‌ગલ કર્મ તથા બીજા પુદ્‌ગલોનો કર્તા નથી, પુદ્‌ગલની અવસ્થા થાય તે તો પુદ્‌ગલ છે તે જ્ઞાતાનું કર્મ નથી, આમ જે અનંતા પુદ્‌ગલોનો સ્વામી મટી જાય તે જ્ઞાતા દ્રષ્ટા થાય છે. પરનો કર્તા ભોક્તા નથી, આમ પ્રગટ વસ્તુ સ્થિતિ છે. છતાં અજ્ઞાની જીવ માને છે કે હું કર્તા છું અને આ શરીરાદિની અવસ્થા તે મારું કાર્ય છે, એમ અજ્ઞાન કેમ કરતા હશે? આચાર્ય ભગવાન કહે છે કે જગતને આવો સન્નિપાત કેમ થયો છે? આચાર્ય ભગવાન હજી વીતરાગી નથી. અલ્પ પ્રશસ્ત રાગ છે. જગત ઉપર કરુણા છે તેથી ખેદ બતાવીને કહે છે કે તારી મૂઢ દ્રષ્ટિ છોડ ને જ્ઞાતાદ્રષ્ટિ કર.

અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો એટલે તે અજ્ઞાની જીવો પરનું કરવારૂપ માનતા હોય તો માનો પણ તેથી ચેતન જડરૂપ થતો નથી ને જડ ચેતનરૂપ થતું નથી. વસ્તુસ્થિતિ તો જે છે તે જ છે, એમ હવે કહે છે.

## કળશ ૯૯

## "જ્ઞાનીનું જ્ઞાન અચળ અને અત્યંત ગંભીર છે."

જ્ઞાનશક્તિઓ અચળ છે, કોઈ પરપદાર્થોથી અથવા પ્રતિકૂળ સંયોગોથી ચળે તેવી નથી. જે જ્ઞાન શક્તિમાં હતું તે સમ્યકરૂપે પર્યાયમાં પ્રગટ થયેલ છે કે પરપદાર્થ તે હું નથી. હું જ્ઞાનસ્વભાવી આત્મા ન હોત તો આ જડ છે, એમ કોણ જાણત? અને જ્ઞાનની પર્યાયમાં અવિભાગ પ્રતિચ્છેદો પડે છે, આવી રીતે અચળ, વ્યક્ત અને જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદોના સમુહના ભારથી અત્યંત ગંભીર જ્ઞાનજ્યોતિ અંતરંગમાં ઉગ્રપણે પ્રકાશમાન થયેલ છે. વીસ વરસનો જુવાન દીકરો ગુજરી જાય, એવી પ્રતિકૂળતા વખતે પણ જ્ઞાન ગંભીર થયું છે કે કોનો દીકરો? મારે ને તેને કાંઈ લાગતું વળગતું નથી. તેના શરીરની પર્યાય છૂટવાના કાળે છૂટી છે, તેમાં જીવ ફેરફાર કરવાને સમર્થ નથી. શરીર એકાએક છૂટી જતાં આમ કેમ થયું? તેમ વિસ્મયતા લાગતી નથી. દુકાનમાં પાંચ લાખ રૂપિયાની ખોટ જતાં ધ્રાસકો લાગતો નથી, રૂપિયા આપણા ક્યાં હતા? અનુકૂળતા કે પ્રતિકૂળતાનો બોજો જ્ઞાનમાં લાગતો નથી, જ્ઞાન ગંભીર થયું છે. શ્રેણિક રાજાને મૃત્યુ વખતે ઝેર ખાવાનો ભાવ થયો, અજ્ઞાનીને લાગે કે આ શું? પણ તેઓ તો જ્ઞાની હતા. અંતરમાં જ્ઞાન ગંભીર છે, પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને આત્માનો ઘાત કર્યો નથી. નબળાઈના રાગ-દ્વેષ થવા છતાં તે મારું સ્વરૂપ નથી, શુદ્ધ આનંદકંદ છું એવા શ્રદ્ધા-જ્ઞાનને ચૂક્યા નથી, નબળાઈના રાગ-દ્વેષ જ્ઞાનસ્વભાવને ચલાયમાન કરતા નથી, અંતરમાં ક્રોધાદિના પરિણામ ઘણા ઘટી ગયા છે. જ્ઞાનના બોજાના ભારથી પરપદાર્થોની અસર થતી નથી. આવી રીતે જ્ઞાની પુરુષોની જ્ઞાનજ્યોતિ ઉગ્રપણે જાજ્વલ્યમાન થઈ છે.

## "જ્ઞાની જીવ પરનો કર્તા થતો નથી માત્ર જ્ઞાતા રહે છે, તેથી નવા કર્મનો બંધ થતો નથી."

પરપદાર્થને રાગનો કર્તા અજ્ઞાનદશામાં જીવ થતો હતો તે હવે જ્ઞાનદશા થતાં થતો નથી. હું તો ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છું, મારે પર સાથે લેવા દેવા નથી, એમ જ્ઞાની પરનો કર્તા થતો નથી. અજ્ઞાનદશામાં અજ્ઞાનના કારણે પુદ્ગલકર્મનો બંધ થતો હતો તે હવે પોતે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવરૂપ થતાં નવું જડ કર્મ બંધાતું નથી. જ્ઞાન જ્ઞાનરૂપે જ રહે છે ને પુદ્ગલ પુદ્ગલરૂપે જ રહે છે. જે જ્ઞાન પરનું કરવારૂપ થઈ પરમાં અટકતું તે જ્ઞાન હવે પરમાં નહિ અટકતાં જ્ઞાન જ્ઞાનરૂપે રહે

છે અને પુદ્‌ગલ પુદ્‌ગલરૂપ જ રહે છે, કર્મરૂપે થતું નથી, આ એક જ ધર્મની વિધિ છે. અજ્ઞાની જીવો તપશ્ચર્યામાં ભગવાનને (મુનિદશા વખતે) દુઃખ થયું માને છે, તે જીવો બાહ્યના સંયોગોથી જ્ઞાનીનું માપ કાઢે છે. ભગવાન તો સહજજ્ઞાન સ્વભાવમાં સ્થિર હતા ને રાગ ઘટતાં બહારના સંયોગો ઉપરથી લક્ષ છૂટી ગયું. જ્ઞાન સ્વભાવમાં તરબોળ હોય તેને દુઃખ ન હોય, તપશ્ચર્યા અથવા ધર્મ દુઃખદાયક હોઈ શકે નહિ. જ્ઞાન જ્ઞાનસ્વભાવરૂપ સ્થિર રહે એ જ ધર્મ છે.

ભાવાર્થ :—આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન પરનું કે રાગનું કરવારૂપે પરિણમતું નથી, પણ જ્ઞાનરૂપે જ પરિણમે છે—તેથી જ્ઞાની પુદ્‌ગલકર્મનો કર્તા થતો નથી. વળી પુદ્‌ગલ પુદ્‌ગલરૂપ જ રહે છે, કર્મરૂપે પરિણમતું નથી. જીવને વિકાર થાય તે નિમિત્ત અને નવા જડ કર્મ બંધાય તે નૈમિત્તિક, એવો નિમિત્ત નૈમિત્તિક ભાવ તે જ્ઞાનીને થતો નથી. આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણમનને નિમિત્ત-નૈમિત્તિક ભાવ થતો નથી. તથા કર્મો ઉદયમાં આવે તે નિમિત્ત અને તેના નિમિત્તે અજ્ઞાન અને રાગદ્વેષ થાય તે નૈમિત્તિક એવો નિમિત્ત નૈમિત્તકભાવ જ્ઞાનીને થતો નથી. આમ યથાર્થ જ્ઞાન થયે બંને દ્રવ્યના પરિણમનને નિમિત્ત-નૈમિત્તિકભાવ થતો નથી. અત્રે જ્ઞાનીને નબળાઈથી થતા રાગ-દ્વેષ ગૌણ છે. આવું યથાર્થ જ્ઞાન ધર્માત્માને હોય છે.

## “સાચું જ્ઞાન થતાં જીવ-અજીવના એકત્વરૂપી ભેખ-સ્વાંગનો નાશ થાય છે.”

ટીકા :—આ પ્રમાણે જીવ અનાદિકાળથી પરનું કરી શકું છું, દયા પાળી શકું છું, એવું અભિમાન કરતો હતો ને પરનો તથા વિકારનો કર્તા થઈ વિકાર મારું કાર્ય, એમ માનતો હતો, તે હવે સાચી સમજણ થતાં જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડી બહાર નીકળી ગયા એટલે કે મિથ્યાભ્રમણા નાશ થઈ.

ભાવાર્થ :—કોઈ રાજાનું નાટક બતાવે તો રાજાની આખી જિંદગીનું બ્યાન ચાર કલાકમાં બતાવી આપે છે, તેમ જીવ અનાદિકાળથી પરનો કર્તા થઈ સંસારમાં કેવો નાચે છે ને તે અજ્ઞાનનો નાશ થઈ સિદ્ધદશા કેમ પામે તે આત્મરાજાનું પુરુ નાટક આચાર્ય ભગવાને આમાં સમજાવી દીધું. અનંતકાળથી જીવ રખડે છે માટે તેને સમજાવવા અનંતકાળ અથવા અનંત ગાથાની જરૂર નથી. આત્મરાજાનું નાટક ટૂંકમાં બતાવી દીધું. તે નાટક જોનારમાં જે સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા છે તેણે ભેદજ્ઞાનથી જાણી લીધું કે જીવનું લક્ષણ ચેતના છે ને અજીવનું

લક્ષણ અચેતનપણું છે, એમ જુદા જુદા લક્ષણથી જાણી લીધું કે જીવ અને અજીવ એક નથી પણ બે છે, ત્યારે તેઓ વેશ દૂર કરી રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા. એટલે મિથ્યાભ્રમણારૂપી વેશ નાશ થયો. બહુરૂપીનો વેશ લેનારનું પ્રવર્તન જુદું જુદું હોય છે. ઘડીમાં યુરોપિયનનો વેશ, ઘડીમાં ભિખારીનો વેશ એમ બીજાઓ ઓળખે નહિ ત્યાં સુધી જુદા જુદા વેશ ધારણ કરી ચેષ્ટા કરે પરંતુ કોઈ બુદ્ધિમાન જીવ તેને યથાર્થ ઓળખી લ્યે ત્યારે નિજરૂપ પ્રગટ કરી ચેષ્ટા કરવી છોડી દે છે, એવી રીતે અહીં પણ જાણવું.

# પ્રસાદ નંબર - ૧૫૫

## સમયસાર ગાથા ૧૪૪

(ફાગણ વદ ૧૩, બુધવાર, ૨૦૦૭)

જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,
તાકરિ બંધન આન તણું ફળ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો,
જ્ઞાનભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,
આતમમાંહિ સદા સુવિલાસ કરૈ શિવ પાય રહૈ નિતિ થાસો.

## "અનાદિથી અજ્ઞાની જીવ સંયોગોમાં સુખ-દુઃખની કલ્પના કરી ચારે ગતિમાં રખડે છે,"

આ જીવ અનાદિકાળનો છે. જે પદાર્થ હોય તે નવો થાય નહિ, પદાર્થ કાયમ રહીને પર્યાય નવી થાય છે. તે પર્યાયમાં અનાદિનું અજ્ઞાન છે. જીવ અજ્ઞાનવશે પોતાના સ્વરૂપને ચૂકી ગયો છે. અજ્ઞાનથી શુભાશુભ ભાવનો કર્તા થાય છે ને તે વડે બંધન થાય છે ને તેના ફળમાં દુઃખ ભોગવે છે ને ચારે ગતિમાં રખડે છે. અનેકભવોમાં એકત્વબુદ્ધિના કારણે દુઃખી થયો છે, સુખ-દુઃખના સંયોગો મળ્યાં છે. લૌકિકમાં અનુકૂળતા ને તે સુખ તથા પ્રતિકૂળતાને દુઃખ કહે છે, તે અપેક્ષાએ સુખ-દુઃખ અહીં કહ્યાં છે. સંયોગો કાંઈ સુખ-દુઃખ નથી. દેવનું શરીર ને દેવના સંયોગો મને સુખ કરે છે, એવી માન્યતાને નરકમાં પ્રતિકૂળ સંયોગો મને દુઃખ કરે છે, એવી માન્યતા, બન્ને માન્યતા દુઃખ કરે છે. ઊંધી માન્યતામાં સુખ નથી. શરીરે સોજાને લીધે માણસ જાડો દેખાય પણ તે સોજાવાળો માણસ નિરોગી કહેવાતો નથી. તેમ પુણ્યના ઢગલા-સ્વર્ગની સામગ્રી સોજા જેવી છે, તેમાં સુખની ગંધ પણ નથી. અજ્ઞાની જીવને 'ભવાશ્રમવાસો' કહ્યું છે, એટલે કે અજ્ઞાની જીવ અનેક ભવોમાં, પરપદાર્થમાં સુખની કલ્પના કર્યા કરે છે ને ઘોડાગાડી કે મોટરમાં મહાલતો હોય ત્યારે જાણે કે મારા જેવો કોઈ સુખી નથી, એમ કલ્પે છે. જ્ઞાની કહે છે કે સંયોગોનું અભિમાન કર નહિ, સોજા વધીને શરીરમાં ઉતરે તો મૃત્યુ થાય છે, તેમ સંયોગો પલટી જશે તો નરક-નિગોદમાં ચાલ્યો જઈશ.

## “સમ્યક્જ્ઞાન પ્રગટ થતાં જીવ અનુપમ સુખને પામે છે ને પરિભ્રમણ મટે છે.”

પણ જ્યારે ભાન થાય છે કે હું જ્ઞાનમય આત્મા છું, પુણ્યના સુખ દેખાય છે તે સોજા જેવા છે, તે મારું સ્વરૂપ નથી. શરીરાદિ પરપદાર્થ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ જ્ઞાન થતાં પરપદાર્થોનો તથા વિકારનો કર્તા થતો નથી, શુભુશાભ ભાવમાં હોંશ કરતો નથી તેથી તેને નવા કર્મનો બંધ થતો નથી ને પૂર્વકર્મોનો બંધ પણ છૂટી જાય છે ને વિકારને આકુળતામય જાણી પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં સદાય રમણતા કરે છે ને તેનું પરિભ્રમણ ટળી જાય છે એટલે તે ક્રમે કરીને સિદ્ધદશાને પામે છે.

આમ આ સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકાની પંડિત જયચંદ્રજી કૃત ભાષા વચનિકામાં બીજો કર્તાકર્મ અધિકાર પૂર્ણ થયો.

***********************

# પ્રસાદ નંબર - ૧૫૫-એ

## સમયસાર પુણ્ય-પાપ અધિકાર

(ફાગણ વદ ૧૩, બુધવાર, ૨૦૦૭)

**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;**
**શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.**

### "પુણ્ય-પાપને બંધરૂપ જાણી શુદ્ધાત્માનો અનુભવ કરનાર સંતોને નમસ્કાર હો"

વચનીકાર પંડિત જયચંદ્રજી કહે છે કે આ આત્મા વસ્તુ છે તેમાં શુભાશુભભાવ થાય છે તે ઉપાધિ છે, બંધના કારણ છે, બન્ને આત્મસ્વભાવને લૂંટનાર છે. આત્માની સ્વજાતિ નથી પણ વિરુદ્ધ જાતિ છે, એમ જાણીને જે જીવ પોતાના જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવને જાણે છે ને તેમાં રમણતા કરે છે, એવા સંતોના ચરણમાં હિત જાણી નમસ્કાર કરું છું.

### "ધર્મી જીવ પુણ્ય-પાપ બન્નેને એક જ જાણે છે."

પ્રથમ અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર મહારાજ કહે છે કે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે. નાટકની અંદર એક જ માણસ ઘણા વેશ લ્યે છે પણ બુદ્ધિમાન માણસ તેને ઓળખી જાય છે. તેવી રીતે કર્મ એક જ પ્રકારે છે છતાં પુણ્ય-પાપના બે ભેદ કરીને નાચે છે. કોઈવાર શુભ પરિણામ થાય, કોઈવાર અશુભ પરિણામ થાય છે. પણ સમ્યક્દ્રષ્ટિ જીવ તે બન્નેને ઓળખી જાય છે, તેની એક જ જાત સમજે છે, બન્ને ચૈતન્યથી વિરુદ્ધ જાતના છે, આત્માના શાંત અનાકુળ રસને લૂંટનારા છે, અશુભથી બચવા શુભ પરિણામ આવે તે જુદી વાત છે પણ અશુભ ભાવ ખરાબ ને શુભભાવ સારો, એમ જે ભેદ પાડે છે તેને ધર્મ થતો નથી. જ્ઞાની શુભ અને અશુભ બંનેને એક જાત સમજે છે, કાંઈ ભેદ નથી. અજ્ઞાનીએ પુણ્ય-પાપમાં ભેદ પાડીને અનંત ભવો કર્યા પણ ધર્મી જીવ તેમાં ભેદ પાડતો નથી, એકરૂપ જાણે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :—

## કળશ-૧૦૦

## “શુભ અને અશુભનો ભેદ દૂર કરી જ્ઞાન સ્વભાવની શ્રદ્ધા થતાં સમ્યક્જ્ઞાનની ભરતી ઊછળે છે.”

અર્થ :–હવે (કર્તા કર્મ અધિકાર પછી), શુભ અને અશુભના ભેદને લીધે બે-પણાને પામેલા તે કર્મને એકરૂપ કરતો, જેણે અત્યંત મોહ-રજને દૂર કરી છે એવો આ (પ્રત્યક્ષ—અનુભવગોચર) જ્ઞાન-સુધાંશુ (–સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) સ્વયં ઉદય પામે છે.

શુભાશુભ ભાવો બન્ને એક જ જાતના એટલે કે ચૈતન્યની વિરુદ્ધ જાતના છે. છતાં અજ્ઞાની જીવ પુણ્યને સારું ને પાપને ખરાબ માની મિથ્યાભ્રાંતિ ઊભી કરે છે, તે અધર્મ છે. બન્ને ઉપાધિ ભાવ છે, કૃત્રિમ છે. જો તે આત્માનો સ્વભાવ હોય તો કદી ટળે નહિ. બંને પલટતી વૃત્તિ છે. તે વૃત્તિ શાંત નથી. ધર્માત્મા પુણ્ય-પાપમાં ભેદ પાડતો નથી, બન્નેને એક જ માને છે. પુણ્ય-પાપ એકે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું, એવી શ્રદ્ધા થતાં સમ્યક્જ્ઞાનરૂપી ચંદ્રમા ઉદય પામે છે. કોઈ નિમિત્ત આવ્યું એટલે અથવા કર્મનો ઉદય મંદ થયો એટલે અથવા શુભભાવ કર્યો એટલે સમ્યક્જ્ઞાનરૂપી ચંદ્રમા ઉદય પામ્યો, એમ કહ્યું નથી, પણ સ્વયં ઉદય પામ્યો છે. પોતાના જ્ઞાન સ્વભાવના નિર્ણયથી ઉદય પામે છે. જેવી રીતે પૂર્ણિમાનો ચંદ્ર ઉદય પામતાં દરિયામાં પાણીની ભરતી આવે છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેમ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી એવી શ્રદ્ધા કરે છે ત્યારે પર્યાયમાં સમ્યક્જ્ઞાનરૂપી જળની ભરતી થવા માંડે છે.

## “જુઓ, આચાર્ય ભગવાન સમ્યક્જ્ઞાનરૂપી ચંદ્રમાનો ઉદય બતાવી મંગલિક કરે છે.”

ભાવાર્થ :–અજ્ઞાનથી જ એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું. અજ્ઞાનદશામાં પાપ ખરાબ ને પુણ્ય સારું, એમ મોહ કરતો ને તે જ્ઞાન દ્વારા મોહને દૂર કર્યો. જેવી રીતે ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પડળ આડું આવે ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી. પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે પુણ્ય સારું છે, એવા મોહરૂપી આવરણને દૂર કરતાં જ્ઞાનસ્વભાવ પ્રકાશ પામે છે. આમ આ શ્લોકમાં આચાર્ય ભગવાન મંગલિક કરે છે.

હવે પુણ્ય-પાપના સ્વરૂપના દ્રષ્ટાંતરૂપ કાવ્ય કહે છે.

## કળશ-૧૦૧

## “પુણ્ય-પાપ બન્ને વિભાવ છે માટે તેની રુચિ છોડ ને સ્વભાવની રુચિ કર.”

અર્થ :–અનાદિકાળથી જીવ ભ્રમણામાં છે. ઘરમાં દસ માણસો કમાનાર હોય ને પુણ્યનો ઉદય હોય તો સારું માને અને કમાનાર એક હોય ને વીસ ખાનાર હોય તો પાપને ખરાબ માને છે. એમ પુણ્યને સારું અને પાપને ખરાબ માની સંસારમાં રઝળે છે. કોઈને આશીર્વાદ આપે તો કહે કે “દૂધે નાઓ ને દીકરાએ ફળો” એટલે કે શરીર અને સંયોગો મળ્યા કરજો પણ અશરીરી સિદ્ધ થશો નહિ, એમ કહે છે. સંસાર ભોગવ્યા જ કરજો પણ બ્રહ્મચર્યનું પાલન કરી, આત્માનું ભાન કરી કેવળજ્ઞાન લ્યો, એમ આશીર્વાદ આપતા નથી. જુઓ આ સંસારી જીવની ભાવના ને આશીર્વાદ! આચાર્ય ભગવાન કહે છે કે પુણ્ય-પાપ બન્ને શુદ્રાણીના પુત્રો છે. શુદ્રાણીના બે પુત્રમાંથી એક બ્રાહ્મણને ત્યાં ઉછરે છે ને એક શુદ્રાણીના ઘરે જ રહે છે. એક બ્રાહ્મણત્વના અભિમાનને લીધે મદિરાને અડતો પણ નથી, બીજો પોતે શૂદ્ર છે, એમ માનીને મદિરાને પવિત્ર માને છે. આ બંને પુત્રો શૂદ્રાણીના પેટના હોવાથી પરમાર્થે બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, તો પણ જાતિ-ભેદના ભ્રમથી તેઓ જુદું-જુદું આચરણ કરે છે. આ દ્રષ્ટાંત. તેમ શુભ કે અશુભભાવ બન્ને વિભાવ પરિણતિથી ઉત્પન્ન થયેલા છે. ચૈતન્યસ્વભાવમાંથી તેઓ ઉત્પન્ન થયા નથી. પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મ છે, માટે પુણ્ય-પાપને બંધના કારણ જાણી, તેની એક જ જાતિ જાણી, તેની રુચિ છોડ, ને સ્વભાવની રુચિ કર—એમ કહેવાનો આશય છે.

ભાવાર્થ :–શુભ અને અશુભભાવ બન્ને વિભાવ પરિણતિ છે, બન્ને ચૈતન્યની વિરુદ્ધ જાતના છે, બન્ને બંધના કારણ છે, ભ્રમને લીધે તેની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી અજ્ઞાની જીવ પુણ્યને સારું અને પાપને ખરાબ માને છે. એકે ભાવ ધર્મને મદદગાર નથી. સાચી દ્રષ્ટિથી પુણ્ય-પાપ એક રૂપ જ, બંધરૂપ ને ખરાબ જ છે.

## સમયસાર ગાથા ૧૪૫

હવે, શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે. :—

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભ કર્મને !**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫**

અન્વયાર્થ :–અશુભ કર્મ કુશીલ છે (-ખરાબ છે) અને શુભ કર્મ સુશીલ છે (-સારું છે) એમ તમે જાણો છો! તે સુશીલ કેમ હોય કે જે જીવને સંસારમાં પ્રવેશ કરાવે છે? જે પુણ્યના ભાવથી સંસારમાં રઝળવું પડે, તેને સારો કહી શકાય નહિ, માટે તું પુણ્ય-પાપમાં ભેદ પાડીશ નહિ.

## "અજ્ઞાની જીવ પુણ્ય સારું અને પાપ ખરાબ, એમ ભેદ પાડે છે."

ટીકા :–પુણ્યને સારું અને પાપને ખરાબ માનનારો મિથ્યાદ્રષ્ટિ જીવ ચાર પ્રકારે પુણ્યને સારું કહે છે. એના માટે દલીલ કરે છે.

(૧) પુણ્ય-પાપના કારણમાં ભેદ લાગે છે :–એક જીવ દયા-દાનાદિના ભાવ કરે છે તે ધાર્મિક ક્રિયામાં દેખાતો હોય છે, તે શુભભાવ કરે છે. બીજો જીવ દુકાને વેપાર કરતો હોય ને અશુભભાવ કરે છે. બન્નેના ભાવમાં ઘણો આંતરો દેખાય છે. શભભાવરૂપ કારણ વડે પુણ્ય બંધાય છે ને અશુભભાવરૂપ કારણ વડે પાપ બંધાય છે, આવી રીતે કર્મના કારણમાં તફાવત છે, માટે પુણ્ય સારું ને પાપ ખરાબ છે.

(૨) પુણ્ય-પાપના કર્મના સ્વભાવમાં ભેદ લાગે છે :–શુભભાવના ફળમાં શાતા વેદનીય, ઊંચું ગોત્ર એવી પુણ્ય પ્રકૃતિઓનો બંધ પડે છે તે અશુભભાવ ના ફળમાં અશાતા વેદનીય, નીચ ગોત્ર એવી પાપ પ્રકૃતિઓનો બંધ પડે છે. આવી રીતે પુણ્ય-પાપની પ્રકૃતિઓના સ્વભાવમાં ફેર છે, માટે પુણ્ય સારું ને પાપ ખરાબ છે.

(૩) પુણ્ય-પાપના ફળમાં ફેર લાગે છે :–શુભભાવ વડે શાતા વેદનીય, ઉચું ગોત્ર કર્મ વગેરે ઊંચી પ્રકૃતિઓ બંધાય. તેના ફળમાં મોટરો મળે, માનપત્ર મળે, અનુકૂળ સામગ્રી મળે, પૈસા મળે, નોકર ચાકર રખાય, ઝાઝી ઉપાધિ ન રહે, એમાં કેટલી મજા પડે! પાપના ફળમાં તો એકલો હોય, વાંઢો હોય, કોઈ સેવા કરવાવાળું ન હોય, પૈસાના વાંધા હોય, વધારે પાપ હોય તો નરકમાં જવું પડે, પ્રતિકૂળતા સહન કરવી પડે, માટે પુણ્ય સારું ને પાપ ખરાબ, એમ અજ્ઞાની દલીલ કરે છે.

(૪) પુણ્ય-પાપના આશ્રયમાં ભેદ લાગે છે :–મોક્ષમાર્ગમાં વિચરતાં શુભભાવ થાય છે તેથી પુણ્ય મોક્ષમાર્ગને આશ્રયે થાય છે ને અશુભભાવ તો બંધમાર્ગ-સંસારમાર્ગના આશ્રયે થાય છે. બન્નેના આશ્રયમાં ફેર છે, માટે પુણ્ય સારું ને પાપ ખરાબ છે.

પુણ્ય અને પાપ પરમાર્થે એક હોવા છતાં અજ્ઞાની જીવ પુણ્ય કર્મ સારું ને પાપ કર્મ ખરાબ, એમ માને છે, પરંતુ તે સત્યથી વિરુદ્ધ પક્ષ છે. તેનો નિષેધ કરનાર સાચો પક્ષ આ પ્રમાણે છે :—

(૧) પુણ્ય-પાપનાં કારણ શુભાશુભભાવો એક જ જાત છે, ભેદ નથી.

દયા, દાનાદિના પરિણામ થાય છે તે શુભ છે ને હિંસા, ચોરી આદિના પરિણામ થાય તે અશુભ છે. બન્ને ચૈતન્ય સ્વભાવને ચૂકીને થયેલા ભાવો છે. ચૈતન્યના અનુભવને રોકે છે—જાગૃતિને રોકે છે. મિથ્યાદ્રષ્ટિ જીવ માને છે કે દયા-દાનાદિના પરિણામ કરતાં કરતાં હળવે-હળવે ધર્મ થશે, તે માન્યતા જ મિથ્યા છે કારણ કે તે ચૈતન્યની જાતથી વિરુદ્ધ ભાવ છે, તેથી તે આત્માના ધર્મને મદદગાર નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવને અશુભથી બચવા શુભ આવે છે પણ શુભને તે મદદગાર માનતા નથી, પણ ઝેર સમાન માને છે.

પ્રશ્ન :—વ્યવહાર શાસ્ત્રોમાં શુભ ને વ્યવહાર ધર્મ કહ્યો છે ને?

સમાધાન :—ત્યાં ધર્મી જીવને નિશ્ચયનું ભાન છે ને શુભનો નિષેધ વર્તે છે, શુભનો છેદ કરી શુદ્ધમાં જવાનો છે તેથી શુભને ઉપચારથી વ્યવહાર ધર્મ કહ્યો છે. ખરેખર તો શુભ અધર્મ છે, ચૈતન્યની જાગૃતિને લૂંટનારો છે.

## "પૈસા, શરીર, પુણ્યથી ધર્મ ટકે છે એમ અજ્ઞાની જીવ માનીને શુભને સારો માને છે."

અજ્ઞાની જીવ કહે છે કે કાંઈ વ્યવહાર કરો તો ધીમે ધીમે ધર્મ થશે. એક બીજાના વખાણ કરે કે ભાઈ, તમો તો ધર્મના થાંભલા છો, પાંચ લાખ રૂપિયા ખરચ્યા, મંદિર બંધાવ્યાં, પૈસા હોય તો ધર્મ ટકે છે ને પ્રભાવના થાય છે, માટે વ્યવહારથી નિશ્ચય પમાય છે માટે હાલ પુણ્ય કરો, આમ શુભભાવને અજ્ઞાની જીવ સારો માને છે, પણ તે તેની ભ્રમણા છે.

## ધર્મીને વિગ્રહગતિમાં પૈસા, શરીરાદિ વગર જ ધર્મ થઈ રહ્યો છે.

કોઈ સમકિતી જીવનો દેહ છૂટી જાય ને દેવ ગતિ ધારણ કરતાં પહેલાં વિગ્રહ ગતિમાં તે જીવને ઔદારિક શરીર નથી, ઇન્દ્રિયો નથી, પૈસા નથી, આહારદાન દેવાનો કે ભક્તિનો શુભરાગ નથી, છતાં સમયે સમયે અખંડ જ્ઞાયક સ્વભાવી છું એવા શ્રદ્ધા-જ્ઞાન જે કરેલા છે તેનું પરિણમન લબ્ધરૂપે જ્ઞાનનું ત્યાં

ચાલું જ છે ને ત્યાં ધર્મ સમયે સમયે થઈ રહ્યો છે. માટે ધર્મ પૈસા વિના, શરીર વિના, ઇન્દ્રિય વિના, પુણ્ય વિના થઈ રહ્યો છે. ધર્મ ધર્મી (આત્મા) વિના ન થાય તે વાત સાચી છે, બાકી બધા વિના થઈ રહ્યો છે, માટે અજ્ઞાની જે દલીલ કરે છે કે પુણ્ય ને પુણ્યના સંયોગો ધર્મમાં મદદગાર થાય તે માન્યતા ભૂલ ભરેલી છે. અજ્ઞાનદશામાં જીવ દ્રવ્યલિંગ ધારણ કરી ઘણા શુભભાવ કરીને નવમી ગ્રૈવેયકે ગયો છે, છતાં ધર્મ થયો નથી. માટે શુભ અને અશુભ બન્ને એક જ જાત છે, ચૈતન્યથી વિરુદ્ધ ભાવો છે માટે પુણ્ય-પાપના કારણમાં ભેદ નથી.

(૨) ''પુણ્ય-પાપ કર્મ પ્રકૃતિ બન્ને પુદ્‌ગલમય છે માટે સ્વભાવે એક છે.''

દયા-દાનાદિના પરિણામ કરી શાતા વેદનીયાદિ પુણ્ય-પ્રકૃતિ બંધાણી ને હિંસા, જૂઠું, ચોરી આદિના પરિણામ કરી અશાતા વેદનીયાદિ પાપ પ્રકૃતિ બંધાણી—બન્ને પ્રકૃતિ પુદ્‌ગલમય છે માટે તે બન્નેના સ્વભાવમાં ફેર નથી. લાખો વરસ સુધી દયા, દાનાદિના પરિણામ કરી શુભ પ્રકૃતિ બાંધી હોય ને મૃત્યુનો સમય આવે તો કોણ શરણ? તે પ્રકૃતિ ઘણી શુભની બાંધી છે, તે મદદ કરશે? શાંતિ આપશે? અજ્ઞાની જીવ સમજણ વિના આખી જિંદગી વ્રત, તપ, ઉપવાસાદિ કરે પણ મૃત્યુ ટાણે વેદના અને અશાંતિનો પાર નહિ, પુણ્ય પ્રકૃતિ શાંતિ આપવા સમર્થ નથી. તે શ્રેણિક રાજાને મૃત્યુ ટાણે જરા અશુભભાવ થયો ને પાપ પ્રકૃતિ ઉદયમાં દેખાણી પણ જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છું એવા શ્રદ્ધા-જ્ઞાનને કારણે અંતરમાં અપૂર્વ શાંતિ હતી, તે પાપપ્રકૃતિનો ઉદય તેની શાંતિને લૂટવા સમર્થ નહોતો—પુણ્ય-પાપ કર્મ બન્ને પુદ્‌ગલમય હોવાથી સ્વભાવ એક છે, એકેમાં આત્માનો સ્વભાવ નથી.

(૩) ''પુણ્ય-પાપના ફળમાં સંયોગો મળે છે, માટે સ્વાદમાં ભેદ નથી.''

પુણ્યના ફળમાં પૈસા મળે, બંગલા મળે, ઉનાળામાં શિખંડ મળે, ને પાપના ફળમાં ગધેડાના અવતાર મળે ને ખરે તડકે ભાર ઉપાડવો પડે માટે બન્નેના ફળમાં ફેર છે, એમ અજ્ઞાનીએ દલીલ કરી છે, તે ખોટી છે કારણ કે બન્નેના ફળમાં પુદ્‌ગલનો ઢગલો મળે છે, આત્મા મળતો નથી. કરોડપતિ હોય ને ખમા ખમા કરે તો તે શરણ નથી, ને સાતમી નરકનો જીવ પ્રતિકૂળતાના ઢગલા હોવા છતાં ભાન કરી ધર્મ પામે છે. માટે એમાં કાંઈ આંતરો નથી. બધા સંયોગો ધૂળના ઢગલા સમાન છે. સાતમી નરકમાં હોય કે દેવ શરીરમાં હોય, સમવસરણમાં હોય કે ચક્રવર્તી હોય—બધા સંયોગો પુદ્‌ગલના ઢગલા છે. અનુકૂળ સંયોગો ધર્મમાં સહાયક નથી ને પ્રતિકૂળ સંયોગો ધર્મ કરતાં રોકતા નથી. માટે તેના ફળમાં આંતરો પાડીશ નહીં, બન્નેને એક માની ચૈતન્યની શ્રદ્ધા કર.

૪) ''પુણ્યપાપ બન્ને બંધમાર્ગમાં બંધાય છે, બન્નેનો આશ્રય એક છે.''

સારી સારી પુણ્ય પ્રકૃતિ જેવી કે તીર્થંકર નામકર્મ વગેરે મોક્ષમાર્ગને વિષે બંધાય છે ને પાપ પ્રકૃતિઓ બંધમાર્ગને વિષે બંધાય છે, એમ અજ્ઞાની દલીલ કરે છે, તે વાત પણ ખોટી છે. શુભ એટલે શુદ્ધમાર્ગ—મોક્ષમાર્ગ તો કેવળ જીવમય છે. આત્મા ચૈતન્યમય છે, જ્ઞાતાદ્રષ્ટા છે, એવા ભાનમાં અંતર રમણતા કરવી તે મોક્ષમાર્ગ છે, તેના આશ્રયે કોઈ પ્રકૃતિનો બંધ પડે નહિ પણ શુદ્ધતા વધે ને કેવળજ્ઞાન પમાડે. મોક્ષમાર્ગ જીવમય કહ્યો છે, પુણ્ય નહિ, નિમિત્ત નહિ, સંહનન નહિ, આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ છે એવી અંતર પ્રતીતિ, જ્ઞાન ને એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે ને તે જીવમય છે ને જ્યારે જ્ઞાનીને સ્વભાવની અંતર સ્થિરતા હોતી નથી ત્યારે શુભ વિકલ્પ ઊઠે છે તે સ્વભાવના આશ્રયે નહિ પણ પર લક્ષે ઊઠે છે માટે તે પરિણામ પુદ્‌ગલકર્મના આશ્રયે થતા હોવાથી પુદ્‌ગલમય છે. તે બંધમાર્ગ પુદ્‌ગલમય છે. તે બંધમાર્ગના આશ્રયે પુણ્ય-પાપ બંધાય છે. પણ મોક્ષમાર્ગના આશ્રયે પુણ્ય બંધાય ને બંધમાર્ગના આશ્રયે પાપ બંધાય, તે વાત ખોટી છે. જ્ઞાની સ્વભાવમાં એકાગ્ર થઈ જેટલો સ્થિર થયો તેટલો તેને મોક્ષમાર્ગ કહ્યો. તેમાં કાંઈપણ બંધ નથી ને જેટલો ચૂકે છે ને વિકલ્પ ઉઠાવે છે તે બંધમાર્ગ છે. અજ્ઞાનીને તો બધો બંધમાર્ગ જ છે. કર્મો અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથી માટે કર્મ એક જ છે.

કોઈ પ્રશ્ન કરે કે એમ છે તો પછી જીવો શુભ છોડી અશુભ કરવા મંડી જશે.

સમાધાન :–શુભ ટાળી અશુભ કરે તો તેના ભાવે છે, અહીં તો દ્રષ્ટિને રુચિ ફેરવવાની વાત છે. પુણ્ય કરી નવમી ગ્રૈવેયકે જાય ને પાપ કરી સાતમી નરકે જાય—બન્ને કર્મોની અપેક્ષાએ જાત એક જ છે માટે દ્રષ્ટિ ફેરવ, પુણ્ય-પાપનો આશ્રય જે બંધમાર્ગ તે એક જ પ્રકાર છે, એમ નિર્ણય કરી પુણ્ય-પાપ રહિત ચૈતન્યની દ્રષ્ટિ કર.

ભાવાર્થ :–સમયસારમાંથી વાંચી લેવો.

## સમયસાર કળશ ૧૦૨

[ફાગણ વદ ૦)), શુક્રવાર, ૨૦૦૭]

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

### કળશ- ૧૦૨

### "પુણ્ય ને પાપ બન્નેમાં નિશ્ચયથી ભેદ નથી, બન્ને બંધના કારણ છે."

(૧) હેતુ એક છે :–દયાદાનાદિ શુભભાવ પુણ્યબંધનો હેતુ છે ને હિંસા, જૂઠું, ચોરી, અશુભભાવ પાપ બંધનો હેતુ છે, બન્ને બંધના હેતુ છે માટે એક છે.

(૨) સ્વભાવ એક છે :–શુભથી પુણ્ય પ્રકૃતિ બંધાય ને અશુભથી પાપ પ્રકૃતિ બંધાય, બન્ને પુદ્‌ગલમય છે માટે એક છે.

(૩) અનુભવ એક છે :–પુણ્યના ફળમાં અનુકૂળ સંયોગો મળે છે ને પાપના ફળમાં પ્રતિકૂળ સંયોગો મળે છે, બન્ને સંયોગો જડ પુદ્‌ગલ છે, બન્ને આત્માને શરણ નથી માટે એક છે.

(૪) આશ્રય એક છે :–પુણ્ય ને પાપ બન્ને બંધમાર્ગના આશ્રયે બંધાય છે માટે એક છે.

આ પ્રમાણે પુણ્ય-પાપ કર્મમાં નિશ્ચયથી ભેદ નથી. પુણ્ય કરીને પૈસો મળ્યો અથવા દ્રવ્યલિંગી થઈને નવમી ગ્રૈવેયકે ગયો, તે સંયોગો આત્માને શરણભૂત નથી. જે જીવો પુણ્ય-પાપમાં ભેદ પાડી પુણ્યને સારું માને છે તે વીતરાગના વિરોધી છે, તે જૈનધર્મને માનતા નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવે ને ગણધર ભગવાને પુણ્ય-પાપની એક જાત કહી છે. દયા, દાનાદિના પરિણામો હોય કે હિંસા, જૂઠના પરિણામ હોય—બન્નેથી આત્માની હિંસા થાય છે. પુણ્યને સારું માની અનંત ભવ કર્યા માટે પુણ્ય ધર્મમાં મદદ કરશે, એવી શ્રદ્ધા છોડ. મૃત્યુ વખતે પુણ્યની સામગ્રી કે શુભભાવ મદદ કરશે કે શરણ થશે? ના, પુણ્ય-પાપ વિનાનો ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા એક જ શરણ છે માટે પુણ્ય-પાપ બન્નેને બંધના કારણ સમજી એક જ માનવા યોગ્ય છે.

હવે શુભ-અશુભ બન્ને ભાવો કાંઈ તફાવત વિના બંધના કારણ છે, એમ સિદ્ધ કરે છે.

### ગાથા ૧૪૬

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬**

અન્વયાર્થ : જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની પણ બાંધે છે, તેવી રીતે શુભ તેમજ અશુભ કરેલું કર્મ જીવને (અવિશેષપણે) બાંધે છે.

ટીકા :–સોનાનો હાર, પાંચ શેર વજનનો બનાવ્યો હોય ને શોભા ખાતર પહેરવા જાય તો શોભાની બદલીમાં ઊલટો છાતીમાં લાગે છે, તેમ અજ્ઞાની જીવ પુણ્યને સારું માની તેને કરવા જેવું માને છે તો ચૈતન્ય શાંત સ્વભાવ છે તેને તે તોડી નાખે છે ને આકુળતા ઊભી કરે છે. જેવી રીતે સોનાની બેડી અને લોખંડની બેડી તફાવત વિના પુરુષને બાંધે છે, બંધનની અપેક્ષાએ કાંઈ ફેર નથી, તેમ દયા-દાનાદિના પરિણામ કરે કે હિંસા, જૂઠું, ચોરીના પરિણામ કરે—બન્ને બંધના કારણ છે, કાંઈ ફેર નથી. પુણ્યથી ધર્મ થતો નથી.

## "જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી."

અજ્ઞાની જીવ માને છે કે દયા દાન કરો, પુણ્ય તો થશે ને હળવે હળવે ધર્મ થશે. વળી પુણ્ય કરશું તો ધર્મના નિમિત્તો મળશે ને ભગવાન પાસે જવાશે ને ત્યાં ધર્મ થશે. તારી રુચિ જ પુણ્ય ને સંયોગો ઉપર છે, તો તું ભગવાન પાસે ક્યાંથી જઈશ? અને કદાચ કષાય મંદના ફળમાં ભગવાન પાસે જઈશ તોપણ પુણ્યની ને સંયોગની રુચિ લઈને જવાનો છે, તો ત્યાં ધર્મ કેવી રીતે સમજીશ? ત્યાં પણ તારી પુણ્યની રુચિ તો છોડવાનો નથી તેથી ધર્મ થવાનો નથી. પુણ્યને મારું માનવાથી ચોરાશીના અવતારમાં રખડવું થશે. જેને પુણ્યની રુચિ છે, તેને જડની રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી.

## "પુણ્ય-પાપ રહિત આત્માના શ્રદ્ધા-જ્ઞાન એ જ ધર્મ ને મુક્તિનું કારણ છે."

અહીં આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ, ગમે તેવો શુભભાવ હોય તોપણ તે બંધનું કારણ છે, તે ધર્મનું કારણ નથી. અધૂરી દશામાં પાપથી બચવા પુણ્યના ભાવ આવે તે જુદી વાત છે પણ પુણ્ય આવે છે માટે સારું છે એવી માન્યતા કરો નહિ. બન્ને બંધના કારણ છે માટે શુભાશુભ ભાવ રહિત પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના જ શ્રદ્ધા-જ્ઞાન કરવા યોગ્ય છે, તે ધર્મ તેને મુક્તિનું કારણ છે. ને પુણ્ય-પાપ બન્ને બંધના કારણ છે, એમ જાણવું.

હવે બંને કર્મોનો નિષેધ કરે છે :–

**ગાથા ૧૪૭**

**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭**

અન્વયાર્થ :–માટે એ બંને કુશીલો સાથે રાગ ન કરો અથવા સંસર્ગ પણ ન કરો કારણ કે કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે. (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે)

## "સધનતા સુખનું કારણ નથી, નિર્ધનતા દુઃખનું કારણ નથી. સધન કે નિર્ધન છું એવી માન્યતા સંસારનું કારણ છે."

આત્મામાં જે શુભાશુભભાવો થાય છે તે કુશીલ છે, તે આત્માથી વિરુદ્ધ ભાવો છે, તેની મનથી પ્રીતિ કરો નહિ; તેમજ પાપ ખરાબ છે ને પુણ્ય સારું છે, એમ વચનથી બોલો પણ નહિ, બે ભાઈઓને મજીઆરામાં ૫૦ લાખ રૂપિયા દરેકને મળ્યા. તેમાંથી એક ભાઈ બીજા પચાસ લાખ કમાણો ને બીજા ભાઈએ પચાસ લાખમાંથી અર્ધી મૂડી કરી, કેટલો બધો આંતરો? એમ અજ્ઞાનીને આશ્ચર્ય થાય છે. નિર્ધનતા દુઃખનું કારણ નથી ને સધનતા સુખનું કારણ નથી. પણ હું નિર્ધન છું એવી દ્વેષ ને ગ્લાનિપૂર્વકની માન્યતા ને હું સધન છું એવી અભિમાન ને રાગપૂર્વકની માન્યતા તે જ દુઃખ ને સંસારનું કારણ છે.

## "પુણ્યના ઢગલા ધર્મમાં મદદગાર નથી, ને પ્રતિકૂળતાના ગંજો ધર્મ કરતાં રોકતા નથી."

બ્રહ્મદત્ત ચક્રવર્તીને ૬૪૦૦૦ પુત્રો, ૯૬૦૦૦ સ્ત્રીઓ વગેરે ઠાઠમાઠ ને સંયોગોના ઢગલા હતા. પુણ્યના ઢગલા ને સંયોગો હતા. તે તેને શરણભૂત થયા નહિ, માઠું ધ્યાન કરી, પુણ્યને શરીરમાં સુખ માની, એકત્વબુદ્ધિ કરીને સાતમી નરકે ગયો. પુણ્યના સંયોગો ધર્મમાં મદદગાર નથી. એક સાતમી નારકીના જીવને અનાજનો દાણો ને પીવાનું પાણી નથી, બહાર પ્રતિકૂળતાના ઢગલા છે. તીવ્ર પાપનો ઉદય છે, છતાં પણ લાયક જીવ ત્યાં ધર્મ પામી શકે છે. પ્રતિકૂળતાના સંયોગોનો મારામાં અભાવ છે ને અલ્પ દ્વેષ થાય છે, તે મારું સ્વરૂપ નથી, એવું

ભાન કરી ત્યાં ધર્મ પામે છે. તે જીવ વિચારે છે કે અહો! આટલી બધી વેદના! આ વેદનાનો ક્યાંય અંત હશે કે નહિ! તેમ વિચાર કરતાં જાતિસ્મરણજ્ઞાનથી, પૂર્વે ધર્મ સાંભળ્યો હોય તેને યાદ કરી ચિદાનંદ આત્માનો અનુભવ કરી ધર્મ પામે છે, આવી રીતે પ્રતિકૂળતાના ઢગલા ને પાપના સંયોગો ધર્મ કરતાં રોકતા નથી.

## ‘‘પુણ્ય તથા લક્ષ્મીની રુચિવાળો જીવ પોતાની ચૈતન્ય લક્ષ્મીનો અનાદર એટલે હિંસા કરે છે.’’

કાંઈ જીવને પુણ્યના યોગે પૈસા મળી જાય તો તેનાં વખાણ કરીશ નહિ કે ભાઈ! તમો તો તમારા બાહુબલથી કમાણા, તમારા જેવા કોઈ પુણ્યશાળી નહિ. તમારા ઘેર તો સોનાના થાળ છે ને હાથીઓ ઝૂલે છે, તમારી મેડીએ ધજા ફરકે છે—એમ પુણ્યના વખાણ કરીશ નહિ અને કોઈને પ્રતિકૂળતાના યોગે પૈસા ઓછા થઈ ગયા ને ગરીબ થઈ ગયો, રોગી થઈ ગયો અથવા વાંઢો હોય તો એવા પાપના ઉદયવાળા જીવની નિંદા કરીશ નહિ કારણ કે પુણ્ય-પાપના યોગે સંયોગો મળે છે. ધર્માત્મા મુનિ છે, બહારથી શરીર નબળું હોય, રોગ હોય, કોઈ ઉપસર્ગ પણ આવે છતાં અંતર સ્વરૂપની રમણતા ઘણી વધી ગઈ હોય છે. ઘડીમાં છઠ્ઠે ને ઘડીમાં સાતમે ગુણસ્થાને ઝૂલે છે, કોઈ શ્રેણી પણ માંડે છે. બહારથી શરીર તો સાવ દુબળું ને કુબડું હોય છે છતાં ગણધરો પણ નમસ્કાર મંત્રમાં ‘‘ણમો લોએ સવ્વસાહૂણં’’ પદ બોલી નમસ્કાર કરે છે, ઇન્દ્રો પણ આવા મુનિઓને નમસ્કાર કરે છે. ‘‘અહો ધન્ય અવતાર! અમોને પણ આવો પ્રસંગ ક્યારે પ્રાપ્ત થાય! હે મુનિ, તારા સુખ પાસે આ અમારી ઇન્દ્રાણીનું કે સ્વર્ગની ૠદ્ધિનું સુખ તુચ્છ માત્ર છે, તે સુખ જ નથી. અમો પણ તારી દશાની ભાવના ભાવીએ છીએ.’’ જુઓ, સમકિતી ઈન્દ્રો પણ પુણ્યના ઢગલા હોવા છતાં પુણ્યના વખાણ કરતા નથી ને મુનિને પાપનો ઉદય હોવા છતાં મુનિની પ્રશંસા વારંવાર કરે છે. એટલા માટે અહીં આચાર્ય ભગવાન કહે છે કે ભૂલે ચૂકે પણ મનથી કે વાણીથી પુણ્ય કે પુણ્યના સંયોગો સારા છે, એવાં વખાણ કરીશ નહિ. જે પુણ્યના વખાણ કરે તેને નિર્વિકારી ચૈતન્યસ્વભાવ વહાલો નથી. ચૈતન્યજ્ઞાનલક્ષ્મી જે અંતરમાં પડી છે તેનો તે વૈરી છે તેથી તે પોતાની હિંસા કરે છે. આવી રીતે પોતાની હિંસા એ જ મોટું મિથ્યાત્વરૂપી પાપ છે માટે પુણ્ય સારું ને પાપ ખરાબ છે, એમ મનમાં વિચારીશ નહિ અને વચનથી કહીશ નહીં.

## “શુભ અને અશુભ કર્મો હાથણીરૂપ કૂટણીની જેમ બંધમાર્ગના ખાડામાં લઈ જાય છે.”

ટીકા :–જેમ સુંદર અને અસુંદર હાથણીની સાથે હાથી રાગ અને પરિચય કરે તો તે હાથીને બંધના કારણ થાય છે, તેથી ડાહ્યો હાથી તેવી કૂટણીના સંસર્ગમાં આવતો નથી; તેમ શુભ અને અશુભ કર્મ બન્ને કુશીલ છે, બન્ને બંધના કારણ છે તેથી તેમની સાથે મનથી પ્રીતિ અને વાણીથી પ્રશંસા કરવાનું પણ નિષેધવામાં આવ્યું છે. બન્ને ભાવમાં સ્વાધીનતાનો નાશ થાય છે. અધૂરીદશામાં અશુભભાવ છોડી શુભભાવ આવે ખરો પણ જ્ઞાની જાણે છે કે તે મારું સ્વરૂપ નથી. તેની દ્રષ્ટિ શુદ્ધ સ્વભાવ ઉપર છે. અજ્ઞાની જીવો કહે છે કે પુણ્ય કરો તો ધન મળશે ને ધનથી ધર્મ થશે પણ તે દ્રષ્ટિ જ ઊંધી છે. માટે શુભની રુચિ છોડો એમ કહેવાનો આશય છે. વળી પુણ્યની રુચિ કરનારને મિથ્યાત્વ બંધાય છે, કારણ કે અજ્ઞાની પુણ્યની ઉપાદેય બુદ્ધિ કરી તેમાં પરોવાઈ જાય છે, તે જ્ઞાનીને પુણ્યની રુચિ નથી, હેય બુદ્ધિએ થઈ જાય છે, બન્ને જીવો શુભભાવોમાં હોવા છતાં દ્રષ્ટિ ફેર છે. બંધના કારણ હોવાથી શુભાશુભ કર્મોનો નિષેધ કરવામાં આવ્યો છે.

### સમયસાર ગાથા ૧૪૮-૧૪૯

(ચૈત્ર સુદ ૧, શનિવાર, ૨૦૦૭)

**જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,**
**સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮**
**એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજ ભાવમાં રત રાગને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯**

અન્વયાર્થ : જેમ કોઈ પુરુષ કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા પુરુષને જાણીને તેની સાથે સંસર્ગ અને રાગ કરવો છોડી દે છે, તેવી જ રીતે સ્વભાવમાં રત પુરુષો કર્મ પ્રકૃતિના શીલ-સ્વભાવને કુત્સિત અર્થાત્ ખરાબ જાણીને તેની સાથે સંસર્ગ છોડી દે છે અને રાગ છોડી દે છે.

## “પુણ્ય-પાપના ભાવો દુર્જન માણસ જેવા છે. ધર્મી જીવો પુણ્યની પ્રશંસા કરતા નથી.”

આત્મા વસ્તુ છે, તેનો જ્ઞાન સ્વભાવ છે, તેને ચૂકીને શુભ-અશુભ લાગણીઓ પાપ છે તે અધર્મ છે. તેથી તે બંનેનો સંસર્ગ છોડવા જેવો છે. લૌકિકમાં કોઈ

અનીતિવાળો પુરુષ હોય તો તેના લૌકિક આચરણને ખરાબ જાણી સજ્જન પુરુષ તેની પ્રશંસા કરે નહિ,તેની સોબત કરે નહિ, તેવી રીતે આત્મા જ્ઞાનસ્વભાવી છે, એવું જેને ભાન થયું છે તે શુભાશુભભાવોને ભૂંડા માને છે. અજ્ઞાની જીવો પુણ્ય કરનારને ધર્મના થાંભલા માને છે પણ જ્ઞાની પુણ્યને સારું સમજતા નથી. પુણ્ય-પાપની વિકારી લાગણીમાં પડતો અટકાવી આત્માને શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનમાં ધારી રાખે તેને ધર્મ કહે છે. પુણ્યને પાપ ધર્મથી નીચે પાડે છે તેથી તે બન્નેને ભૂંડા માની જ્ઞાની પુરુષો સંસર્ગ છોડે છે ને વચનથી પણ તેની પ્રશંસા કરતા નથી.

## "શુભાશુભને હેય સમજી પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરે છે તે જીવ અરાગી જ્ઞાની છે."

ટીકા :–હાથીને પકડવા માટે શીખવેલી હાથણીઓ રાખવામાં આવે છે. તેવી હાથણી હાથી પાસે જઈ ચેષ્ટા કરે ને વિષય માટે હાવભાવ કરે. જો તેમાં હાથી ફસાઈ જાય તો ખાડામાં પડે છે ને ત્યાં તેને ઘણા દિવસ ખાવાનું આપતા નથી ને બાંધી લ્યે છે. તેથી ડાહયો હાથી, તે હાથણી રૂપાળી હોય કે ભૂંડી હોય તોપણ તેની સોબત છોડે છે, તેનો સંગ કરતો નથી; તેવી રીતે જ્ઞાની પુણ્ય-પાપને ભૂંડા માની તેની સોબત કરતો નથી. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવી છે એવું ભાન કરેલ છે, તે અરાગી જ્ઞાની છે. અરાગી એટલે રાગનો સ્વામી નથી. શુભાશુભ ભાવો બન્ને આત્માની શાંતિને લૂંટનારા છે, એવું જે માને છે તે અરાગી છે.

## "અજ્ઞાની જીવો પર સંયોગોમાં ને શુભાશુભભાવોમાં સુખ માને છે."

અજ્ઞાની દયા-દાનના ભાવને સારા માની ચોરાશીના અવતારમાં રખડે છે. આત્માના ભાન વિના ધર્મ થયો નહિ. હું બીજાને સુખ-દુઃખ આપી દઉં એમ માનનાર જીવ પર જીવોની વર્તમાન અવસ્થાને પરાધીન માને છે. એવી માન્યતા તે ભ્રમ છે, કેમકે તે પર જીવો પોતાની ભ્રમણા અને એકત્વબુદ્ધિ છોડે તો સુખી થાય. પરજીવના રાગથી તે સુખી થતા નથી માટે બીજાને સુખી કરવાનો ભાવ અજ્ઞાનભાવ છે. બીજાની સેવા કરીએ તો તેના આશીર્વાદ મળે ને તો પોતાનું કલ્યાણ, થાય એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ, તે ચૈતન્ય સ્વભાવને ચૂકીને ઊભો થયેલો ભાવ છે. તે વિકૃત લાગણીઓ આત્માની મૂળ જાત હોય તો તે લાગણી વિનાનો કદી થઈ શકે નહિ. શુભાશુભ લાગણીઓ આત્માને મદદગાર નથી, તે તો શાંત સ્વભાવને લૂંટનારી છે. જગતની દ્રષ્ટિ ઊંધી છે. અજ્ઞાની માને

છે કે શરીરમાં રોગ આવે, નિર્ધનતા આવે તે દુઃખનું કારણ છે, શિયાળામાં જે ગરમ વસ્ત્ર સારા લાગે છે, તે જ વસ્ત્રો ઉનાળામાં છોડી દે છે. ભાઈ, પરવસ્તુનો ચૈતન્યમાં અભાવ છે, પરનો આત્મામાં પ્રવેશ નથી. પરવસ્તુ સુખકર કે દુઃખકર હોઈ શકે નહિ, તું પરમાં શાંતિ માને છે તો તારામાં શાંતિ છે કે નહિ? તું પરને લીધે ઠીક માને છે, તો તું માલવાળો છે કે નમાલો છો? પૈસા હોય, કુટુંબ હોય, બૈરાં હોય, લાડવા હોય તો ઠીક પડે, એમ તેં માનેલું છે. તારું ઠીકપણું તેં પરને સોંપેલું છે. અજ્ઞાની માને છે કે પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ચાર દીકરા, ત્રીજુ સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર, આમ ભ્રમણાથી–માને છે. પરમાં તારું સુખ નથી, વિચાર કર, જ્ઞાનસ્વરૂપ આત્મામાં સુખ છે, જ્ઞાનમાં શાંતિ છે, પરમાં શાંતિ નથી, છતાં પરથી શાંતિ માનવી, તે અધર્મ છે, દયા દાનાદિ વિકલ્પો છે, તેનાથી મને ઠીક પડે, એ વિકારથી અવિકારી દ્રવ્યને શાંતિ થાય, એમ માને છે તે ભ્રમણા છે. પર ચીજ સુખ-દુઃખનું કારણ નથી. તું સ્વતંત્ર ભગવાન છો, તેનું માહાત્મ્ય આવતું નથી એટલે પરનું ને શુભનું માહાત્મ્ય આવે છે, એકવાર જાગ ને જ્ઞાન કર, તારામાં શુભભાવ થાય છે, તેથી પરને લાભ થાય એમ બનતું નથી ને તે લાગણીથી તને લાભ થાય, એમ પણ બનતું નથી. આશીર્વાદ કોણ આપે ને શાપ પણ કોણ આપે? માટે તારા જ્ઞાનસ્વભાવની ઓળખાણ કર.

## "જ્ઞાની જીવો સત્ એવા આત્માનો સંસર્ગ કરે છે, શુભાશુભભાવોનો સંસર્ગ કરતા નથી."

ચૈતન્યસ્વરૂપમાં રમનારો આત્મજ્ઞાની જાણે છે કે હું જ્ઞાતા છું, પુણ્ય-પાપ બંને વિકાર છે, એમ શ્રદ્ધા-જ્ઞાન કરીને પુણ્ય-પાપના ભાવ સાથે તે પ્રીતિ કરતો નથી. પુણ્ય-પાપના ભાવો પલટાતા છે, તે મારી કાયમની ચીજ નથી, એમ માની પુણ્ય-પાપની રુચિ કરતો નથી, તેનો સંસર્ગ કરતો નથી. પુણ્ય-પાપની રુચિ છોડી સ્વભાવની રુચિ કરવી તે સ્વરાજ્ય છે, બાકી બધી પરાધીનતા છે. અજ્ઞાની માને છે કે પૈસા ને રોટલા મળે પછી ધર્મ થાય, પણ પરને લીધે તો ધર્મ નથી પણ શુભથી પણ ધર્મ નથી, દ્રષ્ટિ ફેરવો, શ્રદ્ધા ફેરવો, સત્યને શરણે જાઓ ને અસત્ય એવા શુભાશુભનું શરણું છોડો—એમ આચાર્ય ભગવાન કહે છે. રાગ ઘટાડી દયાદાનાદિ ભાવ કરે તે પુણ્ય છે, પણ શુભભાવમાં એકત્વબુદ્ધિ માની તેમાં રોકાય તે કદી તેનાથી નિવૃત થતો નથી. ચૈતન્ય આત્મા નિવૃત્ત સ્વરૂપ છે, અજ્ઞાનીને શુભ રમણીય લાગે છે પણ તે બધા ઝેર સમાન છે, માટે સાચી સમજણ કરો, વળી

જીવને સંયોગો ઉપર દ્રષ્ટિ છે, નિર્ધનતા અવગુણ નથી, સધનતા ગુણ નથી, રોગ અવગુણ નથી, નિરોગતા ગુણ નથી, એ તો બહારના સંયોગો છે, પરમાં પોતાપણું માનવું તે જ સંસાર છે. અહીં તો કહે છે કે પર તો નહિ પણ તારામાં થતી શુભ લાગણીઓને સારી માની તો સંસાર છે. માટે જ્ઞાની જીવો શુભાશુભ બન્નેને ભૂંડા માની તેનો સંસર્ગ કરતા નથી, માત્ર સત્ એવા શુદ્ધ સ્વભાવનો સંસર્ગ કરે છે.

ભાવાર્થ :–હાથીને પકડવા માટે શીખવેલી હાથણી રાખવામાં આવે છે, વિષયાંધ હાથી તેની સાથે પ્રેમચેષ્ટા કરવા જતાં ખાડામાં પડે છે ને પકડાઈ જતાં દુઃખ ભોગવે છે ને જો ચતુર હાથી હોય તો તે હાથણીની સોબત કરતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ પાપમાં સુખ છે ને પુણ્યમાં ધર્મ છે, એમ માની શુભાશુભ ભાવોની દોસ્તી કરે છે, તેથી સંસારમાં દુઃખ ભોગવે છે. પણ જ્ઞાની જીવ શુભાશુભ ભાવો હોવા છતાં તેની પ્રશંસા કરતો નથી, તેનાથી રહિત પોતાનો જ્ઞાનસ્વભાવ છે, એમ જાણે છે ને આટલા દયા-દાનના ભાવ કર્યા, આટલા પરોપકારના કાર્ય કર્યાં એવી પ્રશંસા કરતો નથી.

હવે બન્ને કર્મો બંધના કારણ છે અને નિષેધવા યોગ્ય છે, એમ આગમથી સિદ્ધ કરે છે.

## ગાથા ૧૫૦

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્ય પ્રાપ્ત મુકાય છે,**
**–એ જિન તણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦**

અન્વયાર્થ :–રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો જીવ કર્મથી છૂટે છે—આ જિન ભગવાનનો ઉપદેશ છે; માટે હે ભવ્ય જીવ! તું કર્મોમાં પ્રીતિ–રાગ ન કર.

### “બાહ્ય ત્યાગી હોવા છતાં જે જીવ શુભભાવને સારો માને છે, તે જીવ રાગી છે.”

જે જીવ પુણ્યને સારું ને પાપને ખરાબ માને છે, તે જીવ રાગી છે, તે જીવને ક્રિયાકાંડમાં રુચિ વર્તે છે.

આટલી ચીજો ખપે ને આટલી ચીજો ન ખપે એમ પરપદાર્થના ખપવા ન ખપવામાં રોકાય છે તેને આખો આત્મા ખપતો નથી. તે જીવ ક્રિયાકાંડમાં આત્માના

ભાન વિના મરી ગયો. આવો જીવ હજારો રાણી છોડીને ત્યાગી થયો હોય પણ અંતરમાં શુભનો પ્રેમ વર્તે છે, તેથી તે રાગી છે. બૈરાં-છોકરાં છોડીને ભાગે પણ જેને વસ્તુનું ભાન નથી, તે રાગી છે. દીક્ષા દેવા માટે છોકરા સંતાડે, તે તો રાગીના લક્ષણ છે ને ભાવનગરના બાવા કે સાધુ થયા તે પણ રાગી છે, વૈરાગી નથી; કારણ કે તેઓ સતનો આદર કરે છે.

## "બાહ્ય ગૃહસ્થદશા હોવા છતાં જે જીવ શુભાશુભને હેય માની જ્ઞાનસ્વભાવનો આદર કરે છે, તે વૈરાગી છે."

જે જીવને પોતાના જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવનું ભાન છે, પરવસ્તુ મને લાભદાયક કે નુકશાનકારક નથી. શુભાશુભ બન્ને ઝેર સમાન છે, એમ માને છે તે જીવ વૈરાગી છે, આ જીવ કદાચિત્ બાહ્ય સંયોગોમાં હોય ને ગૃહસ્થ દશામાં હોય છતાં પણ તેને પોતાના આત્માનું ભાન વર્તે છે, શુભાશુભભાવની પ્રીતિ નથી પણ સ્વભાવની પ્રીતિ છે. શુભાશુભભાવોને સોજા સમાન ગણે છે—એવા સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા ગૃહસ્થ દશામાં હોવા છતાં સતનો આદર છે માટે વૈરાગી છે. તે પુણ્યમાં હોંશ માનતો નથી.

## "શુભાશુભ બન્ને બંધના કારણ હોવાથી બન્નેનો ભગવાને નિષેધ કર્યો છે."

ટીકા : જે જીવને શુભભાવોમાં રુચિ વર્તે છે તે જીવને અવશ્ય કર્મ બંધન થાય છે. કારણ કે તેણે પાપનો રાગ તો છોડ્યો છે પણ પુણ્યનો રાગ છોડ્યો નથી એટલે મિથ્યાત્વનો રાગ વર્તે છે. તેથી તેને કર્મબંધન થાય છે અને જે જીવ પુણ્ય-પાપમાં ભેદ પાડતો નથી એટલે કે અશુભ છોડવા જેવું છે અને શુભ કરવા જેવું છે, એમ માનતો નથી પણ બન્નેને છોડવા જેવા માને છે ને પોતાના જ્ઞાનસ્વભાવને આદરણીય માને છે, તે જીવ કર્મથી છૂટે છે, તેને ધર્મ થાય છે. આવું શાસ્ત્રનું વચન છે. શુભ અને અશુભ બંને છોડવા જેવા છે. અશુભ છોડવા જેવું છે અને શુભ કરવા જેવું છે, એવા ભાગલા પડતા નથી પણ બન્ને ભાવો બંધના કારણ છે; અશુભ બંધનું કારણ ને શુભ ધર્મનું કારણ છે, એમ ભગવાને કહ્યું નથી, બન્નેને બંધના કારણ કહ્યા છે તેથી બંને કર્મનો નિષેધ કર્યો છે.

# પ્રસાદ નં. ૧૫૬

## સમયસાર કળશ ૧૦૩

(ચૈત્ર સુદ ૨, રવિવાર, ૨૦૦૭)

આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેની અવસ્થામાં જે શુભભાવ તેમજ અશુભભાવ થાય છે તે વિકાર છે. તેનો સર્વજ્ઞ ભગવાને નિષેધ કર્યો છે કેમ કે તે ધર્મ નથી, મુક્તિનું કારણ નથી. સમસ્ત કર્મ અર્થાત્ સર્વ પ્રકારના શુભાશુભભાવ સામાન્યપણે (તફાવત વિના) બંધનનું જ કારણ છે અને તે રહિત જ્ઞાનસ્વભાવ જ મુક્તિનું કારણ છે, એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. જ્ઞાનસ્વભાવ કહેતાં તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી ગયાં.

પ્રશ્ન : સ્વમાં એકાગ્રતાનું કામ કઠણ પડે છે.

ઉત્તર : આત્મા જ્ઞાનપુંજ છે તેને ચૂકીને શુભ-અશુભમાં રોકાય છે. તે એકાગ્રતાનું કાર્ય તો તેને આવડે છે પણ તે પરસન્મુખ હોવાથી બંધનું જ કારણ છે, એમ જાણી તેની રુચિ છોડી અંદર જ્ઞાનસ્વભાવી આત્મામાં જ રુચિવાન થઈ ટકે તો જ્ઞાનની એકાગ્રતા થાય ને તેનાથી જ મુક્તિ છે. બાહ્ય ઉપવાસ, શરીરની ક્રિયા, નગ્નવેશ આશ્રિત ધર્મ ન થાય. મંદકષાય કરે તો પુણ્યબંધન થાય પણ તે મુક્તિનું કારણ નથી. એક સ્વાશ્રિત જ્ઞાનને જ કલ્યાણમય વીતરાગી પૂર્ણદશારૂપ મોક્ષનું કારણ કહેલ છે; બીજો ઉપાય ત્રણ કાળમાં નથી.

હવે કોઈને પ્રશ્ન થાય કે શુભ-અશુભભાવ બન્નેને સંસારનું જ કારણ કહી ભગવાને નિષેધ કર્યો તો પછી ધર્મી જે શ્રાવક તથા મુનિઓને શરણ કોનું રહ્યું?

## કળશ ૧૦૪

અર્થ : અહિંસાદિ શુભ આચરણરૂપી ભાવકર્મ અને હિંસાદિ અશુભ આચરણરૂપી ભાવકર્મ—એવા સમસ્ત અશુદ્ધભાવનો ભગવાને નિષેધ કર્યો ને એ રીતે નિષ્કર્મ અવસ્થામાં પ્રવર્તતાં, ધર્મી જીવો કાંઈ અશરણ નથી. પરાશ્રય વિના જ્ઞાનની એકાગ્રતામાં પ્રવર્તે તેથી કાંઈ પોતાનું કાર્ય ચાલ્યું જતું નથી, વિકારી કાર્ય જતાં અવિકારી શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય રહે છે. જ્ઞાતાદ્રષ્ટામાં એકાગ્ર થયો ને શુભાશુભ વિકલ્પરહિત થયો ત્યારે જ્ઞાનમાં રમણ કરતું જ્ઞાન જ ધર્મીને શરણ છે.

પુણ્ય-પાપ રહિત જ્ઞાન જ શરણરૂપ છે, એવી પ્રથમ શ્રદ્ધા લાવો, તો જ ધર્મની શરૂઆત થશે. વર્તમાન ઊંધા પુરુષાર્થ વડે જ્ઞાતાપણું ભૂલીને વિકારમાં અટકવાનું આવડે છે, ત્યાંથી પાછો ફરી અંદરમાં એકલો જ્ઞાનાનંદ છે તેમાં રુચિ ને એકાગ્રતા કરે તો અપૂર્વદશા પ્રગટે.

એકલો જ્ઞાનસ્વભાવી તું નિત્ય છો, પુણ્ય-પાપ નીકળી જાય પણ તું નિત્ય છો, તે ક્યાં જાય? સાકરમાંથી સફેદાઈ કાઢી ન શકાય, પણ મેલ કાઢી શકાય. તેમ પ્રથમથી જ વિકાર રહિત આત્માની શ્રદ્ધા કરે તો તેની રુચિના જોરે વિકારરૂપી મેલ નીકળ્યા વિના રહે નહિ.

આત્મા અરાગી છે, અનંતગુણનો પિંડ છે, ક્ષણિક અવસ્થામાં પુણ્યની રુચિથી અટક્યો છે, તે દોષ છે. પ્રથમ દ્રષ્ટિમાંથી શુભ-અશુભરૂપી મેલ કાઢી નાખ ને નિત્ય શરણરૂપ આખી જ્ઞાતા વસ્તુ છે તેમાં દ્રષ્ટિ દે તો મલિનભાવનો અભાવ થયા વિના રહેશે નહિ. નીચલીદશામાં વ્રત, દયા, પૂજાદિના શુભભાવ હોય છે તેનો નિષેધ નથી પણ તેનાથી ધર્મ નથી.

ભગવાન આત્મા જ્ઞાતાસ્વરૂપનું આચરણ દેહની ક્રિયામાં નથી, તેમ જ શુભાશુભભાવમાં નથી. પણ અક્ષય, અનંતગુણથી પૂર્ણ જે જ્ઞાનસ્વભાવ છે, તેની શ્રદ્ધા કરી તેમાં એકાગ્રતા કરે તે જ આચરણ છે. પ્રથમ હા તો પાડે કે આ રીતે માર્ગ છે. તેમ જાણે તો સ્વયં જ્ઞાનમૂર્તિને શરણરૂપ કરી ઠરે. પણ સત્ય સ્વીકાર નહિ તો આચરણ શેનું? પુણ્યની રુચિવાળા પોકાર કરે છે કે અમારું કાંઈ રહેતું નથી. તેથી પ્રશ્ન કરે છે કે "એકલું જાણવું-માનવું તેમાં શું? વર્તન ક્યાં આવ્યું?"

તેનો ઉત્તર : પુણ્ય-પાપ રહિત સ્વભાવની શ્રદ્ધા કરી તેમાં ત્રણેકાળના મિથ્યાત્વનો ત્યાગ થયો અને જ્ઞાનમાં એકાગ્ર રહેવાનું આવ્યું, તે શું વર્તન નથી?

શુભ-અશુભભાવ તે ચૈતન્ય અમૃતથી વિરુદ્ધ છે—ઝેર છે એની શ્રદ્ધા છોડી જ્ઞાનાનંદમાં રુચિ અને લીનતા કરે છે તે જ સ્વયં પરમ અમૃતનો સ્વાદ લે છે. આ જ માર્ગ છે, શરણ છે. એમ પ્રથમ સમજવું જોઈએ.

અર્હંતાદિ એ એના શરણ છે, તેઓ તને શરણરૂપ નથી. શુભભાવથી કોઈ સંતોષ મનાવે તે મિથ્યા છે. દયા-દાનાદિના વિકલ્પ થાય છે ખરા પણ તેમાં આકુળતાનો અનુભવ છે તેથી તે રહિત ચૈતન્યપરમાનંદની રુચિ ને લીનતા જ્યાં છે ત્યાં નિરાકુળ પરમ અમૃતાનંદનો અનુભવ હોય છે, તેને જ્ઞાની જાણે છે.

હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે, એમ સિદ્ધ કરે છે :–

## ગાથા ૧૫૧

**પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧**

અન્વયાર્થ : ખરેખર જે પરમપદાર્થ છે, સમય છે, શુદ્ધ છે, કેવળી છે, મુનિ છે, જ્ઞાની છે તે સ્વભાવમાં સ્થિત મુનિઓ નિર્વાણને પામે છે.

કોઈ કહે કે આ સમયસાર મુનિઓ માટે છે—તો એમ નથી. અનાદિ મિથ્યાદ્રષ્ટિ છે તેને સાચી દ્રષ્ટિ કરાવવાનો મુખ્ય ઉપદેશ છે. જેમ પિતા મોટા પુત્રને ભલામણ કરે તેમાં નાના પણ આવી જાય છે. તેમ મુનિને આવી સાચી દ્રષ્ટિ જોઈએ, એમ કહેતાં શ્રાવકાદિ તેમાં આવી જાય છે.

ટીકા : જ્ઞાન મોક્ષનું કારણ છે. જ્ઞાન કહેતાં જ તેમાં નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવી જાય છે. તે સ્વાશ્રિત જ્ઞાન શુભાશુભ કર્મબંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે. શુભાશુભ વિકલ્પ મુક્તિનું અર્થાત્ આત્માની પૂર્ણ પવિત્રતાનું કારણ કોઈ રીતે નથી.

કોઈ કહે કે અત્યારે મોક્ષ નથી માટે શુભભાવ કરી લઈએ, તેની મદદથી મોક્ષ પછી થશે. તો તેને કહે છે કે દ્રષ્ટિ અપેક્ષાએ તો મોક્ષ અત્યારે પણ છે. મોક્ષસ્વરૂપી આત્મા અત્યારે છે કે નહિ? છે. તો તેને પુણ્ય-પાપ શરણભૂત નથી. એકલો જ્ઞાનાનંદ સ્વભાવ જ મોક્ષનું કારણ છે, એવી શ્રદ્ધા પ્રથમ કરવાનું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. જ્ઞાનમાં બંધન નહિ ને બંધનમાં જ્ઞાન કારણ નહિ.

૧. તે જ્ઞાન, સમસ્ત શુભાશુભ કર્મજાતિથી ભિન્ન કેવળ ચૈતન્યજાતિમાત્ર છે, વિજ્ઞાનઘન છે. એવો જ્ઞાનસ્વભાવ તે જ પરમ પદાર્થ છે. જે ભાવે સર્વાર્થસિદ્ધિનો ભવ, તીર્થંકર નામકર્મ બંધાય તે શુભભાવ પણ ઝેર છે. તેને પરમપદાર્થ સર્વજ્ઞે કહેલ નથી. પરનું ભલું કરવાની ઈચ્છા તે મુક્તિનું કારણ નથી, માટે તે પરમાર્થ નથી.

૨. તે આત્મા એકી સાથે એકરૂપે પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને પરિણમન તે–સ્વરૂપ હોવાથી સમય છે. પુણ્યાદિ વિકારની રુચિ અને વલણ છોડીને જ્ઞાનસ્વભાવમાં પરિણમે તે આત્માને અહીં સમય કહેલ છે.

૩. સકલ નયપક્ષોના રાગથી તદ્દન જુદો એક જ્ઞાયક હોવાથી શુદ્ધ છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવાથી શુદ્ધતા પ્રગટે છે ને તે જ શરણ છે.

પ્રશ્ન : એવું તો શોધ્યું હાથ આવતું નથી.

ઉત્તર : શરીરની અનુકૂળતા શોધે છે કે નહિ? શોધનાર જ્ઞાની છે કે જડ? બાહ્યદ્રષ્ટિ કરી વિકારમાં શોધે છે, તો પોતાને ન શોધી શકે? ઊંધી રુચિનું વીર્ય નવું નવું કરે છે તે સ્વયં કર્તા થઈને પરિણમે છે, કોઈ બીજો તે કરાવતો નથી. તે ફેરવીને સ્વની રુચિ કરી તેમાં વીર્ય ફોરવે તો આત્મસ્વભાવ સહજ પ્રાપ્ત થઈ શકે એવો છે.

પ્રશ્ન :નિરાલંબન થવામાં કોણ શરણ?

ઉત્તર : નય પ્રમાણના વિકલ્પમાં અટકે છે તે નયપક્ષનો રાગ એની મેળે થતો નથી પણ કરે તો થાય છે. તે મિથ્યારુચિ ફેરવી, હું જ્ઞાનમાત્ર છું, સ્વરૂપે એકલો પરિપૂર્ણ છું, તેની રુચિ કરી એકાગ્ર થાય તો વર્તમાન તાકાતથી જ પરિણમી શકે, ને તે જ શરણ છે.

# પ્રસાદ નં. ૧૫૭

## સમયસાર ગાથા ૧૫૧

(ચૈત્ર સુદ ૩, સોમવાર, ૨૦૦૭ ના પ્રવચનમાંથી ટૂંકસાર)

(૪) જેને જનકલ્યાણ કરવું છે તેણે પુણ્ય-પાપ રહિત આત્માને જાણીને તેનું શરણ લેવું જોઈએ. તે આત્મા કેવો છે? કેવળ ચિન્માત્ર હોવાથી કેવળી છે, કેવળજ્ઞાની થઈ ગયા તેની વાત નથી, કેવળ એટલે કે એકલો; પુણ્ય-પાપના દ્વૈતવાળો નહિ પણ એકલો કેવળ જ્ઞાન સ્વરૂપ જ આત્મા છે તેથી તે કેવળી છે, આવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે ધર્મ છે.

શરીર, મન, વાણીવાળો તો આત્મા નથી, પણ પુણ્યવાળોય આત્મા નથી. એટલે પુણ્ય મોક્ષમાર્ગમાં મદદ કરે એમ નથી. આત્મા તો ચિન્માત્ર-જ્ઞાનમાત્ર વસ્તુ છે, તેમાં અંદર ધુસવું...એટલે કે જ્ઞાનની પર્યાયને અંતર્મુખ વાળીને એકાગ્ર થવું તે જ મુક્તિમાર્ગ છે, ચૈતન્યમાત્ર વસ્તુ તે જ આત્મા છે, તેના જ શરણે મુક્તિમાર્ગ છે. પુણ્ય તે શરણ નથી.

(૫) ફક્ત મનનમાત્રપણાને લીધે આત્મા જ મુનિ છે. શરીરની દશામાં કે પુણ્યમાં મુનિપણું નથી. અંતરમાં જ્ઞાનસ્વરૂપનું મનન થાય તે મનનમાત્ર સ્વરૂપ આત્મા છે, ને તેમાં મુનિપણું છે. ફક્ત જ્ઞાનનું મનન તે આત્મા છે—એમ કહીને પુણ્ય-પાપને કાઢી નાખ્યા છે. સ્વમાં એકાગ્રતાની જેટલી જમાવટ થાય તે જ મુક્તિનો માર્ગ છે.

પાપ ને પુણ્ય વગરનો આત્મા કેવો છે તે કહેવાય છે. આવા આત્માના જ આશ્રયે મુક્તિમાર્ગ છે. પુણ્ય-પાપના આશ્રયે મુક્તિમાર્ગ નથી.

(૬) આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે, તેથી તે 'જ્ઞાની' છે. આત્માનું જ્ઞાન બાહ્ય શાસ્ત્રના આધારે તો નથી ને પુણ્યના આશ્રયે પણ આત્માનું જ્ઞાન નથી, આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે, જેને આવા આત્માનું ભાન નથી, તેને સર્વત્ર ભય છે. એક વૈરાગ્યમય ઉદાસીનતાથી જ નિર્ભયતા છે. આત્માને પુણ્ય-પાપથી ભિન્ન જાણીને સ્વમાં ઠર્યો ને વિકારથી પાછો ફર્યો તેનું જ નામ વૈરાગ્ય છે ને તેમાં જ નિર્ભયતા છે.

પરનું જ્ઞાન તે વ્યવહાર છે, ને સ્વસન્મુખ થઈને સ્વનું જ્ઞાન કરવું તે પરમાર્થ છે. સ્વસન્મુખ થઈને જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે જ મોક્ષમાર્ગ છે.

(૭) વળી આત્મા કેવો છે?—કે સ્વના ભવનમાત્રસ્વરૂપ હોવાથી 'સ્વભાવ' છે. વિકાર તે પરમાર્થે સ્વનું ભવન નથી, જ્ઞાનમાત્ર ભાવ તે જ આત્મા છે. વિભાવપણે થાય તે આત્મા નથી.

(૮) સ્વતઃ ચૈતન્યના ભવનમાત્ર હોવાથી આત્મા 'સદ્‌ભાવ' છે. વિકાર થયો માટે આત્મા ટક્યો છે—એમ નથી, પોતે વિકારના અભાવસ્વરૂપ સ્વતઃ ચૈતન્યના ભવનમાત્ર છે તેથી આત્મા સ્વતઃ સદ્‌ભાવ છે. વ્યવહારનો વિકલ્પ આવ્યો માટે આત્માનું ચૈતન્યભવન થાય છે—એમ નથી, તે તો સ્વતઃ ચૈતન્યભવનમાત્ર છે.

આ રીતે આઠ બોલ વર્ણવ્યા :–

(૧) પરમપદાર્થ : પરથી અને વિકારથી ભિન્ન ચૈતન્યજાતિમાત્ર હોવાથી આત્મા 'પરમપદાર્થ' છે.

(૨) સમય : જ્ઞાન સાથે એકપણે પરિણમે છે પણ વિકાર સાથે એકપણે પરિણમતો નથી એવો આત્મા 'સ્વસમય' છે.

(૩) શુદ્ધ : સર્વે પ્રકારના નયપક્ષના વિકલ્પોથી રહિત હોવાથી ભગવાન આત્મા 'શુદ્ધ' છે.

(૪) કેવળી : પુણ્ય-પાપ વગરનો એકલા જ્ઞાનમાત્રસ્વરૂપ હોવાથી આત્મા 'કેવળી' છે.

(૫) મુનિ : પુણ્ય-પાપના મનન વગરનો, ફક્ત જ્ઞાનસ્વરૂપના મનનવાળો આત્મા છે, તેથી તે 'મુનિ' છે; પુણ્ય-પાપનું મનન થાય તે ખરેખર આત્મા નથી.

(૬) જ્ઞાની : આત્મા પુણ્ય-પાપ સ્વરૂપ નથી પણ પોતે જ્ઞાનસ્વરૂપી જ છે તેથી તે 'જ્ઞાની' છે.

(૭) સ્વભાવ : જ્ઞાનસ્વરૂપ તે સ્વ છે, તેના ભવનમાત્રસ્વરૂપ હોવાથી આત્મા 'સ્વભાવ' છે. પુણ્ય-પાપનું ભવન થાય તે પરમાર્થે આત્મા નથી.

(૮) સદ્‌ભાવ : સ્વતઃ ચૈતન્યના ભવનમાત્ર સ્વરૂપ હોવાથી આત્મા 'સદ્‌ભાવ' છે.

(મૂળસૂત્રમાં सद्भावे શબ્દ છે તેમાંથી આચાર્યદેવે સ્વભાવ અને સદ્‌ભાવ એવા બે અર્થો કાઢ્યા છે.)

આ આઠેમાં વસ્તુભેદ નથી. એક શુદ્ધ આત્માનાં જ તે આઠે નામો છે. આવો આત્મા છે. તેમાં સ્થિર થતાં જ મુક્તિ થાય છે. માટે તે આત્મા જ મુક્તિનું કારણ છે. એ સિવાય બીજા શુભાશુભ ભાવમાં જીવની મુક્તિ થતી નથી.

પરમપદાર્થ એવા આત્મા સિવાય પરના આશ્રયે મુક્તિ થતી નથી, જ્ઞાનમાત્ર સ્વસમય સિવાય વિકાર ને પરસમય છે, તેના આશ્રયે મુક્તિ નથી. શુદ્ધ સિવાય અશુદ્ધના આશ્રયે, કેવળ એકલા સિવાય બીજાના આશ્રયે, ચૈતન્યમાત્રના મનન સિવાય બીજાના મન નથી, જ્ઞાનસ્વભાવ સિવાય બીજાના આશ્રયે, કે સ્વતઃ ભવનમાત્ર સ્વભાવ સિવાય બીજાના આશ્રયે મુક્તિ થતી નથી.

પ્રશ્ન : ગૃહસ્થને માટેનો ચરણાનુયોગનો વ્યવહાર તો કહો.

ઉત્તર : પુણ્ય-પાપના આશ્રય વિના એકલા જ્ઞાનસ્વભાવનું ભાન કરતાં, એકાગ્રતારૂપ મનન કરતાં, વચ્ચે શુભરાગરૂપ વ્યવહાર આવે તેનું વર્ણન ચરણાનુયોગમાં હોય છે; પણ તે ધર્મ નથી. રાગરહિત આત્મસ્વભાવની શ્રદ્ધા કરી એકાગ્ર થયો તે જ ધર્મ છે, તે જ મોક્ષનું કારણ છે. તેનાથી જેટલા વિરુદ્ધ ભાવ છે તે મોક્ષનું કારણ નથી.

ભાવાર્થ : મોક્ષનું ઉપાદાન કારણ આત્મા જ છે. તે પોતે જ પલટીને મુક્તિ થાય છે. પુણ્ય-પાપ પલટીને તેમાંથી મોક્ષ થતો નથી, માટે તે મોક્ષનું કારણ નથી. ॥૧૫૧॥

હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે, એમ બતાવે છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે, એમ હવે કહે છે :–

## ગાથા ૧૫૨-૧૫૩

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨**
**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩**

ટીકા :–અજ્ઞાની વ્રત, તપાદિ માનથી કરે તો પાપ થાય ને મંદકષાયથી કરે તો પુણ્ય થાય. આમ અનુભવપૂર્વક કરવામાં આવતાં વ્રત, તપ, નિયમ (અભિગ્રહ), શીલ (રૂડો સ્વભાવ) સંસારનું જ સાધન થાય છે. માત્ર જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. જેને જ્ઞાનસ્વરૂપ આત્માનું ભાન નથી તે જીવ જ્ઞાનના અભાવમાં પોતે સ્વયમેવ અજ્ઞાનરૂપ થાય છે. તે અજ્ઞાની શુભ વિકારનો કર્તા થાય છે તેથી તેને અંતરંગમાં (કપટરહિતપણે) શુભકર્મોનો સદ્‌ભાવ છે. તેને તે શુભ પરિણામ હોવા છતાં મુક્તિ થતી નથી, માટે તે મોક્ષનું સાધન છે જ નહિ. અજ્ઞાની શુભથી પણ બંધાય જ છે. રાગને સ્વમાં અભેદરૂપ કરે છે તે અજ્ઞાની છે. અજ્ઞાનીને તો શુભપરિણામ જ ભાસે છે, પણ શુભરહિત જ્ઞાનસ્વરૂપ અંતરમાં છે, તેની તેને ખબર નથી, તેથી તે મુક્તિ પામતો નથી. માટે પુણ્ય-પાપ રહિત જ્ઞાન તે જ મુક્તિનું કારણ છે. જ્ઞાનીને અંતરંગમાં પુણ્ય-પાપરહિત એકલા જ્ઞાનસ્વભાવનું ભાન છે, પુણ્ય-પાપને તે સ્વભાવથી બાહ્ય જાણે છે. તે જ્ઞાનીને બાહ્ય વ્રતાદિ શુભપરિણામનો અભાવ હોવા છતાં તે મોક્ષ પામે છે. કેમકે મોક્ષનું કારણ એક જ્ઞાન જ છે. જ્ઞાની પુણ્ય-પાપનો વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઠરતાં પોતે જ

જ્ઞાનસ્વરૂપ થાય છે, તેને મોક્ષ થાય છે. માટે જ્ઞાન જ મુક્તિનું કારણ છે, શુભભાવ તે મુક્તિનું કારણ નથી.

અજ્ઞાનીને શુભની અસ્તિમાં પણ મોક્ષની નાસ્તિ છે.

જ્ઞાનીને શુભની નાસ્તિમાં પણ મોક્ષની નાસ્તિ છે.

માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે, શુભ મોક્ષનું કારણ નથી.

# પ્રસાદ નં. ૧૫૮

## સમયસાર કળશ ૧૦૫

(ચૈત્ર સુદ ૪. મંગળવાર, ૨૦૦૭ ના પ્રવચનમાંથી)

આત્મા સ્વસન્મુખ થઈને ધ્રુવ અને અચળપણે જ્ઞાનસ્વરૂપે પરિણમે છે, તે જ મોક્ષનું કારણ છે. જ્ઞાનસ્વરૂપે પરિણમવું તે કર્તાનું કાર્ય છે; ને શુભાશુભ વિકલ્પ ઊઠે તે તો બંધસ્વરૂપ છે. તે મોક્ષનું કારણ નથી ને તે ધર્મીનું કાર્ય નથી.

## મોક્ષ માટે આગમનું વિધાન

સ્વભાવમાં ઢળીને પરિણમતી જ્ઞાનદશા છે તે પોતે મોક્ષનું કારણ છે ને તે પોતે નિર્મળ હોવાથી મોક્ષસ્વરૂપ છે. આ સિવાય જેટલા શુભવિકલ્પો થાય તે પણ બંધનું જ કારણ છે. આમ હોવાથી જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરવાનું જ આગમનું ફરમાન છે. પુણ્યપણે થવાનું આગમનું ફરમાન નથી. જ્ઞાતા ચૈતન્યમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કર—એમ ભગવાનનું ફરમાન છે. પુણ્યથી ધર્મ થાય એમ માનનારે ભગવાના ફરમાનને માન્યું નથી. વચ્ચે રાગ આવે ભલે, પણ તે તો બંધન છે, તેની હોંશ શી? અંદર જ્ઞાનનો દરિયો છે, તેમાં લીન થઈને જ્ઞાનસ્વરૂપ થવું એમ આગમનું ફરમાન છે.

હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :–

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪**

અન્વયાર્થ : જેઓ પરમાર્થથી બાહ્ય છે તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા—જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ—અજ્ઞાનથી પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) ઇચ્છે છે.

સમસ્ત કર્મનો પક્ષ છોડવાથી મોક્ષ થાય છે, પણ શુભરાગનો પક્ષ રાખવાથી મોક્ષ થાય—એમ નથી. સ્વભાવનો પક્ષ કરતાં વ્યવહારનયની વૃત્તિ ઊઠતી જ નથી એટલે તેનો નાશ થયો, એમ કહ્યું. એ રીતે સ્વભાવના આશ્રયે જ આત્મલાભ થાય છે. સ્વભાવના લાભ માટે તો રાગનો-વ્યવહારનો પક્ષ મિથ્યા જ છે. વ્યવહાર તરીકે વ્યવહાર સત્ છે, પણ તે વ્યવહાર પરમાર્થ સ્વભાવની પ્રાપ્તિ માટે તો અકિંચિત્કર જ છે, અવસ્તુ છે, કર્મના પક્ષના નાશથી મોક્ષ થાય છે. કર્મના

પક્ષનો નાશ સ્વભાવના આશ્રયે જ થાય છે. માટે સ્વભાવનો આશ્રય તે જ મોક્ષનું કારણ છે. કર્મના પક્ષથી આત્મલાભની ઉત્પત્તિ થતી નથી. પુણ્યનો પક્ષ અનાદિથી હતો એમ વ્યવહારની તો સિદ્ધિ કરી, પણ તેના પક્ષથી આત્માનો લાભ થતો નથી. અજ્ઞાનીઓ મોક્ષને ઇચ્છે છે, પણ મોક્ષનું જે કારણ છે તેનો આશ્રય કરતા નથી, ને સંસારના કારણનો જ આશ્રય કરે છે. કર્મના નાશરૂપ મોક્ષને ઇચ્છે છે, પરંતુ કર્મનો નાશ કાંઈ કર્મના આશ્રયથી થાય? આત્માનો આશ્રય કરે તો કર્મનો નાશ થાય ને મોક્ષદશા પ્રગટે.

## મોક્ષના કારણરૂપ સામાયિક

મોક્ષના કારણરૂપ તો સામાયિક છે. કેવી છે તે સામાયિક? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે. રાગનું પરિણમન તે સામાયિક નથી, ને તે મોક્ષનું કારણ નથી. જ્ઞાનમાં એકાગ્રતાથી જે જ્ઞાનનું પરિણમન થાય તેમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આવી જાય છે, ને તે જ સામાયિક છે. તે સામાયિક જ મુક્તિનું કારણ છે. ચૈતન્યસ્વભાવની પ્રતીતિ વગર સામાયિકનો પ્રયોગ પણ ન હોઈ શકે. શુભરાગમાં કે ભાષામાં સામાયિકનો પ્રયોગ નથી. શુભરાગ તો બંધન છે, સંસારનો માર્ગ છે. છતાં અજ્ઞાનીઓ તેને મોક્ષના કારણ તરીકે માનીને સેવે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. ધર્મીને નીચલીદશામાં રાગ થાય પણ તેઓ તે રાગને મોક્ષના કારણ તરીકે માનતા નથી. મોક્ષના કારણ તરીકે તો તેઓ જ્ઞાનસ્વભાવનો જ આશ્રય કરે છે. જ્ઞાનમાં જેટલી એકાગ્રતા થઈ તેટલી સામાયિક છે. વળી તે સામાયિક પોતે સમયસાર સ્વરૂપ છે. પુણ્યનો રાગ તે વિકારસ્વરૂપ છે, તે સમયસારસ્વરૂપ નથી. સામાયિક તો શુદ્ધ આત્મારૂપ છે, આવી સામાયિક તે મોક્ષનું કારણ છે.

અજ્ઞાનીઓ મોક્ષને ઇચ્છે છે ને આવા મોક્ષના કારણભૂત સામાયિકની પ્રતિજ્ઞા પણ કરે છે. પરંતુ કર્મચક્રથી પાર ઊતરવાની તેમનામાં નામર્દાઈ છે. શુદ્ધાત્માને ઓળખીને તેમાં ઠરવું તે જ મર્દાઈ છે. જે જીવ રાગમાં જ ધર્મ માનીને અટકી ગયો, તે રાગથી પાર ઊતરવા માટે નામર્દ છે, તેનામાં રાગરહિત થઈને સ્વભાવનો અનુભવ કરવાની મર્દાઈ નથી. બહુ તો અશુભ ટાળીને શુભમાં આવે પણ રાગના ચક્રને ઓળંગી ન શક્યો તેથી તે નામર્દ છે, એટલે તેને પરમાર્થસ્વભાવના અનુભવરૂપ સામાયિક હોતી નથી.

અહીં તો સામાયિક સ્વરૂપ આત્મસ્વભાવ જ કહ્યો. આત્મસ્વભાવને પામ્યો તે સામાયિક છે. પણ રાગમાં અટક્યો તે સામાયિકને પામ્યો નથી. એટલે તેને કર્મનો નાશ થતો નથી ને તેઓ મુક્તિ પામતા નથી પણ સંસારમાં જ રખડે છે.

પુણ્ય તો કર્મ છે ને તે સંસારનું કારણ છે છતાં તેને મોક્ષના કારણરૂપ સામાયિક માની લીધી, તે અધર્મથી છૂટે ક્યારે? ન જ છૂટે. અજ્ઞાની જીવ ભલે અશુભ છોડીને શુભ કરે પણ તેના તે પરિણામ અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામ છે, તે ધર્મના પરિણામ નથી. તેને અત્યંત સ્થૂલ સંક્લેષ પરિણામો તો નિવૃત્ત થયા છે પણ જે મિથ્યાત્વાદિ પરિણામ છે તે નિવૃત્ત થયા નથી. ગુણ-ગુણીના ભેદના વિકલ્પમાં અટકે તો તે પણ અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામ છે. સૂક્ષ્મ જ્ઞાનસ્વભાવ છે, તેમાં તે પહોંચી શક્યો નથી, એટલે અશુભકર્મ કાંઈક ઘટે ત્યાં સંતોષ પામી જાય છે—એટલે કે શુભમાં સંતોષાઈ જાય છે, પણ અંદર સૂક્ષ્મપણે કર્મને જ સેવી રહ્યો છે. તેનું તેને ભાન નથી કેમકે તે સ્થૂળ લક્ષ્યવાળા છે. શુભનું લક્ષ્ય તે પણ સ્થૂળ લક્ષ્ય છે. અજ્ઞાનીને સ્થૂળ લક્ષ્ય છે તેથી તેને સ્થૂળ ભાવો ભાસે છે પણ પરમ સૂક્ષ્મ ચૈતન્યને તે દેખતો નથી તેથી સમસ્ત કર્મકાંડને મૂળથી તે ઊખેડી શકતો નથી. જ્ઞાનવીર્ય જ્યાં શુભનો આદર કરે છે ત્યાં તે જ્ઞાન અંતરમાં કેવી રીતે વળે? જ્ઞાન તો શુભની રુચિના પક્ષમાં રોકાયું છે, તો તે રાગરહિત જ્ઞાનસ્વભાવની અંદર રુચિને ક્યાંથી વાળશે? ને આત્માના સ્વભાવસન્મુખ દ્રષ્ટિને વાળ્યા વગર કર્મનો મૂળથી નાશ થાય નહિ. જો પોતાના શુદ્ધ ચૈતન્યનું ભાન હોય તો તે શુભ ને અશુભ બન્નેને બંધનનું કારણ સમજે. પણ અજ્ઞાનીને પોતાના શુદ્ધ ચૈતન્યનું અજ્ઞાન હોવાથી તે, વ્રતાદિ શુભરાગ સંસારનું કારણ હોવા છતાં તેને મોક્ષના કારણ તરીકે માનીને તેનો આશ્રય કરે છે. ઇચ્છે છે તો મોક્ષને પણ આશ્રય તો સંસારના જ કારણનો કરે છે. તેથી તેને મુક્તિના કારણરૂપ સામાયિક થતી નથી.

# પ્રસાદ નં. ૧૫૯

## સમયસાર ગાથા ૧૫૪

(ચૈત્ર સુદ ૫, બુધવાર, ૨૦૦૭ ના પ્રવચનમાંથી)

ભાવાર્થ : કેટલાક અજ્ઞાની લોકો, દીક્ષા લેતી વખતે સામાયિકના સ્વરૂપની ખબર નથી છતાં તેની પ્રતિજ્ઞા લે છે. હું સામાયિક ચારિત્રની પ્રતિજ્ઞા લઉં છું, એમ માને છે પણ નિર્વિકલ્પ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે અજ્ઞાની જીવો સ્થૂળ સંક્લેશ-પાપપરિણામને છોડીને એવા જ સ્થૂળ શુભપરિણામોમાં રાચે છે. (શુભ-અશુભભાવ અત્યંત સ્થૂળ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે) ખરી રીતે પુણ્ય-પાપ રહિત જ્ઞાનાનંદ સ્વરૂપનો અનુભવ જ મોક્ષનું કારણ છે, તોપણ પાપને બંધનનું કારણ અને પુણ્યને મોક્ષનું કારણ માનીને, દયા, દાન, વ્રત, તપ, શીલ વગેરે શુભરાગનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.

પ્રશ્ન : પુણ્ય પરંપરાએ સમકિત અને મોક્ષનું કારણ છે?

ઉત્તર : રાગ તે કારણ અને વીતરાગતા તે કાર્ય—એમ અજ્ઞાની માને છે પણ તેમ નથી. શ્રી જયસેનાચાર્ય પંચાસ્તિકાયમાં કહે છે કે મિથ્યાદ્રષ્ટિ પુણ્યથી લાભ માને છે. તેને પુણ્ય અનર્થ પરંપરાનું કારણ છે. જ્ઞાનીને પુણ્યની રુચિ નથી છતાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા શુભવ્યવહાર આવે છે. તેને ઘીના ઘડાની જેમ ઉપચારથી સાધન કહેલ છે. જેમ લસણ ખાતાં ખાતાં કોઈને કસ્તુરીનો ઓડકાર ન આવે, તેમ પુણ્ય-પાપ ઝેર છે, બંધ હેતુ જ છે. તેનાથી આત્મશાંતિ ન જ આવે. ચૈતન્ય આત્મા તો નિર્વિકાર છે, તેની દ્રષ્ટિ વડે પુણ્ય-પાપનો આશ્રય છોડ્યા વિના કોઈને ધર્મની શરૂઆત પણ થતી નથી.

સામાયિકના ભાન વિના વ્રત તપાદિમાં રાગ પાતળો પાડે-કષાય મંદ કરે તો મિથ્યાત્વરૂપી મહાપાપ સહિતનું પુણ્ય છે, પણ તે ધર્મ નથી. ધર્મ તો પુણ્ય-પાપ રહિત એકલા જ્ઞાતાસ્વભાવ આશ્રિત છે.

પ્રશ્ન : પુણ્ય છોડી દઈને કરીએ શું?

ઉત્તર : પુણ્યની રુચિ ને શ્રદ્ધા છોડી પુણ્ય-પાપ બન્ને એકાંત બંધનના કારણ છે એમ જાણી નિશ્ચય ચૈતન્યની શ્રદ્ધા કરવી તે જ અપૂર્વ ધર્મકાર્ય છે, પણ જે ભાવે બંધન થાય તે ભાવે ધર્મ માને તો મિથ્યાત્વ થાય.

પ્રશ્ન : શુભભાવથી તો તીર્થંકર નામકર્મ બંધાય છે માટે તે મદદગાર છે ને?

ઉત્તર : નહિ. પ્રથમથી જ સર્વ પુણ્ય-પાપનો નિષેધ કરનાર જ્ઞાનીને જ તે બંધાય છે, તેને કાંઈ બંધનની ભાવના હોતી નથી. તીર્થંકર નામકર્મ જડ છે. જે ભાવમાં તે બંધાય તે રાગભાવ પણ ધર્મ નથી, અધર્મ છે. દર્શનવિશુદ્ધિ આદિ ૧૬ કારણભાવના પણ રાગ છે, અજ્ઞાનીને તેમાં હોંશ આવે છે.

હવે જીવોને ખરું મોક્ષકારણ બતાવે છે :–

**ગાથા ૧૫૫**

**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫**

અર્થ : જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે, તેનું યથાર્થ જાણપણું તે જ્ઞાન છે, પુણ્ય-પાપના ત્યાગરૂપ જ્ઞાનમાત્રમાં સ્થિરપણું તે ચારિત્ર છે. આ જ મોક્ષનો માર્ગ છે. શુભભાવ તો આત્મશાંતિને લૂંટે છે. કોઈપણ પ્રકારના શુભરાગને સારો કે મદદગાર માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

ટીકા :–આત્માની સંપૂર્ણ નિર્મળદશા એવા મોક્ષનું કારણ તો ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના નિર્મળ શ્રદ્ધાનસ્વભાવરૂપે આત્માનું થવું તે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગરૂપે થવું-પરિણમવું તે સમ્યગ્દર્શન નથી.

પ્રશ્ન : પુણ્ય આગળ ઉપર કામ આવે, તેનાથી સમ્યગ્દર્શન થાય ને ચારિત્રમાં મદદ મળે એમ બને?

ઉત્તર : મિથ્યાદ્રષ્ટિને પુણ્યની રુચિ છે, તે મિથ્યારુચિ સહિત નગ્ન દ્રવ્યલિંગી મુનિ થઈ, પુણ્ય બાંધી અનંતવાર નવ ગ્રૈવેયક સુધી જઈ આવ્યો પણ તેનાથી કાંઈ આત્માને લાભ ન થયો. તે જૈન પણ નથી. શુભાશુભભાવ તે હું નહિ ને તેનાથી લાભ નહિ એવી એકલા ચૈતન્યની શ્રદ્ધા કરે તે જૈન છે.

જેમ સાકર ઉપર મલિનતા તે સાકરનું સ્વરૂપ નથી તેમ ચેતનમાં પુણ્ય-પાપ થાય તે ચેતનનું ખરું સ્વરૂપ નથી, પણ તે બાધક છે—મેલ છે. જીવાદિ પદાર્થોના યથાર્થ જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું—આત્માનું થવું—પરિણમવું તે સમ્યક્જ્ઞાન છે. શાસ્ત્રનું પુણ્ય-પાપનું, વ્યવહારનું જ્ઞાન તે જ્ઞાન નથી.

એકતા જ્ઞાનસ્વરૂપના આશ્રયે, રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનની એકાગ્રતા થાય, જેટલા અંશે વીતરાગતા પરિણતિ થાય તે જ ચારિત્ર છે. ૨૮ મૂલગુણ, વ્રત તપાદિના વિકલ્પ તે રાગ છે; તે ચારિત્ર નથી.

જેટલા અંશે આત્મા સ્વભાવરૂપ પરિણમ્યો તે મુક્તિનું કારણ છે ને જેટલા અંશે રાગ રહે તે બંધનું કારણ છે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એક જ્ઞાનનું જ ભવન પરિણમન છે. દયા, દાન, વ્રતાદિમાં અથવા તેના વડે દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. તેને આત્માની રુચિ નથી.

ભાવાર્થ : આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે. અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને કથન છે તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે, એમ કહી જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. ॥૧૫૫॥

હવે જે વિદ્વાન નામ ધરાવી પુણ્યથી કે વ્યવહારથી ધર્મ માની રહ્યા છે તેની શ્રદ્ધાનો નિષેધ કરે છે :–

ગાથા ૧૫૬

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬**

અર્થ :–નિશ્ચયનયનો વિષય જ્ઞાનાનંદ શુદ્ધ છે, તેને છોડીને વિદ્વાનો પુણ્યથી કે વ્યવહારથી ધર્મ માની પ્રવર્તે છે, બીજાને પરાશ્રય કરી સંસારમાં રખડવાનો ઉપદેશ કરે છે. પણ જ્ઞાની પુણ્યને ધર્મનું કારણ માનતા નથી. સર્વજ્ઞ ભગવાને આગમમાં ફરમાવ્યું છે કે પુણ્ય-પાપ રહિત આત્મસ્વરૂપનો આશ્રય કરનાર મુનિઓને જ કર્મનો ક્ષય થાય છે. વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી. નીચલીદશામાં રાગ હોય છે. પાપથી બચવા શુભ વ્યવહાર આવે ખરો, પણ તેનો આશ્રય કરવાથી ધર્મ નથી.

વ્યવહાર-પરાશ્રયની રુચિવાળા તેમાં ધર્મ માને છે—મનાવે છે, પણ ત્રણેકાળના જ્ઞાની તો નિશ્ચય ચેતનનો જ આશ્રય કરો, તે વિના મુક્તિ તથા મુક્તિની શ્રદ્ધા પણ થતી નથી, એમ ફરમાવે છે.

# પ્રસાદ નં. ૧૬૦

## સમયસાર ગાથા ૧૫૬

(ચૈત્ર સુદ ૬, ગુરુવાર, ૨૦૦૭ના પ્રવચનમાંથી)

ટીકા : પરમાર્થ જ્ઞાનમય આત્મસ્વભાવ જે મોક્ષનું કારણ છે, તેનાથી જુદો-વિરુદ્ધ, જે વ્રત, તપ, ભક્તિ આદિ શુભકર્મ છે તેને કેટલાક વિદ્વાન નામ ધરાવીને પણ મોક્ષનું કારણ માને છે, તેનો વ્યવહાર કર્મકાંડ આખોય નિષેધવામાં આવ્યો છે કેમકે એ ત્રણકાળમાં આત્મશાંતિનું કારણ નથી,તે પુદ્‌ગલસ્વભાવી હોવાથી તે શુભરૂપ બંધભાવ વડે મોક્ષસ્વભાવી જ્ઞાનનું પરિણમન થતું નથી. દયા, દાન, વ્રત, તપ, ચિત્તશુદ્ધિનાં વિકલ્પ તે પરદ્રવ્યાશ્રિત ઉત્પન્ન થયેલો રાગભાવ છે, તેથી તે આત્મા નથી. પર વલણવાળો જેટલો કાંઈ શુભ-અશુભભાવ છે તે પુદ્‌ગલસ્વભાવી છે, તે વિકાર વડે આત્મશુદ્ધિ થતી નથી. જો શુભભાવ વડે શુદ્ધિ થતી હોય તો પૂર્વે અનંતકાળમાં એવું અનંતવાર કરેલ છે છતાં શુદ્ધિ થઈ નહિ. જે ભાવથી બંધન થાય તે વડે મોક્ષ ન થાય અને જ્ઞાન છે તે આત્મસ્વભાવી છે; તેના વડે આત્માનું નિર્મળ પરિણમન થાય છે.

વીતરાગ સર્વજ્ઞ પાસે ધર્મની ઇચ્છાથી જીવ અનંતવાર જઈ આવ્યો પણ પુણ્યની રુચિ છોડી સ્વસન્મુખ થવાની પોતાની તૈયારી વિના નિમિત્ત કાંઈ કરી શકે નહિ, સમજે તો નિમિત્ત કહેવાય.

નિમિત્તથી શુભરાગ થતાં નથી ને શુભરાગ વડે મોક્ષ થતો નથી, ધર્મ થતો નથી—પરનો પ્રભાવ તો આત્મામાં છે જ નહિ પરંતુ શુભરાગનો પણ પ્રભાવ આત્મામાં નથી.

### કળશ ૧૦૭

જ્ઞાન એકલા આત્મદ્રવ્યનો સ્વભાવ હોવાથી પુણ્યકર્મ વિના જ આત્માને હંમેશા જ્ઞાનનું પરિણમન થાય છે માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે.

નિશ્ચયના શાસ્ત્ર કહે કે જ્ઞાનથી મુક્તિ થાય અને વ્યવહારના શાસ્ત્રો કહે કે શુભરાગ કરવાથી મુક્તિ થાય તો બન્નેમાં વિરોધ થયો—પણ શાસ્ત્રનો અભિપ્રાય એવો નથી જ. સ્વદ્રવ્યવૃત્તિ આનંદનું કારણ છે, પરદ્રવ્યાનુસારી વૃત્તિ દુઃખ છે. શુભાશુભકર્મ તે પુદ્‌ગલસ્વભાવી છે કેમકે તે ચૈતન્યની જાગૃતિને રોકનાર છે. પરાશ્રયરૂપ રાગના જેટલા ભેદ વ્યવહારધર્મના નામે કહેવાતા હોય તે પુણ્યબંધનું કારણ છે, ધર્મનું કારણ નથી.

## કળશ ૧૦૮

વીતરાગનાં શાસ્ત્રોમાં કહેલ શુભવ્યવહારરૂપ કર્મ તે મોક્ષના કારણને ઢાંકનારું હોવાથી, સ્વયં બંધસ્વરૂપ હોવાથી અને મોક્ષમાર્ગરૂપ નિર્મળ પરિણતિથી વિરોધી હોવાથી તેને નિષેધવામાં આવે છે. જ્ઞાતાનો આશ્રય છોડીને પરાશ્રયે જ શુભાશુભભાવ થતા હોવાથી તે કર્મનો ભાવ છે. ।।૧૫૬।।

કોઈપણ શુભાશુભ કર્મ તે વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગનું ઘાતક છે, તે સિદ્ધ કરે છે :–

### ગાથા ૧૫૭-૧૫૯

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯**

અન્વયાર્થ : જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી ખરડાયો થકો નાશ પામે છે—તિરોભૂત થાય છે, તેવી રીતે મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે, એમ જાણવું. જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી ખરડાયો થકો નાશ પામે છે—તિરોભૂત થાય છે, તેવી રીતે અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું થકું-વ્યાપ્ત થયું થકું જ્ઞાન તિરોભૂત થાય છે એમ જાણવું. જેમ વસ્ત્રનો શ્વેતભાવ મેલના મળવાથી ખરડાયો થકો નાશ પામે છે—તિરોભૂત થાય છે, તેવી રીતે કષાયરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું ચારિત્ર પણ તિરોભૂત થાય છે, એમ જાણવું.

ટીકા : (૧) જ્ઞાનનું-આત્માનું સમ્યકત્વપૂર્ણ નિર્મળતારૂપ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, પણ તે બંધનનું કારણ નથી, તોપણ પર તરફની-પુણ્યની રુચિ વડે જ્ઞાનસ્વભાવની રુચિનો અભાવ થાય છે એટલે પરભાવ-સ્વરૂપ જે મિથ્યાત્વકર્મરૂપી મેલ તેના વડે તે ઢંકાઈ જાય છે. જેમ સફેદ વસ્ત્રની સ્વચ્છતાથી વિરુદ્ધ પરભાવરૂપ મેલથી વ્યાપ્ત થતાં વસ્ત્રનો શ્વેતસ્વભાવ ઢંકાઈ જાય છે, તેમ ચૈતન્યનો નિર્મળ સ્વભાવ જ્ઞાયક જ છે પણ તે ભૂલીને મિથ્યાપ્રતીતિ વડે તે નિર્મળ અનુભવરૂપે પરિણમતો નથી. પર તરફની રુચિ સમ્યક્ રુચિને ઢાંકી દે છે.

પુણ્ય-પાપ અશુદ્ધભાવ-મેલ છે, તે ચૈતન્યની નિર્મળતાનું કારણ કેમ બને? ઢાંકે તે વિકાસનું કારણ કેમ બને? ન જ બને.

(૨) ચૈતન્ય સ્વજ્ઞેયનું જ્ઞાન મોક્ષના કારણરૂપ સ્વભાવ છે પણ પરભાવરૂપ પરજ્ઞેયની રુચિ વડે તે સ્વભાવ રોકાઈ જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રથી, કર્મની મંદતાથી કે નિમિત્તથી મને જ્ઞાન થશે એવો મિથ્યાભાવ સમ્યક્જ્ઞાનને ઢાંકી દે છે. પરાશ્રયની રુચિથી સમ્યક્જ્ઞાન ઢંકાઈ જાય છે.

(૩) આત્માનું ચારિત્ર જે વીતરાગી સ્થિરતારૂપ છે, તે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, તેને છોડી દયા, પૂજા, ભક્તિ, વ્રત, અવ્રત, વગેરે પરભાવરૂપ કર્મ જે નિર્મળ ચારિત્રસ્વભાવથી વિરુદ્ધતા વડે ઉત્પન્ન થાય છે તે વડે એટલે કે તેના આશ્રય વડે ચારિત્ર ઢંકાઈ જાય છે.

મોક્ષ અને મોક્ષના સાધનરૂપ નિર્મળ અવસ્થા ચૈતન્યવસ્તુના આશ્રયે જ ઉત્પન્ન થાય છે પણ તેને ભૂલી મિથ્યારુચિ વડે પાપનો ત્યાગ ને પુણ્યનું ગ્રહણ કરવામાં રોકાય ત્યાં જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધભાવની ઉત્પત્તિ થાય છે ને તેનાથી બંધન થાય છે. જે ભાવ વડે બંધન થાય તે ભાવે ધર્મ કદી પણ થાય નહિ. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર તો કહે છે કે પરરુચિ, પરાશ્રય છોડી સ્વજ્ઞેય તારા આત્માના નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન કરી ઠર તો જ મુક્તિ થશે. અમારા તરફ વલણ તે રાગ છે, રાગ છે તે દોષ છે, તેનાથી બંધન જ થશે. એમ પ્રથમ શ્રદ્ધા તો કર! પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાંસુધી વચ્ચે સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર તરફનું વલણ હોય છે, તે રાગ પણ બંધનું કારણ છે. તેનો ધર્મ માટે, મોક્ષમાર્ગ માટે નિષેધ છે.

ભાવાર્થ : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. આત્માનું સમ્યક્ત્વ આદિરૂપ નિર્મળ પરિણમન તે મિથ્યાત્વાદિ કર્મથી ઢંકાય છે. ખરેખર તો દ્રવ્યસ્વભાવની રુચિ છોડી, પરાશ્રય વડે ધર્મ થાય છે, એમ પરભાવરૂપ કર્મની રુચિ કરે છે તેથી નિર્મળતા ઢંકાય છે ત્યારે કર્મથી જીવનો સ્વભાવ ઢંકાય છે, એમ ઉપચારથી કહેવાય છે. પુણ્ય-પાપમાં અટકવું તે તારો સ્વભાવ નથી. માટે મોક્ષસ્વભાવી સ્વજ્ઞેયની રુચિ કર ને ત્યાં જો.

સ્વ તરફ વળવાની રુચિનો પ્રયત્ન કરતો નથી, તે ઊંધું કર્યા વિના રહેતો નથી. આ રીતે કર્મ આશ્રિત મલિનભાવ નિર્મળ પરિણતિને ઢાંકનાર હોવાથી બંધનનું કારણ છે માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

# પ્રસાદ નં. ૧૬૧

## સમયસાર ગાથા ૧૬૦

(ચૈત્ર સુદ ૭, શુક્રવાર, ૨૦૦૭)

આ પુણ્ય-પાપનો અધિકાર છે. કાલે કહેવાયું કે ચૈતન્યને આશ્રયે નિર્મળ પર્યાય થાય છે. વિજાતીય શુભાશુભ પરભાવરૂપ કર્મનો આશ્રય લ્યે તો તેનો ઘાત થાય છે, પરનો આશ્રય લ્યે તે બંધનું જ કારણ છે. તેનાથી લાભ માને તો મિથ્યાત્વાદિ મલિન પરિણામ થાય છે અને નિર્મળ ચૈતન્ય સ્વભાવનો આશ્રય કરે તો સમ્યગ્દર્શનાદિ થાય છે. પરાશ્રય તે વિકાર છે, તેના વડે નિર્મળતાનો ઘાત થાય છે. જે ભાવ વડે ઘાત થાય તેને મુક્તિનું કારણ કેમ મનાય? ન જ મનાય.

હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે, એમ સિદ્ધ કરે છે :—

ગાથા ૧૬૦

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦**

અર્થ : હે ભાઈ! સંસારદશામાં પણ દરેક આત્મા સ્વભાવથી સર્વને જાણનાર-દેખનારપણે છે તોપણ પોતાના કર્મમળથી મલિન થયો થકો, સ્વજ્ઞેયને ચૂકીને પોતાના અશુદ્ધ ભાવરૂપ અપરાધથી અટક્યો તે બંધસ્વરૂપ સંસારને પામ્યો છે તેથી તે સર્વ પ્રકારે સર્વને જાણતો નથી.

આત્માનો સ્વભાવ નિત્ય જ્ઞાન-દર્શનરૂપ છે. જાણવું તેમાં હદ હોય નહિ, પણ તે બેહદ સ્વભાવને ચૂકી કર્મભાવમાં અટક્યો તે બંધનું સ્વરૂપ છે ને તે રહિત સ્વઆશ્રય તે મોક્ષનું કારણ છે.

સોનાને સોનાપણે દેખો તો તે સોળ વલું જ છે. પણ મલિન તો પરસંયોગને લીધે કહેવાય છે; તેમ જ્ઞાયક સ્વભાવ તો અનાદિથી શુદ્ધ છે, પૂર્ણ છે, પણ તેને ભૂલીને પરાશ્રય કરીને પુણ્ય-પાપરૂપ કર્મની રુચિથી સંયોગમાં અટક્યો તે જ નિજ અપરાધનું બંધનરૂપ કાર્ય છે ને તેનાથી પર્યાયમાં અશુદ્ધતા ને અલ્પજ્ઞતા છે.

ટીકા : જે પોતે જ જ્ઞાન હોવાને લીધે સર્વ પદાર્થોને સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળો છે એવો આત્મા અનાદિથી પરને આશ્રયે જેટલો વ્યવહારભાવ કરે છે ને જ્ઞાનપર્યાયના વિકાસને સંકોચાવે છે—અટકાવે છે એ રીતે પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળથી લેપાતો હોવાથી બંધ-અવસ્થામાં અટકે છે તેથી સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતો થકો પ્રત્યક્ષ અજ્ઞાનદશામાં વર્તે છે. તેથી નક્કી થાય છે કે શુદ્ધ ઉપાદાન-સ્વરૂપ જ્ઞાનસ્વભાવની રુચિ છોડી પરની-

કર્મની રુચિ વડે સંકોચપણે પરિણમ્યો તે પોતે જ બંધસ્વરૂપ છે, ને તે નિર્મળ ચૈતન્યથી વિરોધરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

અનાદિથી પોતાના પુરુષાર્થના અપરાધ વડે જ રખડ્યો—એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે, કોઈ કર્મનું જોર હતું તેણે, અથવા કોઈ ક્ષેત્ર-કાળે કે સંયોગે તેને રોકી રાખ્યો—એમ નથી કહ્યું.

પ્રશ્ન :–પુણ્યથી પરંપરા મોક્ષ થાય કે નહિ?

ઉત્તર :–પુણ્ય તો આત્માના અમૃત સ્વભાવને લૂંટનાર હોવાથી ઝેર છે. ઝેરથી અમૃતના ઓડકાર ન આવે.

જેમ ભમરડો બહુ તીવ્ર ગતિએ ફરતો હોય ત્યારે ફરી ગયો, ઊંઘી ગયો એમ લોકો કહે છે. તેમ અજ્ઞાની નિમિત્તથી કે પુણ્યથી ધર્મ થાય, સંયોગ જોઈએ જ, દેવગુરુશાસ્ત્રથી જ્ઞાન થાય વગેરે પ્રકારે એવા તીવ્ર મોહચક્રમાં ચડ્યો છે કે સત્ય સાંભળવું પણ રુચતું નથી. પરાશ્રયમાં વીર્ય ખૂબ અટક્યું ત્યારે નિગોદ-એકેન્દ્રિય થઈને ઉંઘી ગયો. પર્યાયમાં તીવ્ર અપરાધથી એવો સંકોચાઈ ગયો કે તે જીવ છે કે કેમ,તેની કેટલાકને ખબર પણ ન પડે.

વળી કોઈવાર જૈનનો દ્રવ્યલિંગી મુનિ થાય ત્યાં વળી પરનું કરી શકીએ, પુણ્યથી ધર્મ થાય, એકલું જાણવું-માનવું તેમાં શું? વગેરે પ્રકારે જ્ઞાનનો ખૂબ વિરોધ કરી ખૂબ ડોલે છે. પછી જેમ બાળક રમતે ચડ્યો તે ભમરડાને પડ્યો રહેવા દે નહિ, ફરી ફરી દોરી વીંટી એવા જોરથી ફેરવે કે ફરી ફરતો ફરતો સ્થિર દેખાય; તેમ આ જ્ઞાનના વિરોધે ચડ્યો તે સંકોચાઈને નિગોદમાં ગયા વિના રહે નહિ.

પ્રશ્ન : પુણ્ય કરે તે નિગોદમાં જાય?

ઉત્તર : સીધો ન જાય, પણ પરંપરાએ જાય. બંધભાવનો આદર તે ચૈતન્યથી વિરોધ છે, તેનાથી લાભ માન્યો તેથી જ્ઞાનનો વિકાસ ખૂબ સંકોચાઈને નિગોદમાં જવાનો જ.

ષટ્‌ખંડાધિપતિ ભરત ચક્રવર્તી આહારદાન દેવા માટે મુનિની રાહ જુએ છે. આકાશમાર્ગેથી બે મુનિ પધારે છે. ગદ્ ગદ થઈ અપૂર્વ ભક્તિ કરે છે, ઉપવાસ છે છતાં દૂર સુધી મુનિ પાછળ જાય છે. આમ બાહ્યમાં દેખાવા છતાં તેમની દ્રષ્ટિ એકલા જ્ઞાનસ્વભાવ ઉપર છે, તે ખસતી નથી. છતાં નીચલી ભૂમિકામાં અશુભથી બચવા શુભભાવ નબળાઈને લીધે થયા વિના રહે નહિ,પણ તેને ધર્મનું કારણ જ્ઞાની માને નહિ.

સર્વજ્ઞ સ્વભાવી પોતે છે છતાં તે રૂપે થતો નથી. પર્યાયમાં અલ્પજ્ઞતા અને બંધભાવરૂપ પુણ્યપાપ છે તે પોતાના પુરુષાર્થનો જ અપરાધ છે.

ભગવાન આત્મા સર્વ પ્રકારે પરિપૂર્ણ જ છે તે તાકાતનો વિકાસ ન કર્યો ત્યારે પરાશ્રયમાં ઠીક માનીને અટક્યો છે, તે વિકારી ભાવથી ૧૪૮ કર્મપ્રકૃતિ બંધાય છે અને જે ભાવે બંધન થાય તે મોક્ષનું કારણ બને નહિ.

જેમ માખી કે કાગડા વગેરેને માણસથી ઊંચે ઉડતા જોઈ તેને ઉત્તમ માનવામાં આવતા નથી, તેમ કોઈ પુણ્ય બાંધી ક્ષેત્રે ઊંચો જાય તેથી તે ઉત્તમ નથી પણ પુણ્યપાપરૂપી બંધન અવસ્થા રહિત એકલા જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે નિર્મળદશા વડે ઊંચો થયો તે જ વાસ્તવિક ઊંચો થયો કહેવાય છે. સંસારમાં પુણ્યે મોટો કહેવાય છે, ધર્મમાં પવિત્રતારૂપી ગુણે મોટો તે જ મોટો (ઉત્તમ) કહેવાય છે.

# પ્રસાદ નં. ૧૬૨

## સમયસાર ગાથા ૧૬૦

(ચૈત્ર સુદ ૮, શનિવાર, ૨૦૦૭)

પુણ્ય-પાપ બંધસ્વરૂપ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ તો મુક્તિનું કારણ છે, મુક્ત સ્વરૂપ છે. જાણનાર સ્વભાવનો વિકાસ થાય તો સર્વજ્ઞાની-સર્વદર્શી થાય. પણ તે પરાશ્રયમાં અટકે છે માટે વિકાસ નથી. શુભાશુભ ભાવ તે જ્ઞાનને રોકે છે, બંધનરૂપ છે તેથી તે કોઈ રીતે પણ ધર્મ નથી.

ભગવાન આત્મા સ્વભાવે તો સર્વ પ્રકારે સર્વજ્ઞેયને જાણવામાં સંપૂર્ણ છે, તેની રુચિ છોડી પુણ્યમાં પૂરો થવા માગે છે તે ઊંધાઈ છે. પોતાનો સર્વજ્ઞ સ્વભાવ પરિપૂર્ણ છે, તે સ્વભાવ અપૂર્ણ કે વિકારી હોઈ શકે નહિ. બધાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને એક સમયમાં પૂર્ણપણે જાણે એવડો પોતે છે. પુણ્ય-પાપ વિકારમાં અટક્યો છે માટે સર્વજ્ઞ નથી, કેમકે એ બંધનભાવ વડે વિકાસ થઈ શકે નહિ.

પરથી વિકારથી જુદો જ્ઞાનસ્વભાવ છે, તેની પ્રતીતિથી સ્વસન્મુખતારૂપ ધર્મ થાય અને પુણ્યના આશ્રયે અટકવું થાય, તે અધર્મ છે. જડકર્મથી અટક્યો નથી પણ પોતાના પુરુષાર્થના અપરાધથી જ પરાશ્રયરૂપ વ્યવહારમાં અટકે છે ને ભટકે છે. આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે તે વર્તે છે.

પ્રશ્ન : અમારે શુભભાવ કરવો કે નહી?

ઉત્તર : અશુભમાં ન જવા માટે શુભભાવ આવે ખરો, પણ તેની રુચિ છોડી પ્રથમ એકલા જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા તો કરો.પુણ્ય-પાપના ભાવથી બંધન છે, તે ધર્મનું કારણ નથી—એમ પ્રથમ નક્કી કરવા જેવું છે. બંધભાવમાં વર્તે, પુણ્યથી લાભ માને તેની અધર્મદ્રષ્ટિ છે. તે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો નથી. નિત્ય મુક્તસ્વરૂપ જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન ચારિત્ર કરવાં તે ધર્મ છે ને પુણ્ય-પાપરૂપ બંધનમાં અટકવું તે અધર્મ છે. માટે સર્વજ્ઞદેવે તે બંધનનો નિષેધ કર્યો છે. કલ્યાણમાર્ગમાં તે કોઈ અંશે પણ મદદગાર નથી.

પુણ્યની રુચિવાળાને આત્મા પામર દેખાય છે. અહીં તો આત્માને ભગવાન કહીએ છીએ. જેમ એક ભોળો પુત્ર હતો. તેનું નામ ભગવાન હતું. તેનો પિતા કુટુંબીને ભલામણ કરે કે આ ભગુ તો પશુ છે. તે સાંભળીને ભગવાને પોતાને તેવો માની લીધો ને બહારમાં કહેતો ફરે કે આ ભગુ તો પશુ છે. તેમ શાસ્ત્રમાં પર્યાયદ્રષ્ટિથી બંધન વિષે, એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની તથા પુણ્ય-પાપ વગેરેની

વાત કરી હોય, તે સાંભળીને અજ્ઞાની જીવે માની લીધું કે "હું પામર છું, પરાશ્રયવાળો છું,મને પુણ્યની જરૂર છે" આમ પોતાનું સર્વજ્ઞ ભગવાનપણું ભૂલીને પ્રત્યક્ષ અજ્ઞાની થઈને તે વર્તે છે. પરિપૂર્ણ જાણપણાની ગેરહાજરી છે તે જ પુણ્યપાપરૂપ બંધ અવસ્થા છે. તેથી જીવ કેવળજ્ઞાનના અભાવરૂપ—(વિપરીતતારૂપ) પરિણમે છે, જ્ઞાનની ઊલટી દશા થઈ તે ધર્મ નથી.

મહારાજા શ્રેણિકની જેમ આ આત્માની કથા છે. પુણ્ય-પાપની રુચિ વડે અનાદિથી શ્રેણિકનો આત્મા ઊંધી શ્રેણિએ ચડ્યો હતો, તે ઊંધાઈ સ્વયં પુરુષાર્થના અપરાધથી હતી. તે પલટીને સવળી શ્રેણીએ ચડ્યા તો ધર્મી થયા ને આવતી ચોવીશીમાં જગતગુરુ પ્રથમ તીર્થંકર થશે. તેમણે પુણ્યાદિ પરાશ્રયની રુચિ છોડી અતીન્દ્રિય આત્માનું ભાન કર્યું હતું, પણ પુણ્યથી ધર્મ માન્યો નહોતો.

પ્રશ્ન : ગુરુકૃપાથી કલ્યાણ થાય?

ઉત્તર : કોણ કોના ઉપર કૃપા કરે? અજ્ઞાન પોતે કર્યું છે તે પોતે ટાળે ને નિર્મળતા પ્રગટ કરે તો પોતાના શુદ્ધાત્મગુરુની કૃપા થઈને પછી વ્યવહારે વિનયથી આરોપથી બોલાય કે ગુરુની કૃપા થઈ. નિશ્ચયથી તો કોઈ કોઈનો ગુરુ નથી. પ્રથમ પરાશ્રયથી ભલું માનવારૂપ શ્રદ્ધા જ ખોટી છે એ નક્કી કરવું જોઈએ. આકોલિયું વાવે તો તેમાંથી આંબો ફળે નહિ, તેમ શ્રદ્ધા ફેરે સાચું ફળ આવે નહિ.

અટકેલો પર્યાય કોઈ રીતે ધર્મ માટે—મુક્તિ માટે મદદગાર થઈ શકે નહિ. સર્વજ્ઞે કહ્યું તે માનતો નથી, તે સર્વજ્ઞને માનતો નથી. ॥૧૬૦॥

હવે, શુભાશુભકર્મ મોક્ષના કારણથી વિરોધી ભાવરૂપ છે અર્થાત્ મિથ્યાત્વાદિ ભાવરૂપ છે, એમ કહે છે :—

### ગાથા ૧૬૧-૧૬૩

**સમ્યકત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧**
**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨**
**ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.**

અર્થ : (૧) સમ્યક્ત્વ એટલે નિર્મળ જ્ઞાતા સ્વરૂપની રુચિ. તેને રોકનાર મિથ્યાત્વકર્મ છે. સ્વાશ્રય છોડી પુણ્ય-પાપના વિકલ્પમાં રુચિ કરી તો સમ્યક્ત્વનો ઘાત થઈ વિપરીત પરિણમન થાય છે, એમ ભગવાને કહ્યું છે. હે અજ્ઞાની! તું કહે

છે કે પુણ્યની રુચિ કર્યે કે પરાશ્રય કર્યે ધર્મ થાય, પણ જિનેશ્વરદેવ તો કહે છે કે તે વડે મિથ્યાત્વ થાય છે. ચૈતન્યની રુચિ છોડીને દયા,દાન, પૂજા, દેવ-ગુરુ પ્રત્યે રાગ કર્યો ને તેનાથી લાભ માન્યો તો સમકિતથી વિરુદ્ધદશા થાય છે.

(૨) જ્ઞાનને રોકનારું અજ્ઞાન છે. સર્વજ્ઞભગવાન ત્રિલોકનાથની વાણીમાં એમ આવ્યું કે પુણ્ય-પાપ બન્ને ધર્મ નથી એટલે કે અધર્મ છે. પુણ્યની રુચિ વડે જ્ઞાનની વિપરીત પર્યાય થઈ પરાશ્રયમાં રોકાઈ તે તારા અપરાધને ભગવાન અજ્ઞાન કહે છે. શાસ્ત્ર તરફના વલણથી રાગ થાય છે, ઈચ્છાથી જ્ઞાન ન થાય— સર્વજ્ઞ તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે, તેનાથી જ્ઞાન થવું માને તો મિથ્યાજ્ઞાન થાય, પરપર્યાયમાં લાભ માની રોકાયો તે જ અજ્ઞાન છે.

(૩) આત્મસ્થિરતારૂપ ચારિત્ર નામે આત્માનો સ્વતંત્ર ગુણ છે, તેની નિર્મળ પર્યાયને રોકનારું કષાયકર્મ છે. સ્વને ચૂકીને દયા, પૂજા, વ્રત, તપની વૃત્તિના વિકલ્પ કરી, તેમાં લાભ માની એકાગ્ર થયો તો મિથ્યાત્વ સહિત અચારિત્ર થાય છે. મલિનતારૂપ ભાવકર્મ થાય છે. એમ ભગવાન તો કહે છે ને તું કહે કે તેનાથી ધર્મ થાય, તે ધર્મમાં મદદગાર થાય તો તારી શ્રદ્ધામાં મિથ્યાત્વરૂપી મહાપાપ થાય છે. ચારિત્ર તો જ્ઞાતાસ્વરૂપની શાંત વીતરાગી રમણતા છે તેને છોડી પુણ્ય-પાપ, વિકલ્પ તરફ વલણ થાય તેને ચારિત્ર માન્યું, તો ચારિત્રની ઊલટી દશા થાય છે.

ટીકા : સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનાર કર્મની રુચિરૂપ મિથ્યાત્વ છે. વસ્તુ સ્વભાવ પરિપૂર્ણ છે. તેની રુચિ, આદર છોડી પુણ્યની, રાગની, વ્યવહારની રુચિ તે મિથ્યાત્વ છે. 'હું નિર્મળ છું ને નિર્મળતા કરવા જેવી છે' એ રુચિ ન રહી તેથી સમ્યક્ત્વરૂપ નિર્મળભાવ ન થતાં તેનાથી વિરુદ્ધભાવ થયો તે જ મિથ્યાત્વ કર્મના ઉદય તરફ જોડાઈ ગયો.

પ્રથમ પુણ્ય-પાપના આદર રહિત નિર્મળ આત્મસ્વભાવની શ્રદ્ધા કરવી જોઈએ. પણ આ તો દયા, દાન, પૂજા, ભક્તિ, યાત્રાના શુભ વિકલ્પને શુદ્ધિનું કારણ માની,તેમાં ધર્મ માની બેઠો છે. એકલા નિશ્ચય નિર્મળ સ્વભાવનું વલણ ચૂક્યો, પરમાં ઠર્યો ને સમ્યક્ સ્વાશ્રયની રુચિ ન રહી, તે જ કર્મના ઉદયની રુચિ થઈ, તે ધર્મ નથી.

# પ્રસાદ નં. ૧૬૩

## સમયસાર ગાથા ૧૬૧-૧૬૩

(ચૈત્ર સુદ ૯, રવિવાર, ૨૦૦૭)

આત્મા જાણનાર-દેખનાર સ્વભાવી છે, તેના એકલાના આશ્રયે સુખ થાય પણ પુણ્ય-પાપરૂપ કર્મના આશ્રયે ધર્મ કે શાંતિ થાય નહિ, પણ બંધનદશા થાય.

ભાવાર્થ : આત્માશ્રિત થતા સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામ તે મોક્ષના કારણરૂપ ભાવો છે. તેનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે. પુણ્ય, પાપ, દયા આદિ રાગભાવમાં અનાદિથી અજ્ઞાનીએ ધર્મ માન્યો છે. મિથ્યાત્વાદિભાવો નિર્મળ મોક્ષના કારણરૂપ ભાવોથી વિપરીત ભાવો સ્વરૂપ છે. પરમ શાંત, પૂર્ણ પવિત્રદશારૂપ મુક્તિ પ્રગટ કરવાનું કારણ, નિર્મળ આત્માની પ્રતીતિ-જ્ઞાન અને રાગ રહિત ચારિત્ર છે. એ ત્રિકાળ નિયમનો સ્વીકાર-નિર્ણય તો પ્રથમથી જ કરવો જોઈએ. યથાર્થ સ્વભાવની પ્રતીતિ વિના જે કાંઈ કરે તે એકડા વિનાના મીંડા છે. કર્મ જડસ્વભાવી મિથ્યાત્વાદિરૂપ છે તેનો આશ્રય કરે તો જડતા-મૂઢતા મળે. આત્મા ચિદાનંદ સ્વભાવી છે તેનો આશ્રય છોડી દયા, દાન, વ્રતાદિ પુણ્યમાં ધર્મ માનીને તે તરફ રુચિ કરે તે મિથ્યાત્વ છે.

ગાથા ૧૫૭ થી ૧૫૯માં કર્મને મોક્ષના કારણરૂપ નિર્મળભાવોનું-સમ્યક્ત્વાદિનું ઘાતક કહ્યું હતું. સુખસ્વભાવી ચૈત્યન્યની રુચિ છોડી જેટલો પુણ્યાદિમાં રોકાય છે તેટલો નિર્મળ પર્યાયનો ઘાત થાય છે. જે ઘાત કરે તે વડે ધર્મ કે મુક્તદશા કેમ થાય? ન જ થાય.

૧૬૦મી ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે ને અહીં કહ્યું કે કર્મ તો મોક્ષનું કારણ જે નિર્મળ પર્યાય તેનાથી વિરોધી ભાવસ્વરૂપ મિથ્યાત્વાદિ ભાવ સ્વરૂપ છે માટે નિષેધ કરવા યોગ્ય છે.

પ્રશ્ન : આ તો બહુ મુશ્કેલ લાગે છે. ભગવાનની ભક્તિ પણ રાગરૂપ-બંધરૂપ છે, તો ભક્તિ છોડીને શું કરવું?

ઉત્તર : રાગદશામાં ભૂમિકાના પ્રમાણમાં રાગ રાગના કાળે થઈ જાય છે. કરવું એ જ્ઞાતા સ્વરૂપમાં નથી. વિકારને ઉત્પન્ન કરવો, નાશ કરવો, પકડવો—એ જ્ઞાતાસ્વરૂપ વસ્તુમાં નથી. શુદ્ધ આત્મવસ્તુને આશ્રયે વિકારની ઉત્પત્તિ થતી નથી પણ નિર્મળ જ્ઞાન-દર્શન-શાંતિની જ ઉત્પત્તિ થાય છે માટે પ્રથમ એની શ્રદ્ધા તથા તેનો આશ્રય કરી પરાશ્રયનો, પુણ્યબંધરૂપ કર્મનો નિષેધ કરવો જોઈએ.

આવી સત્ય વાત સાંભળી નથી, રુચિ નથી. સત્ય શું તેનો અપૂર્વભાવે વિચાર કર્યો નથી. માત્ર પરની દયા, ભક્તિ આદિમાં ધર્મ માની શાસ્ત્રના શબ્દો

બોલે રાખે. પણ કોને કહેવો રાગ ને તેનો અભાવ કરનાર ધર્મ ક્યાં થાય, તેનો કાંઈ વિચાર નથી. દાતણનો હિસાબ, પૈસાની દરકાર, પણ ચૈતન્ય માટે હિત શું, તે નક્કી કરતો નથી. કર્મ-પુણ્યની-વ્યવહારની જેટલી રુચિ તેટલી ચૈતન્યની લૂંટ-ઘાત થાય છે. આત્મા તો પૂર્ણ જ્ઞાનાનંદની પેટી-સત્ત્વ છે. તેના લક્ષે તો નિર્મળતા જ થાય પણ તેનો આદર છોડી પુણ્યનો આશ્રય કરવામાં હોંશ કરે છે, તે મિથ્યાત્વ છે. ભાઈ, ચેતન તો સર્વજ્ઞ છે તેનાથી વિરુદ્ધભાવ તે બંધભાવ છે—બંધરૂપ છે, માટે તેનો આદર છોડો. સર્વ શુભભાવ બંધના કારણરૂપ હોવાથી વીતરાગમાર્ગમાં નિષેધ કરવા યોગ્ય કહેલ છે. પ્રથમ શ્રદ્ધામાં નિષેધ કરાવે છે. અશુભ તો બાધક છે જ પણ શુભકર્મરૂપ વ્યવહાર પણ બધોય બાધક હોવાથી, બંધ હેતુ હોવાથી મોક્ષમાર્ગ માટે નિષેધ જ છે—એમ જાણવું.

શ્રી રામચંદ્રજીનો આજે જન્મદિન છે. તેઓ બળદેવ હતા. પ્રથમ શ્રદ્ધામાં પુણ્ય-પાપનો આશ્રય છોડી આત્માનું ભાન કરેલ હતું. તેઓ નગ્ન વીતરાગી મુનિ થઈ મોક્ષે ગયા છે. તેઓ કોઈ જગતના કર્તા ન હતા. “**नमो सिद्धाणं**” તેઓ અશરીરી સિદ્ધદશામાં અનંતકાળ રહેશે. તેઓ કોઈને મોક્ષ આપી દે તેમ નથી.

## કળશ ૧૦૯

મોક્ષાર્થીએ સર્વ પ્રકારનું શુભાશુભ કર્મ દુઃખરૂપ જાણી ત્યાગવા યોગ્ય જ છે. એક ચિદાનંદ ધ્રુવપણામાં જ રુચિ કરી ઠરવું તે જ કર્તવ્ય છે.

હવે મોક્ષનો અર્થી છે કે બંધનનો અર્થી છે તે પ્રથમ નક્કી કરવું જોઈએ. જેને પુણ્યની રુચિ છે તેને સંયોગની—જડની રુચિ છે, તેને આત્માની રુચિ નથી. તેણે આત્માને પામર માન્યો છે. જેને વીતરાગ ધર્મની રુચિ છે તેનો તેમાં નિમિત્ત એવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જ શ્રદ્ધા હોય, કુદેવાદિનો આદર ન હોય.

શરીર-સંયોગથી સુખ-દુઃખ માનનાર શરીરનો છેદ થતાં રાડ નાખે છે પણ કોઈ જીવને શરીરનું દુઃખ નથી. દેહમાં મમતા-એકત્વબુદ્ધિ છે તે તેના અજ્ઞાનનું જ તેને દુઃખ છે.તે અજ્ઞાન જેણે કર્યું તે ટાળે તો સુખી થાય—બીજો કોઈ પારકા સુખ-દુઃખને કરનાર કે ટાળનાર નથી.

અહીં અવિનાશી જ્ઞાનાનંદ શરીર તે નિજરૂપ છે, તેને શરણ માની શ્રદ્ધા તો કર! અશરણ પુણ્ય-પાપ છોડવા યોગ્ય છે, ચૈતન્ય નિર્મળ ગ્રહવા યોગ્ય છે. આ શરૂઆતના ધર્મની વાત છે.

નિશ્ચય ધર્મ અર્થાત્ યથાર્થ સ્વભાવના સ્વીકારમાં સુખી થવાય છે. રાગાદિ છૂટી જાય પછી નિશ્ચયધર્મ થાય, એ માન્યતા ખોટી છે. પુણ્યથી-પરાશ્રયથી ધર્મ માન્યો છે, તે માનવું છોડી નિશ્ચય આત્માના નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનથી જ ધર્મ થાય,

એમ નિર્ણય કરવો તે પ્રથમ ધર્મ છે. તે નિશ્ચય છે અને વ્યવહાર તો ત્યારે કહેવાય કે શુભભાવ હોવા છતાં તે મારું સ્વરૂપ નથી, તે ભલો નથી, પણ હેય છે; હું તો એકલો જ્ઞાનસ્વભાવી છું, એમ જાણે તો શુભને વ્યવહાર કહેવાય. પણ તેને ઉપાદેય માને તો તે વ્યવહાર ન રહ્યો પણ નિશ્ચય થઈ ગયો, તેને તો મિથ્યાત્વ થાય છે. જ્ઞાનસ્વરૂપની પ્રતીત પછી નબળાઈથી પર્યાયમાં વિકાર થાય તે ચારિત્રદોષ છે. દ્રષ્ટિમુક્તને જ લક્ષમાં લ્યે છે, જ્ઞાતા સ્વભાવથી મુક્ત જ છું, પર્યાયે અમુક્ત છું. ક્ષણિક પુણ્ય-પાપવાળો આખો આત્મા માને તેને મુક્તિનો ઉપાય થઈ શકે નહિ.

શ્રદ્ધામાં તો પુણ્ય સારું ને પાપ ખરાબ એવા ભેદ પડતા જ નથી. કર્મમાત્ર છોડવા જેવું છે. એમાં માત્ર આત્મા જ આદરણીય છે, એમ આવી ગયું. જ્ઞાતા સ્વભાવમાં એકાગ્ર થતાં પુણ્ય-પાપનો ત્યાગ થઈ જાય છે.

પુણ્ય-પાપમાં ધર્મ થવાની લાયકાત નથી. જે સ્વયં અવિકારી મુક્ત છે, તે ધર્મરૂપ આત્માની શ્રદ્ધા આદિ થવી તથા મિથ્યાત્વાદિની ઉત્પત્તિ ન થવી તે જ સમસ્ત કર્મનો ત્યાગ છે.

પ્રશ્ન : એકલો આત્મા શું કરે? કાંઈ સાધન તો જોઈએ ને?

ઉત્તર : શું આત્મા નિજશક્તિ વિનાનો છે? કે તેને પર સાધનની જરૂર પડે? અજ્ઞાની બહારમાં સંયોગ જુએ છે પણ સ્વતંત્ર સ્વભાવને જોતો નથી. સ્વતંત્ર સ્વભાવ માનનાર મોક્ષાર્થી થયો તેને એકલો જ્ઞાનસ્વભાવી શુદ્ધ આત્મા જ સાધન છે.

સમસ્ત શુભાશુભનો ત્યાગ થતાં સમ્યક્ત્વાદિ નિજ સ્વભાવ તે-રૂપ થવાથી અર્થાત્ તે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન એકલા ચૈતન્ય આશ્રયમાં પરિણમવાથી મોક્ષના કારણરૂપ થતું, નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉત્કૃષ્ટ રસ પ્રતિબદ્ધ છે, એવું જ્ઞાન આપોઆપ દોડ્યું આવે છે.

જેમ મિથ્યારુચિવાનને એમ ભાસે છે કે એની મેળે વિકાર દોડ્યો આવે છે, તેને પુણ્ય-પાપ સહજ-સુગમ લાગે છે, પણ શું તે કર્યા વિના થાય છે?—ના. જ્યાં રુચિ જામી છે તે તરફ નવી નવી પર્યાય કરે છે તો થાય છે, તે સ્વયં અપરાધી છે. પરદ્રવ્યના કારણે કે સ્વદ્રવ્યના કારણે રાગ થઈ આવતો નથી, પૂર્વની પર્યાયના સંસ્કારથી પણ થતો નથી. પોતે જ્ઞાતા સ્વભાવને સમયે સમયે ચૂકે છે તેટલો રાગ દોડ્યો આવે છે. પણ પુણ્યની કે નિમિત્ત તરફની જે મિથ્યારુચિ હતી તે છોડી એકલા મુક્તસ્વભાવની રુચિ કરે તો સમ્યકરૂપ પરિણમન થતાં જ્ઞાન આપોઆપ સ્વરૂપ સ્થિરતામાં જામતું જાય છે. જ્યાં સ્વાશ્રયની રુચિ ને સ્થિરતા

થવા લાગી ત્યાં મિથ્યાત્વ તથા પુણ્ય-પાપની રુચિ ઉત્પન્ન થતી નથી, એવો એકલા આત્માનો સ્વભાવ છે. પરની રુચિ કરી પોતે તેમાં રોકાતો હતો, તે છોડી નિર્મળ એકલા મુક્ત આત્માની શ્રદ્ધા કરી ત્યાં નિષ્કર્મ અવસ્થા એટલે સમસ્ત કર્મના ત્યાગરૂપ જ્ઞાનસ્વભાવ જ પરિણમતો-દોડતો આવે છે, તેને કોણ રોકે?

# પ્રસાદ નં. ૧૬૪

## સમયસાર ગાથા ૧૬૧-૧૬૩

(ચૈત્ર સુદ ૧૦, સોમવાર, ૨૦૦૭)

### કળશ ૧૦૯

આત્મા નિત્ય, પુણ્ય-પાપ રહિત, જ્ઞાતા સ્વરૂપે છે તેની પ્રથમ શ્રદ્ધા કરે તો જ તેનો નિર્મળ પરિણતિરૂપ ધર્મ થાય છે. ધર્મીને પણ જેટલો વ્રત, પૂજા, વિનયાદિનો શુભભાવ થાય તેટલો બંધમાર્ગ છે, તે ધર્મમાર્ગ નથી.

હવે આશંકા (સમજવાની જિજ્ઞાસા) ઊપજે છે કે :—

### કળશ ૧૧૦

અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરેને પૂજા, ભક્તિ, દાનાદિના ભાવ હોય છે, તેને પુણ્ય કહે છે, ધર્મ કહેતા નથી. ધર્મ તો એક વીતરાગભાવ છે તો ગૃહસ્થદશામાં ભરતચક્રવર્તી વગેરે જ્ઞાની હતા ને રાગ-આસક્તિમાં વર્તતા હતા. વીતરાગ થઈ શક્યા નહિ ત્યાં સુધી પુણ્ય-પાપભાવો બધાય છૂટ્યા નહોતા. જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેવી રીતે થઈ શકે? વળી શુભાશુભકર્મ અને આત્માનું જ્ઞાન બન્ને સાથે કેમ રહી શકે? તેનું સમાધાન :–

અર્થ : પરથી-વિકારથી જુદા સ્વભાવનું ભાન થયું કે જ્ઞાતા છું; પણ જ્યાં સુધી સ્વાશ્રિત જ્ઞાનભાવનું પુણ્ય-પાપરૂપ કર્મના પૂરેપૂરા અભાવરૂપે થવું થતું નથી ત્યાં સુધી શુભાશુભ કર્મધારાનું અને સ્વાશ્રય જ્ઞાનધારાનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે ને સાધકદશામાં તેમના એકઠા રહેવામાં કાંઈ વિરોધ નથી. જેમ શરીરમાંથી મળમૂત્ર કાઢવાની ઇચ્છા થઈ પણ તુરત જ તે અમલમાં ન આવે, કાઢતાં કાંઈક વાર લાગે, તો તેથી મળત્યાગનો અભિપ્રાય જૂઠો નથી. કફ મોઢામાં આવ્યો, તે બહાર જઈ કાઢી નાખતા વાર લાગે ત્યાં સુધી મોઢામાં છે. તે શું રાખવા માટે છે કે કાઢવા માટે? કાચનું ઝૂંમર તૂટી કટકાનો ઢગલો થયો. ટોપલો લાવી, કટકા વીણી, ટોપલામાં ભરતો દેખાય પણ તેને રાખવાના ભાવ જરાય નથી, તેમ પુણ્ય-પાપની રુચિ અજ્ઞાનમાં હતી. હવે જ્ઞાન થવા છતાં ચારિત્રમાં નબળાઈ છે ત્યાં સુધી કામ, ક્રોધ, પુણ્ય-પાપ ભાવ, આર્ત-રૌદ્રધ્યાન અમુક મર્યાદા સુધીના, પાંચમા ગુણસ્થાન સુધી હોય છે છતાં તેને ઉપર કહ્યા મુજબ કાઢવા જ માગે છે. નબળાઈ છે તેથી પુરુષાર્થ કરતાં વાર લાગે છે પણ જ્ઞાનધારાનું અંતર પરિણમન ખોટું નથી,

અભિપ્રાયમાં ત્યાગ જ છે. કોઈ પ્રકારનો રાગ રાખવા માગતો નથી, તેનો કર્તા થતો નથી. જ્ઞાનની પૂર્ણતા થતી નથી, તેટલો પુરુષાર્થ નબળો છે.

પ્રશ્ન : પુણ્યથી ધર્મ ન માને તો જ્ઞાની શા માટે પુણ્ય કરે?

ઉત્તર : રાગ સહિતની ભૂમિકા છે ત્યાં નબળાઈને લીધે રાગ થયા વિના રહે નહિ. શ્રદ્ધા-જ્ઞાનમાં જરાય ફેર નથી, પ્રથમથી જ નિર્ણય વર્તે છે કે કોઈ જાતનો રાગ કરવા જેવો નથી, તે મદદગાર નથી, તે મારું સ્વરૂપ નથી, એમ જ્ઞાની માને છે છતાં ચારિત્રગુણની વર્તમાન નબળાઈ છે, તેટલું કર્મનું જોર છે–એમ કહ્યું છે. જ્ઞાની જ્ઞાનસ્વભાવની મુખ્યતા કદી ચૂકતો નથી.

સમકિતીને યાત્રા, પૂજા, ભક્તિ, શાસ્ત્રશ્રવણ, દયા, દાનનો ભાવ થાય છે તે બધોય રાગ છે, તેને તે પુણ્યબંધનું કારણ માને છે. તેમાં રુચિ નથી. દેહની-રાગની કોઈ પર્યાયનો સ્વામી નથી. ભાન છે કે તે હું નહિ, એકલો જ્ઞાતા છું, એમાં એકાગ્રતા તેટલી નિર્મળ જ્ઞાનધારા છે ને તે મોક્ષનું કારણ છે. વચ્ચે નબળાઈવશ પુણ્ય-પાપના ભાવ થાય તે મોક્ષનું કારણ નથી–એમ પ્રથમથી જ તેને નિર્ણય હોય છે.

તેથી ઊલટું, નગ્ન મુનિ થઈ એકાંત જંગલમાં બેઠો હોય, બાહ્યમાં કોઈ ઉપર ક્રોધ કરતો ન હોય, છતાં પુણ્યની ઊંડે ઊંડે મીઠાશ પડી છે, જ્ઞાતાસ્વભાવની અરુચિ વર્તે છે, તેથી તે અજ્ઞાની છે.

બાહ્ય સંયોગો ઉપરથી નક્કી કરનાર એમ દેખે છે કે બાહુબલી તથા ભરત મહારાજા લડાઈમાં ઊભા છે, તેથી તેને એમ થાય કે આવું તે જ્ઞાનીને હોય? પણ ભાઈ, બન્નેને અંતરમાં નિઃશંકજ્ઞાન વર્તે છે કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો' પણ વર્તમાન રાગદશાની નબળાઈ છે, દેહની ક્રિયા મારી નથી, જેટલો રાગ છે તે અમારો અપરાધ છે, એમ તેઓ માને છે. સમ્યગ્દ્રષ્ટિ નિર્મળ શ્રદ્ધામાં એકલી જ્ઞાનધારા પીએ છે, તે જ મુખ્ય છે. દયા, દાનાદિ શુભરાગને ધર્મલાભ માને છે, તે એકલું ઝેર પીએ છે. જ્ઞાની ગૃહસ્થને ભાન છે છતાં ચારિત્રની અસ્થિરતારૂપ રાગ છે તેટલું બંધન છે. બન્ને સાથે હોવા છતાં વિરોધ નથી. ભરત ચક્રવર્તી જમવા બેસે ત્યારે પૌષ્ટિક ભોજન કરતા દેખાય. ૯૬૦૦૦ મહાપુણ્યવાન રાણીઓ વગેરે પુણ્યનો ઠાઠ દેખાય, પણ ત્યાં જરાય રુચિ નથી. ભાન છે કે આ હું નહિ. પુણ્યનું ફળ છે,તે તરફ જરા રાગ છે, તેનો ખેદ છે, તેનો સ્વામી નથી અને કોઈ અજ્ઞાની સૂકી રોટલીથી સંતોષ માને, વનમાં જઈ મૌન રહે, ત્યાગ કર્યો એમ માને, સંયોગ ઉપર રુચિ પડી છે–પુણ્યાદિ પરાશ્રયનું વજન છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

પ્રશ્ન : આવી નગ્ન સત્ય વાત જાહેર કરી, કોઈને ખોટા કહેવાથી તો ખળભળાટ થાય છે. એક અસ્તિથી જ કહ્યું હોત તો ઠીક હતું.

ઉત્તર : પરમહિતનો માર્ગ-અપૂર્વ સત્ય-સાંભળતાં જ પ્રમોદ થવો જોઈએ. પહેલે ધડાકે–પ્રથમ તબક્કે પુણ્ય-પાપ સર્વથા હેય છે એમ ન માને ત્યાં સુધી મિથ્યાદ્રષ્ટિ છે. નીચલીદશામાં પુણ્ય-પાપ હોય ખરા પણ તેની રુચિ બિલકુલ ન હોય. મિથ્યા માન્યતાનો નિષેધ સત્ય વસ્તુના ગ્રહણ માટે છે, એમ પ્રમોદ ન થાય તેને નિર્મળ ચૈતન્યની રુચિ નથી અને પુણ્યથી ધર્મ નથી, એમ માન્યતા થઈ કે તુરત જ બધો રાગ છૂટી જાય, એમ પણ ન બને. સર્વ પ્રકારનો રાગ છૂટ્યા પહેલાં તે રાગ છોડવા યોગ્ય છે, એમ પ્રથમ શ્રદ્ધા થવી જોઈએ.

જ્યાં સુધી યથાખ્યાત ચારિત્રરૂપે પોતે પરિણમતો નથી ત્યાં સુધી સ્વભાવધારા સાથે અંશે વિભાવધારા હોય છે. તેના થોડાં દ્રષ્ટાંતો :–

(૧) મુનિને શરીરમાં રોગ હોય તે વખતે થોડું આર્તધ્યાન થઈ આવે, તેટલી પોતાની નબળાઈ છે, પણ રોગના કારણે આર્તધ્યાન થતું નથી.

(૨) પાંચમા ગુણસ્થાને વર્તતો ધર્મી કદાચ પુત્ર મરણ વખતે રડતો દેખાય, પુત્ર મરણના કારણે નહિ, પણ પોતાની નબળાઈથી. જ્ઞાની પોતાની ક્ષણિક નબળાઈનો દોષ દેખે છે છતાં 'તે હું નહિ, મારે કોઈ પણ પુત્ર ન હોય, મારો અનાદિ ચિદાનંદ સ્વભાવ તે જ પિતા-પુત્ર છે, એમ તે માને છે. રાગના કાળે રાગ થાય તેનું વજન નથી. નિઃશંક જ્ઞાનદ્રષ્ટિ જુદું કામ કરે છે, તેને રાગની કે સંયોગની અપેક્ષા નથી.

૩. એકાવતારી શક્રેન્દ્ર તથા ઇન્દ્રાણી વગેરે નંદીશ્વર દ્વીપમાં ભગવાનની શાશ્વત પ્રતિમા પાસે જઈ નાચે, મોટા ઉત્સવ કરે, ભક્તિનો ઉલ્લાસ રાગ છે. સાથે ભાન છે કે એ પુણ્ય છે, ધર્મ નથી. દેહની ક્રિયા સ્વતંત્ર એના કારણે થાય છે. જેટલી આત્મજ્ઞાનની એકાગ્રતા તેટલો ધર્મ છે.

૪. રામચંદ્રજી-બળદેવને ભાન છે, અંતરમાં વિવેક વર્તે છે, છતાં ચારિત્રની અસ્થિરતાને લીધે છ મહિના લક્ષ્મણ, વાસુદેવનું મડદું સાથે ઉપાડીને ફરે છે, કોઈનું સાંભળે નહિ, કહે કે મારો ભાઈ મરે નહિ. બહારથી કોઈને ગાંડા દેખાય, રાગ છે છતાં તેનાથી ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય જુદું ચાલે છે, તે ભાન ચાલ્યું ગયું નથી. રાગ છે તેટલું બંધન અને જ્ઞાન તેટલો ધર્મ–બન્ને પ્રકાર હતા.

૫. સીતાજી પવિત્ર ધર્માત્મા છે. રામચંદ્રજી તેના સારથિને આજ્ઞા કરે છે કે એમને જંગલમાં મૂકી આવ. સારથિ જંગલમાં તેમને ઉતારીને રડતો રડતો કહે છે

કે માતા! શું કરું? મને રામચંદ્રજીએ આપને અહીં છોડી આવવાની આજ્ઞા કરી છે. ત્યારે સીતાજી કહે છે કે શ્રીરામને કહેજે કે લોકની ખાતર મને છોડી, પણ ધર્મને ન છોડે. મારું તો થવાયોગ્ય હશે, તે થશે, આંખમાં આંસુધારા વહે છે. જુઓ, રાગના કાળે રાગ થાય છે તેટલી નબળાઈ છે, સાથે જ જ્ઞાતા જુદો છું તે જ્ઞાનનું કાર્ય ચાલુ જ છે. રાગ છે માટે આર્ત-રૌદ્રધ્યાન થઈ જાય છે, છતાં વિવેક છે, કોઈ કોઈનું કાંઈ કરવા સમર્થ નથી. નિમિત્તથી રાગ થયો નથી, રાગના કારણે જ્ઞાન મિથ્યા થઈ જાય–એમ નથી.

૬. શ્રેણિક રાજાએ ઝેર ખાધું, આર્તધ્યાન થયું તે વખતે પણ ક્ષાયિક સમકિત તો છે જ. આ જડની ક્રિયા છે, પરના કારણે દ્વેષ થયો નથી, તેટલો તો મારો જ અપરાધ છે. ને શ્રદ્ધામાં જ્ઞાતાપણે જ રહ્યા છે. રાગના પ્રમાણમાં બંધન થાય છે. જ્ઞાનમાં જેટલી એકાગ્રતા થાય તેટલી શુદ્ધિની વૃદ્ધિ છે.

૭. અંજના સતીને સાસુ જંગલમાં છોડી દે છે. ત્યાં પણ અસંગ જ્ઞાતા જ છું એવું ભાન સતત ચાલુ છે છતાં આંસુ વહે છે. જરા દુઃખ દેખાય છે, છતાં જ્ઞાતાપણું ન ભૂલે–આવી સ્થિતિમાં હોવા છતાં જ્ઞાનધારા ચાલુ છે. વીતરાગ ભગવાનને યાદ કરે છે કે હે નાથ! તમે જ શરણ છો, વિનતી કરે ત્યાં પણ નિજ ચૈતન્ય જ શરણ છે, એમ નિર્ણય વર્તે છે.

જ્ઞાનીના પરિણામ જ્ઞાની જ જાણે.

# પ્રસાદ નં. ૧૬૫

## સમયસાર કળશ ૧૧૦

(ચૈત્ર સુદ ૧૧, મંગળવાર, ૨૦૦૭)

આત્મા તો નિર્મળ જ્ઞાન સ્વરૂપે છે, તેનો ધર્મ કેમ થાય તે કહેવાય છે. જે હિંસા, વિષય, કષાયના ભાવ થાય તે પાપ છે ને વ્રત, નિયમ, વિનય આદિના વિકલ્પો તે શુભ લાગણી છે, પુણ્ય બંધનનું કારણ છે. શુદ્ધ સ્વરૂપનો વિચાર સુધ્ધાં પણ ભેદરૂપ રાગમિશ્રિત હોવાથી બંધનું કારણ છે. ધર્મ તો એકલા ચિદાનંદનું ભાન કરી, જેટલો અંદર એકાગ્ર વીતરાગભાવ થાય તે જ છે.

પ્રશ્ન : શુધ્ધ સ્વરૂપનો વિચાર કરવો તે અપરાધ છે?

ઉત્તર : હું શુધ્ધ છું, એમ ભેદ પાડ્યો તે રાગ છે. ને તેથી તે રાગ મિશ્રિત વિચારને અપરાધ કહેલ છે, રાજ્યપદે બેસતા પહેલાં વિચાર આવે કે હું રાજા છું પણ રાજા થયા પછી જેમ એ પ્રકારનો વિકલ્પ રહેતો નથી, તેમ આત્માનો યથાર્થ નિર્ણય કરવા પહેલાં એવા વિકલ્પ આવે પણ શુધ્ધ અનુભવ વખતે તે રાગમિશ્રિત વિચાર હોતો નથી. જ્ઞાની થયા પછી પણ જે રાગ મિશ્રિત વિચાર રહે છે, તેમાં જેટલો રાગ છે, તે કર્મબંધનનું કારણ છે.

હવે કર્મ અને જ્ઞાનનો નય વિભાગ બતાવે છે :–

### કળશ ૧૧૧

અર્થ :

(૧) કર્મનયના આલંબનમાં સાવધાન અર્થાત્ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ વગેરે કરશું તો તેથી ધર્મ થશે, એમ પુણ્યબંધમાં ધર્મ માનનારા છે તેને અસંયોગી, અવિકારી, જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ઉપર રુચિ નથી. તેથી નિર્મળ ચૈતન્યથી વિરુદ્ધ પુણ્ય રાગ જ મને શરણ છે, લાભ કરશે, એમ માની તેઓ ડૂબેલા છે એટલે કે સંસારમાં રખડનારા છે.

આમ કરું, આ છોડું, આટલું રાખું, આ વિધિથી ઓળી કરવી, નવ લાખ નવકાર મંત્ર જપવા વગેરે ક્રિયાકાંડમાં તેઓ ધર્મ માને છે પણ દેહની ક્રિયાથી ધર્મ અધર્મ નથી, ત્યાં પણ કષાય પાતળો પાડે તો પુણ્ય છે પણ ધર્મ નથી, તેને લાભકારી માને તેને ધર્મ માને તો તે ભવમાં ડૂબેલાં છે કારણ કે તેઓ જ્ઞાનને જાણતાં નથી.

(૨) જ્ઞાન નયના ઇચ્છક (અર્થાત્ પક્ષપાતિ) પણ ડૂબેલા જ છે કેમકે તેઓ સ્વચ્છંદથી, અતિ મંદ ઉદ્યમી પ્રમાદી (-સ્વરૂપમાં અસાવધાન) છે. એકલું શાસ્ત્ર ભણતર કરી, જ્ઞાનની ધારણાથી વાતો કરે, પણ શુધ્ધ જ્ઞાતાસ્વભાવની રુચિ કરતા નથી અને વિષય કષાયની રુચિ છોડતા નથી, રાગ ટાળવાનો જરાય ઉદ્યમ કરતા નથી, તે પણ ભવમાં ડૂબે છે.

પ્રશ્ન : વિકાર તો ક્રમબધ્ધ થાય છે ને?

ઉત્તર : આવું કહેનાર કોની દ્રષ્ટિ અને મુખ્યતા રાખીને કહે છે? નિત્ય, જ્ઞાતા દ્રષ્ટા, શુધ્ધ દ્રવ્ય ઉપર જેની દ્રષ્ટિ છે તેને ક્ષણિક નબળાઈથી રાગ થયો તેને ભૂમિકા અનુસાર ક્રમબધ્ધ કહેવાય છે. રાગ થયો કે રાગનો અભાવ થયો તે ક્રમબધ્ધ છે એમ કહેવાનો અધિકાર કોને છે કે તે દ્રવ્ય સ્વભાવ નિર્મળ છે, તેમાં તો રાગ છે નહિ એમ શુદ્ધ સ્વરૂપની રુચિમાં ભળીને ત્યાં જ દ્રષ્ટિ ને મુખ્ય કરે ને તેથી વિકાર ક્ષણે ક્ષણે ઘટે પછી અલ્પ વિકાર રહ્યો તેની હેયબુદ્ધિ વર્તે છે. તે ક્રમબદ્ધની વાત જ્ઞાતા રહીને કરે છે. પણ સ્વચ્છંદી ક્રમબદ્ધની માત્ર વાતો કરે તો તે યથાર્થ નથી.

કેટલાક પોતાની કલ્પનાથી શાસ્ત્ર વાંચે, સ્વચ્છંદી બની વિષયકષાયમાં રુચિ કરે, રાગ ઘટાડવાનો જરાય ઉદ્યમ ન કરે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે વિનય છોડી માત્ર જ્ઞાનની ધારણા સહિત વાતો કરે, આત્મામાં પાત્રતા પ્રગટ કરી ન હોય, સતની અપૂર્વ રુચિમાં શું શું હોય તે સમજતા ન હોય, રાગ-દ્વેષ એવા ને એવા કર્યા કરે ને પોતાને જ્ઞાની માને તે મૂઢ છે. આ બન્ને પ્રકારના જીવો—ક્રિયાકાંડ ને શુષ્કજ્ઞાની સંસારમાં ડૂબેલા છે.

(૩) તે જીવો વિશ્વના ઉપર તરે છે કે જેઓ નિરંતર જ્ઞાનરૂપ થતા-અર્થાત્ અહો! અમે જગતથી જુદા, પુણ્ય-પાપ રહિત કેવળ જ્ઞાયક છીએ, એમ માની તેમાં નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનરૂપે પરિણમન કરે છે, પુણ્ય-પાપને કરતા નથી (-નબળાઈથી થાય છતાં ધણી થતા નથી), ક્યારેય પ્રમાદને વશ થતા નથી (-સ્વને ચૂકી રાગના રુચિવાન થતા નથી) ને જ્ઞાતાસ્વરૂપમાં નિરંતર ઉદ્યમી રહે છે.

કેટલાક તો મિથ્યાદ્રષ્ટિઓના ઉપદેશથી અનેક મિથ્યામાન્યતા ગ્રહણ કરે છે અથવા પોતાની મેળે જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે માની પક્ષપાત કરે છે, જરાય રાગદ્વેષ ઘટાડવાના પ્રયત્ન ન કરે, પોતાને સદા અબંધ માને અને વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્રના શુભભાવને છોડી દે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર છે, તેનાથી કલ્યાણ ક્યાં છે—એમ કહી વિનય, ભક્તિ, શાસ્ત્રશ્રવણ કરે નહિ, પોતાની ઉંચી ભૂમિકા માને, નવતત્ત્વની શ્રદ્ધા કરે નહિ, કોઈ સાથે વિનયથી ચર્ચા-પ્રશ્ન કરે નહિ,

પૂછશું તો ઉઘાડા પડી જશું, માન નડે—એ વગેરે ઊંધાઈ વડે ચાર ગતિમાં ભમે છે.

પુણ્ય તે ધર્મનું કારણ ન માને છતાં ગૃહસ્થ જ્ઞાનીને દયા, દાન, વ્રતાદિનો ભાવ તો આવે.

પ્રશ્ન : શુભભાવ આવવો હોય તો આવે, ન આવે તો શું પરાણે કરે?

ઉત્તર : કોઈ ભાવ કર્યા વિના થતો નથી અને રાગના કાળે રાગ આવશે, એમ કહેનારની દ્રષ્ટિનું જોર એકલા જ્ઞાતા સ્વભાવ ઉપર વર્તતું હોય છતાં પર્યાયમાં નબળાઈનો રાગ જોઈ પોતાને પામર માને છે. રાગ હોય તો ભલે હો એમ કહેતો ન ફરે. જ્ઞાનાનંદની શ્રદ્ધાના જોરમાં કહે કે રાગ આવો તો આવો, ત્યાં રાગમાં હઠ નથી, આત્મા ઉપર આવી અપૂર્વ દ્રષ્ટિ વિના શુભરાગ આવો તો આવો એમ કહેનાર તો ગાંડો છે.

પ્રશ્ન : 'ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' તેનો અર્થ શું?

ઉત્તર : ભવમોક્ષ બે પર્યાય છે. તેના આશ્રયની રાગબુદ્ધિ છોડી, નિત્ય ચૈતન્ય સ્વભાવ ઉપર દ્રષ્ટિ વડે બન્નેનો જ્ઞાતા રહે તેને સમભાવ છે.

# પ્રસાદ નં. ૧૬૬

## સમયસાર કળશ ૧૧૧

(ચૈત્ર સુદ ૧૨, બુધવાર, ૨૦૦૭)

મોક્ષમાર્ગી જીવની શી દશા હોય છે? કે જડ દેહાદિની જેટલી અવસ્થા થાય તે તેના કારણે થાય છે, મારી મારા કારણે થાય છે અને ક્ષણિક નબળાઈથી જેટલો શુભાશુભ રાગ છે તે બંધમાર્ગ છે તેથી હેય છે, ને અંદર જ્ઞાનાનંદ શુદ્ધની શ્રદ્ધા-રમણતારૂપે થવું તે જ મોક્ષમાર્ગ છે, એમ જાણી સ્વભાવ આશ્રિત શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે. અશુભ તો નહિ જ પણ દયા, દાન, વ્રતાદિ સર્વ પ્રકારના શુભભાવને પણ છોડી નિરાલંબી દ્રષ્ટિના જોરે સ્વરૂપમાં સ્થિર રહેવા નિરંતર ઉદ્યમવંત છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વરૂપ એકાગ્રતાનો પુરુષાર્થ કર્યા જ કરે છે ને તે મોક્ષમાર્ગ છે. જ્યાં સુધી પુરુષાર્થ અધૂરો છે, શુભાશુભથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી ત્યાં સુધી—જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર-આલંબન તો સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધતા જ છે તોપણ—અશુભમાં ન જવા પરંતુ દયા, દાન, વ્રતાદિ તથા શુદ્ધાત્મા તરફના રાગમિશ્રિત વિચાર વગેરે શુભભાવોનું આલંબન હેયબુદ્ધિએ હોય છે. નીચલી ભૂમિકામાં તે થયા વિના રહેતા નથી છતાં તેનાથી ધર્મ થાય, એમ તેઓ માનતા નથી. શુભ છોડી સ્વચ્છંદપણે હિંસા, જૂઠ, વિષય-ભોગમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા ધર્મી જીવો મિથ્યા અભિપ્રાય રહિત જ્ઞાનરૂપે વર્તતા થકા કર્મને ટાળી પોતાના પૂર્ણાનંદને પ્રાપ્ત કરે છે.

## કળશ ૧૧૨

અર્થ : પરથી ભિન્ન જ્ઞાતાસ્વરૂપ પોતાનું અનાદિથી છે, તેને ભૂલીને જેણે મોહરૂપી મદિરા પીધો છે, પુણ્ય કરીએ તો તરી જઈએ વગેરે જે ભ્રમના રસના ભારથી (-મિથ્યાત્વનો મહિમા વધારીને) શુભાશુભકર્મના ભેદરૂપી ઉન્માદને નચાવે છે—પાપને જ બૂરું માને છે અને દયા, દાન, ભક્તિના પુણ્ય-પાપભાવને કલ્યાણનું કારણ માને છે તેણે મિથ્યાત્વરૂપી ઝેર સાથે અજ્ઞાનરૂપી દારૂ પીધો છે. પુણ્યની રુચિવાળાને આત્મસ્વભાવનું ભાન નથી.

અહો! તું અનાદિકાળથી અનંતગુણનો ઈશ્વર છો, તેને ભૂલી અશુભ તથા શુભ વિકારપણે એક છે, અધર્મ છે, ઝેર છે છતાં અજ્ઞાન વડે મોહરૂપી મદથી અંધ થઈ, એક જ વિકારની જાતિમાં લાભ-નુકશાન માની ભેદ કરે છે.

વીતરાગદેવ કહે છે કે જો તમારે સુખી થવું હોય તો પુણ્ય-પાપ બન્ને બંધન છે, તે ધર્મ હેતુ નથી, એમ માનો. તથા એકલા ચિદાનંદઘન આત્માને આશ્રયે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતા તે જ ધર્મ છે, એમ માનો. ધર્મના નામે પણ ભક્તિ આદિમાં જેટલો રાગ થાય છે તે પણ મોક્ષમાર્ગ માટે હિતકર નથી.

પ્રશ્ન : એવા પુણ્ય ઓછાં દુઃખકર ખરાં?

ઉત્તર : એકલો વીતરાગભાવ તે જ ધર્મ છે ને તે સુખકર છે, તેની જેને રુચિ નથી તેની દ્રષ્ટિ સર્વ કષાય ઉપર પડી છે. તે ભાવહિંસા છે તેથી અજ્ઞાનીને અશુભ કરતાં શુભભાવ ઓછો દુઃખકર એમ પણ નથી. વિકાર છે તે ઝેર છે, તેના આશ્રયે જે ધર્મ માને તે વીતરાગ તત્ત્વનો વેરી છે. દુશ્મનને મદદગાર માને તે મૂઢ છે. એકવાર સાચી ઓળખ તો કરે કે સાચો માર્ગ શું છે? અનાદિ સંતો, ગણધરો, તીર્થંકરોએ કહેલો હિતનો માર્ગ બધા માટે એક જ છે.

નામે સુંદરજી ભાવસાર. નાકનો મેલ મોઢામાં ઓગાળી સ્વાદ લે તેમ જગતના સર્વ ભાવોમાં સારરૂપ તું આત્મા થઈને પુણ્ય-પાપરૂપ મેલમાં રુચિ કરી, પુણ્યમાં ધર્મ માની મોહ ઉન્માદને નચાવે છે. મિથ્યાત્વના જોરથી પોતાને સંસાર પરિભ્રમણમાં પરિણમાવે છે.

હવે જ્ઞાનજ્યોતિ પોતાના બળ વડે સમસ્ત કર્મને મૂળથી ઉખેડી નાખે છે. અંતર્મુખ ચૈતન્ય-દળ, નિર્મળાનંદ સ્વભાવની મૂર્તિ છું તેમાં એકતારૂપ બળથી પુણ્ય-પાપને જડમૂળથી બાળીને જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થાય છે. શુભરાગરૂપ વ્યવહારના બળે શુદ્ધમાં આવતો નથી કારણ કે શુભરાગ તો અનંતવાર જીવે કર્યો છે. જેમ અગ્નિ બળવાયોગ્ય પદાર્થને બાળ્યા વિના રહે નહિ તેમ જ્ઞાન વિકારને બાળ્યા વગર રહે નહિ. પાપથી બૂરું ને પુણ્યથી ભલું માનવારૂપ ભ્રમ મૂળથી ઉખેડી જ્ઞાતા રહે છે. ઉખેડવું નાસ્તિથી છે, પણ જ્ઞાયક છું, એમ નિઃશંક શ્રદ્ધા કરતાં મિથ્યાત્વ રહેતું નથી.

ચોથા ગુણસ્થાને પ્રગટ થયેલી જ્ઞાનજ્યોતિ કેવી છે?—કે પુણ્ય અને દેહની ક્રિયા કરતાં કરતાં ધર્મ થાય એવી મિથ્યાવાસનાની ઉત્પત્તિ થવા ન દીધી—અજ્ઞાનાંધકારનો કોળિયો કરી ગઈ. જે પૂર્ણાનંદની શ્રદ્ધાથી જાગ્યો તે જ્ઞાનધારા લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી) વિકસતી જાય છે. કર્મ ભોગવવાં પડે, કષ્ટ સહેવા પડે, કે વ્રત, તપના વિકલ્પમાં રોકાવું પડે તો ખીલે એવી જ્ઞાનજ્યોતિ નથી. અંતરભાન કરે નહિ ને વ્રત, તપના નામે કષ્ટ કરી સુકાઈ જાય તોપણ ધર્મની શરૂઆત અર્થાત્ સમ્યગ્દર્શન પણ થાય નહિ.

પ્રથમથી જ પુણ્યની રુચિ છોડી એકલા જ્ઞાતા સ્વભાવમાં આવ્યો, ભાન થયું ને ભ્રમ ગયો; પુણ્યથી રમત અનાદિથી માંડી હતી તે હવે સહજ જ્ઞાનકળા શુદ્ધ ચૈતન્ય સન્મુખ વધતી ચાલી ને પરમકળા-કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી. જ્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિ અલ્પજ્ઞ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે પરોક્ષ ક્રીડા કરે છે ને કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.

# પ્રસાદ નં. ૧૬૭

## સમયસાર કળશ ૧૧૨

(ચૈત્ર સુદ ૧૨, ગુરુવાર, ૨૦૦૭)

ભાવાર્થ : જ્ઞાનજ્યોતિને પ્રતિબંધક કર્મ કે જે શુભમાં ધર્મ અને અશુભથી અધર્મ એમ એક વિકારી જાતને બે પ્રકારે માનીને, નાચતું થકું જ્ઞાનને ભુલાવી દેતું હતું તે મિથ્યા અભિપ્રાયરૂપ કાર્યને પોતાની શક્તિથી ઉખેડી નાખીને જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રગટ થઈ.

પુણ્ય-પાપની એક જ જાતિ છે. હિંસા, જૂઠું આદિ પાપને અધર્મ માને છે અને દયા, દાન, સત્ય આદિના વિકલ્પ થાય તે પુણ્ય છે, તેનાથી ધર્મ માને છે પણ અવિકારી ચૈતન્ય આશ્રિત ધર્મ છે, તેમાં શ્રદ્ધા-સ્થિરતા તે હિતકર છે, એમ માનતો નથી. જ્યાં પુણ્યમાં રુચિરૂપ મિથ્યા શ્રદ્ધા પલટાવી એકલા જ્ઞાતાસ્વભાવના આશ્રયે જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં નિમિત્ત અને રાગાદિથી સમ્યક્ત્વ અને ચારિત્ર માનનાર મિથ્યાશ્રદ્ધા ગઈ. અહો! મારો જ્ઞાયકસ્વભાવ પ્રગટે એવો હું નમાલો નથી, શુભ-અશુભરાગ હોય ખરો પણ તેના આશ્રયે કોઈને મોક્ષના કારણરૂપ ધર્મ થતો નથી. દેહાદિની ક્રિયા તેના કારણે થાય છે, તેની મદદ આત્માને નથી કેમકે તે પર છે. પુણ્ય-પાપની ક્ષણિક લાગણી મારામાં થાય તેમાં વીતરાગી ધર્મને મદદ કરવાની તાકાત નથી કેમકે તે વિરુદ્ધ જાતિ છે ને તેમાં આત્મશાંતિનો અભાવ છે. તો પછી પૈસાને લીધે મને સુખ થાય, નીરોગ શરીર વગેરેથી લાભ થાય, એવું લાવ્યો ક્યાંથી? માત્ર કલ્પનાથી ઉઠાવગીરે માની લીધું છે. દેહ-ધનાદિ પરમાં-વિકલ્પમાં સુખ છે, એમ કદી જોયું નથી—અનુભવથી વિચાર્યું નથી, છતાં તેમાં સુખ માની બેઠો છે. જે ચીજ આત્મામાં પ્રવેશતી નથી, ટકતી નથી, તેના અસ્તિત્વથી સુખ-દુઃખ થાય એ ઊંધી માન્યતા જ હિંસા-પાપ-અધર્મ છે. સુખનું કારણ તો સ્વભાવ છે. આત્મામાં જ્ઞાનાનંદમય અનંતશક્તિ સદાય છે, ત્યાં રુચિને લગાવતો નથી અને શુભાશુભરૂપ કૃત્રિમ વિકારરૂપ કર્મ એક છે તેમાં પાપને ખરાબ ને પુણ્યને સારું માને છે. એવી ભેદરૂપ ભ્રમબુદ્ધિ અભેદ જ્ઞાતાને ભુલાવી દે છે, અંદરમાં શાશ્વત સુખમૂર્તિ છે તેને જોવા દેતી નથી, પોતે જ ભૂલે છે. આ વીતરાગ શાસનની મૂળ વાત સમજવા જેવી છે, બાકી ધૂળધાણી છે.

ભાન કર્યું કે પુણ્ય-પાપ બન્ને કર્મ છે, તેમાં મોક્ષનું કારણ થવાની તાકાત નથી. મારી તાકાત તો એકલા જ્ઞાતાસ્વભાવ આશ્રિત કેવળજ્ઞાન લેવાની છે.

અહીં કોઈ કહે કે "સાચું સમજ્યા પછી તો વ્રત, દયા, દાન, ભક્તિ, ઉપવાસ કરવાનું આવે ને? ને તે મદદગાર ખરાં ને?" તેનું સમાધાન : ભાઈ, એવી માન્યતા તો પ્રથમથી જ ટૂટી જાય છે, તે આત્મધર્મમાં બિલકુલ મદદગાર નથી. બધી તાકાત સ્વભાવના આશ્રયે છે, પુણ્યના આશ્રયે નથી. કોઈ સારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ મળી જાય તો કેવળજ્ઞાન થાય. એવો નમાલો નથી પણ જેટલો જ્ઞાતાપણે સ્વમાં એકાગ્ર થાઉં તેટલી વીતરાગતા સહિત જ્ઞાનજ્યોતિ પ્રગટ થશે.

આ સમ્યગ્જ્ઞાનનો અંશ તે પૂર્ણ કેવળજ્ઞાનનો અંશ છે. જેમ બીજ ઊગી તે પૂર્ણ ચંદ્રમાનો અંશ છે ત્રણ કાળ-ત્રણ લોકને એક સમયમાં જાણે એવી કેવળજ્ઞાન દશા પ્રગટે છે તે આ આત્માની વીતરાગી વિજ્ઞાનરૂપ પરમ કળા છે ને તેનું કારણ જે નિર્મળ સમ્યક્જ્ઞાન (સમ્યક્મતિ-શ્રુતજ્ઞાન) તે ચોથા ગુણસ્થાનથી પ્રગટે છે. બીજ ઊગી તે પોતે પૂર્ણ ચંદ્રનો અંશ છે, એમ બતાવે છે. વળી તે આખા ચંદ્રને તથા કેટલો વિકાસ અને આવરણ બાકી રહ્યું તે બધું બતાવે છે. તેમ પૂર્ણાનંદ જ્ઞાયક શુદ્ધ છું, એમ સ્વાશ્રિત સમ્યક્જ્ઞાનરૂપી બોધબીજ પ્રગટ્યું તે પોતે પૂર્ણ જ્ઞાનનો અંશ છે, એમ બતાવે છે તથા અનંત જ્ઞાનાદિ સર્વશક્તિથી પૂર્ણ સ્વરૂપ છે તેને પણ તે સમ્યક્જ્ઞાન બતાવે છે અને કેટલો વિકાસ બાકી છે, તે પણ બતાવે છે. એ રીતે સમ્યક્જ્ઞાન સન્મુખ થઈ કેવળજ્ઞાન શક્તિ મારામાં સાક્ષાત્ છે, એમ પ્રતીતિપૂર્વક તે પૂર્ણ સ્વરૂપને જાણે છે તથા તે તરફ એકાગ્રતારૂપ પ્રગતિ કરે છે. તેથી કહ્યું છે કે સમ્યક્જ્ઞાનજ્યોતિએ પૂર્ણ જ્ઞાન સાથે કેવળજ્ઞાન લેવા માટે ક્રીડા (રમણતા) માંડી છે.

બહારની ચીજ તો તેના કારણે તેના કાળે તેની યોગ્યતા મુજબ પરિણમે છે. તેની સાથે તારે લાભ-નુકશાનનો સંબંધ નથી, માટે ત્યાં જોવું વૃથા છે. હવે તને ક્ષણિક રાગ-દ્વેષ થાય છે તેમાં પુણ્યરૂપ વિકાર કરું તો ધર્મ થશે એવી રાગ સાથે રમત માંડી છે ત્યાંથી ગુલાંટ માર કે તે હું નહીં. પણ નિત્ય જ્ઞાતાસ્વરૂપે છું તેની પ્રતીત કરી જ્ઞાતાપણે રહેવા લાગે તો તેણે કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી છે.

આ વાતની જીવે કદી દરકાર કરી નથી. અનંતવાર ધર્મની ઇચ્છાથી કેવળી પરમાત્મા પાસે સાંભળવા ગયો છતાં અપૂર્વ રીતે ન સમજ્યો. અનંતકાળમાં સેકંડમાત્ર પણ સત્ય શું છે, હિત કેમ છે તેનો વિચાર કર્યો નથી. તે વાત અહીં સ્પષ્ટપણે કહેવાય કે પાત્રતાથી વિચાર કરે તો સમજાય.

નીચલી દશામાં શુભ-અશુભ વિકાર ધર્મી જીવને પણ હોય છે છતાં તેની દ્રષ્ટિ એકલા મુક્તસ્વભાવી ચૈતન્ય આશ્રયે ધર્મ છે, ત્યાં કામ કરે છે.

ભગવાન મહાવીર ત્રણ જ્ઞાન સહિત ગર્ભમાં આવેલા, ઈન્દ્રો જન્મકલ્યાણક ઊજવે છે તે બધી ક્રિયાના તેઓ જ્ઞાતા છે. સર્વ પ્રકારના વિકલ્પમાં હેયબુદ્ધિ વર્તે છે, પિતાએ લગ્નની વાત કરી ત્યાં કહ્યું કે 'અમે શીઘ્ર મોક્ષ લેવા આવ્યા છીએ, હે પિતા! મારે અંતર રમણતામાં જે કામ કરવું છે, જ્ઞાન વૈરાગ્યની જમવટની જે વિશેષતા જોઈએ છે, પરમશાંતરસમાં તરબોળ થવું છે, તે ગૃહવાસમાં ન મળે, શીઘ્ર સંયમ લેવા માગું છું. લગ્ન કર્યા ન હતાં. બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ નગ્ન મુનિદશા ધારણ કરે છે. (બાર મહિના દાન દેવા રોકાયા નથી, અંતર વૈરાગ્યદશાનો ઉલ્લાસ ઊપડ્યો તે દાન દેવા રોકાય નહીં.)પછી આત્માનંદમાં ઝૂલતા હતા. કોઈ કહે કે ભગવાને આકરા તપ કર્યાં, સુખે કરીને ખાધું નહીં, બહુ કઠીન ઉપસર્ગ સહ્યા. તો શું વીતરાગી ચારિત્ર દુઃખદાતા છે? નહીં જ. એકલા જ્ઞાનાનંદ સ્વભાવના હીલોળે રમણતા થતી ત્યાં આહાર વગેરેની ઇચ્છા તૂટી જતી, ચૈતન્યની શોભા વધતી તે તપ ભગવાને કરેલ છે. અંદર સહજપણે રમણતા વધતાં વીતરાગતા અને કેવળજ્ઞાન થયું.

ટીકા : અજ્ઞાનભાવથી પુણ્ય-પાપ બે પાત્રરૂપે થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી નીકળી ગયું. આ સમયસારમાં અનાદિ અનંત આત્માનું નાટક બતાવ્યું છે. આત્મા કેમ રખડ્યો, કેમ મોક્ષમાર્ગ પામે અને કેમ મોક્ષ પ્રગટ થઈ શકે? એ બધું બતાવી દીધું છે. જેમ રાજા ભર્તુહરિના બધા દ્રશ્યો ત્રણ કલાકમાં નાટકરૂપે બતાવી દે, તેમ આ સમયસારમાં અનાદિ-અનંત આત્મા અને તેની અવસ્થાઓ બતાવી દે છે. તેમાં એક પાત્ર એવું છે કે પુણ્ય તે ઠીક અને પાપ તે અઠીક—એમ માને છે. તે નિગોદ એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના વેશ ધારણ કરી રખડે છે. બીજા પાત્ર ધર્મી જ્ઞાતા છે, તે આત્માને પુણ્ય-પાપ રહિત જાણીને પુણ્ય-પાપને બંધનરૂપ એક કર્મમાં નાખી એકલા જ્ઞાયક સ્વભાવમાં એકતાનો અભ્યાસ કરે છે. તે અલ્પકાળએ મોક્ષદશા પામી સાદિ અનંતકાળ પરમાનંદરૂપ થઈ રહે છે. એ રીતે આમાં અનાદિ અનંત આત્માનું બધું વર્ણન સમાઈ ગયું.

# પ્રસાદ નં. ૧૬૮

## સમયસાર કળશ ૧૧૨

(ચૈત્ર સુદ ૧૪, શુક્રવાર, ૨૦૦૭)

ભાવાર્થ : કર્મ સામાન્યપણે એક જ છે, તોપણ એકે પુણ્યનો સ્વાંગ ધર્યો હતો, એકે પાપનો સ્વાંગ ધર્યો હતો, એમ જુદા જુદા સ્વાંગ ધરી રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. અજ્ઞાની પુણ્ય-પાપના ફળમાં ફેર સમજી બન્નેમાં ફેર માને છે પણ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે બન્ને એક જ છે, ત્યારે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી જાય છે. નૃત્ય કરતું અટકી ગયું એટલે કે પુણ્ય સારા છે ને પાપ ખરાબ છે એવા ભેદ પાડીને ચોરાશીના અવતારમાં રખડવું થતું તે સંસાર અટકી ગયો ને ધર્મદશાને પામ્યો.

અજ્ઞાની પુણ્ય-પાપનાં આશ્રય, કારણ, સ્વભાવ અને અનુભવમાં ભેદ માને છે અર્થાત્ શુભમાં સુખ તથા અશુભમાં દુઃખ માને છે. પણ જ્ઞાની પુણ્ય-પાપના આશ્રય આદિ ચારેને સમાન ગણી તેને બંધનું કારણ માને છે. મુનિઓ વિશેષ સ્થિરતા કરી શુભાશુભનો સર્વથા છેદ કરી વીતરાગદશા પ્રગટ કરી મોક્ષ પધારે છે.

આમ સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકાની પંડિત જયચંદ્રજી કૃત ભાષાવચનિકામાં ત્રીજો પુણ્ય-પાપ અધિકાર પૂર્ણ થયો.

# અધિકાર ૪
# આસ્રવ અધિકાર

**આસ્રવનો નાશ કરી સિદ્ધદશા પ્રગટ કરનાર પરમાત્માને નમસ્કાર.**

**દ્રવ્યાસ્રવથી ભિન્ન છે, ભાવાસ્રવ કરી નાશ,**
**થયા સિદ્ધ પરમાતમા, નમું તેહ સુખઆશ.**

વચનિકાકાર જયચંદ્રજી પંડિત મંગલિક કરે છે.

જડકર્મ આત્માના એકક્ષેત્રે આવે તે દ્રવ્યાસ્રવ છે. તેનાથી આત્મા જુદો છે. કારણ કે દ્રવ્યાસ્રવ જડ છે, રૂપી છે, આત્મા ચેતન અરૂપી છે. દ્રવ્યાસ્રવનો નાશ કરવાનો નથી પણ આત્મામાં થતા ભાવાસ્રવનો જીવ નાશ કરી શકે છે. ભાવાસ્રવનો નાશ કરે છે તે પણ ઉપચારથી કથન છે. ખરેખર તો પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્થિર થતાં મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષરૂપ આસ્રવની ઉત્પત્તિ જ થતી નથી તેને ભાવાસ્રવનો નાશ કર્યો, એમ કહેવામાં આવે છે. આવી રીતે

ભાવાસ્રવનો નાશ કરી પરિપૂર્ણ સિદ્ધદશાને પ્રગટ કરી તેવા સિદ્ધ ભગવંતોને આત્માના સુખને માટે નમસ્કાર કરું છું. ભાવાસ્રવનો વ્યય થયો, સિદ્ધદશાનો ઉત્પાદ થયો ને આત્મા કાયમ રહ્યો એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ આમાં આવી જાય છે.

હવે ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે "આસ્રવ પ્રવેશ કરે છે". જેમ નૃત્યના અખાડામાં નાચનાર માણસ વેશ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવનો વેશ છે. તે વેશને સમ્યક્જ્ઞાન જાણી લ્યે છે કે આસ્રવ તે આત્માનું ખરું સ્વરૂપ નથી. તે સમ્યક્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે.

**કળશ ૧૧૩**

લડાઈના મેદાનમાં બે મલ્લ ઊતર્યા હોય તેવા અલંકારથી વીરરસ સહિત આમાં વાત કરી છે.

## આસ્રવનું અભિમાન

તે લડાઈના મેદાનમાં એક યોદ્ધો આસ્રવ છે. તે મહા અભિમાનથી ભરેલો છે. આસવ એટલે મિથ્યાત્વ તથા રાગ-દ્વેષ. તે આસ્રવને ખબર છે કે મારે તાબે ભલભલા જીવો થયા છે. મિથ્યાભ્રાંતિ, પુણ્યમાં ધર્મની માન્યતા અને વિષયમાં સુખની માન્યતા એ બધા આસ્રવ છે. તે આસ્રવ કહે છે કે મેં તો કંઈક અજ્ઞાની પંડિતોને તથા મિથ્યાદ્રષ્ટિ મુનિઓને હેઠે પાડ્યા છે. કાંઈક વ્યવહાર હોય તો ધર્મ થાય, ધીમે ધીમે પુણ્યની ક્રિયાથી મોક્ષ થાય. આવી માન્યતાથી હજારો માણસોને મેં પાડ્યા છે. મુનિઓ ૨૮ મૂળગુણનું પાલન કરે, ઉપવાસ કરે, હજારો રાણી છોડીને મુનિ થયા હોય પણ કાંઈક વ્રત પાળું, દયા પાળું—એવું શલ્ય મેં તેમાં ખોસી દીધું છે કે મારી આગળ ભલભલા દ્રવ્યલિંગી મુનિઓ પડી ગયા છે. આવી રીતે નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક જનાર મિથ્યાદ્રષ્ટિ મુનિ સહિત બધા અજ્ઞાની જીવોને હરાવી આસ્રવ નામનો મલ્લ રણમેદાનમાં આવી ઊભો છે. તેણે બધા અજ્ઞાનીને હરાવી દીધા છે તેથી તેને અભિમાન થયું છે.

## દુર્જય જ્ઞાન-બાણાવળી મદમાતા આસ્રવને જીતે છે.

તે મદમાતા આસ્રવને આ દુર્જય જ્ઞાન-બાણાવળી જીતે છે. 'આ' સમ્યક્જ્ઞાનની વિદ્યમાનતા બતાવે છે. દુર્જય એટલે કોઈથી જીતાય નહિ તેવું સમ્યગ્જ્ઞાન છે, તે બધાને હરાવે છે. વળી **ધનુર્ધર** કહ્યો છે. જેની પાસે આસ્રવ વગેરે વિકારોને જીતવા માટે લાંબો કાળ ચાલે તેટલાં બાણો પડ્યાં છે એટલે કે આત્મા

ચિદાનંદ જ્ઞાન સ્વરૂપ છે, એવો જ્યાં નિર્ણય કર્યો તે જ્ઞાનમાં ગમે તેવા આસ્રવને જીતવા માટેની તાકાત ભરેલી છે. જેવી રીતે બાણાવળી બાણ છોડવામાં એકાકાર થઈ બાણ છોડી દુશ્મનને જીતે છે, તેમ સમ્યક્જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવની અંદર એકાગ્ર થઈ મદમાતા આસ્રવને જીતી લ્યે છે એટલે જ્ઞાનસ્વભાવની એકાગ્રતામાં આસ્રવ ઉત્પન્ન થતો નથી.

## આસ્રવને જીતવું એટલે શું?

વળી જ્ઞાન આસ્રવને જીતે છે, એમ કહ્યું તો શું આસ્રવ વિદ્યમાન હશે? ને વિદ્યમાનને જીતાતું હશે? જે આસ્રવ હયાત છે, તેને શું જીતવો? ને જે ઉત્પન્ન થયો નથી તેને શું જીતવો? વિકાર એક સમયનો છે, તે બીજે સમયે તો રહેવાનો નથી જ. તે તો વ્યય થઈ જવાનો છે ને જે ઉત્પન્ન થયો છે તેનો તે સમયે વ્યય કેવી રીતે થાય? ન જ થાય. પણ પુણ્ય-પાપ આત્માનું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાનસ્વભાવી છે, તેમાં એકાગ્રતા થતાં આસ્રવ ઉત્પન્ન જ થતો નથી, તેણે આસ્રવને જીત્યો, એમ કહેવામાં આવે છે. આવી રીતે ભાવ આસ્રવને જીત્યો અથવા નાશ કર્યો, એમ કહેવામાં આવે છે. દ્રવ્યાસ્રવ તો જડ છે તેનો આત્મામાં અત્યંત અભાવ છે. તેનો નાશ કરવાનો પ્રશ્ન રહેતો નથી. ભાવાસ્રવ નાશ થતાં દ્રવ્યાસ્રવ ઉત્પન્ન જ થતો નથી.

## જ્ઞાન સ્વભાવ દાનેશ્વરીની જેમ ઉદાર છે.

વળી તે સમ્યક્જ્ઞાન કેવું છે? ઉદાર છે, લૌકિકમાં કહેવત છે કે "દાતા છૂપે નહીં ઘેર માંગણ આયે"—ઘેર ખરડા માટે કોઈ આવે તો દાનેશ્વરી છૂપો રહેતો નથી, લોભ કરતો નથી. તેમ જ્ઞાનસ્વભાવ ઉદાર છે, એક પછી એક જ્ઞાનની પર્યાય પ્રગટ્યે જાય કે જેથી આસ્રવનો સંપૂર્ણ નાશ થાય છતાં જ્ઞાનસ્વભાવ કદી ખૂટે નહિ. સ્વભાવ પોતાની પર્યાયને કહે છે કે તું મારે આંગણે આવ્યો તો જેટલી મારામાં એકાગ્રતા કરીશ તેટલી શાંતિ મળશે. મારામાં ઘણી શક્તિ ભરી છે. તારે જેટલું કાઢવું હોય તેટલું કાઢ. આમ સ્વભાવ પર્યાય તરફ ઉદાર છે.

## જ્ઞાનસ્વભાવ ગંભીર છે. અલ્પજ્ઞ તેનો પાર પામી શકતા નથી.

વળી તે જ્ઞાન ગંભીર છે. જેમ ભરનીંગળ ગૂમડું અંદર કેટલું ઊંડું હોય તેનો ખ્યાલ આવતો નથી તેમ અંતર જ્ઞાનસ્વભાવ ઊંડો-ગંભીર છે તેને તો છદ્મસ્થ પામી શકે એમ નથી. તેની તાકાતનું માપ કેવળજ્ઞાન જ કાઢી શકે. જેમ

અબરખમાં શક્તિ પડી છે તે હજારકુટી પ્રગટ થાય છે તેમ જ્ઞાનસ્વભાવમાં જેટલી એકાગ્રતાની ફૂટ આપે તેટલી તેમાંથી જ્ઞાનની લહરીઓ પ્રગટ થાય છે. જેમ પીપરમાં ૬૪ પહોરી તીખાશની તાકાત પડેલી છે, બહારના કોઈ સંયોગોથી તે શક્તિ નષ્ટ થતી નથી તેમ પર્યાયમાં ગમે તેટલો રાગ-દ્વેષ થાય છતાં જ્ઞાનસ્વભાવમાં અનંતી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો અનંતકાળ સુધી જ થાય તેવો તે ગંભીર શક્તિવાન છે. છદ્મસ્થ તેનો પાર પામી શકતા નથી. કેવળજ્ઞાન પ્રગટ થયેથી પાર પમાય તેમ છે.

## જુઓ, આચાર્ય ભગવાન મંગલિક કરે છે ને કેવળજ્ઞાનના માણેકસ્થંભ રોપે છે.

ભાવાર્થ : અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે તેથી અહીં રસવત અલંકાર વડે સચ્ચિદાનંદ અનાકુળ સ્વભાવના શાંતરસમાં વીરરસને પ્રધાન કરી વર્ણન કર્યું છે કે જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે. અજ્ઞાની જીવો માને છે કે ''રોટલા ન ખાય તો જડ ઇન્દ્રિયો જિતાય ને જડ ઇન્દ્રિયો જીતાય તો વિકાર થાય નહીં'' આ બધો ભ્રમ છે. રોટલા ને ઇન્દ્રિયો જડ છે, તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. ચૈતન્યના ભાન સહિત એકાગ્રતા થતાં વિકાર ઉત્પન્ન થતો નથી, તેણે ઈન્દ્રિયોને જીતી કહેવાય છે. આખા જગતના અજ્ઞાની જીવોને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો છે; પરંતુ જ્ઞાન યોદ્ધો તેના કરતાં ઘણો બળવાન છે તેથી તે તેને અંતર્મુહૂર્તમાં જીતી લ્યે છે. એટલે રાગ-દ્વેષનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે.

જેમ લગ્નમાં માણેકસ્થંભ રોપી મંગળિક કરે છે ને ગીતો હોંશથી ગાય છે કે ''થાળ ભર્યો રાગ મોતીએ'' એમ ગાણાં ગાઈને ઘણી મમતારૂપી હોંશ કરે છે, તેમ અહીં આચાર્ય ભગવાન આસ્રવ અધિકારની શરૂઆતમાં મંગળિક કરે છે. જ્ઞાનસ્વભાવી આત્મા આસ્રવનો નાશ કરી નાનામાં નાના અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ઉપજાવે છે. એવો મંગળિકમાં શ્લોક રચ્યો છે.

જુઓ, રંગે ચડેલા ધર્માત્મા કહે છે કે સ્વભાવની એકાગ્રતાની ભીંસ કરે તો આસ્રવ મહાયોદ્ધો પણ હારી જાય છે ને કેવળજ્ઞાન ઊપજે છે. જુઓ આનું નામ મંગળિક! આનું નામ શુકન! કેવો અદ્‌ભુત શ્લોક મૂક્યો છે.

પ્રશ્ન : પાંચમાં આરામાં કેવળજ્ઞાન નથી છતાં પાંચમાં આરાના મુનિએ કેવળજ્ઞાનની વાત કેમ કરી?

## હે ભાઈ! એકવાર ચૈતન્યસ્વભાવનો તો ભરોસો કર.

સમાધાન : કેવળજ્ઞાનની અનંતી પર્યાયો પ્રગટ થાય તેવો દરેક જીવનો સ્વભાવ છે તેવો એકવાર ભરોસો તો લાવ! તેમાં ક્યાં કાળ નડે છે? એક બાજુ આસ્રવ મલ્લ છે ને બીજી બાજુ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લ્યે તેવો દુર્જય ચૈતન્યસ્વભાવ છે. પુણ્ય-પાપની એકાગ્રતામાં અનંતકાળ ગાળ્યો છે. હવે એકવાર જ્ઞાનસ્વભાવની એકાગ્રતા અંતર્મુહૂર્ત તો કર! સંસારનાં કામ કરવા હોય તો કહે છે કે તે કામ હું જલદી કરી શકું. જડનાં કાર્ય તારી ઇચ્છા ને હોંશ હોવા છતાં તારાથી લેશમાત્ર થતા નથી તોપણ એમાં તને ભરોસો ઘણો જ છે. પણ જે ચૈતન્યનાં કામ તારાથી થઈ શકે એવાં છે તેનો ભરોસો કરતો નથી. માટે હે ભાઈ! એકવાર તો ગંભીર અને ઉદાર એવા ચૈતન્ય સ્વભાવનો ભરોસો તો લાવ... તો તારું કલ્યાણ થશે.

# પ્રસાદ નં. ૧૬૯

## સમયસાર ગાથા ૧૬૪-૧૬૫

(ચૈત્ર સુદ ૧૫, શનિવાર, ૨૦૦૭)

હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :—

**મિથ્યાત્વ ને અવિરત કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,**
**એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે.૧૬૪**
**વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫**

અન્વયાર્થ : મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ એ આસ્રવો સત્ અર્થાત્ ચેતનના વિકાર પણ છે અને અસત અર્થાત્ પુદ્ગલના વિકાર પણ છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ-જીવનાં જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞ આસ્રવો જ્ઞાનાવરણાદિક કર્મનું કારણ થાય છે અને તેમને પણ અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં રાગ-દ્વેષાદિ ભાવ કરનારો જીવ કારણ (નિમિત્ત) થાય છે.

### આસ્રવો પોતાના અપરાધના કારણે પોતાની અવસ્થામાં થાય છે.

ટીકા :—આ આત્મા તો જ્ઞાનસ્વભાવી છે. તે પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકીને જે રાગ-દ્વેષ અને મોહ કરે છે, એ પોતાના કારણે થાય છે પણ તે આસ્રવો પોતાના મૂળ સ્વભાવમાંથી આવતા નથી. વર્તમાન અંશ દ્રષ્ટિ, નિમિત્તની રુચિ, દયા દાન જેટલો જ મારો સ્વભાવ છે, એવી ભ્રાંતિ તે મોહ છે. ને અનુકૂળ પદાર્થો પ્રત્યે ગમો તે રાગ છે ને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે અણગમો તે દ્વેષ છે. મોહ, રાગ ને દ્વેષ વસ્તુ-સ્વભાવમાં નથી. આસ્રવનો શબ્દાર્થ—આ એટલે મર્યાદામાં, સ્રવ એટલે આવવું. વિકારી પરિણામનું મર્યાદામાં આવવું થાય છે એટલે કે તે એક સમય પૂરતી અવસ્થામાં થાય છે ને નવાનવા થાય છે તે મૂળ સ્વભાવમાં હોતા નથી. પૈસામાં સુખ છે, ખાવા-પીવાના પદાર્થોમાં સુખ છે, વગેરે કલ્પના પર્યાય બુદ્ધિવાળો કરે છે. તે મોહ રાગ-દ્વેષ કોઈ બીજાએ કરાવ્યા નથી. પરપદાર્થ છે તો મને રાગ થાય છે, એ વાત ખોટી છે, અથવા કોઈ કર્મનો ઉદય આવ્યો માટે વિકાર થયો, તે વાત ખોટી છે પણ પોતાનો સ્વભાવ ચૂકે છે ને અંશ જેટલો માને છે તો થાય છે, પરને લીધે થતા નથી પણ પોતાના પરિણામના નિમિત્તે થાય છે. વળી તે પરિણામો જડના કારણે થતાં નથી. તેમજ જડમાં થતાં નથી પણ ચેતનમાં ચેતનના

અપરાધના કારણે થાય છે. તેઓ જડ નથી. ચૈતન્યના આભાસ જેવા છે તેથી ચિદ્વિકાર છે.

## "આસ્રવો મહેમાનની જેમ ક્ષણિક સ્થિતિવાળા છે."

આસ્રવો આગંતુક (મેમાન) છે. જેને ઘેર કોઈ મેમાન આવે તે થોડા દિવસ રહે પણ કાયમ રહે નહિ, તેમ આત્માની પર્યાયમાં થતા આસ્રવો તે મેમાન જેવા આગંતુક છે. તે આત્માના સ્વભાવમાં નથી, માટે તેના ઉપરની દ્રષ્ટિ છોડ, એમ કહેવાનો આશય છે.

## જૂના જડ કર્મનો ઉદય એ જ ખરેખર આસ્રવ છે.

મિથ્યાત્વ=જડ દર્શન મોહનીય કર્મનો ઉદય, અવિરતિ= તથા કષાય=જડ ચારિત્ર મોહનીય કર્મનો ઉદય, યોગ=જડ નામકર્મનો ઉદય, એ જડના પરિણામ છે. તે જુના જડ કર્મનો ઉદય જ્ઞાનાવરણીય વગેરે નવા કર્મ આવવામાં નિમિત્ત છે. માટે જૂના કર્મો જ ખરેખર આસ્રવો છે. જૂના કર્મોને આસ્રવ કેમ કહ્યા છે? તેનો ખુલાસો એમ છે કે :-અજ્ઞાની જીવને પોતાના જ્ઞાયકસ્વભાવની રુચિ અને શ્રદ્ધા નથી. તે ક્યાંક પરમાં અટકેલો છે, નિમિત્તને લીધે કે કર્મને લીધે વિકાર થાય, તે વાત તો અત્રે છે જ નહિ તેમ માનનાર જીવ તો સ્થૂળ ભૂલમાં છે પણ જેને ત્રિકાળી નિરૂપાધિ સ્વભાવની દ્રષ્ટિ નથી તેને ઉપાધિભાવની રુચિ છે. એટલે તેને જૂના કર્મ ઉપરની રુચિ પડેલી છે. ભલે તેને ભાન નથી પણ સ્વભાવની રુચિ ખસી છે. તે જીવને કર્મની રુચિ પડી છે. તેથી અજ્ઞાનીના જડ કર્મના ઉદયો નવા જ્ઞાનાવરણીય કર્મોના આવવામાં નિમિત્ત થાય છે. માટે તે ખરેખર આસ્રવો છે.

## "સ્વભાવ દ્રષ્ટિવંત ધર્મીજીવને જુના જડ કર્મનો ઉદય કહેવાતો નથી ને તેને નવાં કર્મ બંધાતા નથી."

જ્યારે પર્યાયદ્રષ્ટિવાળો જીવ બહારમાં દોડધામ કરતો નથી, વેપાર કરવા જતો નથી, એકાન્ત સ્થળમાં ઉપવાસ કરીને બેઠો છે, વ્રત ધારણ કરે છે, મુનિપણું ધારણ કરે છે પણ અંતરમાં શુભની રુચિ છે. કાંઈક વ્યવહાર હોય તો ધર્મ થાય એવી પર્યાયદ્રષ્ટિ હોવાના કારણે જડકર્મનો ઉદય તેને નવા કર્મો આવવાનું કારણ છે. પર્યાયદ્રષ્ટિવાળો જીવ બહારમાં દોડાદોડી નહિ કરવા છતાં અંતર અજ્ઞાનમાં દોડાદોડી કરે છે. એ પર્યાયદ્રષ્ટિવાળા જીવના જુના કર્મો તે જ ખરેખર આસ્રવ છે.

## "હે ભાઈ, પરવસ્તુ તથા આસ્રવોનો મહિમા છોડી એકવાર તારા જ્ઞાનસ્વભાવનો મહિમા તો લાવ!"

જુઓ, બધા થઈને એક આત્મા નથી ને અવસ્થા ભ્રમ જ છે, એમ નથી. અનંત આત્મા છે, દરેક આત્મામાં અવસ્થા પલટન પામે છે. અજ્ઞાન કે જ્ઞાન અવસ્થા પોતાના કારણે થાય છે. પર્યાયદ્રષ્ટિવાળા જીવના રાગ-દ્વેષ જુના જડકર્મના ઉદયમાં નિમિત્ત થાય છે. જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ હોવા છતાં સ્વભાવદ્રષ્ટિ હોવાના કારણે તે જડકર્મના ઉદયમાં નિમિત્ત નથી. એટલે તેને જડકર્મનો ઉદય કહેવાતો નથી ને તેથી જુના કર્મો નવાં કર્મના આસ્રવમાં નિમિત્ત નથી. એટલે તેને નવાં કર્મો બંધાતા નથી. આ બધું પ્રથમ કબુલવું પડશે. જેમ છે તેમ જ્ઞાન કરવું જોઈએ. હે ભાઈ, એકવાર તો તારો મહિમા લાવ. પૈસા, સુંદર શરીર, રાજ્ય, વૈભવના ઢગલા હોય તેને લીધે તારો મહિમા નથી. દયા દાનાદિના શુભ પરિણામ થાય તેને લીધે તારો મહિમા નતી. એ બધા ઉપાધિભાવ છે. તારો સ્વભાવ નિરુપાધિમય છે, એ સ્વભાવની દ્રષ્ટિ કરવી એમાં તારો મહિમા છે. એ મહિમામાં સંસારનો અંત આવે છે.

પ્રશ્ન :–આ ગાથામાં કહ્યું કે અજ્ઞાનીની પર્યાયદ્રષ્ટિના કારણે જૂના જડકર્મનો ઉદય નવા ક્રમના આસ્રવમાં નિમિત્ત થાય છે તો પછી અજ્ઞાનીના મોહરાગ તેમજ નવા કર્મમાં નિમિત્ત છે, એમ સીધું કેમ ન કહ્યું?

## અહીં અજ્ઞાનીની પર્યાયદ્રષ્ટિ બતાવવી છે.

સમાધાન :–અહીં અજ્ઞાનીની પર્યાયદ્રષ્ટિ બતાવવી છે. અજ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ નથી તેથી તેનું લક્ષ બીજી ચીજ ઉપર જાય છે. અજ્ઞાનીને ખબર નથી કે તેનું વલણ ક્યાં જાય છે. તેનું વલણ જૂના કર્મના ઉદય ઉપર જ ગયું છે. શુદ્ધ નિરુપાધી સ્વભાવ ઉપર જેનું વલણ નથી તેવા પર્યાયબુદ્ધિવાળા જીવનું વલણ કર્મ ઉપર જ છે. તેથી અજ્ઞાનીને જૂના કર્મનો ઉદય નવા કર્મના આસ્રવમાં નિમિત્ત થાય છે. માટે તે ખરેખર આસ્રવ છે. જુના કર્મના ઉદયને અજ્ઞાનીના મોહ-રાગ-દ્વેષ નિમિત્ત થાય છે. અજ્ઞાનમય પરિણામ જૂનાં કર્મના ઉદયને નિમિત્ત અને જૂનાં કર્મનો ઉદય નવાં કર્મના આસ્રવમાં નિમિત્ત છે. માટે જૂના કર્મોને જ આસ્રવ કહ્યા છે.

## સંસારનું મૂળ જે પર્યાયદ્રષ્ટિ તેનો ધર્મી જીવે નાશ કર્યો છે.

જ્યારે સમકિતી જીવ નિમિત્તથી પોતાને લાભ-નુકશાન માનતો નથી, પોતાથી બીજાને લાભ નુકશાન માનતો નથી તેમજ દયા-દાનના જેટલા પરિણામ થાય છે એટલો પણ હું નથી, હું તો જ્ઞાન સ્વભાવી છું, એવી સ્વભાવદ્રષ્ટિ તેને હોવાથી તેને જૂના કર્મનો ઉદય કહેવાતો નથી ને નવા કર્મનો બંધ થતો નથી. સમ્યક્દ્રષ્ટિને જે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો તે જ્ઞાતા રહે છે, તેનો સ્વામી થતો નથી, અલ્પ રાગ-દ્વેષને ગૌણ કરી તેને મુખ્યપણે આસ્રવ નથી, એમ કહ્યું છે, કારણ કે ઝાડનું મૂળ છેદાઈ જવાથી ઝાડ પાંગરતું નથી પણ સુકાઈ જાય છે તેમ ધર્મી જીવને પર્યાયદ્રષ્ટિ જે સંસારનું મૂળ છે, તેનો અભાવ વર્તે છે તેથી તેને સંસાર પાંગરતો નથી પણ અલ્પકાળમાં તેની મુક્તિ થાય છે.

## જીવ રાગ-દ્વેષ કરે તો જૂના જડકર્મ નિમિત્ત કહેવાય—એ વાત અહીં કહેવી નથી.

વળી આ ગાથામાં ખૂબી તો એ છે કે જીવ રાગ-દ્વેષ કરે તો જૂના કર્મો નિમત્ત કહેવાય, એવી રીતે રાગ-દ્વેષ ને જૂના કર્મો નિમિત્ત થાય છે, એમ વાત અત્રે લેવી નથી. અહીં સ્વભાવદ્રષ્ટિની વિરુદ્ધ પર્યાયદ્રષ્ટિ બતાવવી છે. પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી લાભ થાય, એવી અજ્ઞાનીની પર્યાયદ્રષ્ટિ જ એટલે અજ્ઞાનીના મોહ, રાગ, દ્વેષ, જૂના જડકર્મના ઉદયને નિમિત્ત છે ને જૂનાં જડકર્મનો ઉદય નવા જડકર્મના આસ્રવમાં નિમિત્ત છે. પોતે વિકાર કરે ત્યારે જૂના કર્મનો ઉદય નિમિત્ત થાય એમ આ ગાથામાં લેવું નથી. માટે આ બાબત ખાસ ખ્યાલમાં લેવા જેવી છે. આ ગાથાનો ભાવ અટપટો ને ખાસ સમજવા જેવો છે.

## જૂના જડકર્મનો ઉદય આવ્યો ક્યારે ને કોને કહેવાય?

પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવના અજ્ઞાન રાગ-દ્વેષ જૂના જડકર્મના ઉદયમાં નિમિત્ત છે. આવી પર્યાયદ્રષ્ટિ કરે છે, તે જીવને સ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી પણ કર્મ ઉપર દ્રષ્ટિ છે તેથી તેને જડકર્મોનો ઉદય કહેવાય છે. તેનાં અજ્ઞાન રાગ-દ્વેષ જૂનાં જડકર્મના ઉદયને નિમિત્ત છે ને જૂનાં જડ કર્મ નવા કર્મના આસ્રવમાં નિમિત્ત છે.

જ્ઞાનીને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે. અલ્પ રાગ-દ્વેષ હોવા છતાં તે તેનો સ્વામી થતો નથી, તે માત્ર તેનો જ્ઞાતા છે. અલ્પ રાગ-દ્વેષનો અલ્પ આસ્રવ ગૌણ ગણી જ્ઞાનીને જૂના કર્મોનો ઉદય કહેવાતો નથી ને તેનાં જૂના કર્મમાં નિમિત્ત થતાં નથી.

**“અજ્ઞાનીના જ મોહ-રાગ-દ્વેષ જૂના જડકર્મના ઉદયને નિમિત્ત છે માટે અજ્ઞાનીના જ મોહ-રાગ-દ્વેષ આસ્રવો છે.”**

જૂના કર્મોનો ઉદય નવા કર્મો આવવામાં નિમિત્ત છે અને તેનું નિમિત્ત એટલે જૂનાં કર્મોના નિમિત્તપણાનું નિમિત્ત અજ્ઞાની જીવના અજ્ઞાન રાગ-દ્વેષના પરિણામ છે આવી રીતે અજ્ઞાનીના રાગ-દ્વેષ જૂનાં જડ કર્મોને નિમિત્ત છે ને જૂના જડ કર્મો નવાં કર્મોના આસ્રવણમાં નિમિત્ત છે. તેથી અજ્ઞાનીના મિથ્યાત્વ, રાગ, દ્વેષ એ જ ભાવાસ્રવો છે. આવા અજ્ઞાનમય મોહ, રાગ, દ્વેષ અજ્ઞાનીને જ હોય છે.

# પ્રસાદ નં. ૧૭૦

### સમયસાર ગાથા ૧૬૪-૧૬૫

(ચૈત્ર વદ ૧, રવિવાર, ૨૦૦૭)

## પર્યાયદ્રષ્ટિવાળા જીવની કર્મ ઉપર દ્રષ્ટિ છે તેથી અધર્મ થાય છે.

આત્મામાં અધર્મ કેમ થાય છે, તે પર્યાયદ્રષ્ટિવાળા જીવની વાત આ ગાથામાં છે. જે જીવની દ્રષ્ટિ ચૈતન્યસ્વભાવ ઉપર નથી પણ દયા, દાન જેટલો જ છું, વિકારથી મને લાભ થશે એવી જેની પર્યાય ઉપર દ્રષ્ટિ છે તેને અજ્ઞાન તથા રાગ-દ્વેષ થાય છે. તે અજ્ઞાનીની પર્યાયદ્રષ્ટિ જૂના કર્મને નિમિત્ત થાય છે. જીવની અંદર સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું, અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટ થાય તેવી તાકાત છે પણ તેને ચૈતન્ય સ્વભાવનો ભરોસો નથી, તેની રુચિ નથી એટલે પર ઉપર રુચિ છે એટલે કે જડકર્મ ઉપર જ તેની રુચિ છે. તેથી અજ્ઞાનીની પર્યાયબુદ્ધિ જૂના જડકર્મને નિમત્ત થાય છે ને જૂના જડકર્મનો ઉદય નવાં કર્મને નિમિત્ત થાય છે.

જીવ વિકાર કરે તો જૂના કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે, તે વાત અહીં લેવી નથી. દ્રવ્યકર્મથી ભાવકર્મ ને ભાવકર્મથી દ્રવ્યકર્મ એમ અરસપરસ જે નિમિત્ત લેવાય છે, તે વાત અહીં લેવી નથી. વિકાર આત્માનો સ્વભાવ નથી પણ જીવ પર લક્ષ કરે તો વિકાર થાય ને વિકાર કરે તો જૂના કર્મને નિમિત્ત કહેવાય ને નવા દ્રવ્યકર્મ બંધાય—એમ જે કહેવામાં આવે છે તે તો સ્વભાવમાં વિકાર નથી પણ તું પર તરફ લક્ષ કરે છે તો વિકાર થાય છે એમ વિકાર ને પરનું જ્ઞાન કરાવી વિકાર કાઢી નાખવા વાત કરે છે. જૂનું કર્મ અજ્ઞાનીને રાગ-દ્વેષમાં નિમિત્ત થાય તે વાત લેવી નથી.

## અજ્ઞાની મિથ્યાત્વ, રાગ-દ્વેષ સ્વતંત્રપણે પારણામિકભાવે પોતે કરે છે.

અહીં તો નિમિત્તને સંભાર્યું નથી. નિમિત્તે રાગ-દ્વેષ કરાવ્યા, કર્મના ઉદયને લીધે આવવું પડે તે તો વાત છે જ નહિ—તે તો સ્થૂળ અજ્ઞાન છે. અહીં તો નિમિત્તની અપેક્ષા વગર આત્મા પોતે પારિણામિક ભાવે અજ્ઞાન, રાગ-દ્વેષ કરે છે તેવી પર્યાયબુદ્ધિ સ્વતંત્ર કરે છે, તે વાત લેવી છે. કર્મોએ રાગ-દ્વેષ કરાવ્યા તે વાત તો છે જ નહીં પણ કર્મ નિમિત્ત છે માટે રાગ-દ્વેષ કરે છે, એ વાત પણ સાચી નથી. સારાં નિમિત્તો હોય તો લાભ થાય, અનુકૂળ સંયોગો હોય તો ઠીક પડે, દયા દાનના પરિણામથી ધર્મ થશે, વર્તમાન જે ઊઘડેલી દશા છે તે મને લાભનું કારણ

છે એવી જે પર્યાયબુદ્ધિ તે જ સંસારનું—આસ્રવનું કારણ છે. પારિણામિકભાવે અજ્ઞાનરૂપે અજ્ઞાની પોતે પરિણમે છે તે અજ્ઞાન રાગ ને દ્વેષ જૂનાં કર્મને નિમિત્ત છે ને તે જૂનાં કર્મનો ઉદય નવાં કર્મો આવવામાં નિમિત્ત છે.

પ્રશ્ન : વિકારને જૂનું કર્મ નિમિત્ત કેમ ન લીધું?

સમાધાન : નિમિત્તનું શું કામ છે? તું સ્વભાવને ચૂક્યો છે, એ જ વાત લેવાની છે. જૂનાં કર્મને નિમિત્તપણું તારી પર્યાયબુદ્ધિએ આપ્યું છે. તારી પર્યાયબુદ્ધિને કાંઈ નિમિત્ત આપતું નથી.

પ્રશ્ન : તો પછી તેમાં જીવને સ્વાધીન રાખ્યો ને જૂના કર્મને પરાધીન બતાવવાં છે?

સમાધાન : ના. કર્મને પરાધીન બનાવવું નથી. જૂનાંને નિમિત્તપણાનો આરોપ આપનાર તું છો. તું ચૈતન્યદ્રષ્ટિ ચૂક્યો ને અંશની રુચિ કરી એવી તારી પર્યાયબુદ્ધિથી તે જૂનામાં નિમિત્તપણાનો આરોપ આવ્યો. નિમિત્તપણાનો આરોપ આવ્યો માટે જૂના કર્મ પરાધીન થાય છે—એમ નથી. પણ તેનામાં નિમિત્તપણું કેમ આવ્યું, તેનું જ્ઞાન કરાવે છે.

ચૈતન્યસ્વભાવમાં પર્યાયબુદ્ધિ નથી. સ્વભાવબુદ્ધિ થતાં જૂનાં કર્મમાં નિમિત્તપણાનો આરોપ આવતો નથી ને નવાં કર્મો આવતાં નથી. પર્યાયબુદ્ધિ જ જૂના કર્મમાં નિમિત્ત થાય છે ને જૂના કર્મો નવા કર્મમાં નિમિત્ત થાય છે. પર્યાયબુદ્ધિ જ સંસારનું કારણ છે.

## અજ્ઞાનીની પર્યાયદ્રષ્ટિ ત્રણ પ્રકારના આસ્રવોનું કારણ છે.

(૧) અજ્ઞાનીને પર્યાયબુદ્ધિના કારણે સ્વભાવ ઉપર લક્ષ નથી પણ જડકર્મ ઉપર જ છે માટે તેની પર્યાયબુદ્ધિ જૂનાં જડ કર્મના ઉદયને નિમિત્ત છે. માટે જૂના જડ કર્મો આસ્રવો છે.

(૨) જૂનાં જડકર્મોના નિમિત્તે નવાં કર્મો આવે છે તે નવાં જડ કર્મો આસ્રવો છે.

(૩) અજ્ઞાનીને પર્યાયબુદ્ધિથી થઈ રહેલા અજ્ઞાન રાગ-દ્વેષ તે ચૈતન્યના પરિણામ છે. તે અજ્ઞાનમય પરિણામો આસ્રવ છે.

પર્યાયદ્રષ્ટિવાળો ત્રણેમાં કારણ છે ને તે અધર્મ ને સંસારનું કારણ છે.

## સ્વભાવદ્રષ્ટિ એક પણ આસ્રવનું કારણ નથી પણ ધર્મનું કારણ છે.

(૧)જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાના કારણે જૂનાં જડ કર્મો ઉદયમાં હોવા છતાં તે આસ્રવ કહેવાતાં નથી, કેમકે નવાં કર્મ આવવામાં તે નિમિત્ત થતા નથી.

(૨) જ્ઞાનીને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે એટલે નવાં કર્મો તેની લાયકાતથી આવતા નથી તથા ધર્મીને નવાં કર્મોનો આસ્રવ થતો નથી.

(૩) ધર્મીને સ્વભાવબુદ્ધિ છે ને તેમાં પર્યાયબુદ્ધિનો અભાવ છે માટે અજ્ઞાન રાગ-દ્વેષ ધર્મીને હોતા નથી માટે ધર્મીને આસ્રવ નથી. અલ્પ રાગ-દ્વેષનો ધર્મી જ્ઞાતા છે, સ્વામી નથી તેથી તે અહીં ગૌણ છે. મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષની મુખ્યપણે વાત કરી છે. તે આસ્રવો જ્ઞાનીને નથી.

તેથી જ્ઞાનીને સમયે સમયે ધર્મદશા થાય છે.

ઘણા જીવોને આ વાત સાંભળીને એમ થાય કે આમાં અમારે કરવું શું? પૂજા કરવાનું, ભક્તિ કરવાનું એવું કાંઈ આવતું નથી.

સમાધાન : અનાદિની જે પર્યાયબુદ્ધિ છે, તેનો નાશ કરી સ્વભાવબુદ્ધિ પ્રગટાવવી, તે શું કરવાનું નથી? તે અંતરક્રિયા ખ્યાલમાં આવતી નથી, સ્વભાવનો મહિમા આવતો નથી. સ્વભાવદ્રષ્ટિમાં ધર્મ છે ને પર્યાયદ્રષ્ટિમાં અધર્મ છે. સંયોગના લક્ષે વિકાર થાય છે તે આત્માનું કાયમી સ્વરૂપ નથી. પુણ્ય-પાપ હોય તે જુદી વાત છે પણ તે આત્માનો સ્વભાવ નથી, આત્માનો સ્વભાવ તો ત્રિકાળી શુદ્ધ જ છે.

માટે પર્યાયદ્રષ્ટિ છોડી સ્વભાવદ્રષ્ટિ કર. અંશનો સ્વીકાર કર્યો છે પણ અંશીનો સ્વીકાર કર્યો નથી. હવે સ્વભાવનો ભરોસો કર. આવા સ્વીકાર વિના જાત્રા કરે તોપણ કાર્યકારી નથી. પોતાનો ત્રિકાળી જ્ઞાતાસ્વભાવ ઊંચો છે, તેની દ્રષ્ટિ કર તો જાત્રા કરી કહેવાય ને ઊંચી ગતિ—સિદ્ધદશા પામે છે. પણ પોતાને અંશ જેટલો કે રાગ જેટલો માન્યો તે નીચે જવા જેવું છે એટલે કે નરક-નિગોદમાં જવા જેવું છે.

જેમ ચોખ્ખા કોરા કપડામાં જેવી ભાત પાડવી હોય તેવી પડે છે તેમ આત્મા સંયોગ વિનાનો, પુણ્ય-પાપ વિનાનો, ધ્રુવસ્વભાવી છે, એવા શ્રદ્ધા-જ્ઞાન કરીને સ્વભાવદ્રષ્ટિ કરે તો પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટે ને અવિનાશી સુખની ભાત પડે. પણ જગતે સ્વભાવને મોટો માન્યો નથી, પૈસાને મોટા માન્યા છે ને તેનો મહિમા ગાયો છે. પણ તે તો ધૂળ છે. માટે તેના ઉપરની તો દ્રષ્ટિ છોડ પણ જે શુભભાવ થાય તેને ધર્મ માન્યો તે ઉઘડેલાં અંશ

જેટલો આખો અંશી માન્યો તો હે મૂઢ! તું રખડી મરીશ. માટે તેની રુચિ છોડ ને ત્રિકાળી સ્વભાવની રુચિ કર.

હવે જ્ઞાનીને તે ભાવાસ્રવોનો અભાવ છે, એમ બતાવે છે :–

## ગાથા ૧૬૬

**સુદ્રષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**
**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬**

અન્વયાર્થ : સમ્યગ્દ્રષ્ટિને આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ નથી, (કારણ કે) આસ્રવનો (ભાવાસ્રવનો) નિરોધ છે; નવાં કર્મોને નહિ બાંધતો તે, સત્તામાં રહેલાં પૂર્વે બંધાયેલા કર્મોને જાણે જ છે.

સાચી દ્રષ્ટિવાળાને આત્માનું ભાન હોવાના કારણે નવા કર્મો બંધાતા નથી. વિકારનો, પુણ્યનો, નિમિત્તનો, અંશનો સ્વીકાર નથી પણ એકલા સ્વભાવનો સ્વીકાર છે તેને જે દ્રષ્ટિ ઉત્પન્ન થઈ છે તે સાદિ અનંતકાળ સુધી એવી જ રહેવાની. તે જ્ઞાનીને સાચી સામાયિક થઈ છે. હું જ્ઞાન છું એવી શ્રદ્ધારૂપી સામાયિક તેને સમયે સમયે છે.

જ્યારે અજ્ઞાની જીવ સામાયિકના પાઠ બોલી જાય છે, અર્થ સમજતો નથી. શરીરની ક્રિયાથી તથા કષાયમંદ દેખાય છે તેનાથી આત્માને લાભ ને ધર્મ થશે, એમ માને છે તેને સામાયિક થતી નથી પણ મિથ્યાદર્શનરૂપી શલ્ય થઈ રહ્યું છે. પુણ્યના આદરમાં એ પોતાના અનંતા ગુણોનો અનાદર વર્તે છે, તેને સામાયિક નથી એટલે ધર્મ થતો નથી.

પ્રશ્ન : પણ આટલું જાણ્યા પછી વિશેષ સ્થિરતા કરવા માટે અમારી માનેલી સામાયિકની તો જરૂર પડશે ને?

સમાધાન : જેને જ્ઞાન થશે તેને આ પ્રશ્ન થશે નહિ. જે નિર્ધન માણસ હશે તે શેખચલ્લીની જેમ વિચાર કરી પૈસાવાળો થયાના તરંગ દોડાવી ઘીનો ગાડવો ફોડી નાખે છે તે પૈસાની વ્યવસ્થા કરી શકે નહિ પણ જેને લક્ષ્મીની પ્રાપ્તિ થઈ હોય તેને પૈસા ક્યાં, કેટલા, શેમાં વાપરવા તેની આવડત હોય છે. તેવી રીતે જેને ચૈતન્યલક્ષ્મીની પ્રાપ્તિ થઈ નથી, પોતાના આત્માનું સ્વરૂપ શું છે તે જાણ્યું નથી, તે વિશેષ સ્થિરતારૂપી ચારિત્ર કેમ કરવું, તે જાણી શકે નહિં. જેણે ચૈતન્યલક્ષ્મી પ્રાપ્ત કરી છે, તેને સ્થિરતા કરતાં આવડશે ને ક્રમે ક્રમે સ્વરૂપલક્ષ્મીનો ઉપભોગ કરવા વીતરાગ થઈ કેવળજ્ઞાન પ્રગટ કરશે.

માંદગી વખતે માંદગીનો કંટાળો આવે ને માંદગી મટે તો ઠીક એમ ઇચ્છે છે પણ શરીર મારું છે, પુણ્યથી ધર્મ છે, એવી પર્યાયબુદ્ધિનો કદી કંટાળો આવ્યો? પર્યાયબુદ્ધિ અનાદિથી કરીને ચોરાશીના અવતાર કર્યા. હવે બસ! એવી પર્યાયબુદ્ધિ મારે કરવી નથી ને સ્વભાવબુદ્ધિ કરવી છે, એવો વિચાર કર્યો? ધર્મનું અને મોક્ષનું જે કારણ છે એવી સ્વભાવબુદ્ધિ કર, એમ કહેવાનો આશય છે.

ટીકા : ખરેખર જ્ઞાનીને આત્માનાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન છે. તેથી તેને અજ્ઞાનમય ભાવોનો નિરોધ થાય છે. પુણ્યથી ધર્મ, શરીરની ક્રિયાથી ધર્મ, અંશ જેટલો આત્માને માનવો-તે બધા અજ્ઞાનમય ભાવો છે. તે અજ્ઞાનમય ભાવો પ્રથમ ઉત્પન્ન થાય છે ને પછી જ્ઞાની તેનો અભાવ કરે છે—એમ નથી. પણ જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનમાં અજ્ઞાનમય ભાવો ઉત્પન્ન જ થતા નથી કારણ કે પરસ્પર વિરોધીભાવો સાથે રહી શકે નહિ. જ્ઞાતા સ્વભાવ છું એવી સ્વભાવબુદ્ધિ ને પુણ્ય-પાપ ને અંશની રુચિ તે પર્યાયબુદ્ધિ—એ બે વિરોધી ભાવો છે તે સાથે રહે નહિ. પર તરફની સાવધાની તે અધર્મભાવ છે ને સ્વરૂપની સાવધાની તે ધર્મભાવ છે. જ્ઞાનીને સ્વરૂપની સાવધાની છે તેથી અજ્ઞાન રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી. જ્ઞાનીને આસ્રવનો નિરોધ છે એટલે મિથ્યાત્વ ને અજ્ઞાન સહિતના રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી.

અહીં આસક્તિના રાગ-દ્વેષને ગૌણ કરેલ છે. જ્ઞાનીને આસક્તિ હોવા છતાં ને બાહ્ય સંયોગોના ઢગલામાં હોવા છતાં અજ્ઞાનમય રાગ-દ્વેષના આસ્રવો ઉત્પન્ન થતા નથી. માટે જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે.

# પ્રસાદ નં. ૧૭૧

## સમયસાર ગાથા ૧૬૬

(ચૈત્ર વદ-૨, સોમવાર, ૨૦૦૭)

ધર્મી જીવ જડની ક્રિયાનો કર્તા નથી તેમજ પુણ્ય-પાપના જે ભાવો થાય છે તેને પોતાનું સ્વરૂપ માનતો નથી. હું જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું, પવિત્ર છું—એવી સ્વભાવદ્રષ્ટિ જ્ઞાનીને હોય છે. આમ હોવાથી જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી. જેને જ્ઞાનસ્વભાવની રુચિ હોય તેને પુણ્ય-પાપ ને અંશની રુચિ હોઈ શકે નહિ. વિકાર તે હું છું, નિમિત્તથી લાભ થાય એવી મિથ્યાબુદ્ધિ ધર્મીનો હોતી નથી, તેથી જ્ઞાનીને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષનો અભાવ છે. તેથી જ્ઞાની નવાં કર્મોને બાંધતો નથી. (અહીં, આસક્તિના રાગ-દ્વેષ ગૌણ કે તે અલ્પ બંધ અહીં ગણેલ નથી.)

ધર્મી જીવ સદાય એટલે જ્યારથી જ્ઞાન થયું ત્યારથી પરનો તથા વિકારનો અકર્તા રહે છે. જડની ક્રિયા જડથી થાય છે પણ અજ્ઞાની માને છે કે મારાથી જડની ક્રિયા થાય છે, જ્યારે જ્ઞાની પરની જે અવસ્થા થાય તેને જાણે છે, તેનો કર્તા થતો નથી તેથી એ ભાવ આસ્રવ થતો નથી ને તેથી નવા કર્મોનું બંધન થતું નથી.

અજ્ઞાની પર્યાયબુદ્ધિવાળો હોવાથી તેના રાગ-દ્વેષ જૂનાં કર્મના ઉદયમાં નિમિત્ત થાય છે. જ્યારે જ્ઞાની જાણે છે કે પરની અવસ્થા હું કરી શકતો નથી, નિમિત્તથી કે પુણ્યથી ધર્મ માનતો નથી, કર્મ પર પદાર્થ અજીવ છે તે મારું જ્ઞેય છે, હું તો જ્ઞાનસ્વરૂપ છું, અલ્પ રાગ-દ્વેષ તે ઉપાધિભાવ છે. તે ઉપાધિ વિનાનું નિરુપાધિતત્ત્વ હું છું એવું ભાન થતાં પોતાનો સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ ખીલે છે. પોતે પોતાને જાણે છે. જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે. સ્વ-પ્રકાશક શક્તિ ખીલતાં પરપ્રકાશક શક્તિ ખીલે છે, પૂર્વે પોતે રાગ કરેલ, તેના નિમિત્તે જડ કર્મો બંધાયેલાં, તેને તે જાણી લ્યે છે. સ્વને જાણવું તે નિશ્ચય છે ને સ્વમાં રહીને પરનું જે જ્ઞાન થાય તે વ્યવહાર છે. આ નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ છે. સત્તામાં રહેલાં કર્મો ઉદયમાં આવે તે જ્ઞાનીને જે કાંઈ અલ્પ રાગ-દ્વેષ છે તેમાં તો નિમિત્ત નથી પણ પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં પરપ્રકાશક શક્તિ જે ખીલી છે તે જ્ઞાનમાં

જૂના કર્મો જ્ઞેય તરીકે જણાય છે એટલે કે જ્ઞાનીને જૂના કર્મો જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સ્વ તે જ્ઞાતા ને જૂના કર્મો તે જ્ઞેય એમ જ્ઞાતાજ્ઞેય સંબંધ છે. જુઓ, પર્યાયદ્રષ્ટિ અને સ્વભાવદ્રષ્ટિમાં આટલો બધો આંતરો છે. વળી સમ્યગ્દ્રષ્ટિને તો મતિ-શ્રુતજ્ઞાન છે. તેમાં કર્મો પ્રત્યક્ષ જણાતા નથી. પણ હું જ્ઞાનસ્વભાવી છું એમ શ્રદ્ધા-જ્ઞાન થતાં નિર્મળદશા પ્રગટ થઈને અશુદ્ધતાનો નાશ થયો ને અશુદ્ધતાનો નાશ થતાં જડકર્મો જડકર્મોના કારણે ટળી જાય છે, એમ જાણી લ્યે છે. અલ્પ રાગ થાય છે તેને અને સત્તામાં રહેલાં પૂર્વે બાંધેલા કર્મોને માત્ર જાણી લ્યે છે. કારણ કે જ્ઞાનીનો જ્ઞાનસ્વભાવ છે, કર્તાપણાનો સ્વભાવ નથી. તેથી જ્ઞાનીને નવાં કર્મોનો બંધ થતો નથી.

ભાવાર્થ : જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી. અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહ હોતા નથી. અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી. આ રીતે જ્ઞાની શરીરાદિની ક્રિયાનો અને રાગનો સદાય અકર્તા છે તેથી તે નવાં કર્મો બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં છે તેને જાણે જ છે.

અવિરત સમ્યગ્દ્રષ્ટિને અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. આત્માનું ભાન છે, શરીરાદિ પર છે, તેનો કર્તા નથી તેમજ પુણ્ય-પાપના પણ કર્તા થતા નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું એવા શ્રદ્ધા-જ્ઞાન થયાં છે, પુણ્યની રુચિ છૂટી છે પણ સ્વરૂપમાં વિશેષ રમણતા થવી જોઈએ તે થઈ નથી. આસક્તિભાવ છૂટ્યો નથી. સ્વભાવની રુચિ છે પણ આસક્તિને લીધે શુભાશુભ ભાવો થાય છે. તે હોવા છતાં તેને યથાર્થ અંતરભાન વર્તે છે.

આવો અવિરત સમ્યગ્દ્રષ્ટિ કોઈવાર લડાઈમાં હોય છે, ક્રોધ, માન, માયા, લોભના પરિણામ થઈ આવે, ચોથે ગુણસ્થાને આર્ત રૌદ્ર ધ્યાન હોય છે, જડની પર્યાયને જડ જાણે છે, અલ્પ દ્વેષને પણ જાણે છે, કોઈવાર દયા-દાનાદિના ભાવો હોય છે પણ તેના સ્વામી થતા નથી. શ્રેણિક મહારાજાને મૃત્યુ વખતે ઝેર પીવાનો ભાવ થયો. અશુભભાવ છે તેને જાણે છે, જડની ક્રિયાને પણ જાણે છે. એ વખતે પણ જ્ઞાનનું પરિણમન ખસતું નથી. મરીને નરકમાં ગયા છે, ત્યાં પ્રતિકૂળ સંયોગોમાં હોવા છતાં જ્ઞાતા છું, એવી દ્રષ્ટિ ખસતી નથી. ક્ષણે ક્ષણે ધર્મ થઈ રહ્યો

છે. જ્યારે અજ્ઞાની મુનિ થાય, ધ્યાનમાં હોય કે શ્રાવક દયા દાનના પરિણામમાં હોય તોપણ તેની દ્રષ્ટિ પુણ્ય ઉપર ને નિમિત્ત ઉપર છે, તેથી તેને અધર્મ થઈ રહ્યો છે. આમ દ્રષ્ટિ ફેરે ફેર છે. જ્ઞાની તથા અજ્ઞાનીને ઘણો આંતરો છે.

જે જીવ શરીરની ક્રિયા મારાથી થાય ને પુણ્યથી ધર્મ થાય, એમ માને તે અજ્ઞાની છે. તે જીવ નવતત્ત્વને પૃથક જાણતો નથી. જીવથી અજીવની ક્રિયા થાય, એમ જીવ-અજીવને એક કરે છે. પુણ્યથી ધર્મ થાય એવી માન્યતા હોવાથી પુણ્ય ને સંવર જુદા માનતો નથી. પુણ્ય-પાપ આસ્રવ છે, છતાં પુણ્યથી સંવર માને છે.

૧. નિમિત્તથી તો સંવર એટલે ધર્મ થતો નથી છતાં અજ્ઞાની નિમિત્તથી લાભ માને છે.

૨. પુણ્યના આશ્રયે સંવર અથવા ધર્મ થતો નથી કારણ કે પુણ્ય વિકાર છે. વિકારમાંથી અવિકારીદશા થાય નહિ છતાં અજ્ઞાની પુણ્યથી ધર્મ માને છે.

૩. સમ્યગ્દ્રષ્ટિને જે સંવર પ્રગટ્યો છે તે સંવરની પર્યાયમાંથી વિશેષ શુદ્ધતારૂપ સંવર થતો નથી કારણ કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી.

૪. સમ્યગ્દર્શરૂપી સંવર અથવા ચારિત્ર-દ્રવ્યસ્વભાવમાંથી આવે છે. અજ્ઞાનીને એવા દ્રવ્યસ્વભાવની શ્રદ્ધા નથી. તેથી નિમિત્ત ને પુણ્યથી લાભ માને છે. તે એકે તત્ત્વને જાણતો નથી એટલે જીવને પણ જાણતો નથી.

અજ્ઞાની જીવને પુણ્યની મીઠાશ ખસતી નથી ને પુણ્ય-પાપ રહિત આત્માની મીઠાશ આવતી નથી. સારા કર્મ બંધાય ને તીર્થંકર નામકર્મ બંધાય એમ ભાવના ભાવે છે. જે જીવ કર્મની ભાવના ભાવે છે તે મિથ્યાદ્રષ્ટિ છે, તેને તીર્થંકર નામકર્મ બંધાતું નથી. પૈસા નહિ, પૂર્વ પુણ્ય નહિ, નવો શુભરાગ નહિ, હું તો જ્ઞાનમાત્ર છું, એવા ભાનવાળા કોઈ સમ્યગ્દ્રષ્ટિને તીર્થંકર ભગવાનની સમીપે શુભરાગ વખતે તીર્થંકર નામકર્મ બંધાય છે, પણ તેનો આદર નથી. મિથ્યાદ્રષ્ટિ જીવ શુભ ને કર્મની રુચિ રાખી અનંતવાર ભગવાન પાસે ગયો ને દ્રવ્યલિંગી મુનિપણું અંગીકાર કરી ૩૧ સાગરની સ્થિતિએ નવમી ગ્રૈવેયકે ગયો પણ પુણ્યની રુચિ રાખી તેથી સંસારમાં રઝળ્યો ને નરક-નિગોદમાં ગયો. તેથી અજ્ઞાનીને શુભરાગ હોય તો પણ તે અજ્ઞાનના પક્ષમાં ગણાય છે.

જ્યારે સમ્યગ્દ્રષ્ટિને સાચું ભાન છે કે હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું. પરથી ઉદાસ છે, ચૈતન્યસ્વભાવનો આશ્રય છે. એવા જીવોને બાહ્ય વ્રતાદિ ન હોય, ને કદાચ અશુભભાવ પણ હોય છતાં પણ તેમનાં રાગ-દ્વેષ અજ્ઞાનના પક્ષમાં નથી. તે રાગનો પણ જ્ઞાતા રહે છે. આમ તેમને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે.

નિરંતર=એક સમયના આંતરા વાગર, કારણ કે તેમની અખંડ સ્વભાવ ઉપર જ દ્રષ્ટિ છે. તેથી તેને સમયે સમયે ધર્મ થઈ રહ્યો છે.

શુદ્ધિ -

પ્રસાદ નં. ૧૬૯ પૃષ્ઠ ૧૧૧૯માં “સ્વભાવદ્રષ્ટિવંત ધર્મી જીવને જૂનાં જડકર્મનો ઉદય કહેવાતો નથી ને તેને નવાં કર્મ બંધાતાં નથી” એ મથાળા નીચે આ સાથેનું લખાણ વાંચવું :–

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને સ્વભાવની રુચિ છે. પરને લીધે રાગ-દ્વેષ થાય તેમ તો તે માનતો જ નથી. પણ પોતાની પર્યાયમાં થતા દયા-દાનાદિના પરિણામને પણ પોતાનું સ્વરૂપ માનતો નથી. સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છું, મારું સુખ મારામાં છે એવી સ્વભાવબુદ્ધિ વર્તે છે તેને લીધે સમ્યગ્દ્રષ્ટિને જૂના કર્મો ઉદયમાં આવ્યા કહેવાતા જ નથી ને જૂના કર્મો તેમને આગામી કર્મોના આસ્રવમાં નિમિત્ત નથી. તેથી ધર્મીજીવને આસ્રવ જ નથી. અલ્પ રાગ-દ્વેષની વાત ગૌણ છે. જુઓ, આ સ્વભાવદ્રષ્ટિમાં સંસારનો અંત છે.

અને જ્યારે પર્યાયદૃષ્ટિવાળો જીવxxxxxxએ લખાણ ઉપર નીચેનું મથાળું વાંચવું :-

પર્યાયદ્રષ્ટિવાળો જીવ બાહ્ય એકાંત ધ્યાનમાં હોવા છતાં અંતરમાં અજ્ઞાનમાં દોડાદોડ કરે છે.

# પ્રસાદ નં. ૧૭૨

## સમયસાર ગાથા ૧૬૬ ભાવાર્થ

(ચૈત્ર વદ ૩, મંગળવાર, ૨૦૦૭, તા. ૨૪-૪-૫૧)

### "જ્ઞાની રાગ-દ્વેષનો સ્વામી થતો નથી"

આ આત્મા છે, તે જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણનો પિંડ છે. તેની પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે, તે મારાં છે ને હું એટલો જ છું તેમ માનનારને આસ્રવ ને અધર્મ થાય છે. જ્ઞાની પોતાને ચૈતન્ય શુદ્ધ સ્વભાવી માને છે તેથી તેને અનંતાનુબંધીનો બંધ પડતો નથી. અભ્યંતર જીવનનો પટલો કેમ થાય તેની વાત છે. જ્ઞાનીને અંતરભાન થયા પછી પોતાની નબળાઈના કારણે રાગ-દ્વેષ થાય છે, શ્રદ્ધાએ તો અખંડ જ્ઞાન સ્વભાવ જ સ્વીકાર્યો છે. છતાં ચારિત્રગુણ વિકારરૂપે પરિણમે છે. આત્મા એક ગુણમય નથી. તેમાં અનંતગુણો છે. એક ગુણ સવળો પરિણમે એટલે બધા ગુણો તે જ વખતે સવળા પરિણમવા જોઈએ, એમ નથી. શ્રદ્ધા ગુણ સવળો હોવા છતાં ચારિત્રગુણ વિપરીત પરિણમે છે. અહીં ચારિત્રમોહના ઉદયની બળજોરીથી રાગ-દ્વેષ થાય છે. એનો અર્થ એ નથી કે કર્મ રાગ-દ્વેષ કરાવે છે. કારણ કે કર્મ રાગ કરાવે તે માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. જો કર્મ રાગ કરાવે તો રાગનો અભાવ થઈને વીતરાગ થવાનો પ્રસંગ બની શકે નહિ. જ્ઞાનીને પોતાની ચારિત્રગુણની વિપરીતતા છે. તેને લીધે રાગ થાય છે, તેનો જ્ઞાની જીવ સ્વામી થતો નથી. જ્ઞાની તેને પણ જાણે છે.

### "રાગને રોગ સમાન જાણી જ્ઞાની રાગને કાપે છે. રાગને કાપવું એટલે શું?"

વળી જેમ શરીરની અંદર રોગ આવે તે નિરોગતાનું ચિહ્ન નથી. જીવ રોગ રાખવાનો કામી નથી તેમ પોતાની નબળાઈથી થતા પુણ્ય-પાપના ભાવો રોગ સમાન છે. તેને જ્ઞાની રાખવા માગતો નથી, તેને જ્ઞાનસ્વભાવનો જ આદર હોય છે અને તેમાં લીનતા કરીને તે રાગને કાપતો જાય છે. અહીં રાગને કાપવાનું કહ્યું છે. તો શું રાગ વિદ્યમાન છે, તેને કાપતો હશે? રાગ હોવા છતાં તેને ટાળું છું, એમ માનવું તે તો મિથ્યાત્વ છે. રાગનો ઉત્પાદ છે તેને શું કાપવો? તે તો બીજે સમયે તેના કારણે ટળી જવાનો છે ને જે રાગ થયો નથી, તેને શું કાપવો? પોતાના

જ્ઞાનસ્વભાવમાં ઠર્યો એટલે રાગની ઉત્પત્તિ જ થઈ નહિ. એટલે તેણે રાગ કાપ્યો એમ કહેવામાં આવે છે. શાસ્ત્રનાં કથન સમજવા જોઈએ. શાસ્ત્રમાં આત્મા નથી. શાસ્ત્રના યથાર્થ અર્થ કેમ કરવા તે જ્ઞાની જાણે છે.

## "જ્ઞાનીને રાગ વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન જેવો છે"

જ્ઞાનીને જે રાગ-દ્વેષ હોય છે તે હોવા છતાં અવિદ્યમાન એટલે નહિ હોવા બરાબર છે. જુઓ, સ્વભાવદ્રષ્ટિનું જોર! અજ્ઞાનીની રુચિ પર ઉપર છે તેથી તેને અનંત સંસાર વધે છે. જ્ઞાનીને પર્યાયબુદ્ધિ નથી, સ્વભાવ ઉપર રુચિ છે. ને રાગ-દ્વેષના સ્વામી નથી, તેથી નહિ જેવા રાગ-દ્વેષ છે ને તેથી તેને આગામી મિથ્યાત્વરૂપી સંસારનો બંધ થતો નથી. માત્ર અપ્રત્યાખ્યાનાદિ કર્મનો બંધ પડે છે તે અલ્પ સ્થિતિનો છે. આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.

## "અજ્ઞાની ધ્યાનમાં હોવા છતાં અનંત સંસારી છે, જ્ઞાની સંસારમાં હોવા છતાં અલ્પ સંસારી છે."

વળી પરપદાર્થમાં તે કારણે કાર્ય થાય છે. પણ જીવ નિમિત્ત છે તો પરમાં કાર્ય થાય છે, એમ અજ્ઞાની માને છે. તેથી નિમિત્ત કર્તાનો આરોપ પણ અજ્ઞાનીને આવે છે. જ્ઞાની સર્વ પદાર્થને સ્વતંત્ર માને છે. તેથી જ્ઞાનીને નિમિત્ત કર્તાનો આરોપ આવતો નથી. અજ્ઞાની ધ્યાનમાં બેઠો હોય પણ અંતરમાં નિમિત્ત ઉપર ને પુણ્ય ઉપર વજન છે. એવું શલ્ય હોવાના કારણે તે પર્યાયબુદ્ધિ છે. તેથી તે અનંતસંસારનું કારણ એવા કર્મને બાંધે છે. જ્યારે જ્ઞાનીને અંતર્ ભાન છે, પરપદાર્થની અવસ્થા એના કારણે થાય છે. હું એનો કર્તા નથી. મને કર્મોએ રાગ કરાવ્યો નથી. જરા રાગ થાય છે તે મારી નબળાઈના કારણે થાય છે. તે રાગ પણ સ્વભાવના આશ્રયે ટળતો જાય છે. તેથી જ્ઞાનીને આસ્રવ નથી, બંધ નથી.

આ રીતે જ્ઞાનીને આસ્રવ નહીં હોવાથી બંધ થતો નથી. ॥૧૬૬॥

હવે રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે, એવો નિયમ કરે છે.

ગાથા ૧૬૭

**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહિ, જ્ઞાયક નર્યો. ૧૬૭**

અન્વયાર્થ :–જીવે કરેલો રાગાદિયુક્ત ભાવ બંધક (અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. રાગાદિથી વિમુક્તભાવ બંધક નથી, કેવળ જ્ઞાયક જ છે.

## "મોહ રાગ દ્વેષને આત્માના ત્રિકાળી સ્વભાવ સાથે ભેળસેળ માનવો તે અજ્ઞાનમય ભાવ છે."

ટીકા :–લોહચુંબક પાષાણની નજીક સોય હોય તે લોહચુંબક તરફ તુરત ખેંચાઈ જાય છે. તે સોયમાં પોતામાં ખેંચાઈને આવવાની યોગ્યતા છે. લોહચુંબકના નજીક ક્ષેત્રવાળી સોય લોહચુંબકનો સંસર્ગ કરે છે તેથી સોય ગતિ કરે છે. અહીં લોહચુંબકને લીધે સોય ખેંચાણી એમ સમજવું નહિ પણ પોતે લોહચુંબકનો સંસર્ગ કર્યો માટે ખેંચાણી, એ દ્રષ્ટાંત છે. તેમ આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ છે. એમ ભાન ચૂકીને દયા-દાનાદિના જે પરિણામ થયા તે જ હું છું, એવો ભેળસેળપણાથી ઉત્પન્ન થયેલો અજ્ઞાનમયભાવ જ નિમિત્ત ઉપર રુચિ કરાવે છે તેથી નવા કર્મનો બંધ થાય છે. અત્રે ભેળસેળ શબ્દ વાપર્યો છે. આત્માનો મૂળ સ્વભાવ નિરુપાધિમય શાંત છે. તે ચૂકીને દયાદાનના જે ભાવો ઉપાધિભાવ છે તેની સાથે ભેળસેળ કરે છે. વસ્તુ સ્વભાવમાં અજ્ઞાનભાવ નથી પણ ચૈતન્યનો આદર ચૂકીને પુણ્યપાપને આત્મા સાથે એકમેક માની વિકારની રુચિ કરી, વિકારનો સંસર્ગ કર્યો તે ભેળસેળ કર્યો છે. પોતાના જ્ઞાતા દ્રષ્ટા શુદ્ધ સ્વભાવ ચૈતન્યની મર્યાદા ચૂક્યો છે. પુણ્ય-પાપ વિષ્ટા સમાન છે, તેને ચૈતન્ય અમૃત સાથે એકમેક કરે છે. સ્વભાવબુદ્ધિ છોડી પર્યાયબુદ્ધિ કરે છે. સ્વભાવ તરફ નહિં ખેંચાતા વિકારની રુચિમાં ખેંચાણો. આવા ભેળસેળપણાથી ઉત્પન્ન થયેલો ભાવ અજ્ઞાનમય જ છે ને તેથી કર્મનો બંધ થાય છે. પોતાની ચૈતન્ય નિધિ સિદ્ધ સમાન છે. તેની રુચિ નથી તેને પુણ્ય-પાપની રુચિ થયા વગર રહેતી નથી.

## "પર પદાર્થ એક સમય પણ આત્મામાં ભેળસેળ નથી તેનાથી લાભ-નુકશાન માનનાર અજ્ઞાનીની તો અત્રે વાત જ નથી."

વળી, અહીં ભેળસેળપણાની જે વાત લીધી છે, તેમાં પણ ખૂબી છે. લક્ષ્મી સાથે, કર્મ સાથે આત્માને ભેળસેળ માને છે. તેવા અજ્ઞાનીની અત્રે વાત લીધી નથી. લક્ષ્મી પુણ્યના યોગે આવે ને જાય છે. તે આત્માની ચીજ નથી. શરીર આત્માનું હોય તો આત્મા અહીંથી બીજી ગતિએ જાય છે ત્યારે સાથે જવું જોઈએ.

શરીર અત્રે પડ્યું રહે છે માટે શરીરથી આત્મા સદાય મુક્ત જ છે. વળી કર્મનો પણ અભાવ થઈ જાય છે, જો આત્મા સાથે એકમેક હોય તો કદી છૂટાં પડે નહિ પણ તે તો છૂટાં પડે છે માટે કર્મથી પણ આત્મા સદાય મુક્ત જ છે. તેથી આત્મા લક્ષ્મી, શરીર, કર્મથી કદી પણ ભેળસેળ થયો નથી. રાગદ્વેષ તો એક સમય પૂરતી આત્માની અવસ્થામાં છે. પણ પરપદાર્થ તો એક સમય પણ તારામાં ભેળસેળ નથી. છતાં અજ્ઞાનના કારણે જીવને એકમેક લાગે છે. તેવા સ્થૂળ અજ્ઞાની જીવની તો વાત જ નથી. કર્મ ને શરીરને લીધે રાગ-દ્વેષ થાય કે તે લાભ-નુકશાન કરે એવાની તો વાત જ નથી.

## "પર્યાયબુદ્ધિથી ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ જ બંધનું કારણ છે."

અહીં તો કહે છે પરપદાર્થને લીધે રાગ થાય તેની તો વાત નથી. પણ પોતાના કારણે મોહ રાગદ્વેષ થાય છે તે મલિન પરિણામનો સ્વીકાર તે સ્વભાવનો અસ્વીકાર છે. તેણે રાગદ્વેષનું પોતાના આત્મા સાથે જોડાણ કર્યું છે. એક સમય પૂરતી પોતાની અવસ્થામાં થતા રાગ-દ્વેષ-મોહને પોતાના ત્રિકાળી જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ સાથે ભેળસેળ કરવાથી જે અજ્ઞાનમય ભાવ થયો છે તે અજ્ઞાનભાવ જીવને કર્મ કરવાને પ્રેરે છે એટલે કે સંસારનું કારણ થાય છે.

## "આત્માનો જ્ઞાનસ્વભાવ રાગ-દ્વેષની ચીકાશ વગરનો લૂખો છે તેમાં શ્રદ્ધા-જ્ઞાનથી બંધ થતો નથી."

લૌકિકના શિક્ષણમાં વખત લ્યે છે તેમ આમાં વખત લેવો જોઈએ ને વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ, ઉપર અજ્ઞાનીની વાત કરી હવે જ્ઞાનીની વાત કરે છે. જેમ જે લોખંડની સોય લોહચુંબક નજીક હોતી નથી તે ખેંચાતી નથી પણ સ્થિરરૂપ રહે છે. તેમ જે જીવ રાગ-દ્વેષ-મોહને પોતાના ત્રિકાળી સ્વભાવમાં ભેળસેળ કરતો નથી ને પોતાના જ્ઞાનસ્વભાવમાં રહે છે. તેને કર્મનો બંધ પડતો નથી. અહીં કહ્યું છે કે આત્માને રાગ-દ્વેષ-મોહ સાથે ભેળસેળ નહિ કરવાથી એટલે કે રાગ-દ્વેષ પ્રથમ ઉત્પન્ન થયાને પછી આત્મા તેમાં ભળ્યો નહિ, એમ એનો અર્થ નથી. જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા થતા રાગ-દ્વેષ થયો જ નહિ તેને રાગ-દ્વેષ સાથે આત્મા ભળ્યો નહિ એમ કથન કર્યું છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના આદરમાં રાગનો આદર નથી તેને કર્મબંધ થતો નથી.

જીભ એરંડિયાવાળી થઈ હોય તેને સાફ કરવા માટે સાબુથી ધોવી પડતી નથી, કારણકે જીભ પોતે લૂખાશવાળી છે. તેથી તે લૂખી થઈ જાય છે. તેમ આત્મા રાગ વગરનો પોતે લૂખો છે. તેને પર્યાયમાં જરા ચીકાશ-રાગ-દ્વેષ છે તે કાઢવા માટે કોઈ શરીરાદિની ક્રિયા કરવી પડતી નથી કે જે વડે તે ચીકાશ મટે પણ આત્મસ્વભાવ પોતે જ લૂખો છે. તેમાં પરવસ્તુનો અભાવ છે. તેને તો છોડવાનું રહેતું નથી પરંતુ રાગના ગ્રહણ ત્યાગ પણ વસ્તુ સ્વભાવમાં નથી. જેમાં રાગની ચીકાશ પેઠી નથી એવા લૂખા જ્ઞાન સ્વભાવના શ્રદ્ધા જ્ઞાનના કારણે રાગ ઉત્પન્ન થતો નથી. આવી શ્રદ્ધા કરનાર જ્ઞાની પોતે પોતાના સ્વભાવમાં રહે છે તેથી તેને કર્મબંધ થતો નથી. એ જ ધર્મ ને મોક્ષનું કારણ છે.

# પ્રસાદ નં. ૧૭૩

## સમયસાર ગાથા ૧૬૭

(ચૈત્ર વદ ૪, બુધવાર, ૨૦૦૭)

### જ્ઞાનીને જ્ઞાનસ્વભાવની શ્રદ્ધાના કારણે વીતરાગી પરિણામ થાય છે.

પર્યાયબુદ્ધિવાળા જીવને આસ્રવ કહ્યો છે. આત્મા શાંતસ્વભાવી છે એવી દ્રષ્ટિ ન રહેતાં વિકાર-પુણ્ય-પાપને આત્મા સાથે એક માનવા તે આસ્રવ છે. સ્વભાવદ્રષ્ટિવાળા જીવને આસ્રવ થતો નથી. જેવી રીતે લોહચુંબક પત્થરના સંસર્ગમાં નહિ આવેલી સોય ગતિ કરતી નથી પણ સ્થિર રહે છે. તેમ આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવી દ્રષ્ટિ હોવાથી જ્ઞાની પુણ્ય-પાપ સાથે એકત્વ કરતો નથી. મોહરાગદ્વેષ ઉત્પન્ન થતા નથી તેને મોહરાગદ્વેષ સાથે ભેળસેળ થયો નથી, એમ કહેવામાં આવે છે. અંતર્મુખ વળેલો ભાવ જ્ઞાનમય વીતરાગી પર્યાય પ્રગટ કરે છે. જ્ઞાનીને સ્વભાવ તરફ ઉત્સાહ છે, પણ રાગ સાથે એકત્વબુદ્ધિ કરવાનો ઉત્સાહ નથી. જે સમયે રાગ થાય છે તેને તે સમયે હું રોકી શકું છું, એમ માનવું એ મિથ્યાભાવ છે. તે સમયે રાગથી પૃથક્ થઈ શકે નહિ પણ જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન થતાં રાગ સાથે એકત્વબુદ્ધિ થતી નથી એટલે કે રાગથી પૃથક્ કર્યો એમ કહેવામાં આવે છે. આમ સ્વભાવદ્રષ્ટિ વિકારની એકત્વબુદ્ધિના અભાવનું કારણ છે. આનું નામ ધર્મ છે. વર્તમાન રાગ-દ્વેષને સ્વીકારીને રાગમાં જોડાણ થતું હતું પણ સ્વભાવનો પ્રકાશ થતાં જ્ઞાની કર્મ સાથે એકત્વબુદ્ધિ કરવાને ઉત્સુક નથી એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે.

### રાગને ત્રિકાળી સ્વભાવ સાથે એક કરનાર અજ્ઞાનમયભાવ બંધનું કારણ છે.

તેથી નક્કી થાય છે કે રાગાદિ સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરે છે, માટે તે બંધનું કારણ છે. એક તરફ આત્મા ધ્રુવ શુદ્ધ સ્વભાવ ને બીજી તરફ વર્તમાન પુણ્ય-પાપના ભાવ—એ બેને એક માનવા તે મિશ્રિતભાવ અજ્ઞાનમયભાવ છે. અજ્ઞાની જીવ બહારનાં વ્રત-તપ કરે. તેની ઉજવણીમાં પાંચ પચાસ હજાર રૂપિયા ખર્ચે, ઘેર માંડવા નાખે, અજ્ઞાનીને લાગે કે અહો ભાઈ, બહુ ધર્મ કર્યો. પરપદાર્થની ક્રિયા સાથે આત્માને એક કરે છે તેની વાત તો નથી પણ

અંતરમાં વ્રતાદિના શુભરાગ સાથે એકત્વબુદ્ધિ કરનાર જીવનો ભાવ અજ્ઞાનમય છે. તે બંધ ને સંસારનું કારણ છે.

## જ્ઞાનમય ભાવ જરાપણ બંધનું કારણ નથી, ધર્મનું કારણ છે.

રાગાદિ સાથે અમિશ્રિતભાવ સ્વભાવનો પ્રકાશક (-પ્રગટ કરનાર) હોવાથી કેવળ જ્ઞાયક જ છે, જરાપણ બંધક નથી. અહીં રાગ ઉત્પન્ન થયો ને પછી તેની સાથે આત્મા ન ભળ્યો, એમ એનો અર્થ નથી. પણ સ્વભાવદ્રષ્ટિ થતાં એકત્વબુદ્ધિના રાગદ્વેષ ઉત્પન્ન જ થતા નથી તેને રાગ સાથે ભળ્યો નહિ—એમ કહેવામાં આવે છે. સ્વભાવસન્મુખના ઉત્સાહમાં રાગનો ઉત્સાહ નથી. આવી જ્ઞાતાદ્રષ્ટિ હોય ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જ શ્રદ્ધા હોય છે છતાં તેમના તરફના રાગ સાથેના એકત્વબુદ્ધિનો અભાવ છે. તે માત્ર જ્ઞાયક છે તેથી જરાપણ બંધક નથી. નબળાઈના રાગનું બંધન અલ્પ છે તે ગૌણ છે. અહીં દ્રવ્યદ્રષ્ટિની પ્રધાનતાથી કથન છે.

ભાવાર્થ : પુણ્ય-પાપની સાથે સ્નેહ કરવો એ અજ્ઞાનમય ભાવ બંધનો કરનાર છે. જ્યારે રાગાદિક સાથે નહિ ભળેલો જ્ઞાનમયભાવ બંધનો કરનાર નથી પણ ધર્મનું કારણ છે. એ નિયમ છે. ॥૧૬૭॥

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :–

**ગાથા ૧૬૮**

**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહિ,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહિ. ૧૬૮**

અન્વયાર્થ : જેમ પાકું ફળ ખરી પડતાં ડીંટા સાથે જોડાતું નથી, તેમ જીવને કર્મભાવ ખરી જતાં (અર્થાત્ છૂટો થતાં) ફરીને ઉત્પન્ન થતો નથી. (અર્થાત્ જીવ સાથે જોડાતો નથી.)

ટીકા : જેમ પાકું ફળ ખરી પડ્યું તે ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી. તેને રેણ મારવાથી તે ચોંટતું નથી. તેમાં રસ ચડતો નથી. તેમ ચૈતન્યસ્વભાવથી રાગ જુદો પડ્યો તે રાગ ફરીને જીવભાવને પામતો નથી. પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ દ્રષ્ટિ થઈ એટલે કર્મ સાથેની એકતાબુદ્ધિ ટળી ને જે એકતાબુદ્ધિ ટળી તે ખરી પડેલા ફળની માફક ફરી જીવ સાથે એકત્વબુદ્ધિ પામતી નથી. આ રીતે હું જ્ઞાનસ્વભાવ છું, એવા શ્રદ્ધા-જ્ઞાન કરીને ઉત્પન્ન થયેલા વીતરાગી પરિણામ ફરીને મિથ્યાત્વભાવરૂપ થતા નથી.

આચાર્ય ભગવાન તો પાંચમાં આરામાં થયા છે, છતાં ક્ષાયિક સમકિત ને ક્ષાયિક ચારિત્રની જ વાત કરે છે. પાંચમાં આરામાં કેવળજ્ઞાન નથી ને ક્ષાયિક સમકિત પણ તીર્થંકર ભગવાન કે શ્રુતકેવળીની સમીપમાં જ થાય છતાં ક્ષાયિક સમકિત ને ક્ષાયિક ચારિત્રની વાત કેમ લીધી?

સમાધાન : કાળને તેઓ સંભારતા નથી. પોતાનો અપ્રતિહત ભાવ ઊપડ્યો છે તે ક્ષાયિક સમકિત ને ક્ષાયિક ચારિત્ર લીધે જ છૂટકો. અહીં પડવાની વાત જ નથી. દુકાન નવી નાખે તે એમ વિચાર કરતો હશે કે દુકાન નહીં ચાલે ને દેવાળું નીકળશે તો? ત્યાં એમ વિચાર કરતો નથી પણ દુકાન સારી જ ચાલશે એવો ભરોસો છે. તેમ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈ છે, અંતર ભગવાનના ભેટા થયા છે ને બાહ્યમાં નિમિત્તરૂપે ભગવાનના ભેટા થયા છે તેવા આચાર્ય ભગવાનને પાછા પાડવાની વાત છે જ નહિ. જેમ ગુલાબની કળી પાછી સંકોચાઈ જતી નથી, તેમ અહીં આચાર્ય ભગવાન ગુલાબની કળીની જેમ ખીલ્યા છે. મિથ્યાદશામાં રાગ સાથે જ્ઞાનસ્વભાવ એકત્વ થઈ સંકોચાયેલો હતો તે સ્વભાવબુદ્ધિ થતાં ખીલી નીકળ્યો– વિકાસ પામ્યો. તે વિકાસ પામેલો સ્વભાવ ફરી મિથ્યાત્વ સાથે એકમેક થતો નથી. મિથ્યાત્વ સાથે એકમેક થયેલો ભાવ સંસારનું મૂળ હતું. તે છેદાઈને સ્વભાવ સાથે પરિણતિ એકમેક થઈ તે મોક્ષનું મૂળ છે.

ભાવાર્થ : જો ચૈતન્યસ્વભાવ એકવાર અપ્રતિપાતીભાવે વિકારથી જુદો પરિણમે તો ફરી મિથ્યાત્વભાવ ઉત્પન્ન થતો નથી. જુઓ, આ અધિકાર આસ્રવનો છે, છતાં અનાસ્રવી આત્માની વાત લીધી છે. જેમ માખણ છાશમાંથી નીકળ્યા પછી ફરી તે છાશરૂપે થતું નથી તેમ એકવાર રાગ સાથેની એકત્વબુદ્ધિ ટળે તો ફરીને મિથ્યાત્વના રાગ-દ્વેષ થતા નથી. આ રીતે ઉત્પન્ન થયેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ સદાય જ્ઞાનમય જ રહે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. એવાં શ્રદ્ધા-જ્ઞાન થયા પછી ધર્મીને ચોથે-પાંચમે ગુણસ્થાને કોઈવાર આર્ત રૌદ્ર ધ્યાન હોય છે, છઠ્ઠે કોઈવાર આર્તધ્યાન હોય છે. પણ એકત્વબુદ્ધિ નહીં હોવાને કારણે નિશ્ચયદ્રષ્ટિમાં તેને જોડાણ ગણ્યું નથી. ચક્રવર્તીને મોટો પરિવાર હોય છે, ભોજન સામગ્રી મોટા પ્રમાણમાં રંધાય છે. છતાં જ્ઞાનસ્વભાવનું પરિણમન ખસતું નથી.

પ્રશ્ન : આટલી બધી પ્રવૃત્તિમાં જ્ઞાની ચક્રવર્તી દેખાય છે તો તે છકાયની દયામાં માનતો હશે કે નહિ?

સમાધાન : મારો આત્મા બધી જાતના કાય રહિત છે એવા અકાય આત્માના ભાન પછી સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે છકાયના જીવો મારા જેવા જીવો છે. મારા હણ્યા

હણાતા નથી ને મારા જીવાડ્યા જીવતા નથી ને પોતાને અલ્પ વિકાર અશુભ થાય છે તેને હેય સમજે છે ને તે ભાવને પોતાના ચૈતન્ય સાથે જોડતો નથી. અંતરમાં ચૈતન્ય સ્વભાવ ચૂક્યો નથી. અંતરમાં સિદ્ધપદ સંઘરીને બેઠો છે. આદિ, મધ્ય ને અંતમાં સ્વભાવને જ અગ્ર કરે છે. સંસાર તો એક સમયનો છે, વર્તમાન અંશનો સ્વીકાર તે જ મોટું પાપ છે. તે અંશનો સ્વીકાર કરતો નથી પણ અંશીનો સ્વીકાર કરે છે તેથી અનંતા સંસારનું કારણ થાય એવો બંધ નથી.

જ્ઞાનીને ચોથે, પાંચમે, છઠ્ઠે અસ્થિરતા થાય છે તે રાગના જોડાણને જોડાણ ગણવામાં આવ્યું નથી ને જે અલ્પબંધ પડે છે તે સ્વભાવદ્રષ્ટિમાં બંધ ગણવામાં આવ્યો નથી. કારણ કે જડ પરમાણુનો જેને બંધ પડ્યો નથી, જડ પરમાણુ જેને કદી સ્પર્શ્યા નથી એવા અબદ્ધસ્પૃષ્ટરૂપે આત્મપરિણમન નિત્ય થયા જ કરે છે. સમ્યગ્દ્રષ્ટિને ચોથે ગુણસ્થાને ૪૧ પ્રકૃતિનો બંધ પડતો નથી ને અજ્ઞાની ધ્યાનમાં હોય તોપણ બધી પ્રકૃતિનો બંધ પડે છે કારણ કે તેને અંશ ને નિમિત્તની રુચિ છે. અને સમ્યગ્દ્રષ્ટિને અમુક પ્રકૃતિ બંધાય છે પણ તે પ્રકૃતિઓ અનંત સંસારનું કારણ નથી. મૂળથી કપાયેલા ઝાડોનાં પાંદડા જેમ સુકાવા માંડે છે તેમ મિથ્યાત્વરૂપ મૂળ છેદાઈ જવાથી બીજી કર્મપ્રકૃતિઓ પણ નાશ પામે છે.

હવે જે જ્ઞાનમય ભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે, એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## કળશ ૧૧૪

જે જીવને એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ ટળી ગયા છે ને ચૈતન્યસ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા છું એવું ભાન છે તેને જે ભાવ રચાયેલો છે તે સર્વે દ્રવ્યકર્મોને રોકે છે ને સર્વે ભાવઆસ્રવના અભાવસ્વરૂપ છે. અહીં જ્ઞાનથી રચાયેલો ભાવ કહ્યો છે. કોઈ શુભભાવથી કે નિમિત્તથી રચાયેલો ભાવ કહ્યો નથી. વળી તે દ્રવ્યકર્મના પ્રવાહને રોકે છે, એમ કહ્યું છે, દ્રવ્યકર્મ આવે છે ને પછી રોકે છે, એમ એનો અર્થ નથી. સ્વભાવબુદ્ધિ થતાં દ્રવ્યકર્મ એના કારણે આવતાં નથી અને દ્રવ્યકર્મ રોકે છે, એમ એનો અર્થ નથી. સ્વભાવબુદ્ધિ થતાં દ્રવ્યકર્મ એના કરણે આવતાં નથી એને દ્રવ્યકર્મના પ્રવાહને રોકે છે, એમ કહ્યું છે. જુઓ, અહીં સર્વ દ્રવ્યકર્મને રોકે છે તેમ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ કહ્યું છે. બન્નેમાં 'સર્વ' શબ્દ વાપરેલ છે. તો કોઈ પૂછે કે સમ્યગ્દ્રષ્ટિને શું આઠે કર્મનો અભાવ થઈ ગયો છે? સમ્યગ્દ્રષ્ટિ શું સિદ્ધ થઈ ગયો છે? ભાઈ! અહીં દ્રષ્ટિપ્રધાન કથન છે. સમ્યગ્દ્રષ્ટિને અલ્પ રાગ-દ્વેષથી થતો અલ્પભાવાસ્રવ ને અલ્પકર્મના પ્રવાહને અહીં ગૌણ કરીને દ્રવ્યદ્રષ્ટિની પ્રધાનતાથી

કથન કરેલ છે. કારણ કે સમ્યગ્દ્રષ્ટિને અનંત સંસાર નથી, અલ્પ સંસાર છે. તે પણ ટૂંક વખતમાં ટળી જાય છે તેથી સર્વ કર્મોને રોકે છે ને સર્વ ભાવાસ્રવનો અભાવ કહ્યો છે. માટે જ્યાં જે અપેક્ષા હોય તેમ અર્થ સમજવો જોઈએ. આ વાત સમજણ ને અંતરદ્રષ્ટિની છે. વાદ-વિવાદે આરો આવે એમ નથી. માટે અપેક્ષા સમજવી જોઈએ. પુણ્ય-પાપની એકત્વબુદ્ધિ તે સંસારનું મૂળ છે, એ ગયું એટલે આઠે કર્મોનો આસ્રવ થતો નથી ને સર્વે ભાવાસ્રવનો અભાવ કહ્યો છે.

આમ ચૈતન્ય સ્વભાવ દ્રષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

# પ્રસાદ નં ૧૭૪

## સમયસાર ગાથા ૧૬૮

(ચૈત્ર વદ ૫,ગુરુવાર, ૨૦૦૭)

### “જ્ઞાનીનું માપ બાહ્ય સંયોગથી નથી પણ અંતરસ્વભાવદ્રષ્ટિ જ જ્ઞાનીનું લક્ષણ છે.”

શરીર, મન, વાણીથી પોતાને હિત અહિત માનવું, પાપભાવથી સુખ માનવું, પુણ્યભાવ હિતકર માનવો તે મિથ્યાભ્રાંતિ છે, ને એ જ અધર્મ છે પણ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. શરીરાદિ બાહ્ય સંયોગો ભલે હોય પણ તે લાભ-નુકશાન કરતા નથી ને શુભાશુભ સંયોગીભાવો હોવા છતાં સંયોગોને સંયોગીભાવોથી રહિત આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એવી અંતરપ્રતીતિ ને ભાન તે જ્ઞાનમય ભાવ છે. અજ્ઞાની લોકો જ્ઞાનીના માપ બાહ્યસંયોગોથી કાઢવા માગે છે. સંયોગોના ઢગલા જોઈ માપ કાઢે કે આટલા બધા સંયોગો છે માટે કેટલો પાપી હશે? જ્ઞાનીને વેપાર આદિના સંયોગો જોઈ અજ્ઞાનીને થાય કે આ તે કેવા જ્ઞાની હશે? પણ જ્ઞાનીનું માપ બાહ્ય સંયોગો ઉપર નથી. બાહ્યમાં આવા સંયોગો વર્તે છે ને વેપાર આદિની ક્રિયામાં વર્તે છે. માટે જ્ઞાનીને તીવ્ર તૃષ્ણા છે, એમ નથી. અંતરમાં સંયોગોને શુભાશુભભાવોથી રહિત પરમ આત્મસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન વર્તે છે તે જ ધર્મ ને જ્ઞાનીનું લક્ષણ છે. અંતરમાં પૈસાનો, વૈભવનો, દુકાનનો, તૃષ્ણાનો જ્ઞાનીને આદર નથી, વાણીનો તેમજ દેહાદિક જડ પદાર્થોનો જ્ઞાની કર્તા નથી, જ્ઞાનીને નિરંતર સ્વરૂપની દ્રષ્ટિ જ વર્તે છે, એ જ જ્ઞાનીનું લક્ષણ છે. કારણ કે જ્ઞાનીને આત્મભ્રાંતિ ટળી ગઈ છે.

**આત્મજ્ઞાન સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.**

આ જગતમાં મોટામાં મોટો રોગ સ્વરૂપની અસાવધાની છે. શરીરાદિની ક્રિયા આત્મા કરી શકે છે. પુણ્યથી ધર્મ છે, આ ખપે ને ન ખપે, એમ પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગની માન્યતા તે મોટી ભ્રાંતિ છે. તે ભ્રાન્તિને ટાળવા માટે મોટા વૈદ્ય સમ્યક્જ્ઞાની ગુરુ છે. ને રોગ ટાળવા માટે પથ્ય આ ખપે ને આ ન ખપે એ નથી પણ ગુરુની આજ્ઞા એટલે ગુરુ કહે છે તે જ માન્ય રાખવું તે પથ્ય છે. ને ગુરુએ કહેલાં સ્વરૂપ ઉપર વિચાર ને ધ્યાન એ જ ઔષધ છે. આ જ રોગ મટવાની દવા છે.

## "જ્ઞાનીનો જ્ઞાનમય ભાવ ભાવાસ્રવને દ્રવ્યાસ્રવના અભાવરૂપ છે."

જ્ઞાનીને પરપદાર્થોની રુચિ નથી. બાહ્ય વૈભવના સંયોગો ઉપર ખ્યાલ નથી, અંતર વૈભવની રુચિ છે. જુઓ, અજ્ઞાની જીવ બાહ્ય સંયોગો માટે વલખા મારે છે ને જ્ઞાની સંયોગો હોવા છતાં પણ તેની રુચિ કરતો નથી, વિકારને જડની રુચિ નથી. અમો શાંત છીએ એવા જ્ઞાનમય ભાવમાં મિથ્યાત્વભાવ થતા નથી. તેથી જડકર્મોનો બંધ થતો નથી. તેથી તે ભાવ જ ભાવઆસ્રવના અભાવ સ્વરૂપ છે. પરપદાર્થની સન્મુખ બુદ્ધિ થવી એ જ સંસારનું કારણ છે. આત્મભ્રાન્તિ મોટો રોગ છે. જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યની રુચિ નહિ કરવી ને પુણ્ય-પાપની રુચિ કરવી, ઝાઝા સંયોગોનું માહાત્મ્ય આવવું ને ઓછા સંયોગોનું તુચ્છપણું ભાસવું એ જ ભ્રાન્તિ ને સંસાર છે. આ મિથ્યાત્વરૂપી પાપ ગયા પછી બીજા ચાર અવ્રત, પ્રમાદ, કષાય, યોગ ટળે છે. મૂળ કપાયા પછી ઝાડ સુકાઈ જાય છે, તેવી રીતે મિથ્યાત્વ ગયા પછી સંસારનો નાશ થાય છે. જ્ઞાનીને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું ભાન છે. પર્વત ઉપર જવાથી પુણ્ય માનતો નથી ને પોતાથી થયેલ શુભભાવથી પણ ધર્મ માનતો નથી. ધર્મ તો આત્માના આશ્રયે છે એવું ભાન છે, તેથી મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ ટળી ગયા છે. તેથી સર્વ ભાવાસ્રવનો અભાવ થયો, એમ કહ્યું છે.

હવે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે, એમ બતાવે છે.

ગાથા ૧૬૯

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**

અન્વયાર્થ :–તે જ્ઞાનીને પૂર્વે બંધાયેલા સમસ્ત પ્રત્યયો માટીના ઢેફા સમાન છે અને તે કાર્મણ શરીર સાથે બંધાયેલ છે.

## "આસ્રવો જડ છે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે."

ટીકા :–પૂર્વે અજ્ઞાનદશામાં આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ છે. એવું ભાન ચૂકીને, સંયોગોથી લાભ-નુકશાન માનીને અજ્ઞાનભાવ કરે તો તેના ફળમાં આઠે કર્મો બંધાતા હતા. તે કર્મો આત્માને એક ક્ષેત્રે બંધાણા હતા. તે પ્રકૃતિઓ અચેતન સ્કંધો છે, આત્મા નથી, માટીના ઢેફાં જેવાં છે. આત્મા વિકારનું મારાપણું માનતો ત્યાં સુધી કર્મનો બંધ પડતો પણ આત્મા જ્ઞાનસ્વભાવી છે, એમ નક્કી થતાં રાગ-દ્વેષનો સ્વામી થતો નથી ને રાગદ્વેષનો સ્વામી નહીં થતાં દ્રવ્યાસ્રવનો અભાવ હોય છે. આત્મા વસ્તુ જુદી છે. શરીર કે કર્મને ખબર નથી, પુણ્ય, પાપને ખબર નથી કે

અમો કોણ છીએ? આત્મા તે સર્વને જાણે છે. અજ્ઞાનીને પણ દ્રવ્યાસ્રવનો તો અભાવ જ છે. પણ તેની દ્રષ્ટિ કર્મ ઉપર છે. એટલે અજ્ઞાનીના રાગ-દ્વેષને અને દ્રવ્યાસ્રવને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જ્ઞાનીને દ્રવ્યાસ્રવ સાથે એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ થતો નથી. વળી દ્રવ્યાસ્રવ પુદ્ગલ છે. તેઓ સ્વભાવથી જ કાર્મણ શરીર સાથે સંબંધવાળા છે. જીવ સાથે સંબંધવાળા નથી. માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.

ભાવાર્થ :–જ્ઞાનીને પૂર્વે અજ્ઞાનદશામાં મિથ્યાત્વ, ચારિત્ર મોહનીય વગેરે કર્મો બંધાયેલા હતાં. તે તો માટીના ઢેફાંની માફક પુદ્ગલમય છે. સ્વભાવથી જ્ઞાનસ્વરૂપથી જુદા છે. આઠે કર્મોનો સંબંધ કાર્મણ શરીર સાથે છે, જીવ સાથે નથી. અજ્ઞાનીને પણ કર્મો જુદાં છે. પણ તે જુદા માનતો નહોતો. પણ જ્ઞાન થતાં ઊંધી માન્યતારૂપ સંબંધ કાઢી નાખ્યો. માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ છે. વળી જ્ઞાનીને પરનું હું કરૂં, પુણ્યથી ધર્મ થાય એવા અજ્ઞાનભાવ નથી જેથી મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષ થતા નથી તેથી દ્રવ્યાસ્રવો નવાં કર્મમાં આસ્રવણનું કારણ થતાં નથી તે દ્રષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે.

## “અજ્ઞાની પોતાને પરનો સ્વામી માની મિથ્યાભાવ કરે છે, તે ભ્રાંતિ ટળતાં આસ્રવનો અભાવ થાય છે.”

અજ્ઞાની જીવને પરની રુચિ છે. આટલા પૈસા દાનમાં આપ્યા એમ મોહ, રાગ, દ્વેષ કરી પરનો સ્વામી થાય છે. પૈસાનો પતિ, કરોડપતિ, નગરપતિ, પત્નીનો પતિ એમ બધાનો સ્વામી થઈ પાછો શુભાશુભનો સ્વામી થવા જાય છે. આત્મા એક ને અનંતા પરનો સ્વામી થવા જાય છે, તે જ મિથ્યાભાવ છે. તે બધાના પતિપણા ઉપર, પરના સ્વામીપણા ઉપર મીંડા વાળવા જેવા છે. આત્મા લક્ષ્મીનો ધણી નથી, લક્ષ્મી કમાઈ શકતો નથી, ખરચી શકતો નથી—આમ ભાન ન કરે ત્યાં સુધી જડનું અભિમાન કરે છે. જેને પરની રુચિ છે, જડની રુચિ છે, પુણ્યની રુચિ છે તેને આત્માની રુચિ નથી. સાચી દ્રષ્ટિ થતાં પરનો જ્ઞાતા થાય છે, એવું ભાન થતાં તૃષ્ણા ઘટ્યા વગર રહે નહિ. સાચી દ્રષ્ટિ થતાં આસ્રવનો અભાવ થઈ ધર્મ થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ ૧૧૫

અર્થ :—આત્મામાં શુભાશુભ ભાવ થાય છે તે બન્ને ભાવાસ્રવો છે. જ્ઞાની તેનો સ્વામી થતો નથી અને દ્રવ્યાસ્રવ તો જડ છે. તેનાથી આત્મા તો ત્રણેકાળ જુદો છે. એવો જ્ઞાની સદાય એક જ્ઞાનમય સ્વભાવવાળો છે. તેને આસ્રવ થતો નથી. એ સદાય જ્ઞાયક જ છે.

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.

ભગવાન આત્મા પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને શરીરને, પુણ્ય પાપને મારાં માની મોહ કરે છે, આટલા દયા, દાન મેં કર્યાં એવી ભ્રાન્તિ કરે છે, તેથી આ સમસ્ત સંસાર ઉત્પન્ન થયો છે. પણ જડ પદાર્થો પર છે ને પુણ્ય પાપ ક્ષણિક છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવી અંતર્મુખ દ્રષ્ટિ કરતાં સંસારનો નાશ થતાં વાર લાગતી નથી. પુણ્ય-પાપ અવલોકવા કહ્યું નથી પણ અંતર્મુખ એટલે જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવને અવલોકતાં વિકારનો નાશ થાય છે, એમ કહ્યું છે.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય,
એમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

## બોધિ બીજ વાવવાથી કેવળજ્ઞાનરૂપી ફળ પાકે છે.

ગમે તેટલા વર્ષનું સ્વપ્ન હોય પણ જીવ ઉંઘમાંથી જાગે છે ત્યારે બધું સ્વપ્ન શમાઈ જાય છે, એમ અનાદિકાળના મિથ્યાભાવનો નાશ જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ થતાં થાય છે. ચૈતન્ય સ્વભાવ જાગ્યો કે અહો! વિકારને વિકારના ફળો-ભવ તે મારા સ્વભાવમાં જ નથી એવા શ્રદ્ધા જ્ઞાન થતાં જીવ જાગ્રત થયો કે ભવનો અભાવ થાય છે. જેવી રીતે કોળાનો વેલો નાનો છે પણ તેમાં મોટા કોળા પાકે તેવી તાકાત છે તેમ આ ચૈતન્ય સ્વભાવ કેવળજ્ઞાનની વેલડી છે. બોધિબીજના વાવવાથી કેવળજ્ઞાનના કોળા પાકે તેવી તેમાં તાકાત છે.

પ્રશ્ન : વેલડીમાં મોટા કોળા પાકે છે તે દેખાય છે. આ દેખાતું નથી તેનું શું કરવું?

સમાધાન : વેલડીમાં મોટા કોળા પાક્યાં તે કોણે નક્કી કર્યું? વેલડીને ખબર છે? કોળાને ખબર છે? વડના બીજમાંથી મોટા વડ થાય છે. તે ક્યાંથી થયા? ત્યાં કોઈ દિવસ શંકા કરી કે એ નાના બીજમાંથી આવડા મોટા વડ થશે? ત્યાં વિશ્વાસ

કરે છે પણ સંયોગો ને શુભાશુભ કૃત્રિમ લાગણીથી રહિત આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનો વિશ્વાસ કરતો નથી. પણ સમ્યક્ પ્રતીતિ કરી બોધિબીજને વાવે તો ચૈતન્ય વેલડીમાંથી કેવળજ્ઞાનના કોળા પાકે તેમ છે.

શ્રીમદે કહ્યું છે કે :-

“શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે” તે આ અપેક્ષાએ યથાર્થ કહ્યું છે, આ પ્રથમ ધર્મની વાત છે. અંતર તુલના કર, સંયોગો, શરીરાદિ દેખાય છે, તે તું છો? તે તો પડ્યા રહે છે. ને જીવ ચાલ્યો જાય છે. પુણ્ય-પાપ બદલતી કૃત્રિમ લાગણીઓ છે. ઘડી ઘડીમાં પલટાય છે ને જાણનાર એનો એ રહે છે. તે કાયમી અકૃત્રિમ, પુણ્ય-પાપ વિનાનો જ્ઞાયકભાવ એ જ તું છો, એવી શ્રદ્ધા કરવાથી ધર્મ થાય છે ને તેને બંધ થતો નથી.

ભાવાર્થ : શરીરાદિ મારા ને પુણ્ય-પાપ કરવા જેવા છે એવી પર્યાયબુદ્ધિનો જ્ઞાનીને અભાવ છે. અજ્ઞાન ટળતાં અજ્ઞાન સાથેના રાગ-દ્વેષનો નાશ થયો છે. તે અભાવ પુરુષાર્થપૂર્વક કર્યો છે ને દ્રવ્યાસ્રવ તો સદાય જુદા છે કારણ કે દ્રવ્યાસ્રવ તો જડ છે ને જ્ઞાની ચૈતન્ય સ્વરૂપ છે, આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમજ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે. આ દ્રવ્યદ્રષ્ટિનું જોર બતાવે છે કે ચૈતન્યના આદરમાં જ ધર્મનો દોર છે. ॥૧૬૯॥

# પ્રસાદ નં. ૧૭૫

## સમયસાર ગાથા ૧૭૦

(ચૈત્ર વદ ૬, શુક્રવાર, ૨૦૦૭)

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :

### ગાથા ૧૭૦

**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી,**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.**

અન્વયાર્થ : કારણ કે ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો જ્ઞાનદર્શન ગુણો વડે સમયે સમયે અનેક પ્રકારનું કર્મ બાંધે છે, તેથી જ્ઞાની તો અબંધ છે.

આત્માની અંતર દ્રષ્ટિ થઈ કે આત્માનો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ છે, શરીર ને પુણ્ય-પાપના ભાવથી રહિત છે એવી નિરુપાધિ સ્વભાવભાવની રુચિ થઈને ઉપાધિભાવની રુચિ ટળી તેથી વર્તમાનમાં જ્ઞાનીને આસક્તિનો ભાવ હોવા છતાં બંધ ગણ્યો નથી.

### "જ્ઞાનીને આસ્રવની ભાવના નથી માટે નિરાસ્રવ છે"

ટીકા :–આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પર અને વિકારથી રહિત છે. એવી શ્રદ્ધા કરે તે જૈન છે. અધૂરી દશામાં શુભાશુભ ભાવ થાય છે પણ તે છોડવાલાયક છે. તે જ્ઞાનીને આસ્રવ હોતો નથી. એનું કારણ એ છે કે પ્રથમ તો જ્ઞાનીને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી. શુભભાવો પણ કાયમ રાખવા જેવા છે, એમ જ્ઞાની માનતો નથી. જેવી રીતે શરીરમાં રોગ થાય તો રોગ રાખવાની કોઈની ઇચ્છા નથી પણ રોગ કાઢી નાખવા માગે છે, તેમ દયાદાનાદિના ભાવ રોગ સમાન છે. તેને કરવા જેવા જ્ઞાની માનતો નથી. જૈન કોઈ સંપ્રદાય નથી પણ વસ્તુસ્વભાવ જેમ છે તેમ જાણે તે જૈન છે. અહીં અવિરત સમ્યક્દ્રષ્ટિ ચોથા ગુણસ્થાનવાળા ધર્મી જીવની વાત છે. પરની ભાવના તો નથી પણ અંતરમાં જે શુભાશુભ ભાવ થાય તે પણ કરવા જેવા નથી, એમ ધર્મી માને છે. વિકાર કમજોરીથી થઈ જાય છે પણ ઉપાધિભાવ રાખવાની પર્યાયબુદ્ધિ ટળી ગઈ છે તેથી જ્ઞાનીને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ ટળી ગયા હોવાના કારણે જ્ઞાની નિરાસ્રવ જ છે. અનંત સંસારનું કારણ થાય એવા આસ્રવો નથી તેથી નિરાસ્રવ કહ્યો છે.

## "જ્ઞાનીની દ્રષ્ટિ હીણી પર્યાય ઉપર નથી પણ અખંડ જ્ઞાયકસ્વભાવ ઉપર છે તેથી જ્ઞાની નિરાસ્રવ છે."

સમ્યગ્દ્રષ્ટિને હજી જ્ઞાનદર્શન વગેરેની હીણતા છે. પોતાના સ્વભાવમાં ઠરી શકતો નથી તેથી તે હીણતા જૂનાં કર્મોને નિમિત્ત થાય છે ને જૂના કર્મો નવા કર્મોને બંધનું કારણ થાય છે. પણ જ્ઞાનીની દ્રષ્ટિ તે કર્મો ઉપર તેમજ પોતાની હીણી પર્યાય ઉપર નથી માટે જ્ઞાની નિરાસ્રવ છે. હીનતા કે રાગદ્વેષ જ્ઞાનીને પર્યાયમાં થાય છે ખરા પણ જ્ઞાનીને તેના ઉપર દ્રષ્ટિ નથી, તેની દ્રષ્ટિ તો અખંડ ચૈતન્ય સ્વભાવ ઉપર જ છે તેથી તેને આસ્રવ નથી, એમ કહ્યું છે.

## "સંસાર પરપદાર્થોમાં નથી, પોતાની ઊંધી માન્યતામાં સંસાર છે."

જીવોને વસ્તુ સ્વરૂપની ખબર નથી. બૈરા, છોકરાં, લક્ષ્મી વગેરે પર ચીજોમાં સંસાર નથી. પણ ચૈતન્યસ્વભાવને ચૂકીને વિભાવમાં સુખ માનવું, જડની ક્રિયા આત્માથી થાય તેમ માનવું, પુણ્યથી ધર્મ માનવો એ બધો સંસાર છે. શરીરાદિ પર ક્રિયાનો આત્મા સ્વામી નથી. શુભાશુભ ભાવો વિભાવ છે. આત્મા તેનાથી રહિત છે, એમ સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે. માત્ર રુચિ ફેરવવાની જરૂર છે.

પ્રશ્ન : તો પછી ગૃહસ્થાશ્રમ કેવી રીતે ચાલશે?

જવાબ : એક આત્મા બીજા આત્માને નભાવી-જીવાડી શકતો નથી, મિથ્યા અભિમાન કરે છે. પરપદાર્થોનું પરિણમન તો તેનાથી તેના કાળે થઈ રહ્યું છે. પર આત્માની ક્રિયા આ આત્મા કરી શકતો નથી. તેને જીવાડી શકતો નથી, નભાવી શકતો નથી. જીવ મિથ્યાઅભિમાન કરે છે કે મારાથી બૈરાં છોકરાંનું ચાલે છે એ જ મિથ્યાદર્શન છે. જીવ શુભાશુભભાવ કરે છે પણ તે ભાવથી બીજા જીવનું કંઈપણ થાય તે વાત વસ્તુસ્વરૂપથી વિપરીત છે. જ્ઞાની બહારથી બધો કારભાર ચલાવતો દેખાતો હોય છતાં પણ અંતરમાં ભાન છે કે આ પર જીવો ને પદાર્થોની ક્રિયા હું કરી શકતો નથી. ગૃહસ્થાશ્રમ તેના કારણે ચાલે છે, મારાથી ચાલતો નથી. અલ્પ રાગ છે તેને હેય સમજે છે. પેશાબ ને વિષ્ટા શરીરમાં સંગ્રહવા લાયક નથી પણ કાઢી નાખવા જેવા છે, તેમ પુણ્ય-પાપ કાઢી નાખવા જેવા છે, આમ સ્વરૂપનું ભાન તે નિશ્ચય ને રાગ હોવા છતાં રાગનો નિષેધ કરી જ્ઞાન કરવું તે વ્યવહાર. આમ નિશ્ચય ને વ્યવહારનું યથાર્થ ભાન ધર્મીને હોય છે.

અજ્ઞાની જીવને પુણ્ય મીઠું લાગે છે. વળી તે માને છે કે મારા વિના ઘર ચાલે નહિ. ગાડા નીચે ચાલ્યો જતો કુતરો અભિમાન કરે છે કે મારાથી ગાડું ચાલે છે. તેમ અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે મારાથી પરની ક્રિયા થાય છે. તેમ અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે મારાથી પરની ક્રિયા થાય છે. તે માન્યતા જ ભ્રાંતિ છે, પાખંડ છે, અભિમાન છે અને અધર્મ છે.

## પરનું કરી શકતો હોય તો પોતાના રોગી શરીરને–રોગી કુટુંબીજનોને કેમ બચાવી શકતો નથી?

જો જીવ પરપદાર્થનું કરી શકતો હોય તો પોતાની સ્ત્રી પુત્ર માંદા પડે છે ત્યારે તેને સાજા કરવાની ઘણી ભાવના છે, તો કેમ તેને સાજા કરી દેતો નથી? મરવા શું કામ દે છે? જુવાન પુત્ર ચાલ્યો જાય છે, તેને કેમ રોકી શકતો નથી?

વળી શરીરમાં લકવા થાય છે, અડધું અંગ ખોટું પડે છે ત્યારે કેમ શરીરને ચલાવી દેતો નથી. પોતે શરીરની ક્રિયા કરી શકે છે, એમ માને છે તો તે વખતે પણ ચલાવી દેવું જોઈએ. પણ તે કાંઈ કરી શકતો નથી. પોતામાં મિથ્યાભ્રાંતિ સહિત રાગ-દ્વેષ કર્યા કરે છે. જડનું પરિણમન તેના કાળે થયા કરે છે. આત્મા તેનું કિંચિત્ કરવા સમર્થ નથી.

## “અનાસક્તિભાવે કરવું એ માન્યતા મોટી આસક્તિ છે.”

વળી કેટલાક જીવો એમ માને છે કે આપણે કુટુંબનું, સમાજનું, દેશનું કરવું ખરૂ, પણ સ્વાર્થ વિના અનાસક્તિભાવે કરવું તો કલ્યાણ થશે, એ વાત મૂઢતાની છે. પર પદાર્થની ક્રિયા મારાથી થાય છે ને હું પલટાવું તેમ તે પલટી શકે છે એ જ મોટી આસક્તિ છે. આસક્તિ હોવા છતાં અનાસક્તિ ભાવે હું કરું છું એમ માનવું એજ ભ્રમણા અને અધર્મ છે. પ્રથમ તો જીવ પરનું કરી શકતો જ નથી ત્યાં પછી અનાસક્તભાવે પરનું કરવું, એ પ્રશ્ન જ રહેતો નથી. તે અજ્ઞાની જીવ પરનો અહંકાર કરી મિથ્યાત્વ બાંધે છે, તે જ સંસાર છે.

માટે જે જીવે સુખી થવું હોય તેણે પર પદાર્થના કર્તાપણાનો અહંકાર છોડવો ને અલ્પ રાગ-દ્વેષ થાય તેની રુચિ છોડવી ને પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરવી, એ સમ્યક્દર્શન ને ધર્મ છે. કરિયાતાની કોથળી ઉપર સાકર શબ્દ લખવાથી કરિયાતું સાકર થતું નથી. તેમ જૈન સંપ્રદાયમાં જન્મવાથી જૈન થતો નથી પણ

મિથ્યાત્વને છોડી સાચી શ્રદ્ધા ને જ્ઞાન કરે તો જૈન થાય તેને સમ્યક્દર્શન થાય. એવા ધર્મી જીવને આસ્રવ થતો નથી, કારણ કે તેની દ્રષ્ટિ શરીર, કર્મ, હિણી પર્યાય ઉપર નથી પણ અખંડ સ્વભાવ ઉપર છે.

# પ્રસાદ નં. ૧૭૬

## સમયસાર ગાથા ૧૭૦

(ચૈત્ર વદ ૭, શનિવાર, ૨૦૦૭)

આ આસ્રવ અધિકાર છે. આત્મા શુદ્ધ નિરુપાધિ સ્વભાવવાન છે. તેની અવસ્થામાં વિકાર થાય છે તે આસ્રવ છે. તે આસ્રવ સ્વભાવમાંથી આવતો નથી, પણ જીવ પોતાનો સ્વભાવ ચૂકીને પરમાં અટકે છે તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ આસ્રવો થાય છે પણ જે જીવ સ્વભાવદ્રષ્ટિ કરે છે તેને આસ્રવવાળો કહેવાતો નથી. જ્ઞાનીને અધૂરી દશામાં રાગ-દ્વેષ થાય છે ખરા, પણ તે કાયમ રહો તેવી રુચિ જ્ઞાનીને હોતી નથી. પરંતુ જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાઉં એ જ ભાવના છે. અજ્ઞાનદશામાં અજ્ઞાનીનાં રાગ-દ્વેષ જૂના કર્મને નિમિત્ત થતાં ને જૂનાં કર્મ નવા કર્મને નિમિત્ત થાય છે. પણ સ્વભાવદ્રષ્ટિ થતાં રાગદ્વેષ વિકારનો આદર નથી પણ પૂર્વે જે કર્મો બાંધેલા છે તે અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ બાંધે છે છતાં પણ જ્ઞાની તો નિરાસ્રવ જ છે. તેનો ખુલાસો :–

૧) જ્ઞાનીને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે, સ્વભાવમાં આસ્રવ નથી. વળી જ્ઞાનીને વિકાર થાય છે તેની રુચિ નથી. વિકાર કાયમ રહો તેવી ભાવના નથી, તેથી જ્ઞાની નિરાસ્રવ છે.

૨) જ્ઞાનીને પોતાની નબળાઈના કારણે હીણી પર્યાય છે, તે હીણી પર્યાય જૂના કર્મમાં નિમિત્ત થાય છે પણ તે હીણી પર્યાયનો જ્ઞાનીને આદર નથી. જ્ઞાની તો પોતાનો સ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ સમજે છે માટે જ્ઞાની નિરાસ્રવ છે.

૩) જ્ઞાન, દર્શન વગેરેનું હીણું પરિણમન જૂનાં કર્મને નિમિત્ત થાય છે ને જૂના આસ્રવો નવા કર્મો બાંધે છે. જૂના કર્મ નવાનું નિમિત્ત થાય છે એમાં સ્વભાવ નિમિત્ત નથી તેથી અલ્પ એવું કર્મ બંધન હોવા છતાં જ્ઞાનીની દ્રવ્યદ્રષ્ટિ જતી નથી, માટે જ્ઞાની નિરાસ્રવ છે.

**“જ્ઞાનીને નિર્દોષ દ્રષ્ટિમાં દોષનો આદર નથી તો પછી દોષનાં નિમિત્તો કાયમ ટકો એવો આદર તેને હોઈ શકે નહિ.”**

અજ્ઞાનીની દ્રષ્ટિ નિમિત્ત ઉપર જ છે ને વર્તમાન રાગ-દ્વેષ થાય છે તેને પોતાનું સ્વરૂપ માને છે, વર્તમાન રાગ-દ્વેષ પોતાનું સ્વરૂપ હોય તો રાગ-દ્વેષ રહિત કદી થાય નહિ. તેથી વસ્તુમાં આસ્રવ નથી. ધર્મીની દ્રષ્ટિ તો ધર્મી એવા આત્મા

ઉપર છે, અલ્પ આસ્રવ થાય છે તે ઉપર નથી. શુભભાવ કરું તો ઠીક એવી ભાવના જ્ઞાનીને નથી. આજે પૈસા મળ્યાં છે તે ભવિષ્યમાં કાયમ રહે તો ઠીક. નિરોગીદશા, આબરૂ વગેરે કાયમ રહે તો ઠીક. જગતના પર પદાર્થો અનુકૂળ પરિણમે તો ઠીક, એમ પરને આધીન રાખવાનો ભાવ તો જ્ઞાનીને હોતો જ નથી પણ પોતાની પર્યાયમાં થતો શુભરાગ કાયમ ટકી રહે તો ઠીક એમ જ્ઞાની ઇચ્છતો નથી. નિર્દોષ દ્રષ્ટિમાં દોષનો આદર નથી તો દોષના નિમિત્તે શરીરાદિ ટકી રહે તો ઠીક એવો આદર જ્ઞાનીને હોઈ શકે જ નહિ.

## “જ્ઞાનીને હીણી અવસ્થા હોવા છતાં જ્ઞેયોને પલટાવવાનો અભિપ્રાય નથી.”

શરીર વગેરે પર પદાર્થોનું બદલવું જીવને આધીન નથી. શરીરમાં રોગ આવે તો શું થશે? શરીરમાં નિરોગતા હોય તો ઠીક એવી માનતા સમકિતીને હોતી નથી. પરની ભીડથી આત્મામાં દુઃખ માને તે દેહ સાથે એકત્વબુદ્ધિ સૂચવે છે. શરીરમાં અશાતા વેદનીય પ્રકૃતિના કારણે વેદના થશે અને મારાથી સહન થશે નહિ, તે શરીર ને આત્માની એકત્વબુદ્ધિ સૂચવે છે. એવી એકત્વબુદ્ધિ જ્ઞાનીને નથી.

આત્મા તો જ્ઞાનસ્વભાવી છે, જ્ઞેયો તો તેના કારણે પલટે છે ને આત્માને જાણતા પરને જાણે છે. જ્ઞાની સ્વભાવદ્રષ્ટિ ચૂકતો નથી છતાં નબળાઈને લીધે હીણી અવસ્થારૂપે પરિણમે છે. પર્યાયની નબળાઈનો કાળ છે તે કર્મોને નિમિત્ત થાય છે ને જૂના કર્મો નવાં કર્મોને બાંધે છે. પરંતુ જ્ઞાનીની દ્રષ્ટિ હીણી પર્યાય ઉપર નથી પણ સ્વભાવ ઉપર છે તેથી જ્ઞાની નિરાસ્રવ છે જે નબળાઈ થઈ છે તે નિમિત્તોને પલટાવવા થઈ નથી, નબળાઈ આત્મસ્વભાવને ચૂકીને થઈ નથી માટે જ્ઞાની નિરાસ્રવી છે.

## “સમાધિ મૃત્યુ જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિના આશ્રયે છે શરીરના આશ્રયે નથી.”

વળી દેહની અવસ્થા સાથે આત્માને સંબંધ નથી, દેહની અવસ્થા રોગી હોય કે નીરોગી હોય તેની સાથે સમ્યક્જ્ઞાનનો સંબંધ નથી. ઘણા અજ્ઞાની જીવો માને છે કે ક્ષય રોગથી મૃત્યુ થાય તો ઠીક કારણ કે ક્ષય રોગમાં કાંઈ શરીરમાં ઉપાધિ થતી નથી, વેદના થતી નથી ને સુખે મૃત્યુ થાય છે પણ પેટમાં શૂળ ચડે અથવા

બીજી ઉપાધિ હોય તો સુખે મૃત્યુ ન થાય. તો ભાઈ, સમાધિ મૃત્યુ શરીરના આધારે છે કે આત્માના આધારે છે? ટી.બી. અથવા શૂળ તો જડની અવસ્થા છે, તે તો જ્ઞાનનું જ્ઞેય છે, તેના આધારે સમાધિમરણ નથી. પર પદાર્થની અવસ્થા કરું એવો ભાવ તે મિથ્યાભાવ છે, તે શાંતિને લૂટનારો છે, તે જ અસમાધિમરણ છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે. તેના ભાવથી સમાધિ રહે છે. અંતર સુરના દોર અંતરથી રહે છે, પરથી રહેતા નથી. સમાધિ સ્વભાવના આશ્રયે છે પણ શરીરની અવસ્થાને આધારે નથી.

## "મૃત્યુ વખતે શરીરની નીરોગતા તે સમ્યક્જ્ઞાનીનું લક્ષણ ને શરીરમાં રોગ તે અજ્ઞાનીનું લક્ષણ" એ માન્યતા ખોટી છે.

વસ્તુ સ્વરૂપનું ભાન નથી એવા અજ્ઞાનીને છેલ્લી સ્થિતિ વખતે કાંઈપણ દેહની વેદના વિના દેહ છૂટે માટે મૃત્યુ સમાધિ-મય છે ને કોઈ જ્ઞાની હોય તેને મૃત્યુ વખતે અશાતાના ઉદયથી દેહમાં પીડા દેખાય માટે મૃત્યુ અસમાધિમય છે, એમ શરીરની શાતા કે અશાતાને લીધે જ્ઞાનીપણું કે અજ્ઞાનીપણું નથી. આત્મા ને શરીર જુદા છે એવા ભાનથી શરીરમાં વ્યાધિ હોવા છતાં જ્ઞાની છે ને શરીરમાં વ્યાધિ ન હોય પણ આત્માને શરીર એક છે એવા મિથ્યાજ્ઞાનથી તે જીવ અજ્ઞાની છે. ॥૧૭૦॥

જ્ઞાનીને અલ્પ નબળાઈને લીધે જ્ઞાનગુણની હીણી અવસ્થા છે તે હીણી અવસ્થા જૂનાં કર્મોને નિમિત્ત છે ને જૂનાં કર્મો નવા કર્મોને બાંધે છે. તો હવે શિષ્ય પૂછે છે કે જ્ઞાન ગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે તેના ઉત્તરની ગાથા કહે છે :

### ગાથા ૧૭૧

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણજ્ઞાનનો,**
**ફરી ફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

અન્વયાર્થ : કારણ કે જ્ઞાનગુણ જઘન્ય જ્ઞાનગુણને લીધે ફરીને પણ અન્યપણે પરિણમે છે તેથી તે જ્ઞાનગુણ કર્મનો બંધક કહેવામાં આવ્યો છે.

## જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કેમ કહ્યું?

૧) આત્માનો જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ છે, તે બંધનું કારણ નથી. જો તે બંધનું કારણ હોય તો પર્યાયમાં અબંધ કદી થઈ શકે નહિ.

૨) આત્મામાં ક્ષાયોપશમિક જ્ઞાનનો વ્યક્ત પર્યાય બંધનું કારણ હોઈ શકે નહિ કારણ કે તે સ્વભાવનો અંશ છે અને તે વડે બંધ થતો નથી.

૩) આત્માની જ્ઞાનપર્યાયમાં જેટલો વ્યક્તભાવ નથી એટલે કે અભાવરૂપ છે તે અભાવ બંધનું કારણ હોઈ શકે નહિ.

છતાં અહીં જ્ઞાન બંધનું કારણ કેમ કહ્યું? કેટલાક જીવો આ ગાથાનો અર્થ સમજતાં નથી ને દલીલ કરે છે કે જ્ઞાન બંધનું કારણ નથી એમ તમો કહો છો તો પછી :–

અહીં તો લખેલ છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ છે તેનું કારણ શું? ભાઈ, તું ગાથાના અર્થને સમજ્યો નથી. અહીં જ્ઞાન એટલે એકલા જ્ઞાનગુણની વાત નથી પણ જ્ઞાન કહેતાં આખો આત્મા સમુચ્ચયરૂપે પર્યાયમાં હીણો પરિણમ્યો છે, તે બંધનું કારણ છે. જ્ઞાનીને સ્વભાવનું ભાન હોવા છતાં સર્વ પ્રકારે ઠરી શકતો નથી, તે પોતાની પર્યાયનું હીણું પરિણમન છે ને તે બંધનું કારણ છે, એમ કહ્યું છે. માટે જ્યાં જે અપેક્ષા હોય તે યથાર્થ સમજવી જોઈએ.

## “નિયમસારમાં ચાર ભાવોને વિભાવ કેમ કહ્યા? તેની સ્પષ્ટતા.”

નિયમસારમાં ઉપશમ, ક્ષયોપશમ, ઔદયિક ને ક્ષાયિક આ ચારે ભાવોને વિભાવ કહ્યા છે. ક્ષાયિકભાવ એટલે કેવળજ્ઞાનાદિને પણ વિભાવ કહ્યા તો ત્યાં શું અપેક્ષાએ વાત છે, તે સમજવી જોઈએ.

ઔદયિકભાવ તો વિભાવભાવ છે કારણ કે જીવ પોતે પરમાં એકલો જોડાય છે. ઉપશમભાવ આત્માની એક સમયની અવસ્થા છે. તે નિર્મળ હોવા છતાં અધૂરી ને ક્ષણિક છે. અધૂરી અવસ્થાના લક્ષે સ્થિરતા થતી નથી. તેવી રીતે ક્ષયોપશમભાવ પણ એક સમયની અવસ્થા છે ને ત્યાં હજુ રાગભાવ છે તેથી તેના લક્ષે સ્થિરતા થતી નથી. માટે તે બન્નેને વિભાવ ગણેલ છે. ક્ષાયિકભાવ છદ્મસ્થને તો પ્રગટ નથી જેનો અભાવ હોય તેનું લક્ષ કેવી રીતે થાય? ન જ થાય. ક્ષાયિક સમકિત હોય તે તો પર્યાય છે ને તેના લક્ષે રાગ થાય છે તથા ભગવાનના

ક્ષાયિકભાવનો વિચાર કરે તોપણ રાગ ઉઠે છે તેથી તેના લક્ષે ધર્મ થતો નથી માટે તેનું લક્ષ છોડાવવા તેને વિભાવભાવ ગણેલ છે.

## "મિથ્યાદ્રષ્ટિના જ્ઞાનને સ્વભાવનો અંશ કેમ કહ્યો? તેની સ્પષ્ટતા."

મોક્ષમાર્ગપ્રકાશકમાં પાના ૨૯માં કહ્યું છે કે "એ કર્મોના ક્ષયોપશમથી જેટલો જ્ઞાન, દર્શન અને વીર્ય સ્વભાવ પ્રગટ વર્તે છે તે જીવના જ સ્વભાવનો અંશ છે." પા. ૯૧માં કહ્યું છે કે "જ્ઞાનની જ અપેક્ષાએ તો મિથ્યાદ્રષ્ટિ વા સમ્યગ્દ્રષ્ટિને ક્ષયોપશમથી થયેલા યથાર્થ જ્ઞાનમાં કાંઈ ભેદ નથી તે એ જ્ઞાન કેવળજ્ઞાનમાં પણ જઈ મળે છે."

અહીં મિથ્યાદ્રષ્ટિના મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનને સ્વભાવનો અંશ કહ્યો ને તે કેવળજ્ઞાનમાં જઈ મળે છે, એમ કહ્યું, તેનું કારણ એમ છે કે જો કે અજ્ઞાનીને મોહ હોવાના કારણે તેનું જ્ઞાન કુમતિ ને કુશ્રુત કહેવાય છે પણ નિમિત્તની અપેક્ષા ન લેવામાં આવે તો તે અંશ સમ્યક્ થઈને સ્વભાવભાવરૂપ થાય છે ને કેવળજ્ઞાનરૂપ થાય છે, પણ બીજા ગુણની પર્યાય કેવળજ્ઞાનરૂપે થતી નથી પણ મતિજ્ઞાનનો જ અંશ સમ્યક્ થઈને કેવળજ્ઞાનરૂપે થાય છે માટે મિથ્યાદ્રષ્ટિના કુમતિ કુશ્રુતને સ્વભાવનો અંશ કહ્યો છે.

કોઈ પ્રશ્ન કરે કે કેવળજ્ઞાન જે ક્ષાયિકભાવ છે તેને વિભાવ કહ્યો ને મિથ્યાદ્રષ્ટિના કુમતિ કુશ્રુતને, સ્વભાવનો અંશ કહ્યો? આટલો ફેર! આ શું! પણ ભાઈ, અપેક્ષા સમજવી જોઈએ.

૧) સાધકદશામાં ક્ષાયકભાવ પ્રગટ નથી, છતાં ક્ષાયિકનો આશ્રય લેવા જાય તો રાગ થાય છે ધર્મ થતો નથી માટે ક્ષાયકભાવને આ અપેક્ષાએ વિભાવ કહ્યો છે.

૨) મતિ, શ્રુતજ્ઞાનમાં નિમિત્તની અપેક્ષા આવે છે માટે વિભાવ કહ્યો છે.

૩) અજ્ઞાનીના જ્ઞાનના અંશને મિથ્યાત્વની તથા નિમિત્તની અપેક્ષા ન લેવામાં આવે તો તે જ પ્રગટ અંશ વધીને કેવળજ્ઞાનરૂપ થાય છે માટે સ્વભાવનો અંશ કહ્યો.

## "જ્ઞાનીના ક્ષયોપશમ જ્ઞાનને બંધનું કારણ કેમ કહ્યું? તેની સ્પષ્ટતા."

૪) અહીં જ્ઞાનીના જ્ઞાનના ઉઘડેલા જઘન્ય અંશને બંધનું કારણ કહ્યું છે. ત્રીજા પોઈન્ટમાં મિથ્યાદ્રષ્ટિના ઉઘડેલા અંશને સ્વભાવનો અંશ કહ્યું અને આ ગાથામાં જ્ઞાનીના જ્ઞાનના ઉઘડેલા અંશને બંધનું કારણ કહ્યું. આટલો બધો ફેર? ભાઈ સમજ તો ખરો, અપેક્ષાએ કથન છે. જ્ઞાનીને જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ અને જ્ઞાન હોવા છતાં સ્વજ્ઞેયમાં ઠરીને કેવળજ્ઞાન નથી, પર લક્ષ છે, સર્વથા સ્વભાવમાં ઠર્યો નથી તેથી રાગદ્વેષ થાય છે ને રાગદ્વેષ બંધનું કારણ છે એ અપેક્ષાએ જ્ઞાનીની હીણી દશાને બંધનું કારણ કહ્યું છે, અહીં જ્ઞાનની વાત કરી છે. અહીં જ્ઞાન એટલે આત્માની હીણી દશા સમજવી. જ્ઞાનને મુખ્ય કરીને વાત કરી છે.

આ પછીની ગાથા ૧૭૨માં દર્શન –જ્ઞાન - ચારિત્ર ત્રણેની હીણી દશાને બંધનું કારણ કહેશે. કારણ કે દ્રષ્ટિ હોવા છતાં ક્ષયોપશમ સમકિત છે, ક્ષાયક નથી એટલે દર્શનગુણમાં એટલી હીણી અવસ્થા છે.

દ્રષ્ટિ હોવા છતાં જ્ઞાન વધીને કેવળજ્ઞાન થયું નથી માટે જ્ઞાનની હીણી દશા છે. દ્રષ્ટિ હોવા છતાં ચારિત્ર વધીને વીતરાગદશા નથી માટે ચારિત્રની હીણી દશા છે. જ્ઞાની જીવ અસ્થિરતાના રાગ-દ્વેષ કરે છે ને તેથી બંધ પડે છે માટે ચારિત્રની હીણી દશા છે અને દર્શન જ્ઞાન ચારિત્રનું પરિણમન બંધનું કારણ ગાથા ૧૭૨માં કહેશે. અહીં જ્ઞાનની એટલે આત્માની સમુચ્ચય જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે.

અહો! વસ્તુસ્વરૂપ જેમ છે તેમ અપેક્ષાથી સમજવું જોઈએ. સ્વભાવની અપેક્ષાએ સુલભ છે ને અનંતકાળથી સાચી દ્રષ્ટિ કરી નથી, પુરુષાર્થ કર્યો નથી માટે દુર્લભ છે. આંખે આંધળો માણસ દોષને પાત્ર નથી પણ જે જીવ અજ્ઞાનથી અંધ છે તે દોષને પાત્ર છે. કઈ અપેક્ષાએ શું વાત ચાલે છે તે વાત ખ્યાલમાં ન લે ને અપેક્ષા ન સમજે એવા અજ્ઞાની જીવ દોષને પાત્ર છે, માટે જીવે જુદી જુદી અપેક્ષા સમજવી જોઈએ.

## “ક્ષયોપશમજ્ઞાન અંતર્મુહૂર્તથી વધારે વખત એક જ્ઞેય ઉપર ટકતું નથી, તે દશા રાગનો સદ્ભાવ બતાવે છે તેથી બંધનું કારણ છે.”

ટીકા : જ્ઞાન ગુણ જ્યાં સુધી ક્ષાયોપશમિક ભાવે છે ત્યાં સુધી તે એક જ્ઞેય ઉપર અંતર્મુહૂર્તથી વધારે વખત ટકી શકતો નથી. સ્વભાવની દ્રષ્ટિ હોવા છતાં સ્વભાવમાં પણ અંતર્મુહૂર્તથી વધારે રહી શકતો નથી, વિપરિણામ પામે છે-ફરી ફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે. એક જ્ઞેય બીજા જ્ઞેય ઉપર જ્ઞાનનું વલણ જાય છે. ક્ષયોપશમજ્ઞાનમાં એ જ સ્થિતિ છે. સ્વભાવમાં વિશેષ ઠરી શકે નહિ

એટલે રાગ-દ્વેષ તરફ વલણ જાય છે. જ્ઞાન સર્વથા સ્વને પકડે તો કેવળજ્ઞાન થાય પણ સ્વને સર્વથા પકડતું નથી તેથી પરને પકડે છે ને સ્વને ચૂકીને પરમાં લક્ષ કરે છે. એટલે રાગી જીવને રાગ થયા વગર રહેતો નથી. જેવો ચારિત્રગુણ છે એવો જ પર્યાયમાં પ્રસિદ્ધ થઈ જવો તે યથાખ્યાત ચારિત્ર છે. તે બારમે ગુણસ્થાને હોય છે. તે ન થાય ત્યાં સુધી અવશ્ય રાગનો સદ્ભાવ છે. જો રાગનો સદ્ભાવ ન હોય તો સ્વભાવની બહાર આવે નહીં. બારમા ગુણસ્થાનવાળો જીવ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન નિયમથી લે છે જ્યારે બારમા ગુણસ્થાનથી નીચેની દશાવાળા જીવો સ્વભાવમાં સ્થિરતા પામતા નથી ને પરનું લક્ષ કરે છે. માટે તે ભૂમિકામાં રાગ-દ્વેષનો સદ્ભાવ અવશ્ય છે ને તે રાગ-દ્વેષ બંધનું કારણ છે. માટે જ્ઞાનની જઘન્ય અવસ્થા એટલે ક્ષયોપશમજ્ઞાન બંધનું કારણ છે, એમ કહેવામાં આવ્યું છે.

જ્ઞાન સ્વપરને જાણે છે. પરને જાણે છે માટે બંધ થાય અને સ્વને જાણે તો લાભ થાય, એવું નથી. કેવળજ્ઞાની અનંતા પરપદાર્થને જાણે છે તો તેને ઘણો બંધ થવો જોઈએ. પણ પરને જાણવું તે બંધનું કારણ નથી. કારણ કે જ્ઞાનનો સ્વપર-પ્રકાશક સ્વભાવ છે પણ તે અપેક્ષા અહીં લેવી નથી. જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ. અહીં તો એમ કહેવું છેકે જ્ઞાન પરમાં રોકાયેલ છે ને એક જ્ઞેયથી બીજા જ્ઞેયમાં જાય છે માટે તે રાગનો સદ્ભાવ બતાવે છે. ને રાગ બંધનું કારણ છે માટે જ્ઞાનની હીણી અવસ્થા બંધનું કારણ છે, એમ અત્રે બતાવવું છે.

સમકિતીને દ્રષ્ટિ અપેક્ષાએ આસ્રવ નથી પણ પોતાના સ્વભાવમાં ઠરી શકતો નથી એટલે હીણી પર્યાય છે પણ તે ઉપર તેની રુચિ નથી માટે નિરાસ્રવ છે, એમ કહ્યું હતું, છતાં હીણી પર્યાયનું કારણ શું છે ને અલ્પ આસ્રવ કેમ છે, તેનું જ્ઞાન કરાવે છે. જ્ઞાની સ્વભાવમાં પૂર્ણ એકાગ્ર નથી તેથી બહારમાં આવે છે ને તેને લીધે અલ્પ આસ્રવ છે એમ જ્ઞાન કરાવે છે. રાગનો સદ્ભાવ છે ત્યાં સુધી હીણી અવસ્થા બંધનું કારણ છે, એટલો આસ્રવ છે, વીતરાગ ને પરિપૂર્ણ થશે ત્યારે પૂરેપૂરો નિરાસ્રવ થશે, એમ જ્ઞાન કરાવ્યું છે.

# પ્રસાદ નં. ૧૭૭

## સમયસાર ગાથા ૧૭૧

(ચૈત્ર વદ ૮, રવિવાર, ૨૦૦૭)

આત્માનો સ્વભાવ શુદ્ધ છે, તે ભૂલીને પર ઉપર લક્ષ કરી, મોહ-રાગ-દ્વેષ કરે છે તે આસ્રવ છે. જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ હોવા છતાં આસ્રવ નથી, એમ કહ્યું. એનું કારણ એ છે કે તેને વિભાવ રાખવાનો અભિપ્રાય નથી. વળી જે હીણી દશા વર્તે છે તેના ઉપર પણ તેની દ્રષ્ટિ નથી. છતાં પણ હીણી અવસ્થા બંધનું કારણ છે, એમ જ્ઞાન કરાવે છે. તે કઈ રીતે છે, તે કહે છે :— છદ્મસ્થ જીવનું ક્ષયોપશમજ્ઞાન એક જ્ઞેય ઉપર અંતર્મુહૂર્ત જ ટકે છે પછી તે બીજા વિષય ઉપર જાય છે. સાતમે ગુણસ્થાને પણ અંતર્મુહૂર્ત ટકે છે ને છઠ્ઠે પણ અંતર્મુહૂર્ત જ ટકે છે. હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું. શરીર, મન, વાણીથી પર છું. પુણ્ય-પાપ વિકાર છે એવું ભાન હોવા છતાં સ્વરૂપની અંદર સ્થિરતાની સ્થિતિ અંતર્મુહૂર્તની જ હોય છે. એથી વધારે ટકી શકતો નથી. સ્વરૂપની બહાર આવે છે ને પુણ્ય-પાપના પરિણામમાં જોડાય છે. કોઈ અજ્ઞાની જીવો "ત્રાટક" કરે છે. આંખો બંધ કરીને અમુક જ્ઞેય ઉપર સ્થિરતા કરે છે, તે પણ અંતર્મુહૂર્તથી વધારે વખત ટકી શકે નહિ.

### જ્ઞાની સ્વભાવમાં ઠરી શકતો નથી માટે તેને રાગનો સદ્ભાવ છે.

જેથી અનુમાન થાય છે કે જ્ઞાની પોતાના સ્વભાવમાં સ્થિર હોય ત્યારે અથવા વિકલ્પવાળી દશામાં હોય ત્યારે યથાખ્યાત ચારિત્ર અવસ્થા પહેલાં તેને રાગનો સદ્ભાવ છે. બુદ્ધિપૂર્વક રાગદ્વેષનો અભાવ કર્યો એટલે દ્રવ્યાનુયોગની અપેક્ષાએ તેને નિર્વિકલ્પ કહે છે. પણ જો સર્વથા રાગ રહિત થયો હોત તો સ્વરૂપમાંથી નીકળીને રાગમાં જોડાવાનું બનત નહીં. પરને જાણે છે માટે રાગ થયો છે—એમ નથી. પણ રાગની ભૂમિકા છે માટે રાગીને રાગ થયા વગર રહેતો નથી. તે રાગની ભૂમિકા દશમા ગુણસ્થાન સુધી છે. તે અહીં હેતુ-યુક્તિથી સાબિત કરે છે.

## રાગનો સદ્‌ભાવ છે માટે જ્ઞાનનું હીણું પરિણમન છે અને તે બંધનું કારણ છે.

જ્ઞાની સ્વરૂપથી બહાર આવે છે ત્યારે જ વિપરિણમન ને નિર્વિકલ્પ હોય છે ત્યારે વિપરિણમન નથી, એમ વિપરિણમનનો અર્થ અહીં લેવો નથી. દેહ, મન, વાણીથી આત્મા જુદો છે એવી પ્રતીતિ થતાં સર્વથા રાગ રહિત હોય તો સંપૂર્ણ વીતરાગતા હોવી જોઈએ પણ સ્વરૂપની બહાર આવે છે માટે ત્યાં અબુદ્ધિપૂર્વક રાગ હતો તેને ગૌણ કરીને બહારમાં આવ્યો ત્યારે વિપરિણામ પામે છે, એમ કહ્યું છે. પણ એનો અર્થ એમ નથી કે ત્યાં સૂક્ષ્મ રાગ ન હતો. ત્યાં સૂક્ષ્મ રાગ રહેલો છે. બહારમાં આવ્યો તે સૂક્ષ્મ રાગ છે એમ બતાવે છે ને રાગ-દ્વેષનો સદ્‌ભાવ વીતરાગદશા ન થાય ત્યાં સુધી છે. ને રાગ હોવાથી બંધ પણ થાય છે તેથી જ્ઞાનની હીણી દશા બંધનું કારણ છે.

૧) સમ્યગ્દ્રષ્ટિને આત્મભાન થયું ને બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ ટાળ્યા એટલે નિર્વિકલ્પ કહ્યો તે દ્રવ્યાનુયોગની અપેક્ષાએ કહેલ છે પણ કરણાનુયોગની અપેક્ષાએ-સમય સમયના પરિણામની અપેક્ષાએ તો દશમા ગુણસ્થાન સુધી રાગ વર્તે છે ને જે રાગ અંતરમાં છે તે જ બહારમાં વિકલ્પ વખતે દેખાય છે.

૨) જે પરિણામ સ્વને ચૂકીને પર તરફ વળે તે પરિણામ પોતાના હોઈ શકે નહિ, તે ઉપાધિભાવ છે, પણ સ્વભાવભાવ નથી. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન થયાં છે, શ્રદ્ધાએ તો અખંડને જ ખ્યાલમાં લીધેલ છે. પણ ચારિત્રગુણે હજી અખંડ સાથે મૈત્રી કરી નથી એટલે પ્રથમ જ્ઞાનીને દ્રષ્ટિ અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો. ને રાગ હોવા છતાં રાગનો આદર નથી, હીણી પર્યાયનો આદર નથી માટે નિરાસ્રવ કહ્યો પણ તે વખતે જો સર્વથા નિરાસ્રવ હોત તો પાછો રાગ થાત નહિ. શ્રદ્ધા ને ચારિત્ર ગુણ જુદા છે. એટલે ચારિત્રગુણનું હીણું પરિણમન છે ત્યારે રાગનો સદ્‌ભાવ છે. માટે બંધ છે માટે જ્ઞાનગુણનું હીણું પરિણમન બંધનું કારણ છે, એમ કહ્યું છે.

## સહેતુવાદ આધ્યાત્મિક આગમો ને અહેતુવાદ આગમોની સ્પષ્ટતા.

૩) દ્રવ્યાનુયોગના ગ્રંથો સહેતુવાદ છે. હેતુ ને ન્યાય સહિત વાત સમજાવે છે. જેમકે અંતરમાં જીવ ઠરતો નથી ને બહારમાં ઉપયોગ જોડે છે માટે રાગ અવશ્ય સંભવે છે. ને રાગ છે તો બંધ છે, એમ હેતુ આપીને વાત કહેવાય છે. ને કરણાનુયોગ વગેરેના ગ્રંથો અહેતુવાદરૂપ છે એટલે કે તેમાં હેતુ આપીને વાત કરી હોતી નથી. જેમકે સર્વજ્ઞના એક સમયમાં જ્ઞાનમાં જણાયું કે અનંતાનંત પરમાણુ

છે, નિગોદના એક શરીરમાં અનંતા જીવો છે, વગેરે. તેને માટે હેતુ આપી શકાય નહીં. તે તો કેવળજ્ઞાનમાં જણાયું છે, તે આગમમાં કહેવાયું છે માટે તે અહેતુવાદ છે. ॥૧૭૧॥

હવે વળી ફરી પૂછે છે કે જો આમ છે અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્યભાવ બંધનું કારણ છે તો પછી જ્ઞાની નિરાશ્રવ કઈ રીતે છે, તેના ઉત્તરની ગાથા કહે છે.

**ગાથા ૧૭૧**

**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

અન્વયાર્થ : કારણ કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્ય ભાવે પરિણમે છે તેથી જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલકર્મથી બંધાય છે.

## સમ્યગ્દર્શન થયા પછી જઘન્ય પરિણમનરૂપે પરિણમેલી પર્યાયોનું જ્ઞાન કરાવે છે.

ધર્મી જીવને સમ્યગદર્શન થયા પછી સર્વથા વીતરાગ ને સર્વજ્ઞદશા ન થાય ત્યાં સુધી પોતાના ગુણોની અવસ્થા હીણી છે. અહીં કુંદકુંદાચાર્ય ભગવાન ને અમૃતચંદ્રાચાર્ય ભગવાન પોતાની પર્યાયની પણ વાત કરે છે. પોતાને ક્ષયોપશમ સમકિત હતું તેથી દર્શનમાં હીણપ હતી. જ્ઞાન ને ચારિત્ર પણ હીણારૂપે હતા. એમ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની વાત કરી છે એટલે મોક્ષમાર્ગની વાત કરી છે. સમ્યગ્દર્શન પર્યાયે સ્વભાવને જ સ્વીકાર્યો છે, છતાં આસ્રવ કેમ છે? કારણ કે બધી પર્યાયો પૂર્ણ નિર્મળ થઈ નથી માટે અહીં વ્યવહાર બતાવ્યો છે કે દ્રષ્ટિ અખંડ ઉપર હોવા છતાં બીજા ગુણો હીણા છે. દ્રષ્ટિમાં આસ્રવ નથી પણ પર્યાયમાં નબળાઈથી રાગ-દ્વેષ થાય છે, તે દ્રષ્ટિનો વિષય નથી. દ્રષ્ટિનો વિષય તો પરિપૂર્ણ અખંડ સ્વભાવ છે. સમયસારમાં દર્શનપ્રધાન કથન છે. દર્શન જઘન્ય પરિણમનને સ્વીકારતું નથી છતાં અહીં જઘન્ય પરિણમનનું જ્ઞાન કરાવે છે.

બીજી વાત એમ છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી જ્ઞાનનો ઉઘાડ વધારે હોય તે જલ્દી સ્થિર થઈ વીતરાગદશાને પામે ને જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તે જલદી વીતરાગદશા પામી ન શકે, એમ નથી. એક જ્ઞાની ચોથે ગુણસ્થાને છે, મતિ, શ્રુત ને અવધિજ્ઞાન છે. જ્ઞાનનો ઉઘાડ વધારે છે છતાં સ્વભાવમાં ઠરતાં ને કેવળ લેતાં વાર લાગે છે. બીજા જ્ઞાનીને બે જ્ઞાન છે, મુનિ છે, શ્રેણિ માંડીને ૧૨મે

ગુણસ્થાને પહોંચે છે, ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લ્યે છે માટે જેટલું જ્ઞાન સ્વરૂપમાં ઠરે છે તેટલી આત્માની શક્તિ વધી કહેવાય, ઉઘાડ સાથે સંબંધ નથી.

## જ્ઞાનીને વિકારની રુચિ નથી માટે જ્ઞાની નિરાસ્રવ છે.

ટીકા : જે ખરેખર જ્ઞાની છે એટલે સ્વ-પર ભેદવિજ્ઞાની છે તેને આસ્રવ નથી કારણ કે વિકાર કરવા જેવો છે તેવી તેને રુચિ નથી. કેટલાક જીવો કહે છે કે બુદ્ધિપૂર્વકના રાગ-દ્વેષનો નાશ તો પુરુષાર્થ વડે કરી શકાય છે પણ અબુદ્ધિપૂર્વકના રાગ-દ્વેષ તો કર્મના ઉદય પ્રમાણે થાય છે. ત્યાં પુરુષાર્થ કામ આવતો નથી, એમ કેટલાક અજ્ઞાની જીવો માને છે, તે વાત સાચી નથી. બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક રાગ પોતાના કારણે થયો છે, એમ કબૂલવું જોઈએ. જ્ઞાની પોતાનો દોષ કર્મ ઉપર કે પર ઉપર નાખતા નથી ને જે નબળાઈથી વિકાર થાય છે તેમાં રુચિ નથી તેથી અનંતાનુબંધિના રાગ-દ્વેષ જ્ઞાનીને ટળી ગયા છે ને અસ્થિરતાના રાગ-દ્વેષ થાય છે તે પોતાની નબળાઈના કારણે થાય છે, એમ સમજે છે. રાગ તે જ્ઞેય છે ને હું જ્ઞાતા છું, એવો જ્ઞાતાજ્ઞેયનો સંબંધ ચૂકીને રાગદ્વેષ થતા નથી.

## પર સાથેની એકત્વબુદ્ધિના પરિણામ જ્ઞાનીને નથી. જ્ઞાની પોતાના સ્વભાવમાં એકત્વબુદ્ધિ કરે છે.

આ ક્ષુધા ઘણી લાગી છે, આહારપાણી ક્યારે આવશે? હજી આવ્યા નહિ, શરીરમાં રોગ થયો હોય તો કેમ મટતો નથી? વૈદ્ય કેમ ન આવ્યા? આને કેમ સારું ન થયું? વળી દુકાન ચાલતી હોય તો અમારી હયાતીમાં મૂડી કેમ ઘટી જાય? અમારા ઘરના માણસ કેમ ઘટી જાય? અમારી હાજરીને લીધે આ બધા નભે છે.— એવા એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ કદી પણ જ્ઞાનીને થતા નથી. છોકરાઓ ઠેકાણે પડે તો મને શાંતિ વળે ને ધર્મ થાય, એમ જ્ઞાની માનતા નથી. સમકિતી માને છે કે મારી હયાતીએ મારી શાંતિ છે ને મારા જ્ઞાનસ્વભાવની ગેરહાજરીએ એટલે અજ્ઞાનથી મારી અશાંતિ છે. પર સાથે શાંતિ-અશાંતિ નથી. જ્ઞાનીને અધીરજ ને આકુળતામાં એકત્વબુદ્ધિ થતી નથી. લડાઈમાં હોવા છતાં એકત્વબુદ્ધિના પરિણામ જ્ઞાની કરતો નથી, સ્વભાવદ્રષ્ટિ ત્યાં પણ રહેલી છે. જ્ઞાનસ્વભાવ સાથે એકત્વબુદ્ધિ છે. જ્ઞાનીને રુચિપૂર્વકના રાગ-દ્વેષનો સદ્ભાવ નથી તેથી જ્ઞાનીને નિરાસ્રવ કહ્યો છે.

# પ્રસાદ નં. ૧૭૮

## સમયસાર ગાથા ૧૭૨

(ચૈત્ર વદ ૧૦, સોમવાર, ૨૦૦૭)

જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી, વિકારની રુચિ નથી તેથી આસ્રવ નથી. પણ વર્તમાન નબળાઈને લીધે દર્શન-જ્ઞાન-ચારિત્રનું હીણું પરિણમન છે, માટે થોડું બંધન છે. એ વાતનું વિશેષ વર્ણન કરે છે. વીતરાગદશા ન થાય ત્યાં સુધી રાગનો સદ્‌ભાવ છે ને રાગ છે એટલો બંધ છે. તેથી જ્ઞાન-દર્શન-ચારિત્રનું હીણું પરિણમન બંધનું કારણ કહ્યું છે.

ટીકા : જે ખરેખર ધર્મી છે તેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે. અલ્પ રાગ-દ્વેષ પોતાની નબળાઈથી થાય છે પણ તેની રુચિ નથી તેથી મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ જ્ઞાનીને નથી, એ અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્રવ કહ્યો છે.

જ્ઞાનીને આત્માના શ્રદ્ધા-જ્ઞાન તો થયાં છે પણ પોતાના આત્માને સંપૂર્ણ રીતે દેખવાને, જાણવાને ને આચરવાને અશક્ત છે. કોઈ કર્મને લીધે અથવા કાળને લીધે અશક્ત છે, એમ કહ્યું નથી. પણ પોતાની નબળાઈને લીધે પોતાના સ્વરૂપમાં સર્વોત્કૃષ્ટ ભાવે સાવધાની રાખવી અશક્ય છે. જેમ માણસમાં શક્તિ હોય પણ બિમારીની અશક્તિના કારણે લાકડીનો ટેકો રાખવો પડે તે તેની નબળાઈની જાહેરાત કરે છે, તેમ જ્ઞાનીને શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં પૂર્ણ રીતે દેખવાની, જાણવાની ને ઠરવાની શક્તિ નથી, તે તેની નબળાઈની જાહેરાત છે તેથી તે જ્ઞાની જઘન્યભાવે એટલે સમ્યગ્દર્શન જ્ઞાન ને સ્વરૂપાચરણ ચારિત્રરૂપે પરિણમે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રના સર્વોત્કૃષ્ટ ભાવ પર્યાયમાં પ્રગટ નથી.

જ્ઞાનીને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે પણ રાગ-દ્વેષ ઉપર રુચિ નથી તેથી તેને આસ્રવ નથી, એમ પહેલાં કહ્યું હતું તેથી કોઈ એમ માની લ્યે કે જ્ઞાનીને બિલકુલ આસ્રવ થતો જ નથી, નબળાઈને લીધે થતા રાગ-દ્વેષ પણ હોતા નથી, તો તે ભૂલ છે. સ્વભાવનું ભાન હોવા છતાં સંપૂર્ણ રાગ-દ્વેષ ટળી ગયા નથી. શુભાશુભ વિકારોરૂપ અલ્પ આસ્રવ છે. બિલકુલ આસ્રવ રહિત હોય તો વીતરાગ ને કેવળજ્ઞાનદશા પ્રગટ હોવી જોઈએ, તેથી દ્રષ્ટિ અપેક્ષાએ આસ્રવ નથી એમ ત્યાં કહ્યું હતું.

''જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ થઈ છે. હવે જે કાંઈ નબળાઈના રાગ-દ્વેષ રહ્યા છે, તે કર્મના જોરને લીધે રહ્યા છે. કારણ કે તેને રાગની રુચિ તો નથી''—એમ

અજ્ઞાની કહે છે. શ્રેણિક રાજાને સમ્યક્ ભાન હતું. નરકમાં જવાની ઇચ્છા ન હતી પણ પૂર્વે નરકગતિનું આયુષ્ય બાંધી લીધું હતું માટે કર્મને લીધે નરકમાં જવું પડ્યું. એમ અજ્ઞાની દલીલ કરે છે, તો તે માન્યતા પણ ભૂલભરેલી છે. કર્મ તો જડ છે, પર વસ્તુ છે, તેનો આત્મામાં અત્યંત અભાવ છે. જ્ઞાની અથવા અજ્ઞાની કોઈપણ કર્મને લીધે રોકાતા નથી. શ્રેણિક રાજાની પોતાની નરકમાં જવાની તે સમયની યોગ્યતા છે. તે કર્મને લીધે નથી. બીજા અલ્પ રાગદ્વેષ થાય છે, તે પણ પોતાની યોગ્યતાના કારણે થાય છે, કર્મને લીધે નહિ. જ્ઞાની જઘન્ય ભાવે પરિણમે છે તે પોતાની યોગ્યતાના કારણે પરિણમે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે : અહીં તમો કહો છો કે જ્ઞાનીને અલ્પ રાગદ્વેષ થાય છે, તેનો બંધ છે ને તે પોતાની યોગ્યતાના કારણે છે. જ્યારે નિર્જરા અધિકારમાં જ્ઞાનીના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો છે તો એ કથનનો મેળ કેવી રીતે છે?

સમાધાન : ભાઈ, નિર્જરા અધિકારમાં સમ્યગ્દ્રષ્ટિના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો છે, તેની અપેક્ષા સમજવી જોઈએ. અજ્ઞાનીને લાગે કે આટલા બધા જ્ઞાનીને સંયોગો! અજ્ઞાની સંયોગોને જુએ છે. તેને સમજાવવા એમ કહે છે કે ભાઈ, સંયોગો બંધનું કારણ નથી. સંયોગો વખતે પણ જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ છે. તેની દ્રષ્ટિ ભોગ ઉપર નથી. ત્યાં આત્મસ્વભાવનું જોર ને માહાત્મ્ય બતાવવા કહેલ છે. ભોગ નિર્જરાનું કારણ હોય જ નહિ. ભોગ તો બંધનું જ કારણ છે પણ જ્ઞાનીની દ્રષ્ટિ સંયોગો ને પુણ્ય-પાપ ઉપર નથી પણ સ્વભાવ ઉપર છે. સ્વભાવના આશ્રયે સબળાઈ વધતી જાય છે તે બતાવવી છે. અજ્ઞાનીને સંયોગો ને વિકારની રુચિ છે, જ્યારે જ્ઞાનીને સ્વભાવની રુચિ છે તેથી તેના અલ્પબંધને ગૌણ કરી દ્રષ્ટિનું માહાત્મ્ય બતાવવા શ્રદ્ધા અપેક્ષાએ નિર્જરા કહેલ છે.

જ્ઞાનીને જ્ઞાનદર્શનચારિત્રનો જઘન્યભાવ હોય છે, તેનું કારણ નબળાઈથી થતા રાગ-દ્વેષ છે. અહીં કર્મકલંક કહ્યું છે તે દ્રવ્યકર્મ નહિ પણ ભાવ કર્મ છે. કોઈ જડકર્મનો ઉદય આવ્યો માટે મલિનતા થઈ—એમ નથી પણ પોતે પોતાના કારણે અશક્ત છે એટલે રાગ-દ્વેષ છે ને રાગ-દ્વેષ છે માટે જઘન્યભાવે પરિણમન છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આ કાળે પણ જીવ કેમ મોક્ષ પામતો નથી, ને કહે છે કે પંચમકાળ છે માટે મોક્ષ પામતો નથી, ને કેવળી કે શ્રુતકેવળી નથી માટે ક્ષાયિક સમકિત થતું નથી—એમ અજ્ઞાની દલીલ કરે છે. અહીં એનો જવાબ છે કે જ્ઞાની પોતે પોતાના કારણે જ્ઞાનદર્શનના જઘન્યભાવે પરિણમે છે, કોઈ કાળના કારણે અથવા કેવળી કે શ્રુતકેવળીની ગેરહાજરીને લીધે જઘન્યભાવે પરિણમે છે—એમ નથી. સ્વભાવસન્મુખ જેટલા વીર્યથી સાવધાની જોઈએ તેટલા વીર્યથી

સાવધાની રાખતો નથી એટલે જઘન્યભાવે પરિણમે છે અને તે તેની નબળાઈ જાહેર કરે છે. આ ગાથા પાંચમાં આરાના મુનિએ પાંચમે આરે લખી છે ને પાંચમાં આરાના મનુષ્યને સમજાવવા લખેલ છે. આ હેતુવાદ ગ્રંથ છે. ન્યાયથી વાત મૂકે છે કે જ્ઞાની પોતે સર્વોત્કૃષ્ટ ભાવે ઠરી શકતો નથી માટે જઘન્યભાવે પરિણમન છે. તે જઘન્યભાવે પરિણમન છે માટે રાગ-દ્વેષનો સદ્ભાવ છે ને રાગ-દ્વેષનો સદ્ભાવ છે માટે પુદ્ગલકર્મનો બંધ થાય છે.

માટે જ્યાં સુધી પોતાની પર્યાયમાં જેવડો પૂર્ણભાવ છે એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યરૂપ જે પૂર્ણભાવ છે તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં પૂરો આવી જાય ત્યાં સુધી જ્ઞાનીએ પોતાના આત્માને શ્રદ્ધવો, જાણવો અને આચરવો. જુઓ, અહીં સમ્યગ્દર્શન થયા પછી પણ કેટલા પુરુષાર્થની વાત કરી છે. સમ્યગદર્શન થયું પછી કર્મ ખસશે ત્યારે કેવળજ્ઞાન થશે—એમ કહ્યું નથી, પણ પૂર્ણ સ્વભાવ ઉપર મીટ માંડવાનું કહ્યું છે. અહીં “જેવડો પૂર્ણભાવ છે” એમ કહ્યું છે તે પર્યાયની વાત કરી છે. દ્રવ્ય તો શક્તિરૂપે પૂર્ણ પડ્યું છે તેની વાત નથી, તે તો છે જ, પણ પર્યાયનો પૂર્ણભાવ અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યરૂપે પ્રગટવું તે છે. તેવડો પૂર્ણભાવ પોતાની પર્યાયમાં પ્રગટ ન થાય ત્યાં સુધી પોતાના આત્મા ને જ પ્રતીતિમાં લેવો ને સ્થિરતા કરવી—એમ કહ્યું છે.

પ્રશ્ન : સ્વભાવને પૂરેપૂરો દેખવો એમ કહો છો તો ક્રમબદ્ધ પર્યાય ક્યાં રહી?

સમાધાન : એક પછી એક જે ક્રમબદ્ધ પર્યાય થાય છે તેનો આધાર અક્રમ દ્રવ્ય છે. પર્યાયો ક્રમસર થઈ રહી છે તે ક્રમને જોતો નથી. વળી બધી પર્યાયો એકીસાથે હોતી નથી પણ પર્યાયો ક્રમસર થાય છે એવી પ્રતીતિ તો અક્રમ દ્રવ્યના શ્રદ્ધા ને જ્ઞાનથી થાય છે. જે પર્યાયે પ્રતીતિમાં નિર્ણય કર્યો કે ક્રમનો આધાર તો દ્રવ્ય છે તો જ્યાં સુધી તે પર્યાય દ્રવ્ય તરફ પૂરેપૂરી ન વળે ત્યાં સુધી તે પર્યાય પૂરી થતી નથી. પર્યાય પર્યાયવાનમાંથી આવે છે. શક્તિની વ્યક્તિ શક્તિવાનમાંથી થાય છે. ક્રમબદ્ધનો ઉપદેશ જે કહ્યો છે ને અહીં જે કહ્યું તે એક જ છે. પર્યાયો ક્રમસર થવાની છે, તે વાત બરાબર છે પણ પર્યાયની સન્મુખતા કોના તરફ જાય છે? ચૈતન્ય વસ્તુ અનંત શક્તિનો પિંડ છે, તેની અનંત પર્યાયો છે. એક સમયમાં અનંતગુણોની અનંત પર્યાયો છે. જ્ઞાનીની પર્યાય પર્યાયવાનમાં અભેદ છે. ગુણગુણી અભેદ છે. પર્યાયવાન ઉપર અથવા ગુણી ઉપર દ્રષ્ટિ થયા વિના ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થતો નથી. તે દ્રષ્ટિ વગર પ્રતીતિ હોઈ શકે નહિ, ટકી શકે નહિ, વધી શકે નહિ. માટે સ્વભાવની પ્રતીતિ કરીને સ્વભાવમાં ઠરવાનું કહો કે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કહો, તે એક જ છે.

વળી આત્મવસ્તુમાં એક જ ગુણ હોય એમ પણ બને નહિ. અનંતશક્તિઓ છે. વળી તેમાં ક્રમવિકાસ થાય છે. શ્રદ્ધા અખંડને કબૂલે છે છતાં ક્ષાયોપશમિક સમકિત છે ને ચારિત્ર અધૂરું છે. જેટલા જોરથી સ્વભાવનો આશ્રય કરવો જોઈએ તેટલો કર્યો નથી. પૂરો આશ્રય હોય તો પર્યાયમાં પૂર્ણ પ્રગટદશા હોવી જોઈએ. પણ પૂરી પર્યાય પ્રગટ નથી માટે જઘન્ય અવસ્થા છે. કર્મને લીધે તે જઘન્ય અવસ્થા નથી. "નયનની આળસે હરિને નીખ્યા નહીં." પોતાના પુરુષાર્થની નબળાઈને લીધે ભગવાન આત્માને જોયો નહિ માટે કેવળજ્ઞાન થતું નથી. તે જ્ઞાની સાધકની નબળાઈ જાહેર કરે છે.

અહીં ગાથામાં કહ્યું છે કે પર્યાયમાં જ્યાં સુધી પરિપૂર્ણતા ન થાય ત્યાં સુધી આત્માની યથાર્થ પ્રતીતિ અને જ્ઞાન કરીને લીનતા કરવી. અહીં તો જ્ઞાનીની વાત છે. જ્ઞાનીને શું ખબર નહોતી કે વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય આ છે? જ્ઞાનીને ખબર તો છે. છતાં પણ છઠ્ઠે ગુણસ્થાને વર્તતા મુનિને પોતાના સ્વભાવમાં ઠરવાના જોરમાં વિકલ્પ ઊઠ્યો છે ને બીજા જ્ઞાનીને પણ ઉપદેશ આપે છે કે ધ્યાન રાખજે. કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી સ્વભાવમાં લીન રહેવાનો પુરુષાર્થ કરજે. જેમ કોઈ મુનિને દેહ છૂટવાનો સમય હોય ત્યારે બીજા મુનિ કહે કે "હે મુનિ, ધ્યાન રાખજો. સમાધિમરણના ટાણાં આવ્યાં, હમણાં તમોને વૈક્રિયિક શરીરની પ્રાપ્તિ થશે. તમારી પાસે ભગવાન આત્મા તો પડેલો છે ને નિમિત્તરૂપે ભગવાન પાસે પણ જશો. તમારા સ્વરૂપમાં સાવધાન રહેજો"—તેમ અહીં કુંદકુંદાચાર્ય ભગવાનને વિકલ્પ ઊઠ્યો છે. તેઓ જ્ઞાનીને કહે છે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી આત્માને શ્રદ્ધવો, જાણવો ને આચરવો.

અહીં કોઈ કહે કે અત્યારે કેવળજ્ઞાન નથી તેથી કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનું નથી, તો પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપદેશ કેમ આપે છે?

સમાધાન : અહીં કાળને યાદ કરતા જ નથી. ન થાય તેવો ઉપદેશ મુનિઓ આપતા નથી. આત્મા છે તો કેવળજ્ઞાન થાય છે, તે એક જ વાત છે. પોતાની નબળાઈના કારણે એકાદ બે ભવ થાય ને નબળાઈ તો જ્ઞાન કરવા માટે છે. પુરુષાર્થ તો અખંડનો છે ને મીટ પણ અખંડ ઉપર છે.

વળી જેવડો પૂર્ણભાવ છે તેવડો પ્રગટ કરવો. અહીં પૂર્ણભાવ કોને કહેવો?

૧) સ્વભાવની શક્તિના પૂર્ણભાવની વાત નથી, તે તો શક્તિરૂપે પૂર્ણ છે પણ અહીં પર્યાયમાં પૂર્ણભાવની વાત છે.

૨) પૈસાથી મોટો થયો, ઇન્દ્ર થયો વગેરે કાંઈ પૂર્ણભાવ નથી કારણ કે તે પરવસ્તુ છે, તેનાથી મોટપ નથી.

૩) દયા દાનાદિ વિકારીભાવથી પૂર્ણભાવ નથી કારણ કે તે તો વિકાર છે, અધર્મ છે.

૪) દર્શન-જ્ઞાન-ચારિત્રની અધૂરી પર્યાય તે પૂર્ણભાવ નથી પણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એ જ પૂર્ણભાવ છે.

પણ અત્યારે તે નથી ને? અરે, નથી ને ખ્યાલમાં લઈશ નહિ. હું પર્યાયમાં પણ આવો થઈ શકું છું, એમ પ્રતીતિમાં તો લાવ. ને દર્શન-જ્ઞાન-ચારિત્રની હીનતા રહે તેને કર્મનું કારણ નહિ ગણતાં તારું કારણ ગણીને વિશેષ પુરુષાર્થ કર. કેવળજ્ઞાનમાં કચાશનું કારણ પોતે છે, એમ સમજી સ્વભાવનો આશ્રય લઈ અનંત ચતુષ્ટય વ્યક્ત થાય, તેમ પુરુષાર્થ કરવો.

આવી રીતે જ્ઞાની જ્યારે કેવળજ્ઞાન પ્રગટ કરે છે ત્યારે સર્વ પ્રકારના આસ્રવોથી રહિત થાય છે. જ્ઞાનીને દ્રષ્ટિમાં આસ્રવ નહોતો, નબળાઈ જરા હતી પણ કેવળજ્ઞાન થતાં પૂરો નિરાસ્રવ થયો. આવી ભાવના લઈને જાય તે પોતાના કારણે આ ભવે પરિપૂર્ણ ન થાય તોપણ એક-બે ભવે કેવળજ્ઞાન પ્રગટ કરી પોતાની પર્યાયમાં પૂર્ણ થવાનો છે.

# પ્રસાદ નં. ૧૭૯

### સમયસાર ગાથા ૧૭૨

(ચૈત્ર વદ ૧૧, મંગળવાર, ૨૦૦૭)

## જ્ઞાનીને પરની તથા વિકારની રુચિ નથી તેથી મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ ટળી ગયા છે.

આ આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ છે. શરીર, કર્મ વગેરે પરવસ્તુ છે. આત્મામાં તેનો અભાવ છે. પોતાના સ્વભાવને ચૂકીને પરમાં સુખ માનવું તે ભ્રાંતિ ને આસ્રવ છે. ધર્મી જીવ પરને પર માને છે, શરીર, કર્મને પર માને છે, દયા-દાનને વિકાર માને છે. તેને પોતાનું સ્વરૂપ માનતો નથી. અખંડ ચૈતન્ય ઉપર જ દ્રષ્ટિ છે એવા જ્ઞાનીને રુચિપૂર્વક રાગ-દ્વેષ નથી. શુભાશુભભાવ કરવા જેવા છે.—એમ જ્ઞાની માનતા નથી. પ્રથમ અજ્ઞાન અવસ્થામાં પરમાં સુખ માની, ખોટો હતો તે હવે સાચી દ્રષ્ટિ થતાં સાચો થયો. અહો! વસ્તુ અનાદિ અનંત છે, જ્ઞાતાદ્રષ્ટામાં દુ:ખ હોઈ શકે નહિ. જગત દ્રશ્ય છે ને આત્મા દ્રષ્ટા છે, જગત જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે. એવી અંતરદ્રષ્ટિ થઈ છે તે જ્ઞાની પુણ્ય-પાપમાં હિત છે, પરમાં સુખ છે—એમ માને નહિ-જો જીવ પરને લીધે નભતો હોય તો પોતે સ્વતંત્ર રહેતો નથી ને પર જીવો પોતાને લીધે નભતા હોય તો પર સ્વતંત્ર રહેતા નથી. પર વિના કે પુણ્ય-પાપ વિના ન ચાલે તે ભાવ અધર્મ છે. એવા અધર્મના ભાવ જ્ઞાનીને ટળી ગયા છે. જ્ઞાની માને છે કે મારું સુખ મારામાં છે, પરમાં મારું સુખ નથી. પુણ્ય-પાપના ભાવો વિકૃત છે. વિષ્ટા ને પેશાબ રાખવા જેવાં મનાતાં નથી તેમ જ્ઞાની શુભાશુભભાવોને રાખવા જેવા માનતા નથી. ભલે કાઢતાં જરા વાર લાગે તોપણ અભિપ્રાય તેને રાખવાનો નથી. આમ વિકાર રહિત શુદ્ધ સ્વભાવનો આદર કરવો ને પુણ્ય-પાપનો આદર ન કરવો, તે ધર્મ છે. જ્ઞાનીને રુચિપૂર્વક વિકારનો આદર નથી તેથી મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ ટળી ગયા છે માટે જ્ઞાની નિરાસ્રવ છે.

## જ્ઞાનીને સાધકદશામાં જ્ઞાન-દર્શન-ચારિત્રનું હીણું પરિણમન છે.

પરંતુ જ્યાં સુધી ક્ષયોપશમજ્ઞાન છે ત્યાં સુધી પોતાના આત્માને ઉત્કૃષ્ટ પ્રકારે દેખી, જાણી ને આચરી શકતો નથી. શ્રદ્ધા જ્ઞાન થયા પછી પણ સ્થિરતા ન કરે ત્યાં સુધી શુભાશુભ પરિણામ દેખાય છે. જો તે પરિણામ ન જ હોય તો પ્રગટ પૂર્ણ આનંદ હોવો જોઈએ. અજ્ઞાનીને જે રાગ-દ્વેષના પરિણામ થાય છે તે તેના

અજ્ઞાનના કારણે થયા છે, પરને લીધે થયા નથી. પણ પરને લીધે થયા છે, એમ તે માને છે. જ્યારે જ્ઞાની પરને લીધે રાગ-દ્વેષ થાય છે એમ માનતો નથી પણ પોતાની નબળાઈને કારણે થયા માને છે. પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં હીણપ છે એટલે ક્ષાયિક સમકિત નથી, કેવળજ્ઞાન નથી, વીતરાગદશા નથી. એટલે કે જઘન્યભાવે પરિણમન છે.

## હીણું પરિણમન રાગ-દ્વેષનો સદ્ભાવ સાબિત કરે છે ને તેટલો બંધ છે.

તેથી એમ જણાય છે કે જ્ઞાનીને અંતરમાં ચારિત્રમોહ સંબંધી રાગ-દ્વેષ છે. અંતરમાં રાગ ન હોય તો પાછો સ્વરૂપની બહાર આવે નહિ. અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક વિદ્યમાન છે એટલે કે સ્વભાવનું ભાન છે, પણ શુભાશુભભાવો પોતાની નબળાઈથી થાય છે. પર પદાર્થોને લીધે રાગ-દ્વેષ નથી પણ પોતાના કારણે છે. પણ જ્ઞાનીને ભાન છે કે સ્વભાવની એકાગ્રતા દ્વારા તેનો નાશ થઈ જશે. જીભ ગુંદરથી ચીકણી થાય તો સાબુ દેવાની જરૂર પડતી નથી. જીભ પોતે જ લૂખી છે. તે લૂખા સ્વભાવના આશ્રયે ચીકાશનો નાશ થાય છે તેમ આત્માનો સ્વભાવ રાગ-દ્વેષ વિનાનો લૂખો છે, એવું જ્ઞાનીને ભાન છે તેથી તેના આશ્રયે એકાગ્રતા દ્વારા રાગ-દ્વેષ ટળી જશે. ધર્મીને ભાન છે, ને એકાગ્ર થવાનો પુરુષાર્થ છે છતાં પણ જેટલા રાગ-દ્વેષ થાય છે તેટલું બંધન છે.

## સાધક જીવોએ કેવળજ્ઞાન થતાં સુધી સર્વ પ્રકારે આત્મામાં લીનતા કરવી.

માટે જ્ઞાનીને ઉપદેશ છે કે જ્યાં સુધી પરિપૂર્ણ વીતરાગદશા ને કેવળજ્ઞાન ન પ્રગટ થાય ત્યાં સુધી સ્વભાવમાં જ વિશેષ દ્રઢતા ને સ્થિરતા કરવી. એમાં એકાગ્ર થતાં જ જીવનમુક્તદશા-કેવળજ્ઞાન પ્રગટે છે. જ્યારે આત્માને કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારે આત્મા સાક્ષાત્ જ્ઞાની થાય છે. એટલે સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાની થાય છે. ત્યારે સર્વ પ્રકારના આસ્રવોથી રહિત થાય છે. પ્રથમ દ્રષ્ટિનો દોષ તો ટળ્યો હતો જ ને ત્યારે દ્રષ્ટિ અપેક્ષાએ નિરાસ્રવ હતો. હવે વિશેષ લીનતા થતાં અસ્થિરતાનો દોષ પણ ટળી જઈને સર્વ પ્રકારે નિરાસ્રવ થાય છે.

## નિરાસ્રવપણું કહેવાની બે અપેક્ષામાં વિરોધતા નથી માટે યથાર્થ સમજવું.

જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે એટલે કે આત્માનું ભાન થયું છે પણ જ્ઞાન સર્વપ્રકારે સ્વભાવ તરફ પરિપૂર્ણ ઢળ્યું નથી ત્યાં સુધી ચારિત્રમોહના રાગ-દ્વેષનો જ્ઞાનીને સદ્‌ભાવ છે પણ તે રાગની રુચિ નથી માટે જ્ઞાનીને નિરાસ્રવ કહ્યા હતો. અસ્થિરતાના રાગ-દ્વેષને ગૌણ કરી એમ કહ્યું હતું અને ચારિત્રમોહના રાગ-દ્વેષનો અભાવ થતાં, વીતરાગદશા થતાં અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સર્વથા પ્રકારે આસ્રવ નથી એમ કહ્યું. આ બે અપેક્ષાએ વાત કરી છે. કોઈ કહે કે બે અપેક્ષા કેમ લીધી?—તો ભાઈ, જે અપેક્ષાએ વાત ચાલતી હોય તે સમજવી જોઈએ. અનંતકાળથી નિમિત્તથી લાભ ને પુણ્યથી ધર્મ માનતો તે ભિખારાપણું ફીટીને સ્વરૂપલક્ષ્મીનું ભાન થયું તે વખતે નબળાઈ હોવા છતાં દ્રષ્ટિ અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો હતો.

દુકાનના કામમાં પાંચ કરોડ રૂપિયા કમાયો, એમ નક્કી થયું તે દિવસથી પાંચ કરોડનો ધણી કહેવાય છે પણ તે પાંચ કરોડનો માલ ગણી હિસાબ કરી પોતાના ઘર ભેગો કરતાં વાર લાગે છે, છતાં પાંચ કરોડનો ધણી કહેવાય છે. તેમ સમ્યગ્દ્રષ્ટિને અંતરસ્વભાવ ચૈતન્યદ્રષ્ટિની દ્રષ્ટિ હાથ આવી. ભલે પછી ઠરતાં વાર લાગે છે પણ ત્યારથી તેને સ્વભાવ લક્ષ્મીનો ધણી કહ્યો છે, એટલે કે નિરાસ્રવ કહ્યો છે, ને સ્વભાવદ્રષ્ટિ સહિત પરિપૂર્ણ વીતરાગદશા ને કેવળજ્ઞાન થતાં સર્વથા નિરાસ્રવ કહ્યો. આ અપેક્ષા કથનની વિવિધતા છે. પણ તેમાં વિરોધતા નથી. માટે જેમ અપેક્ષા હોય તેમ સમજવું. અપેક્ષાથી સર્વ કથન યથાર્થ છે.

જાગ્યા ત્યારથી સવાર

અનંતકાળ સ્વરૂપની અણસમજણમાં ગાળ્યો માટે પૂર્વની વાત સંભારવી નહિ. જ્યારથી જીવ સમજ્યો ત્યારથી સવાર. પૂર્વે ઊંધું સમજાવનાર મળ્યા માટે ઊંધું સમજ્યો, એમ નથી પણ પોતાની તે પ્રકારની લાયકાત હતી માટે ઊંધું સમજ્યો હતો. એમ જ્ઞાન કરીને, તે દોષ ટાળીને વર્તમાનમાં સાચી સમજણ કરી લેવી. પૂર્વની વાત યાદ કરી બીજાનો વાંક નહિં કાઢતાં અત્યારે સત્ સમજવાના ટાણાં મળ્યા છે તો સાચું સમજી લેવું ને પોતાના સ્વરૂપનો નિર્ણય કરવો.

# પ્રસાદ નં. ૧૮૦

## સમયસાર ગાથા ૧૭૨, કળશ ૧૧૬

(ચૈત્ર વદ ૧૨, બુધવાર, ૨૦૦૭)

અર્થ : આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો અર્થાત્ નહિ કરતો થકો, વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ જીતવાને વારંવાર (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થતો અને (એ રીતે) સમસ્ત પરવૃત્તિ-પરપરિણતિને ઉખેડતો જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો ખરેખર સદા નિરાસ્રવ છે.

## "ધર્મી જીવ રુચિપૂર્વક રાગ-દ્વેષ કરતો નથી."

શરીરાદિ પરપદાર્થ છે, પુણ્ય-પાપ વિકાર છે, આત્મા તેનાથી રહિત પવિત્ર ચૈતન્ય સ્વભાવી છે, એવી અંતરદ્રષ્ટિપૂર્વક ભાન થાય છે ત્યારે ધર્મી થાય છે. તે ધર્મી જીવ રુચિપૂર્વક રાગ કરતો નથી. અજ્ઞાનદશામાં રાગનું સ્વામીપણું હતું. જ્ઞાનદ્રષ્ટિ થતાં પુણ્ય-પાપથી મને હિત થશે એવા એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ થતા નથી. ધર્મ જો અનાદિથી પર્યાયમાં પ્રગટ હોય તો સંસાર હોઈ શકે નહિ, પણ અનાદિથી પોતાનું સ્વરૂપ ચૂકીને પરપદાર્થ ને પુણ્યની રુચિ કરી પર્યાયમાં અધર્મ સેવતો તે હવે તેની રુચિ કરતો નથી પણ જ્ઞાનસ્વભાવની રુચિ નિરંતર કરે છે. એટલે રુચિપૂર્વકના વિકારને નિરંતર છોડે છે, એમ કહ્યું છે. સ્વભાવદ્રષ્ટિમાં સુખ છે એવું જ્ઞાનીને ભાન હોવાથી તેને મિથ્યાત્વના રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી.

## "જ્ઞાનીને પોતાની નબળાઈના કારણે રાગ-દ્વેષ થાય છે, કર્મને લીધે નહિ."

વળી જે અસ્થિરતાના રાગ-દ્વેષ જ્ઞાનીને થાય છે તેને જીતવાને વારંવાર પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય લ્યે છે. જેમ શરીરમાં રોગ હતો તે મટી ગયો છે પણ હજુ નબળાઈ છે તે પુષ્ટકારક ખોરાક લેવાથી મટી જાય છે. તેમ અનાદિકાળથી દેહ મારો, પુણ્ય-પાપ મારાં, એવો પર્યાયમાં આત્મભ્રાન્તિરૂપ રોગ હતો તે પુરુષાર્થ કરીને ટાળ્યો છે, પણ અસ્થિરતાને કારણે રાગ-દ્વેષ થાય છે, તેને ટાળવા પ્રયત્ન કરે છે.

## "અજ્ઞાની જીવ 'દિવાળિયા વેપારી'ની જેમ શાસ્ત્રને તપાસતો નથી તેથી ચોરાશીના અવતારમાં રખડે છે."

અહીં કોઈ અજ્ઞાની જીવ દલીલ કરે છે કે નબળાઈના રાગ-દ્વેષ રાખવાનો જ્ઞાનીને અભિપ્રાય નથી, તો પછી તે રહેલ છે તેનું કારણ ચારિત્ર મોહનીય કર્મનો ઉદય લાગે છે. પણ તે તેની માન્યતા ભૂલ ભરેલી છે. કર્મને લીધે અસ્થિરતાનો રાગ થાય તો કર્મના ઉદયને લીધે ભ્રાન્તિનો રાગ પણ થવો જોઈએ. જો એમ હોય તો રાગ ટાળી વીતરાગદશા કદી થાય નહિ, માટે જીવે વિચાર કરવો જોઈએ ને વારંવાર સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રનો અભ્યાસ કરી નિર્ણય કરવો જોઈએ.

દિવાળિયો માણસ પોતાની દુકાનના ચોપડા તપાસતો નથી કારણ કે તેની દાનત ખોટી છે પણ શાહુકાર પોતાના ચોપડા બરાબર તપાસી લેણદેણનો હિસાબ રાખે છે. તેમ જે જીવને એમ છે કે થાય તે ખરું, જન્મ-મરણ જ્યાં થાય, તે સાચા, તેવો દિવાળિયો જીવ સર્વજ્ઞના શાસ્ત્રને તપાસતો નથી ને નિર્ણય કરતો નથી તેથી ચોરાશીના અવતારમાં રઝળે છે.

## "ચોરાશીના અવતારમાં એકત્વબુદ્ધિના પરિણામ સંકેલી જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરે છે, તે જીવ ડાહ્યો છે."

સંસારી જીવ સંસારમાં અનેક પ્રકારના વેપાર આદિમાં ડહાપણ કરે છે. મરણ વખતે જો જીવ શાંતિ રાખે તો ડાહ્યો કહેવાય. અનાદિનો અજ્ઞાની અનેક પ્રકારના નાટક કરે છે, કોઈવાર નારકી, કોઈવાર દેવ, કોઈવાર મનુષ્ય, કોઈવાર તિર્યંચ વગેરેના અનેક ભવો કરે છે. જ્ઞાની પુરુષો કહે છે કે ઊભો રહે સંસારના ડાહ્યા, પર સાથેની એકત્વબુદ્ધિના પરિણામ સંકેલ્યા નહિ તો તારું ડહાપણ રહેશે નહિ. એકત્વબુદ્ધિના પરિણામ સંકેલી સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરે છે તે ડાહ્યો છે. લોગસ્સના પાઠમાં આવે છે કે "આરુગ્ગ બોહિલાભં" અહીં શરીરના આરોગ્યની માગણી કરી નથી. 'હે ચૈતન્યપ્રભુ! ચૈતન્યસ્વભાવમાં પુણ્ય-પાપનો રોગ નથી, પુણ્ય-પાપ રહિત અંતરસ્વરૂપનું ભાન થાય એવો મને લાભ આપજો.' એવું ભાન થવું તે પ્રથમ ધર્મ ને સમ્યક્દર્શન છે. એ ભાન કરે તે ડાહ્યો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આટલી સમજણ થઈ ગયા પછી અમારે અમારા માનેલા વ્રત, તપ, પૂજા કરવા કે નહિ? સમ્યક્દર્શન થયા પછી વીતરાગતા ને કેવળજ્ઞાન લાવવા માટે અમોએ કહ્યો તે રસ્તો સાચો કે નહિ?

## "સમ્યગ્દર્શન પછી પણ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા એ જ વિકારને નાશ કરવાનો ઉપાય છે."

સમાધાન : પ્રથમ સાચી સમજણ તો કર, પછી શું કરવું તેની સમજણ પડી જશે. દયા, દાન, વ્રત, પૂજાના ભાવ તો વિકાર છે. વિકાર કોઈપણ વખતે કરવા જેવો છે, એવી રુચિ ધર્મીને હોતી નથી. જ્ઞાનીને દયા, દાન કાયમ રહે તેવી ભાવના હોતી નથી, તે શુભભાવને ધર્મી જીવ જ્વર સમાન માને છે. તે નબળાઈના રાગને જીતવાનો ઉપાય રાગને ચાલુ રાખવો તે છે જ નહિ. પણ સ્વશક્તિ જ્ઞાનસ્વભાવને સ્પર્શવું એટલે કે તેમાં એકાગ્ર થવું એ જ ઉપાય છે. તે સિવાય બીજો રસ્તો નથી. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને જ્ઞાન વધ્યું છે. જડ શરીર તો એનું નથી પણ વિકારભાવ કાટ સમાન છે. સોનાને કાટ હોતો નથી તેમ નીરોગ શુદ્ધ ચૈતન્ય ધાતુને પુણ્યનો કાટ હોતો નથી. અંતરસ્વભાવમાં લીન થતાં તે વિકારનો નાશ થાય છે, એટલે તેને જીત્યો એમ કહેવામાં આવે છે.

## "અનાદિનો અજ્ઞાની જીવ દ્રષ્ટિમાં ગુલાંટ મારી સવળો થાય છે ને ક્રમે ક્રમે વીતરાગદશા પામે છે."

અજ્ઞાની જીવ કહે છે કે પુણ્ય વિના કાંઈ કલ્યાણ થાય? જરા ટેકો તો જોઈએ ને? બીજી તરફથી કહેશે કે "સિદ્ધા સિદ્ધિં મમ દીસંતુ" હે સિદ્ધ ભગવાન! અમોને સિદ્ધપદ દેજો, મુક્તિ આપજો. એક તરફથી મુક્તિની માગણી ને બીજી તરફથી પુણ્ય એટલે બંધની માગણી કરે છે. આ તે ધર્મ કરે છે કે દંભ કરે છે? અહો! વસ્તુસ્વરૂપની ખબર વિના કહે છે કે ઊંધું સમજાવનાર મળ્યા માટે ઊંધું સમજ્યો, પણ એમ નથી. પોતાની યોગ્યતાથી ઊંધી સમજણ કરે છે તે અજ્ઞાની જીવ, પર પદાર્થોમાં ને પુણ્યમાં ઉત્સાહ કરતો ને ચોરાશીમાં રખડતો તે સવળો થાય છે. જેમ ડેક બજાણીઆ ગુલાંટ ખાય છે તેમ અનાદિનો અજ્ઞાની ગુલાંટ ખાય છે. અહો! વસ્તુસ્વરૂપ સ્વતંત્ર છે, પુણ્ય-પાપ વિકાર છે, આત્મા જ્ઞાનસ્વભાવી છે એવી અંતરદ્રષ્ટિ થતાં ક્રમે ક્રમે સ્વભાવના આશ્રયે નબળાઈના રાગ ટાળી વીતરાગ દશાને પામે છે.

## પર પરિણતિને કેવી રીતે ઉખેડવી?

વળી અહીં પાઠમાં લખ્યું છે કે :–"સમસ્ત પરવૃત્તિને—પરપરિણતિને ઉખેડતો" એટલે પર તરફનો રાગ શું વિદ્યમાન હશે? ને તે વિદ્યમાનને ઉખેડતો હશે? કેવી રીતે ઉખેડતો હશે? પણ ભાઈ, એ તો કથન શૈલી છે. રાગનો નાશ

રાગથી થતો નથી પણ જ્ઞાનાનંદ સ્વભાવ જેવો પ્રતીતિમાં લીધો છે તેવો એકાગ્ર થવાથી રાગની ઉત્પત્તિ જ થતી નથી. તેને રાગ ને પરવૃત્તિને ઉખેડતો એમ કહેવામાં આવે છે. સહજ સ્વભાવમાં લીનતા થાય છે ને વીતરાગતા વધતી જાય છે.

## "ધર્મીજીવ કેવળજ્ઞાન પ્રગટાવે છે ત્યારે સદા માટે નિરાસ્રવ થાય છે."

વળી પરપરિણતિને ઉખેડતો તે સાધક જીવ જ્ઞાનના પૂર્ણભાવરૂપે થાય છે એટલે કે કેવળજ્ઞાનદશાને પામે છે ત્યારે તે સર્વ પ્રકારે આસ્રવથી રહિત થાય છે. કોઈ બાહ્યક્રિયાથી કેવળદશા થતી નથી પણ અંતરલીનતા-એકાગ્રતા વધતા વીતરાગદશા થઈ કેવળજ્ઞાન પ્રગટાવે છે ને સદા માટે આસ્રવથી રહિત થાય છે.

કોઈ કહે છે કે અત્યારે કેવળજ્ઞાન નથી ને તમો મોટી મોટી વાતો કરો છો?

સમાધાન : ભાઈ, પૂર્ણની ભાવના છે, તે પૂર્ણ થવાનો જ. પૂર્ણ તરફ વલણ છે તેને કદાચ એકાદ બે ભવ થાય તોપણ પરિપૂર્ણદશા પ્રગટ કરવાનો. અહીં આચાર્ય ભગવાન પાંચમા આરાને કે સંયોગને યાદ જ કરતા નથી. સ્વભાવમાં આગળ વધે છે તે કેવળજ્ઞાન પામે છે, એ જ વાત છે, ત્રણે કાળે આ જ રસ્તો છે.

## "ધર્મી જીવ વિકારને ભાવમરણ સમજે છે, તેથી વિકારની ભાવના કરતો નથી."

ભાવાર્થ :–ધર્મી જીવ સમસ્ત રાગને છોડવા લાયક માને છે. સોળ કારણ ભાવના ભાવવી તે પણ રાગ છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય સમજે છે. નીચલી દશામાં શુભાશુભ ભાવ હોય છે પણ તેને રાખવાનો કામી નથી પણ તેને મટાડવાનો ઉદ્યમ કરે છે. કોઈ જુવાન ગુજરી જાય તો એવા પ્રસંગો વાંરવાર આવે, એમ કોઈ ભાવતું નથી. કોઈ રોગ થયો હોય તો રોગ કાયમી રહેજો, એવી કોઈ ભાવના ભાવતું નથી તેમ ધર્મી જીવ રાગની ભાવના ભાવતો નથી.

"ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો" એ જ્ઞાનીનું પદ યાદ લાવીને ધર્મી વિચારે છે કે અહો, મારા જ્ઞાનસ્વભાવમાંથી ખસીને શુભાશુભભાવમાં આવવું એ જ ભયંકર ભાવમરણ છે. એમાં શું રાચવું? જ્ઞાનીઓ વિકારમાં રાચતા નથી. કોઈ અજ્ઞાની કહે છે કે "હે પ્રભુ! એક બે ભવ આપજે કે જેમાં બીજાનું ભલું

કરવાનું અધુરું કાર્ય પૂરું કરી લઉં, મારા ભવ માટે વાંધો નથી.'' જુઓ, અજ્ઞાની પરનું કરી શકું છું એમ માને છે ને ભવ એટલે વિકારની માગણી કરે છે, તે તો સ્થૂલ અજ્ઞાની છે, પણ પરનું સારું-નરસું આ જીવને આધીન નથી, એમ જ્ઞાની જાણે છે, તેથી પર તરફ તો લક્ષ નથી ને એકે ભવની માગણી નથી, દ્રષ્ટિમાં ભવ જ નથી. આમ ધર્મી જીવને વિકારની ભાવનાનો અભિપ્રાય નથી તેથી તે નિરાસ્રવ કહેવાય છે.

## ''પર પરિણતિના બે પ્રકારો''

પર પરિણતિ બે પ્રકારની છે. એક તો પરમાં સુખ ને પુણ્યમાં ધર્મ માનવારૂપ, અશ્રદ્ધારૂપ પરપરિણતિ, ને બીજી અસ્થિરતારૂપ પરિણતિ. જ્ઞાનીને સ્વભાવનું ભાન થયું છે પણ પોતાની યોગ્યતાના કારણે નબળાઈના રાગ-દ્વેષ તે અસ્થિરતારૂપ પરિણતિ. જ્ઞાનીએ ખોટી શ્રદ્ધારૂપ પરિણતિનો નાશ કર્યો છે. ને અસ્થિરતાના રાગ-દ્વેષ ટાળવા માટે પોતાના જ્ઞાનસ્વભાવમાં જ એકાગ્ર થાય છે ને પોતાની પર્યાયને પોતાના સ્વરૂપ તરફ વાળે છે. એ રીતે સ્વભાવમાં એકાગ્રતા થતાં વીતરાગદશા થાય છે. એટલે સકળ પર વૃત્તિનો નાશ થાય છે ને કેવળજ્ઞાન પ્રગટાવે છે ને મુક્તિ પામે છે.

## ''અજ્ઞાની જીવ સંસારની ભાવના ભાવે છે જ્યારે આ વાત તો સંસારનો અભાવ કરી મોક્ષના ઇચ્છક જીવો માટે છે.''

કોઈ અજ્ઞાની જીવ કહે કે અમારે મુક્તિ જોઈતી નથી, સંસાર સારો છે! જુઓ! આ ભાવના! પોતામાં પવિત્ર સુખદશા પ્રગટ થાય તે જોઈતી નથી પણ અંતરમાં મલિનતા-દુઃખ, અધર્મ, પ્રગટ થાઓ. હું દુઃખી થાઉં એવી ભાવના ભાવે છે ને માને છે કે નવા નવા ભવમાં નવું નવું જોવા મળે, નવાનો અનુભવ થાય. અહો! જીવને ખબર નથી કે નરકમાં જઈશ ત્યાં રાડેરાડું પાડીશ ને કેટલાંય વરસો સુધી સોથા નીકળી જશે. આત્માની વિકારરૂપ અવસ્થા તે ઝેરદશા. સંસાર છે ને આત્માની શુદ્ધ અવસ્થા તે અમૃતદશા-મુક્તિ છે. જેને સંસાર પ્રિય છે તેને ઝેર પ્રિય છે. જેને શાંતિ ને સુખ જોઈતું હોય તેને માટે આ વાત છે. આગ્રહ છોડી વાત સાંભળવી જોઈએ. જે કરી શકાય તેનો જ જ્ઞાનીઓ ઉપદેશ આપે છે માટે પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવી આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવાં, એ જ ધર્મ ને શાંતિનો ઉપાય છે.

# પ્રસાદ નં. ૧૮૨

## સમયસાર ગાથા ૧૭૨, કળશ ૧૧૬

(ચૈત્ર વદ ૧૩, ગુરુવાર, ૨૦૦૭)

### "બુદ્ધિપૂર્વક ને અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષના અર્થ."

બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષનો અર્થ :–આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે, તેવી રુચિ છોડીને વિકાર મારું કર્તવ્ય છે, એવી રુચિવાળા ભાવને બુદ્ધિપૂર્વક ગણ્યો છે. અજ્ઞાની દયા-દાન કરવા જેવાં માને છે. પુણ્ય કરું તો ધર્મ થાય, એમ તેને વિકારની રુચિ છે.

અબુદ્ધિપૂર્વકનો અર્થ :–જે વિકારી પરિણામ થાય તેમાં રુચિ નથી. પાંચ હજારનું દેણું હોય પણ મૂડી ચાર હજારની છે. દેવું પૂરું ચૂકવવાના ભાવ છે પણ તુરત જ બધા દઈ શકતો નથી, તેથી બાકીના હજારના કાંધા કરે છે, તેમ શરીર પરપદાર્થ છે, પુણ્ય-પાપ વિકાર છે, તે રુચિકર છે એવી ભાવના નથી. બધા વિકારને ટાળવા માગે છે પણ પોતાની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે તેને અબુદ્ધિપૂર્વકના રાગ-દ્વેષ કહે છે.

### "ત્રિકાળી સ્વભાવ તે શુદ્ધ ઉપાદાન છે ને અશુદ્ધ ઉપાદાન અથવા વિકાર તે નિમિત્ત છે."

અહીં પાઠ છે કે જે રાગાદિ પરિણામ ઇચ્છા વિના પર નિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે. પર નિમિત્ત એટલે કર્મ અથવા પર પદાર્થ નહિ. કર્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ કરાવતું નથી. અંતરસ્વભાવદ્રષ્ટિ અથવા ત્રિકાળી સ્વભાવ તે શુદ્ધ ઉપાદાન છે ને અશુદ્ધ ઉપાદાન અથવા વિકાર તે નિમિત્ત છે. ત્રિકાળી સ્વભાવ તે નિશ્ચય છે ને રાગ તે વ્યવહાર છે. નિમિત્ત કહો, વ્યવહાર કહો, વર્તમાન કહો, એક જ છે તથા ત્રિકાળી સ્વભાવ કહો, શુદ્ધ ઉપાદાન કહો, નિશ્ચય કહો, એક જ છે. એટલે પર નિમત્તની બળજોરીથીનો અર્થ—અશુદ્ધ ઉપાદાનની અથવા વિકારી દશાની બળજોરીથી વિકાર થાય છે ત્યારે કર્મ ઉપર આરોપ આપે છે.

## “જ્ઞાનીને જે રાગ-દ્વેષ થાય છે, તે તેની રુચિ વિના કમજોરીથી થાય છે.”

જ્ઞાનીને જે રાગ-દ્વેષાદિ પરિણામ થાય છે, તે બધાય નબળાઈના છે, અશુદ્ધ ઉપાદાનની યોગ્યતાના કારણે થાય છે. ભરત ચક્રવર્તી છ ખંડ સાધવા જાય છે ત્યારે એક પ્રસંગે દેવો વરસાદ વરસાવે છે, ત્યારે અલ્પ દ્વેષ થાય છે ને સેનાધિપતિને તેની સાથે લડાઈ લડવા મોકલે છે. સેનાધિપતિ જીતીને આવે છે ત્યારે શાબાશી આપે છે ને મેઘેશ્વરનો ઇલ્કાબ આપે છે. તે પ્રસંગોને લીધે ભરતને રાગ-દ્વેષ થયા નથી પણ પોતાની નબળાઈથી વિકાલ્પવાળી દશામાં રાગાદિ પરિણામો થાય છે તેને જાણે છે, પણ રુચિપૂર્વક વિકાર કરતા નથી.

## “બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકનો બીજી રીતે અર્થ.”

શ્રી રાજમલ્લજીએ આ કળશની ટીકા કરતાં બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકનો અર્થ આ પ્રમાણે લીધેલ છે.

બુદ્ધિપૂર્વકનો અર્થ : જે રાગાદિ બાહ્ય વિષયોને અવલંબીને મન દ્વારા પ્રવર્તે છે ને જેઓને પોતે જ્ઞાનથી જાણે છે કે બીજાઓ પણ અનુમાનથી જાણી લ્યે તેને બુદ્ધિપૂર્વક કહેલ છે. અહીં બુદ્ધિપૂર્વકનો અર્થ જ્ઞાનની અપેક્ષાએ છે. બુદ્ધિપૂર્વક એટલે રુચિપૂર્વક રાગ કરે છે અથવા રાગ કરવા જેવો છે, એમ અહીં બુદ્ધિપૂર્વકનો અર્થ લેવાનો નથી. રાગ હોવા છતાં રાગની મમતા નથી પણ રાગને પોતે જાણે છે ને બીજાઓ પણ જાણી શકે છે, એમ જાણપણાની અપેક્ષાએ બુદ્ધિપૂર્વકના કહ્યા છે. દયા-દાનાદિ કરવા જેવા છે, એવો તો અભિપ્રાય છે જ નહિ.

અબુદ્ધિપૂર્વક : જે રાગાદિ ઇન્દ્રિય મનના વ્યાપાર સિવાય કેવળ પોતાની યોગ્યતાથી ને મોહ કર્મના નિમિત્તે થાય અને તે જીવને જણાતા નથી તે અબુદ્ધિપૂર્વક કહ્યાં છે. અહીં પણ રાગ કરવા જેવાં છે, એમ તો જ્ઞાની માનતો નથી પણ સૂક્ષ્મ રાગનું પરિણમન છે તે છદ્મસ્થ જીવ પોતે જ્ઞાનમાં પકડી શકતો નથી માટે અબુદ્ધિપૂર્વક કહેલ છે. વળી અહીં મોહના ઉદયના નિમિત્તે કહ્યું છે એટલે કર્મે રાગ-દ્વેષ કરાવ્યા છે, એમ અર્થ નથી પણ પોતાના અશુદ્ધ ઉપાદાનની યોગ્યતાથી સૂક્ષ્મ રાગનું પરિણમન છે તેમાં ચારિત્રમોહ નિમિત્ત છે માટે એમ કહ્યું છે. વળી ઇન્દ્રિય મનના વ્યાપાર સિવાય રાગાદિ પરિણામ કહ્યા છે તો ઇન્દ્રિય મનનો વ્યાપાર સર્વથા છૂટી જાયતો વીતરાગદશા હોવી જોઈએ. તે વર્તમાનમાં નથી તેથી અંતરમાં ઇન્દ્રિયોનું અવલંબન ન હોય પણ મનનું સૂક્ષ્મ અવલંબન છે પરંતુ

મનનો આશ્રય કરું છું તેવો ઉપયોગ બુદ્ધિપૂર્વક કામ કરતો નથી. માટે મનનો આશ્રય લેતો નથી—એમ કહ્યું છે. આ સૂક્ષ્મ પરિણમન કેવળજ્ઞાની જાણે છે. વળી અંતરમાં બિલકુલ રાગ ન હોય તો વીતરાગ હોવો જોઈએ પણ વીતરાગતા નથી એટલે અંતરરાગ હોવો જોઈએ એમ અનુમાનથી નક્કી થઈ શકે છે. અહીં કર્મના નિમિત્તે રાગ થાય છે, એમ કહ્યું. તેની સ્પષ્ટતા : પોતાની દ્રષ્ટિ ને જોર તો અખંડ ઉપર જ છે પણ અશુદ્ધ ઉપાદાન ત્યાં અટકેલું છે. પોતાની પરિણતિ અશુદ્ધ થઈ તે નબળાઈ છે, તે નિમિત્તનું જોર છે, એને કર્મના નિમિત્તે થયું, એમ કહે છે. પણ કર્મથી અબુદ્ધિપૂર્વક રાગ થાય છે, તે વાત સાચી નથી.

## શ્લોક- ૧૧૩

અર્થ : જ્ઞાનીને બધા દ્રવ્યકર્મોનો આસ્રવ વિદ્યમાન હોવા છતાં જ્ઞાની સદા નિરાસ્રવ છે, એમ શા કારણે કહ્યું? જો તને એવી શંકા થાય છે, તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે.

હવે પૂર્વે કહેલી આશંકાના ઉત્તરની ગાથા કહે છે :

**જે સર્વ પૂર્વ નિબદ્ધ પ્રત્યય વર્તતા સુદ્રષ્ટિને,**
**ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મ ભાવ વડે કરે. ૧૭૩.**
**અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,**
**જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત—અષ્ટ પ્રકારનાં. ૧૭૪.**
**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**
**આ કારણે સમ્યક્ત્વ સંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસ્રવભાવ અભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬**

અન્વયાર્થ : સમ્યગ્દ્રષ્ટિને બધા પૂર્વે બંધાયેલ દ્રવ્ય આસ્રવો સત્તારૂપે મોજૂદ છે. તેઓ ઉપયોગના પ્રયોગ અનુસાર કર્મ ભાવ વડે (રાગાદિક વડે) નવો બંધ કરે છે. તે પ્રત્યયો નિરુપભોગ્ય રહીને પછી જે રીતે ઉપભોગ્ય થાય છે, તે રીતે જ્ઞાનાવરણાદિ ભાવે સાત-આઠ પ્રકારનાં થયેલાં કર્મોને બાંધે છે. સત્તા અવસ્થામાં તેઓ નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવા યોગ્ય નથી. જેમ જગતમાં બાળ સ્ત્રી પુરુષને નિરુપભોગ્ય છે તેમ; તેઓ ઉપભોગ્ય અર્થાત્ ભોગવવા યોગ્ય થતાં બંધન કરે છે, જેમ તરુણ સ્ત્રી પુરુષને બાંધે છે તેમ. આ કારણથી સમ્યક્દ્રષ્ટિને અકબંધ કહ્યો છે કારણ કે આસ્રવ ભાવના અભાવમાં પ્રત્યયોને કર્મના બંધક કહ્યા નથી.

## "પર્યાયબુદ્ધિવાળો અજ્ઞાની જૂનાં કર્મોને નિમિત્ત થાય છે ને બંધને પામે છે."

ટીકા : અહીં આચાર્ય ભગવાને સિદ્ધાંત સમજાવવા માટે સ્ત્રીનું દ્રષ્ટાંત આપ્યું છે. તેનો સવળો અર્થ લઈ સિદ્ધાંત સમજવો જોઈએ. જે જીવ દોષ કાઢે તે મુનિનો અનાદર કરે છે. જંગલમાં વસતા મુનિઓ બ્રહ્મચારી ને મહાસમર્થ હતા. તેમનો હેતુ સિદ્ધાંત સમજાવવાનો હોય છે. જેવી રીતે બાળ સ્ત્રી ઉપભોગને લાયક નથી પણ યૌવન અવસ્થાને પહોંચેલી તે સ્ત્રી ઉપભોગને લાયક થાય છે ને જે સંસારી જીવ તેના ઉપર રાગ કરે છે તેને તે સ્ત્રી બાંધે છે. એમ કહેવાય છે. પણ પુરુષ રાગ ન કરે તો સ્ત્રી બંધનમાં નિમિત્ત થતી નથી, તેવી રીતે સત્તામાં રહેલાં કર્મના પરમાણુઓ ઉપભોગ્ય નથી પણ ઉદયમાં આવે ત્યારે ઉપભોગ યોગ્ય થાય છે એટલે બંધનના નિમિત્તપણાની લાયકાત ધરાવે છે. જીવ એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ કરે તો જૂના કર્મો તેને નિમિત્ત કહેવાય છે, શરીર તે હું, કર્મથી મને રાગ થાય, એવી અજ્ઞાનીની કર્મ ઉપર દ્રષ્ટિ છે, તે તરફ રુચિ છે તો જૂના કર્મોને અજ્ઞાની નિમિત્ત થાય છે ને કર્મો તે જીવને બાંધે છે, એમ કહેવામાં આવે છે.

## "જ્ઞાનીને કર્મનો ઉદય હોવા છતાં તેની દ્રષ્ટિ જ્ઞાનસ્વભાવ ઉપર જ છે."

પણ જ્ઞાનીને કર્મ ઉપર દ્રષ્ટિ નથી પણ સ્વભાવ ઉપર છે તેથી જૂના કર્મો ઉદયમાં હોવા છતાં જ્ઞાની જૂનાં કર્મોને નિમિત્ત થતો નથી ને જૂના કર્મો નવામાં નિમિત્ત થતાં નથી, તેથી જ્ઞાની નિરાસ્રવ છે. સત્તામાં પડેલા કર્મો તો બંધનમાં નિમિત્ત નથી કારણ કે જ્ઞાનીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર જ છે. જેમ સ્ત્રી અથવા જુવાની બંધનું કારણ નથી પણ સ્ત્રી ઉપરનો રાગ બંધનું કારણ છે, તેમ પર પદાર્થ પ્રત્યે એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ બંધનું કારણ છે.

સુકોશલ મુનિને તેના મામા કે જે મુનિ હતા તેમણે કહ્યું કે :–ત્રણ દિવસનું તારું આયુષ્ય બાકી છે. સુકોશલ રાજકુમાર હતા. તે સ્ત્રીને તથા રાજ્યને છોડીને વીતરાગદશા પામ્યા. અમો સ્વરૂપને શરણે જઈએ છીએ, એમ વિચારી મુનિપણું અંગીકાર કર્યું. ત્યાં રાજ્ય ને સ્ત્રી ઉપરનો રાગ નથી તો બંધનું કારણ કહેવાતું નથી.

## "યુવાની સંસાર ભોગ માટે નથી પણ યુવાવસ્થા ધર્મકાળ છે, ને વૃદ્ધાવસ્થા તે કેવળજ્ઞાનનો કાળ છે."

કોઈને જુવાનીમાં વૈરાગ્ય આવે ને દીક્ષા લ્યે ત્યારે તેની સ્ત્રી કહે છે કે : પરણ્યા બે વરસ થયા છે, હમણા દીક્ષા ન લ્યો તોપણ તે જ્ઞાનીને વૈરાગ્ય આવતાં દીક્ષા લેવા જાય છે. તે કહે છે કે જુવાનીના શરીરના પરમાણુ તો સ્મશાનમાં જવાના છે, મનુષ્ય દેહ મળ્યો તો એકદમ ચેતવા જેવું છે. અમારે જુવાનીનો કાળ સંસાર ભોગવવાનો કાળ નથી પણ ધર્મ માટે છે, યુવાવસ્થા તે ધર્મકાળ છે ને વૃદ્ધાવસ્થા તે કેવળજ્ઞાનનો કાળ છે. એમ અજ્ઞાની માને છે.

**સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે...**

બધા તરફથી ઔદાસીન્ય વૃત્તિ કરી મુનિપણાની ભાવના ભાવે છે. આવા જ્ઞાની વૈરાગ્યવંત જીવને યુવાવસ્થા તે ધર્મની ભરજુવાન અવસ્થા છે. ભરત ચક્રવર્તીને કપાળમાં જરા લીલરી પડી તે નિમિત્ત પામીને જાગ્યા કે અહો! ચક્રવર્તીને આવી અવસ્થા! વૈરાગ્ય આવ્યો, ૯૬,૦૦૦ સ્ત્રીઓ હતી, તેનો ત્યાગ કરી મુનિપણું અંગીકાર કર્યું. આવા જ્ઞાનીને રાગ છૂટી જતાં સ્ત્રી બંધનું કારણ કહેવાતી નથી. તેમ કર્મોનો તીવ્ર ઉદય હોવા છતાં જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવની સંભાળમાં છે, તેથી જૂના કર્મોનો પાક બંધનું કારણ નથી.

## "જ્ઞાનીને મિથ્યાત્વના રાગ-દ્વેષનો અભાવ છે તેથી જ્ઞાનીને કર્મોનો ઉદય બંધનું કારણ થતો નથી."

જેમ માટીના ઘરમાં માટીના પિંડા ગાર કરવા કામ આવે પણ આરસપહાણના મકાનમાં તે માટીના પિંડા કામ આવે નહિ, એમ અજ્ઞાન રાગ-દ્વેષ જીવ કરે તો તે રાગ-દ્વેષ જૂના ને નિમિત્ત થાય છે, પણ જ્ઞાની જીવને કર્મ ઉપર દ્રષ્ટિ નથી તો જ્ઞાની જૂના કર્મોને નિમિત્ત થતો નથી. જ્ઞાનીને એકત્વબુદ્ધિના રાગ-દ્વેષનો અભાવ છે. પરવસ્તુ મારી છે ને પુણ્યથી ધર્મ છે, એવી રુચિ જ્ઞાનીને છૂટી ગઈ છે તેથી જૂના આસ્રવો બંધનું કારણ થતા નથી. જેમ પુરુષ રાગ કરે તો સ્ત્રી બંધનું નિમિત્ત કહેવાય છે, તેમ જીવ અજ્ઞાનભાવ કરે તો ઉદયમાં આવેલાં કર્મોને તેના રાગ-દ્વેષ નિમિત્ત થાય છે ને તેથી નવીન બંધ અવસ્થાને પ્રાપ્ત થાય છે, પણ જીવ કર્મની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે તો બંધ થતો નથી.

# પ્રસાદ નં. ૧૮૩

## સમયસાર ગાથા ૧૭૩-૧૭૬

(ચૈત્ર વદ ૧૪, શનિવાર, ૨૦૦૭)

### "સ્વભાવમાં દુઃખ નથી પણ કર્મોના આશ્રયે દુઃખ છે. જૂના કર્મો હોવાની સાબિતી."

આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેને ચૂકીને પરપદાર્થમાં અટકી શુભાશુભભાવ કરે છે તે આસ્રવ છે. આવા ભાવો કરે છે ત્યારે કર્મ બંધાય છે ને એકાગ્રતા કરે તો ધર્મ થાય છે ને કર્મ બંધ પડતો નથી. વળી આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનો અંતર આશ્રય કરે તો દુઃખ નથી કારણ કે મૂળભૂત વસ્તુમાં દુઃખ હોય તો દુઃખ કદી ટળે નહીં, અથવા જેમ પાણી એકલું મેલું હોતું નથી પણ પોતાની યોગ્યતાના કારણે ને કાદવના નિમિત્તે મેલું થાય છે, તેમ જડકર્મના આશ્રયે, આત્મામાં વિકાર થાય છે, કોઈ પ્રશ્ન કરે કે :–કર્મ દેખાતા નથી તો પછી તેનો આશ્રય લ્યે છે એમ શા ઉપરથી કહેવાય? વ્યવહારમાં પણ એક માણસ પ્રયત્ન ઓછો કરે ને પૈસા ઘણા મળે છે ને એક માણસ ખૂબ મજૂરી કરે ને પૈસા ઓછા મળે; એક જીવ નીતિમય જીવન ગાળે, દયા-દાન કરે છતાં શરીર રોગી હોય; એક જીવ અનીતિમય જીવન ગાળે ને શરીર નીરોગી હોય. આટલો ફેર દેખાય છે, તેમાં કાંઈ કારણ હશે કે નહિ? દયા, દાન વગેરે શુભભાવ કરે ને અશાતાનો ઉદય? તો આ ઉપરથી નક્કી થાય છે કે, તે સંયોગો મળવામાં પૂર્વ કર્મ નિમિત્ત હોવા જોઈએ, માટે કર્મની સાબિતી થાય છે.

### "જૂના કર્મો વિવિધ રસવાળાં ને અસંખ્ય તારતમ્યતાવાળા છે."

પૂર્વે કર્મો બાંધ્યા હતાં તેનો ઉદય અને જીવના રાગદ્વેષ મોહભાવો ને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. જે જે કર્મો બાંધ્યા હોય તે તુરત જ ઉદયમાં આવે એવું નથી. રોટલીના પરમાણુ લોહીરૂપે તુરત ન થાય, ને ઇન્જેક્શનના પરમાણુ લોહીરૂપે થાય. રજકો બે માસમાં પાકે પણ રાયણનું ઝાડ ૩૦ વરસે ફળે એવી તે તે પરમાણુની યોગ્યતા છે. તેમ કર્મ પરમાણુમાં અમુક કર્મો જલ્દી પાકીને ઉદયમાં આવે ને અમુક ઘણા લાંબા વખતે પાકીને ઉદયમાં આવે, એવી કર્મના પરમાણુની યોગ્યતા છે. જેમ શુભાશુભભાવોમાં અસંખ્ય પ્રકારની હીનાધિકતા છે, તારતમ્યતા છે તેમ કર્મોમાં પણ હોય છે.

## "જૂનાં કર્મના ઉદયને ને અજ્ઞાનીના મોહ રાગ દ્વેષને નિમિત્તનૈમિત્તિક ભાવ છે."

દ્રવ્યાસ્રવોના ઉદયને અને જીવના મોહ, રાગ, દ્વેષને નિમિત્તનૈમિત્તિક ભાવ છે. રોગી જીવ કેરીને જોઈને દ્વેષ કરે કે ખાઈ શકાશે નહિ, નીરોગી જીવ કેરીને જોઈ રાગ કરશે. જેવા ભાવ કરે તેમાં તે કેરી નિમિત્ત કહેવાય છે. તેમ જીવ પોતાનો સ્વભાવ ચૂકીને પરનો આશ્રય કરી જેવા ભાવ કરે તેવા મોહ-રાગ-દ્વેષમાં જડ કર્મના ઉદયો નિમિત્ત કહેવાય છે. આવા જૂના કર્મો નિમિત્ત કોને? કે જે જીવ શરીર, કર્મ તથા પુણ્યભાવમાં એકત્વબુદ્ધિ કરે છે, તેને જૂનાં કર્મો નિમિત્ત કહેવાય છે. જે રાગ-દ્વેષ કરતો નથી, તેને તે નિમિત્ત પણ કહેવાતા નથી. જે કોઈ જડ કર્મોને નિમિત્ત માને તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. કારણ કે જ્યારે તેણે જડ કર્મોને નિમિત્ત માન્યાં છે તો તેનામાં નૈમિતિક પર્યાયબુદ્ધિ અથવા અજ્ઞાનના રાગ-દ્વેષ થયેલા છે. કારણ કે નૈમિત્તિક થયા વિના નિમિત્ત કહેવાતું નથી. માટે તેનામાં પર્યાયબુદ્ધિ છે, એમ તે સૂચવે છે. સ્વભાવના આશ્રયે આસ્રવ હોઈ શકે નહિ, નવું કર્મ બંધાય નહિ, માટે ભાવ આસ્રવમાં દ્રવ્યાસ્રવનો ઉદય નિમિત્ત છે. આવી રીતે જીવના મોહ, રાગ, દ્વેષ તે નૈમિત્તિક છે ને દ્રવ્યાસ્રવનો ઉદય તે નિમિત્ત છે. આવો નિમિત્ત નૈમિત્તિક ભાવ છે.

પણ જેને પોતાના સ્વભાવનું ભાન નથી, તે જે પ્રકારે કર્મના ઉદયમાં જોડાય છે, અર્થાત્ જે જે પ્રકારે મોહ રાગ દ્વેષ કરે છે તે તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન કર્મબંધના કારણ થાય છે. જીવ સાચી સમજણ કરે ને અજ્ઞાન રાગદ્વેષ ન કરે તો બંધ થતો નથી.

## "બાહ્ય કોઈ પદાર્થોમાં શાંતિ કે સુખ નથી. ચૈતન્ય સ્વભાવના શ્રદ્ધા જ્ઞાન ને એકાગ્રતામાં શાંતિ છે."

શરીર નબળું પડે ત્યારે સગાં-વહાલાં જોયા કરે પણ કોઈ શરણ છે? આવા અનંતવાર પ્રસંગો આવ્યા પણ ચૈતન્ય સત્તાની સંભાળ કરી નહિ, શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે "ગમે તેવા તુચ્છ વિષયોમાં પ્રવેશ છતાં ઉજ્જ્વલ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે." પરમાં એકત્વબુદ્ધિ કરીને ચોરાશીના અવતાર કર્યા છે માટે જીવોએ વૈરાગ્ય લાવી ચૈતન્ય તરફ વલણ કરવું જોઈએ.

શાંતિનું સ્થાન આત્મામાં છે પણ પરમાં નથી, પણ અજ્ઞાની જીવે તેનો વિચાર કર્યો નથી. ભગવાન આત્મા ચૈતન્ય શાંતિનો ફુવારો છે. જેમ પાણીના ફુવારાને કળ દાબવાથી સેર છૂટે છે તેમ ચૈતન્યનાં શ્રદ્ધા જ્ઞાન કરી એકાગ્રતારૂપી ચાંપ દાબે તો શાંતિ થાય એમ છે. પણ અજ્ઞાની જીવને તેનું ભાન નથી. જ્ઞાની પુરુષો કહે છે કે :–"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!" ક્ષણે ક્ષણે શરીર, પૈસા, પુણ્યને મારાં માની ચૈતન્યસ્વભાવનું અવસ્થામાં ભાવમરણ થાય છે ને આમ જીવન રોળાઈ જાય છે. પોતાનું ચૈતન્ય રતન સામે જુએ તો સંસારનો અભાવ થાય છે.

## "સમ્યક્દ્રષ્ટિ જીવોને મિથ્યાત્વ સહિતના મલિનભાવ નથી, તેથી બંધ થતો નથી."

શરીરાદિ પર છે ને પુણ્ય-પાપ વિકાર છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એવું ભાન છે તેવા સમ્યગ્દ્રષ્ટિ જીવને પરની સાથે એકત્વબુદ્ધિ થતી નથી. ભ્રાન્તિનું નિમિત્ત મિથ્યાત્વ કર્મને સ્વરૂપ આચરણના આવરણમાં નિમિત્ત અનંતાનુબંધી છે તે સમકિતીને હોતું નથી.

૧) ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિએ અંતરમાં ચૈતન્યની પ્રતીતિ એવી કરી છે કે તે ફરી પડે નહીં. ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિએ પોતાનો સ્વભાવ આનંદકંદ છે. પરથી નિરાળો છે—એવી દ્રઢ પ્રતીતિ કરી છે તેથી તેણે ભ્રાન્તિનો તથા મિથ્યાત્વ સાથે રહેલા અનંત સંસારના કારણરૂપ કષાયનો નાશ કર્યો છે તથા તે સંબંધી અવિરતિભાવ અને યોગભાવ, શુભાશુભભાવોમાં જોડાણનો પણ નાશ કર્યો છે તેથી તેને ભાવાસ્રવ નથી ને તે પ્રકારનો બંધ તેને થતો નથી.

૨) ઉપશમ સમ્યગ્દ્રષ્ટિ એટલે કે જેમ પાણીમાં મેલ નીચે હોય પણ ઉપરમાં પાણી નિર્મળ હોય છે, તેમ આત્માનું ભાન છે. પર્યાયની પ્રગટદશામાં નિર્મળદશા વર્તે છે, પણ સત્તામાં કર્મ પડ્યા છે, તેણે મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયનો ઉપશમ કર્યો છે જેથી સત્તામાં રહેલું દ્રવ્યકર્મ ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ નથી.

૩) ક્ષયોપશમ સમ્યગ્દ્રષ્ટિને આત્માનું ભાન છે પણ નિર્મળતામાં કચાશ છે. પાણીમાં જરા-જરા મેલ હોય તેવી રીતે આ સમ્યક્ત્વમાં જરા મલિનતા છે. તેને સમ્યક્ત્વ મોહનીય સિવાયની છ પ્રકૃતિઓનો વિપાક આવતો નથી તેથી તેને તે પ્રકારનો બંધ નથી.

આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિ જીવોને ઉપર કહ્યા તે પ્રકારે મલિનભાવ થતો નથી ને તેથી નવો બંધ થતો નથી.

## "ધર્મી જીવને અનંત સંસારના કારણરૂપ મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો નાશ થયો છે."

અવિરત સમ્યગ્દ્રષ્ટિ એટલે જે ધર્માત્માને આત્માનું અંતરભાન છે પણ હજી આસક્તિના ભાવ છે, શુભાશુભભાવો છે તેને ચારિત્રમોહનો ઉદય છે. નિમિત્તરૂપે તે પ્રકૃતિઓનો ઉદય હોય છે. ધર્મી જીવ પોતાની નબળાઈના કારણે જેટલો જોડાય તેટલો નવો બંધ થાય છે. તેથી ગુણસ્થાનોના વર્ણનમાં અવિરત આદિ ગુણસ્થાને અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ ઘણો અલ્પ છે. તેથી અનંત સંસારની અપેક્ષાએ ગણવામાં આવ્યો નથી. સમ્યગ્દ્રષ્ટિને નબળાઈથી થતા શુભાશુભભાવોનું સ્વામીપણું નથી.

## ધર્મી જીવને શુભાશુભભાવનું સ્વામીપણું નથી તેથી નિશ્ચયદ્રષ્ટિમાં તેને બંધ નથી.

રામચંદ્રજી સંસારદશામાં હતા. જે રાગ થતો તેને પોતાની નબળાઈ જાણતા હતા, છતાં સ્વરૂપનું ભાન હતું. શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી હતા. ઝેર લેવાનો ભાવ હોવા છતાં પોતાનું ભાન ચૂક્યા નથી.

શરીર પડવાનું હતું માટે આપઘાતનો ભાવ આવ્યો, એમ તે માનતા ન હતા.

આપઘાતનો ભાવ થયો માટે શરીર આત્માથી છૂટ્યું, એમ નથી.

ઝેર આવ્યું માટે આપઘાતનો ભાવ થયો, એમ નથી.

આપઘાતનો ભાવ થયો માટે ઝેર આવ્યું, એમ પણ નથી.

ઝેરની અવસ્થા, શરીરની અવસ્થા, પોતાનો ભાવ, દરેક સ્વતંત્ર છે—એમ જ્ઞાની જાણે છે. પરને લીધે દ્વેષ થયો માનતા નથી. અંતરભાન છે તેવા ધર્મી જીવને અલ્પ દોષ થાય છે તેમાં સ્વામીભાવે એટલે કરવા જેવા ભાવે જોડાણ નથી. અસ્થિરતારૂપે જોડાણ છે તેને વસ્તુસ્વભાવની અપેક્ષાએ ગણ્યું નથી.

# જેને આત્માનું ભાન છે, તે જીવને શુભાશુભભાવો હોવા છતાં અબંધક છે.

અહો! વસ્તુસ્વરૂપ અદ્દભુત છે. દ્રવ્યદ્રષ્ટિનું માહાત્મ્ય છે. આ શરીરાદિ પર પદાર્થો સંયોગી ચીજ છે ને પુણ્યપાપના ભાવો સંયોગીભાવો છે. જગતનો ડાહ્યો થઈને જીવ ફરે પણ આત્માના ભાન વિના સંસાર ટળતો નથી પણ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન થતાં અનંત સંસાર કપાઈ ગયો. ઝાડનું મૂળ કપાતાં પાંદડાં વગેરે સૂકાઈ જાય છે. તેમ અનંત સંસારની ગાંઠ કપાઈ ગઈ ને અલ્પ સંસાર રહે છે તે ગણતરીમાં ગણવામાં આવ્યો નથી. અલ્પ રાગ-દ્વેષ નબળાઈથી થાય છે, તે ટાળતાં અમુક વખત લાગે છે. ધર્મીજીવને શુભાશુભભાવની હોંશ નથી, તે અમારું સ્વરૂપ નથી. આ લજ્જાસ્પદ છે, અમારી ચૈતન્યસત્તાને શોભતું નથી. જેમ ઉધરસ આવતાં કફ કાઢતા વાર લાગે છે પણ તે રાખવાનો અભિપ્રાય નથી તેમ શુભાશુભ ભાવ કાઢતાં વાર લાગે છે પણ તે કરવા જેવા છે, એવો અભિપ્રાય નથી. અજ્ઞાની જીવ તો અશુભ ને શુભ બન્નેમાં હોંશ રાખી તેનો કર્તા થાય છે. અમે આટલાં દયાદાન કર્યાં, અમોએ આટલાં સંસારના કામ કર્યાં, આટલાને ઠેકાણે પાડ્યા. જાણે કે 'હું પહોળો ને શેરી સાંકડી' એમ શરીરની ક્રિયાનો તથા રાગનો સ્વામી થાય છે. અજ્ઞાની તેમાં રુચિપૂર્વક જોડાય છે ત્યાં સુધી તે વિકાર આદિનો કર્તા થાય છે. પણ ધર્મી જીવ કર્મના ઉદયનો ને અલ્પરાગનો માત્ર જ્ઞાતાદ્રષ્ટા છે. જડની પર્યાય હું કરી શકતો નથી. અલ્પ રાગ-દ્વેષ પરના લક્ષે જરા થાય છે, તેની રુચિથી તેને કરવા જેવા માનતો નથી માટે ધર્મી જીવ રાગનો કર્તા નથી, પણ જાણનાર-દેખનાર છે. આ અપેક્ષાએ સમ્યગ્દર્શન થયા પછી ધર્મી જીવને ચારિત્રમોહને લીધે અસ્થિરતાના શુભાશુભ ભાવો હોવા છતાં તેનો સ્વામી નથી. એવી દ્રષ્ટિ હોવાના કારણે તે જીવને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે.

# પ્રસાદ નં. ૧૮૪

## સમયસાર ગાથા ૧૭૩-૧૭૬

(ચૈત્ર વદ અમાસ, શનિવાર, ૨૦૦૭)

## અજ્ઞાનીને પર્યાયદ્રષ્ટિ હોવાથી તે બંધાય છે, જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી તે બંધાતો નથી.

આત્મામાં ક્ષણિક વિકારી પર્યાય થાય છે તે દયાદાનના ભાવ હો કે હિંસા, જૂઠું, ચોરીના ભાવ હો—બન્ને અધર્મભાવ છે. જ્યાં સુધી જીવની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર નથી ને ભ્રાંતિ ટળી નથી ત્યાં સુધી દર્શનમોહનો ઉદય નિમિત્ત કહેવાય છે. પોતાનું સુખ પોતાના સ્વભાવમાં છે, તે ચૂકીને વિષયોમાં સુખ ને દયાદાનના ભાવ મને હિતકર છે, તેવી દ્રષ્ટિ છે ત્યાં સુધી જૂના કર્મમાં જોડાણ થાય છે. અંતરશક્તિ સ્વભાવ ચૂકે છે, તેને અજ્ઞાની કહ્યો છે, ને તેને નવાં કર્મનું બંધન થાય છે. અજ્ઞાનીને પુણ્યની રુચિ ને નિમિત્તથી લાભની દ્રષ્ટિ હોવાથી તે નવાં કર્મને બાંધે છે.

જ્યારે જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ છે. કોઈ ક્રિયાકાંડથી કે પુણ્યથી ધર્મ થશે, તેમ તે માનતો નથી. સોનાની ખાણ ઉપર લોઢાનો ભૂકો ભભરાવ્યો હોય તેને આખા લોઢાની ખાણ માની લ્યે તો તે મૂર્ખ છે, તેમ પુણ્ય-પાપના ભાવ લોઢા જેવા છે, તેને અંતર સ્વભાવના સમજે તો તે મૂર્ખ છે, પણ જ્ઞાની તો પોતાના સ્વભાવને બરાબર ઓળખી લ્યે છે. આવી રીતે સ્વભાવદ્રષ્ટિવંત તે જ્ઞાની છે ને પરમાં ને પુણ્યમાં એકત્વબુદ્ધિ કરનાર અજ્ઞાની છે. જ્ઞાની અબંધ છે ને અજ્ઞાની બંધાય છે. આ પ્રમાણે અધ્યાત્મગ્રંથમાં દ્રષ્ટિની અપેક્ષાએ કથન છે.

વળી પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવમાં વિશેષ સ્થિર રહેવાના પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રગટ કરે છે ત્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણ જ્ઞાની થાય છે ને તે વખતે સર્વપ્રકારે આસ્રવરહિત થાય છે, એમ પહેલાં કહેવાઈ ગયું છે.

### કળશ ૧૧૮

અર્થ : જો કે પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા) એવા પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાન અવસ્થામાં બંધાયેલા) દ્રવ્યરૂપ પ્રત્યયો પોતાની સત્તા છોડતા નથી (અર્થાત્ સત્તામાં છે—હયાત છે) તોપણ સર્વ રાગ, દ્વેષ, મોહનો અભાવ હોવાથી જ્ઞાનીને કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથી—થતો નથી.

## જ્ઞાનીને ચૈતન્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તેથી તેને રાગનો અભાવ છે.

ધૂળિયા મકાનમાં ધૂળના પિંડા કામ આવે પણ આરસપહાણના મકાનમાં કામ આવે નહિ. તેમ અજ્ઞાનદશામાં શરીર મારું, પુણ્યથી ધર્મ થાય વગેરે અજ્ઞાનભાવે કર્મ બાંધ્યા હતાં પણ સ્વભાવદ્રષ્ટિ થઈ, હું ચૈતન્ય મહેલમાં રહેનારો શાશ્વત પદાર્થ છું, શરીર-કર્મ પર છે, તે હું નથી. પુણ્ય-પાપના ભાવ તે મલિનભાવ છે,તે મારો શાશ્વતો મહેલ નથી. હું જ્ઞાનસ્વભાવી છું, એવું ભાન થતાં તે કર્મો ઉપર દ્રષ્ટિ થતી નથી. જો કે તે કર્મો સત્તામાં હયાત છે, પોતપોતાના સમયે ઉદયમાં આવે છે, તોપણ જ્ઞાનીને ચોથે ગુણસ્થાને, દ્રષ્ટિ અપેક્ષાએ, સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેને કર્મબંધ થતો નથી. એક પણ રાગનો સ્વામી નથી તેથી સર્વ રાગનો અભાવ કહ્યો છે. અહીં દ્રષ્ટિપ્રધાન કથન છે.

## ધર્મી જીવ મડદાની જેમ ઉદાસ છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ મડદાની જેમ ઉદાસ છે. કોઈ મડદાને ચંદનથી બાળે કે સાદાં લાકડાંથી બાળે, પાલીસવાળા કે વગર પાલીસવાળા લાકડાંથી બાળે, તેની તે મડદાને ખબર નથી, તેને માટે તો તે બધાં સમાન છે. તેમ સમકિતી જીવને ૯૬,૦૦૦ સ્ત્રી ખમા ખમા કરે ને ચંદન ચોપડે તો ઠીક ને અશાતાના ઢગલા હોય તો અઠીક, એમ હોતું નથી. પુણ્યમાં રુચિ ને પાપમાં અરુચિ હોતી નથી. જ્ઞાનાનંદ સ્વભાવરૂપ આત્મમહેલના આદરમાં પુણ્ય-પાપ ને સંયોગોનો આદર નથી. આ સમ્યગ્દર્શન-પ્રથમ ધર્મની વાત છે.

## આ તારા ચૈતન્યના ગાણાં ગવાય છે,<br>એકવાર ચૈતન્યદ્રષ્ટિ તો કર.

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ને મોઢું ધોવા જાય તે મૂર્ખાઈ છે. તેમ મનુષ્યદેહે ટાણાં આવ્યાં ત્યારે જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ ન કરી, તે મૂર્ખ કહેવાય છે. બહારના સંયોગો શાંતિ આપે એમ નથી. શાંતિ નિમિત્તમાં નથી. એકવાર ધર્મદ્રષ્ટિ તો કર. અહો આત્મસ્વભાવનાં ગાણાં ગવાય છે.

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;**

**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

આત્માનાં ગાણાં ભગવાનની વાણીમાં પૂરી રીતે આવી શકે તેમ નથી, એવો આત્માનો મહિમા છોડી જે જીવ પુણ્યનો મહિમા કરે છે, તે જીવ ચોરાશીના અવતારમાં રઝળે છે. જે જીવ સ્વભાવનો મહિમા કરે છે તેને અવતાર ધારણ કરવો પડતો નથી.

ભાવાર્થ : અજ્ઞાનદશામાં બાંધેલા જડ કર્મો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતાં નથી. જેમ સંસારમાં કોઈ વસ્તુ ઉપરથી પ્રેમ ઊઠી જાય તો પછી તે વસ્તુ સામે તે જીવ જોતો નથી. તેમ જ્ઞાનીને શરીરની ક્રિયા ને પુણ્યની ક્રિયા ઉપરથી પ્રેમ ઊઠી ગયો છે ને સ્વભાવનો પ્રેમ થયો છે, તેથી દ્રષ્ટિ અપેક્ષાએ બધા રાગ-દ્વેષનો અભાવ છે. અહીં રુચિપૂર્વકના રાગ-દ્વેષનો અભાવ કહ્યો છે.

હવે આ જ અર્થ દ્રઢ કરનારી બે ગાથાઓ આવે છે, તેની સૂચનિકારૂપ શ્લોક કહે છે :

## કળશ ૧૧૯

અર્થ : કારણ કે જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહનો અસંભવ છે તેથી તેને બંધ નથી કેમકે તે રાગ-દ્વેષ-મોહ જ બંધનું કારણ છે. ॥૧૭૩-૧૭૬॥

હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :—

## ગાથા ૧૭૭-૧૭૮

**નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદ્રષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને. ૧૭૭**
**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮**

અર્થ : રાગ, દ્વેષ અને મોહ એ આસ્રવો સમ્યગ્દ્રષ્ટિને નથી તેથી આસ્રવભાવ વિના દ્રવ્યપ્રત્યયો કર્મબંધના કારણ થતા નથી.

(મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ આઠ પ્રકારનાં કર્મોના કારણ કહેવામાં આવ્યા છે અને તેમને પણ (જીવના) રાગાદિભાવો કારણ છે; તેથી રાગાદિભાવોના અભાવમાં કર્મ બંધાતા નથી. (માટે સમ્યગ્દ્રષ્ટિને બંધ નથી)

ટીકા : સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષમોહ નથી. લોકોને સમ્યગ્દર્શનનો ખ્યાલ નથી. લોકો બાહ્યથી જુએ છે. કોઈ લૂખું ખાતો હોય અથવા ઉપવાસ કરતો હોય, તેનો

મહિમા આવે પણ અંતરમાં ચૈતન્યનો મહિમા નથી, તે જીવને ધર્મ થતો નથી. જ્યારે સમ્યગ્દ્રષ્ટિ બહારમાં ઘણી પ્રવૃત્તિમાં દેખાતો હોય પણ અંતરમાં ઉદાસ વર્તે છે, તે જાણે છે કે જડની ક્રિયા જડને કારણે થાય છે, તે મારે લીધે નથી. પર્યાયમાં ક્ષણિક રાગદ્વેષ થાય છે, તે આત્માનું સ્વરૂપ નથી. તે ચૈતન્યસત્તાની સંભાળ ચૂકતો નથી. અજ્ઞાનીને થાય કે લડાઈના પરિણામ કરે, અનેક પ્રકારના હુકમો કરે તેને ધર્મી કહેવો? ને મુનિ વૈરાગ્ય પામેલો પણ આત્માનું ભાન નથી માટે અજ્ઞાની કહેવો? ધર્મી-અધર્મીનો વિવેક અજ્ઞાનીને હોતો નથી. ધર્મનું માપ અંતરક્રિયાથી છે, શરીરની ક્રિયાથી કે પુણ્યથી નથી. ધર્મનો સંબંધ અનંત ગુણોના પિંડ ધર્મી સાથે છે. આવી સાચી દ્રષ્ટિ હોવાથી ધર્મીને મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ હોતા નથી. તેથી તેને ધર્મ થાય છે ને બંધ થતો નથી.

અજ્ઞાની જીવ પરથી ધર્મ માને છે ને પરથી ક્ષમા ને શાંતિ રાખે છે. કોઈ અજ્ઞાની જીવને બંદૂક લાગે ને બાહ્ય વૈરાગ્યવાળો હોય તો કહે કે ભાઈ, પ્રારબ્ધના યોગે દેહ છૂટે છે, આપણે ગુસ્સો ન કરવો પણ શાંતિ રાખવી. તો તેની ક્ષમા અથવા શાંતિ ધર્મનું કારણ નથી કારણ કે તે પરથી ક્ષમા માને છે. વળી તે માને છે કે આપણે ઈશ્વરની પ્રાર્થના કરીએ તો આપણું ભલું થાય. એમ પરના આધારે શાંતિ ને વૈરાગ્ય ભાવે છે. પણ આત્મા પોતે ક્ષમાસાગર છે તેમાંથી ક્ષમા ને શાંતિ પ્રગટે છે, તે ભાન વિના સાચી શાંતિ આવતી નથી ને ધર્મદશા પ્રગટતી નથી.

## પ્રભુતાના ભાન વિના પામરતા ટળતી નથી.

## અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય,
## એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શુંય?

અજ્ઞાની જીવ આ કાવ્યનો અર્થ સમજતા નથી. ચૈતન્યના ભાન વિના એકલી પામરતા સ્વીકારે, એકલો અધમાધમ ગણે તો તેની પામરતા કદી ટળે નહિ ને ધર્મ થાય નહિ. અહીં પોતાની પર્યાયનો વિવેક કરાવ્યો છે. એટલે કે જ્ઞાન કરાવ્યું છે. પણ કેટલાય જીવો આનો અર્થ નહિ સમજતાં એકલા પામરતાનાં ગાણાં ગાયા કરે છે. આત્માની પ્રભુતાના ભાન વડે પામરતા ટળે છે ને તે વિના પામરતા ટળતી નથી. "મરણ શરણ ધીરજ નથી મરણ સુધીની છેક" હે નાથ, શાંતિને પૂર્ણ જાળવી રાખું એવો પૂર્ણ પુરુષાર્થ હજુ નથી. મરણ ટાણે મારી ધારા સ્વભાવની એકાગ્રતામાં રહે તે ભાવના ભાવે છે. એકલી પામરતા રાખવાની ભાવના નથી. પામરતા અથવા પાપીપણું, તે દ્રવ્ય છે કે પર્યાય? જો દ્રવ્ય પોતે પાપી હોય તો

પાપ ટળે નહિ કારણ કે તેને સ્વભાવ માન્યો ને પાપીપણું જો ક્ષણિક છે તો ત્રિકાળી સ્વભાવ જે પામરતા રહિત છે, તેના ભાન વિના પાપીપણાનો વિવેક આવશે નહિ. માટે પ્રભુતામય મારો સ્વભાવ છે, એવું ભાન કરનાર જીવને જ પામરતાની પર્યાયનો વિવેક આવે છે ને તેની પામરતા ટળે છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને પોતાનો સ્વભાવ પ્રભુતાવાળો છે એવું ભાન છે તેથી મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ હોતા નથી. જ્ઞાનીની દ્રષ્ટિ પોતાના સ્વભાવ ઉપર છે પણ કર્મ ઉપર નથી તેથી જ્ઞાનીને જૂના કર્મો ઉદયમાં હોવા છતાં તે નવાં કર્મ બંધાવાનું હેતુપણું ધારતા નથી કારણ કે જૂનાં કર્મોમાં નવાં કર્મ બંધાવાનું નિમિત્તપણું ક્યારે આવે? જો જીવ મોહ રાગદ્વેષ કરે તો જ્ઞાની જીવ રાગદ્વેષ કરતો નથી તેથી તેનાં કર્મોના ઉદયને નવાં કર્મનાં બંધના નિમિત્તપણાનો આરોપ આવતો નથી. અજ્ઞાની જીવની દ્રષ્ટિ જ પર ઉપર છે ને અજ્ઞાનીને મોહરાગદ્વેષ છે તેથી અજ્ઞાનીનાં જૂનાં કર્મોને આગામી કર્મના નિમિત્તપણાનો આરોપ આવે છે તેથી તેને બંધ હોય છે. જ્યારે જ્ઞાનીને અજ્ઞાનપૂર્વકના રાગ-દ્વેષનો અભાવ છે તેથી તેને બંધ નથી. અહીં દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાએ કથન છે.

# પ્રસાદ નં. ૧૮૫

## સમયસાર ગાથા ૧૭૭-૧૭૮

(વૈશાખ સુદ ૧, રવિવાર, ૨૦૦૭)

આત્મામાં પુણ્ય-પાપનો ભાવ થાય તેને પોતાનો સ્વીકારવો તે આસ્રવ-મલિન પરિણામ છે. મારો સ્વભાવ જાણવા-દેખવાનો નથી પણ વિકારવાળો છે. હું પરથી કામ કરું છું, એવી દ્રષ્ટિ તે જ સંસાર છે. મિથ્યાત્વ સહિતના રાગને અહીં રાગ ગણવામાં આવ્યો છે. અજ્ઞાની જીવો બાહ્યની ક્રિયાથી તથા પુણ્યથી ધર્મ માને છે ને અજ્ઞાન તપ કરીને ઉજમણાં કરે છે. હું ચૈતન્ય જ્ઞાન દીવો છું. મારામાં જાણવા-દેખવાની ક્રિયા થાય છે, તે સિવાય બીજી ક્રિયા નથી એવું તેને ભાન નથી તેથી ધર્મ થતો નથી.

પ્રશ્ન : વ્યવહારે તો તપને ધર્મ કહેવાય ને?

સમાધાન : અજ્ઞાનીના તપને વ્યવહાર પણ કહેવાતો નથી. નિશ્ચય વગર વ્યવહાર કેનો? શરીરાદિ પર છે, શુભાશુભ ભાવો આસ્રવ છે, તે ચૈતન્યનું સ્વરૂપ નથી. પોતે જ્ઞાનસ્વભાવી છે, એવું ભાન થયા પછી અલ્પ રાગ નિષેધ દ્રષ્ટિથી વર્તે છે, તેને વ્યવહાર કહે છે.

### જો શરીરાદિના આધારે ધર્મ હોય તો શરીર શિથિલ થતાં ધર્મ કેવી રીતે થશે?

૧) જો શરીરાદિથી ધર્મ થતો હોય તો શરીર ચાલી નહિ શકે તે વખતે ધર્મ કેવી રીતે થશે?

૨) જો પૈસા આપવાની ક્રિયાથી ધર્મ થતો હોય તો છેલ્લી વખતે અમુક રૂપિયા દાનમાં આપજો એટલું બોલવાની ક્રિયા પણ થતી નથી તો તે વખતે ધર્મ કેવી રીતે થશે?

૩) જો સ્પર્શેન્દ્રિયથી ધર્મ થતો હોય તો હાથથી અડીને જાણી શકે તેવી તાકાત ન હોય ને શરીર શિથિલ પડી ગયું હોય તે વખતે ધર્મ કેવી રીતે થશે?

૪) જો વાણીથી ધર્મ થતો હોય તો અવાચક જેવો થઈ જાય ને ભગવાનના ગુણગાન ગાવાની તાકાત ન હોય તે વખતે ધર્મ કેવી રીતે થશે?

૫) જો શાસ્ત્ર શ્રવણથી ધર્મ થતો હોય તો શ્રવણ કરી શકે તેવી તાકાત ન હોય તે વખતે ધર્મ કેમ થશે?

૬) જો ભગવાન અને ગુરુના દર્શનથી ધર્મ થતો હોય તો આંખો નબળી પડે ને ભગવાનની પ્રતિમા દેખાય નહીં તે વખતે ધર્મ કેવી રીતે થશે?

શરીરમાં પક્ષઘાત થયો હોય ને તે પછી કેટલાંક વર્ષ સુધી પણ જીવે છે. શરીર અટકી જાય, વાણી બોલાય નહી, કાને સંભળાય નહિ, આંખો ટગર ટગર જોઈ રહે, ધર્મ જો શરીરની ક્રિયાથી થતો હોય તો આવી સ્થિતિમાં ધર્મ થાય જ નહિ. આવા વખતે ધર્મ માટે શું કરવું? ધર્મ એવી ચીજ છે કે ત્રણે કાળે બધી અવસ્થામાં થઈ શકે–અંદર ચૈતન્યસત્તા ત્રણેકાળે બધી અવસ્થામાં મોજૂદ પડી છે, તેનાં શ્રદ્ધા જ્ઞાન કરે તો ધર્મ થાય.

## ધર્મી જીવને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ નથી તેથી તેને બંધ થતો નથી.

ધર્મી જીવો શરીરની ક્રિયાથી, નિમિત્તથી કે પુણ્યથી ધર્મ માનતા નથી તેથી તેમને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ હોતા નથી ને રાગદ્વેષમોહના અભાવ વિના ધર્મીપણું હોઈ શકે નહિ, એવો અવિનાભાવી નિયમ કહ્યો. ત્યાં ઊંધી શ્રદ્ધા સહિતના રાગને જ રાગ ગણ્યો છે. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, એવું ભાન નાનાં દેડકાં, નાની છોકરીઓને પણ હોય છે. ભાન થયા પછી અસ્થિરતાના રાગદ્વેષ થાય છે, તેને અહીં ગણવામાં આવ્યા નથી, તે ગૌણ છે. આ રીતે ધર્મીને ભાવાસ્રવનો અભાવ છે. જે રાગદ્વેષ દ્રવ્યાસ્રવોના બંધના હેતુમાં હેતુભૂત થતા તે રાગદ્વેષ જ્ઞાનીને નથી તેથી દ્રવ્યાસ્રવો ઉદયમાં હોવા છતાં જ્ઞાનીને બંધના હેતુ થતા નથી અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી તેથી ધર્મી જીવને બંધ થતો નથી.

'જ્ઞાની' શબ્દ ત્રણ અપેક્ષાએ વપરાય છે.

સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે, તે યોગ્ય જ છે. 'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે.

(૧) જેનામાં જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય છે. ભવી, અભવી, નિગોદનો જીવ, કેવળી, સાધક વગેરે બધાને અહીં જ્ઞાની કહ્યા છે. આમ બધા જીવો સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાની છે.

(૨) આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીરાદિ પર છે, રાગ વિકાર છે, આત્મા વિકાર રહિત છે, એવું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે. આવું ચૈતન્યનું ભાન વર્તે છે, તે જ્ઞાની છે

ને જેને ચૈતન્યનું ભાન નથી, શરીરની ક્રિયાથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને તે અજ્ઞાની છે. ભલે તેને ઉઘાડ ઘણો હોય, અગિયાર અંગનું જ્ઞાન હોય ને મોટી સભામાં ઉપદેશ આપતો હોય તોપણ અજ્ઞાની છે. અહીં સમ્યક્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની અપેક્ષા લેવામાં આવી છે.

(૩) સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થયું છે, તે અપેક્ષાએ કેવળી ને સિદ્ધ તે જ્ઞાની છે અને સંપૂર્ણ જ્ઞાન છે એ અપેક્ષાએ છદ્મસ્થ જીવ અજ્ઞાની છે. પૂરા અને અધૂરા જ્ઞાનની અપેક્ષાએ આ કથન છે. શાસ્ત્રોમાં ઉપશમ, ઔદયિક, ક્ષયોપશમિક, ક્ષાયિક ને પારિણામિક ભાવોની અપેક્ષાએ પાંચ ભાવોનું કથન કરતાં બારમાં ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ (જ્ઞાનની અધુરાશ) કહ્યો છે. રાગદ્વેષ થાય તેને પણ ઔદયિકભાવ કહે છે ને જ્ઞાનદર્શન પરિપૂર્ણ ઊઘડે નહિ ને અપૂર્ણ રહે તેને પણ અજ્ઞાનરૂપ ઉદયભાવ એટલે જ્ઞાનની અધુરાશ કહે છે. તે બારમા ગુણસ્થાન સુધી છે.

આ પ્રમાણે અનેકાંતથી અપેક્ષા વડે વિધિ નિષેધ બાધા રહિતપણે નક્કી થાય છે. સર્વથા એકાંતથી કાંઈપણ નક્કી થતું નથી.

હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે, માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :–

### કળશ ૧૨૦

અર્થ : ઉદ્ધત જ્ઞાન (કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો અભ્યાસ કરે છે તેઓ, નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) દેખે છે-અનુભવે છે.

## શુદ્ધનયનું લક્ષણ ઉદ્ધતજ્ઞાન. કેવું છે તે ઉદ્ધતજ્ઞાન?

શ્રુતજ્ઞાનનો જે અંશ પરિપૂર્ણ શુદ્ધ આત્માને લક્ષમાં લ્યે છે, તે જ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે. તે શુદ્ધનયનું લક્ષણ ઉદ્ધત જ્ઞાન છે. સંસારનો ઉદ્ધત દોષમાં જાય છે. અહીં ‘ઉદ્ધત’ ગુણમાં જાય છે. શુદ્ધનય તે લક્ષ્ય છે ને ઉદ્ધતજ્ઞાન તે લક્ષણ છે. કેવું છે તે જ્ઞાન? ઉદ્ધત છે, કોઈથી દબાય નહિ તેવું છે. શુદ્ધ ચૈતન્યસત્તાને તે જ્ઞાન સ્વીકારે છે. શરીરની ક્રિયા થાય છે તે તો જડથી થાય છે; શબ્દો બોલાય છે

તે ભાષાના પરમાણુનું કાર્ય છે. આત્મા બોલતો નથી; પૈસા જાય તો પૈસાના કારણે જાય છે, તેમ જ્ઞાન સ્વીકારે છે ને પર્યાયમાં દયાદાનનાં ભાવ થાય છે તેને પણ તે જ્ઞાન સ્વીકારતું નથી. તે જ્ઞાન એકલી ચૈતન્યમૂર્તિની સત્તાને સ્વીકારે છે. સંસારમાં હોવા છતાં તે જ્ઞાન કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોને તથા શુભાશુભભાવોને ગણકારતું નથી.

## શુદ્ધનયના આશ્રયે જે પોતામાં એકાગ્ર થાય છે, તે શુદ્ધ આત્માને અનુભવે છે.

આવા શુદ્ધનયનો આશ્રય કરીને જે જીવ એકાગ્ર થાય છે, તેને અંતર અનુભવ થાય છે. અહીં શુદ્ધનયનો આશ્રય કહ્યો છે. શુદ્ધનય તો શ્રુતજ્ઞાનની પર્યાય છે. શુદ્ધનય તથા તેનો વિષય જે શુદ્ધસ્વભાવ છે તેને અભેદ કરીને શુદ્ધનયનો આશ્રય કહ્યો છે. જ્ઞાની પુરુષો શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈ, સદાય શુદ્ધ આત્માને એકને અગ્ર કરી અભ્યાસ કરે છે. કોઈ દિવસ પર પદાર્થ તથા પુણ્યને અગ્ર કરતા નથી. સ્વભાવદ્રષ્ટિનો આંતરો ક્યારેય પડતો નથી. તેઓ નિરંતર મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષથી રહિતપણે વર્તે છે. ધર્મી જીવને સંસારમાં દયાદાનના ભાવ હોય છે, કોઈવાર કામક્રોધાદિના ભાવો પણ હોય છે, પરંતુ તેનો કદી પણ આદર નથી, તેની મુખ્યતા નથી. તેથી સદાય રાગાદિ રહિત વર્તે છે ને તેથી બંધ રહિત શુદ્ધ આત્માને અનુભવે છે.

## સાચી દ્રષ્ટિ હોવાથી ધર્મી જીવ બંધથી રહિત થયા છે.

જેમ લૌકિકમાં બૈરાં ગુજરી જતાં પુરુષને વિધુર કહે છે, તેમ અહીં ધર્મી જીવને પુણ્ય-પાપના વિકાર મારામાં નથી, એવી દ્રષ્ટિ હોવાથી બંધથી વિધુર કહ્યા છે. **बंधविधुरम्** શબ્દ શ્લોકમાં છે. અબંધ દ્રષ્ટિ છે માટે બંધ રહિત થયા છે. અલ્પ રાગદ્વેષને ગૌણ કરી, દ્રષ્ટિ સ્વભાવ ઉપર જ છે તેથી અબંધક ગણ્યા છે. અજ્ઞાની જીવ તો ડામાડોળ રહે છે. પુણ્યથી ધર્મ હશે કે આ કહેતા હશે તે ખરું હશે? તેને વસ્તુની ખબર નથી. દયાદાનથી ધર્મ માને થે તેથી તે બંધના ધણીપદે છે. ધર્મી જીવ ચોથા ગુણસ્થાને લડાઈના પરિણામમાં હોય અથવા વેપારના પરિણામમાં હોય પણ જડની ક્રિયા જડના કારણે થાય છે, એમ માને છે. અલ્પ અશુભભાવ નબળાઈથી થયો છે તે મારું સ્વરૂપ નથી, એમ તે માને છે. અબંધદ્રષ્ટિ હોવાથી

તેમને બંધરહિત કહ્યા છે. આમ ધર્મી જીવને પોતાના સ્વભાવનું ભાન છે તેથી તેમને શુદ્ધ આત્માનો અનુભવ થાય છે.

આ આસ્રવ અધિકાર છે. આસ્રવ રહિત જ્ઞાની કેવા હોય તેનું વર્ણન છે.

ભાવાર્થ : પુણ્ય-પાપને તથા વર્તમાન દ્રષ્ટિને લક્ષમાં લ્યે છે, તે અશુદ્ધનય છે ને આત્મા શુદ્ધ છે તેને લક્ષમાં લ્યે છે, તે શુદ્ધનય છે. શુદ્ધનયનો વિષય જે શુદ્ધ આત્મા છે તેના આશ્રયે મોક્ષ થાય છે. “**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા**”—મોક્ષ ક્યાંય ઉપરમાં નથી, સિદ્ધશિલા ઉપર નથી. સંપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટે તે મોક્ષ છે ને મોક્ષ એટલે આત્મામાં પરિપૂર્ણ એકાગ્રતા. તે એકાગ્રતા કેવી રીતે થાય? હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, રાગ નહિ, શરીર નહીં, માત્ર જ્ઞાનસ્વરૂપ જ છું, શુદ્ધ છું, એવી આત્મામાં પરિણતિ તે શુદ્ધનય, આવા પરિણમનથી જ્ઞાનમાં સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ, તે એકાગ્રતા પૂરી થતાં મોક્ષદશા પ્રગટે છે.

# પ્રસાદ નં. ૧૮૬

## સમયસાર ગાથા ૧૭૭-૧૭૮, કળશ ૧૨૦

(વૈશાખ સુદ ૨ સોમવાર, ૨૦૦૭)

### શુદ્ધ નય આદરણીય છે ને અશુદ્ધ નય હેય છે, એટલે શું?

આત્માની પર્યાયમાં ભ્રાંતિ રાગદ્વેષ થાય છે તે બધો મલિનભાવ છે. તેનું જ્ઞાન કરનાર જ્ઞાનના અંશને વ્યવહાર નય અથવા અશુદ્ધ નય કહે છે. શરીર આદિ પર છે, વિકાર તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનસ્વભાવી શુદ્ધ છે. એવા શુદ્ધસ્વભાવનું જ્ઞાન કરનાર નયને નિશ્ચયનય અથવા શુદ્ધ નય કહે છે. શુદ્ધ સ્વભાવના ભાન વિના નિમિત્તથી ને પુણ્યથી ધર્મ માને તેને તો નય જ લાગુ પડતો નથી. તેનો વ્યવહાર પણ સાચો નથી, તો પછી નિશ્ચય તો ક્યાંથી સાચો હોય? નિશ્ચયના ભાન સહિત રાગને જાણવો તે વ્યવહારનય છે. ઢાલને સોનારૂપાની બે બાજુ હોય છે પણ સોનાની બાજુ ઉપર માણસની નજર ઠરે છે. રૂપાની ઢાલને જાણે છે પણ નજર ત્યાં ઠરતી નથી. તેમ રાગનું જ્ઞાન થાય છે ખરું, પણ ઠરવાનું તો રાગરહિત શુદ્ધસ્વભાવમાં જ હોય છે. ઘણા જીવો બન્ને નયોને સમકક્ષી કહે છે, પણ તે વાત ખોટી છે. બન્ને નયો સમકક્ષી નથી. વ્યવહારનય જાણવાયોગ્ય છે ને નિશ્ચયનય કે જે સ્વભાવ તરફ ઢળે છે તે આદરવાયોગ્ય છે. <u>વ્યવહારનય તો વર્તમાન એક અંશને જાણે છે જ્યારે શુદ્ધનય તો અંશી એવા આખા આત્માને ખ્યાલમાં લ્યે છે.</u> વ્યવહાર નય રાગ-દ્વેષને જાણે છે એટલે કે વ્યવહારનયનો વિષય છે ખરો, તેનો અભાવ નથી પણ વ્યવહારનય આદરણીય નથી એટલે કે રાગદ્વેષ વિકારમાં રોકાવા જેવું નથી. વળી વિકારનું જ્ઞાન પણ સાચું કર્યું ક્યારે કહેવાય? <u>વર્તમાનમાં રાગદ્વેષ હોવા છતાં ને તેનું જ્ઞાન હોવા છતાં હું તો જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ નિરુપાધિ સ્વભાવભાવ છું, એમ જ્ઞાન સ્વ તરફ ઢળે ને જ્ઞાતમાં એકાગ્ર થાય તો તેણે નિશ્ચયને જાણ્યો છે ને વિકારને વિકાર તરીકે જાણ્યો છે તો તેના બન્ને નયો સાચા કહેવાય અને તેણે શુદ્ધનય આદરણીય માન્યો કહેવાય ને અશુદ્ધનય હેય માન્યો કહેવાય.</u>

### સાધકને શુદ્ધનય અંશે પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન થતાં શુદ્ધનય સાક્ષાત થાય છે.

શુદ્ધનય તે ભાવશ્રુતજ્ઞાનનો અંશ છે. શાસ્ત્ર તો પર છે પણ શાસ્ત્રનું જાણપણું તે પણ ખરેખર શ્રુતજ્ઞાન નથી. આત્મા તરફ વળેલું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. તેમાં

આખા સ્વભાવને જે જ્ઞાનનો અંશ લક્ષમાં લ્યે છે તે શુદ્ધનય છે. તે શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે. કેવળજ્ઞાન જેમ આત્માના અસંખ્ય પ્રદેશોને પ્રત્યક્ષ જાણે છે, તેમ શ્રુતજ્ઞાન આત્માના અસંખ્ય પ્રદેશને પ્રત્યક્ષ જાણતું નથી. તેથી શુદ્ધનય દ્વારા થતો આત્માનો અનુભવ પણ પરોક્ષ છે. વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે, તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. પરિપૂર્ણ શુદ્ધદશા તો કેવળજ્ઞાન પ્રગટે ત્યારે થાય છે માટે સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થતાં થાય છે. પોતાનો સ્વભાવ શુદ્ધ છે, એવી કબૂલાત તો નીચલી દશામાં થાય છે. મારો જ્ઞાનસ્વભાવ નિરાસ્રવ છે, એમ જાણતાં આસ્રવ એટલે રાગદ્વેષને જાણવાની તાકાત આવે છે પણ હજી તે એકદેશ શુદ્ધ છે. સર્વથા રાગદ્વેષ છૂટી જતાં ને વીતરાગદશા થતાં શુદ્ધનય પૂરો થાય છે. કેવળજ્ઞાનીને નય હોતા નથી પણ ત્યાં શુદ્ધદશા પૂરી થાય છે એમ કહેવાનો આશય છે.

જીવો યથાર્થ અભ્યાસ કરે નહિ પછી આ વાત ક્યાંથી સમજાય? વેપાર ને વ્યવહારમાં બધો ખ્યાલ કરે પણ અહીં કોઈવાર સમજણ કરે નહિ, કદાચિત્ શાસ્ત્રના પાઠ બોલી જાય તોપણ રેકર્ડ બોલે તેમ બોલી જાય છે. જેમ રેકર્ડને ભાન નથી તેમ આને પણ ભાન નથી. વસ્તુસ્વરૂપ જાણ્યા વિના પોતા તરફ કેવી રીતે ઢળે? કોનું શરણ લેશે? પૈસા, કુટુંબ શરણ થશે? શુભભાવ શરણ થશે? ના. અનંતા અવતાર પરલક્ષે જીવે કર્યા છે પણ સાચી દ્રષ્ટિ સહિત કોઈ વખતે પણ દેહ છોડ્યો નથી એકવાર પણ શુદ્ધનયને અંગીકાર કરી સાચી દ્રષ્ટિ સહિત દેહ છોડે તો તેને અવતાર હોઈ શકે નહિ. ચૈતન્યનું શરણ કહો, શુદ્ધનય કહો, નિશ્ચયનય કહો, ઉત્તમ મંગળિક સ્વરૂપ કહો, ધર્મ કહો, શુદ્ધસ્વભાવ કહો—એ બધા એકાર્થવાચક છે, માટે શુદ્ધનય અંગીકાર કરવાયોગ્ય છે.

હવે કહે છે કે જેઓ શુદ્ધ નયથી ચ્યુત થાય છે, તેઓ કર્મ બાંધે છે. :—

## કળશ ૧૨૧

અર્થ : જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને ફરીને રાગાદિના સંબંધને પામે છે એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે એવા થયા થકા, પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે (-કર્મોને બાંધે છે)-કે જે કર્મબંધ અનેક પ્રકારના વિકલ્પોની જાળ કરે છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો છે).

આત્મા શુદ્ધ છે, રાગાદિથી રહિત છે, એવું પ્રથમ ભાન કર્યું હતું, તેવા જીવો ફરીવાર પુણ્યથી ધર્મ માનવા લાગ્યા. પ્રથમ શુદ્ધનય દ્વારા હું જ્ઞાનસ્વભાવી છું, એમ જાણ્યું હતું. તે દ્રષ્ટિ ચૂકી ગયો ને વિકારની રુચિ કરી તેવા જીવોએ સ્વભાવ

સાથે જોડાણ તોડી નાખ્યું છે. ધર્મદશા પામીને ગુંલાંટ ખાઈને અધર્મી થાય છે. માટે ચૈતન્યદ્રષ્ટિ કરીને્ પણ સાવધાન રહેવું યોગ્ય છે. જ્ઞાની જીવો જ્ઞાન સાથે જોડાણ કરે છે ને રાગને છોડે છે, જ્યારે અજ્ઞાની રાગ સાથે જોડાણ કરે છે ને જ્ઞાનને છોડે છે. એવા જીવોને મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષ થાય છે, તે અજ્ઞાન રાગ-દ્વેષ પૂર્વે બાંધેલાં કર્મોને નિમિત્ત થાય છે ને તે દ્રવ્યાસ્રવો અનેક પ્રકારના નવાં કર્મોને બાંધે છે. સ્વભાવની રુચિ છૂટી એટલે પુણ્ય-પાપને નિમિત્તની દ્રષ્ટિ થઈ, તે નવાં કર્મોને બાંધે છે.

જુઓ, એકવાર ધર્મદ્રષ્ટિ થયા પછી પણ ખ્યાલ ન રાખે તો ચ્યુત થઈ જાય છે તો અનાદિકાળની જેની દ્રષ્ટિ પુણ્ય ઉપર ને નિમિત્ત ઉપર છે, તેની તો વાત જ શી? માટે ચૈતન્ય એક જ શરણ લેવા યોગ્ય છે.

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.**

આ જગતમાં કોઈ શરણરૂપ નથી. પૈસા, સ્ત્રી, કુટુંબ શરણ નથી. જિનેશ્વર ભગવાને કહેલો વસ્તુધર્મ શરણ છે. માટે બધા પરપદાર્થોનું શરણ છોડી એકલા ચૈતન્ય સ્વભાવનું શરણ લેવું યોગ્ય છે. વારંવાર એ જ આદરવા યોગ્ય છે. જે જીવ એનું શરણું લીધા પછી પણ પુણ્યનું શરણું લ્યે છે તે સંસારમાં રખડે છે.

ભાવાર્થ : આત્મા જ્ઞાનસ્વભાવી છે એવા પરિણામથી છૂટી જવું ને અશુદ્ધદશા એટલે દયાદાનાદિના ભાવનો આદર કરવો તે મિથ્યાદ્રષ્ટિ થાય છે. અનંત ભવોના નિવારણરૂપ ઉપાય હાથ લાગવા છતાં ફરીથી વ્યવહારની રુચિ થઈ તે સંસારમાં રખડે છે.

(૧) વર્તમાનમાં ઓછી કમાણી છે એના કરતા બે પાંચ લાખની વધુ કમાણી હોત તો ઠીક થાત, આવી રીતે પૂર્વના પુણ્ય ન હોવા છતાં પુણ્યની રુચિ વર્તે છે પણ આત્માની રુચિ વર્તતી નથી.

(૨) વર્તમાનમાં દયાદાનના પરિણામ જે જીવ કરે છે ને તેનાથી હળવે હળવે ધર્મ થશે એમ માને છે તેને વર્તમાન પુણ્ય પરિણામની મીઠાશ વર્તે છે.

(૩) ભવિષ્યમાં પુણ્ય સારાં હશે તો જોગવાઈ રહેશે ને પછી ધર્મ કરશું તેને ભવિષ્યના પુણ્યની મીઠાશ વર્તે છે.

આમ ત્રણેકાળનાં પુણ્ય ને પુણ્યથી મળતા સંયોગોની મીઠાશ વર્તે છે, પણ આત્મસ્વભાવની પ્રીતિ વર્તતી નથી તેથી ધર્મ થતો નથી.

જો પુણ્યથી ધર્મ થતો હોય તો જેટલા જેટલા પૈસાવાળા છે, તથા દેવો છે તે બધાને ધર્મ થવો જોઈએ. પૈસા મળવા છતાં મિથ્યાત્વ રાગદ્વેષના ભાવ કરે છે એટલે નક્કી થાય છે કે અનુકૂળતા ધર્મને સહાયક નથી. વળી જો પ્રતિકૂળતા ધર્મને અટકાવી દેતી હોય તો સાતમી નરકે પ્રતિકૂળતાના ગંજ છે, ત્યાં ચોખાનો કણીયો મળતો નથી, પાણીનો બિંદવો મળતો નથી, શરીરમાં ઘણા રોગ હોય છે, પૈસા નથી, બંગલા નથી તો ત્યાં ધર્મ ન થવો જોઈએ. છતાં પણ ત્યાં નરકમાં પણ લાયક જીવો પૂર્વના સંસ્કાર યાદ લાવી ધર્મ પામે છે—માટે પ્રતિકૂળતા ધર્મને બાધક નથી. પોતે રુચિ કરે તો ગમે ત્યાં ધર્મ થાય છે ને ન કરે તો થતો નથી.

તેથી જે જીવ સ્વભાવની પ્રીતિ છોડી પુણ્યની પ્રીતિ કરે છે તેને પુણ્યના સંયોગોની રુચિ છે. પુણ્યના સંયોગોની રુચિ પુણ્યની રુચિ વગર હોઈ શકે નહિ. આમ જીવને મોહ-રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે ને તે જૂનાં દ્રવ્યાસ્રવોને નિમિત્ત થાય છે ને જૂના દ્રવ્યાસ્રવો નવાં કર્મોનું કારણ થાય છે, ને તેથી અનેક પ્રકારનાં કર્મો બંધાય છે. આ રીતે તે જીવ સાચી શ્રદ્ધાથી ચ્યુત થયો છે, એમ એનો અર્થ કરવો.

ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે. અહીં શુદ્ધનયથી પડી જવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું, એવો અર્થ અહીં મુખ્ય નથી કારણ કે આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવા ભાનસહિત અંતરલીનતા રહેવાનો કાળ અલ્પ હોય છે. તે શુદ્ધોપયોગ અલ્પકાળ રહી સમ્યગ્દ્રષ્ટિ જીવ સ્વજ્ઞેયને છોડી અન્ય જ્ઞેયોમાં-દયાદાનાદિમાં અથવા અશુભભાવોમાં ઉપયોગ લગાવે છે. છતાં વિકારની મીઠાશ નથી-પ્રીતિ નથી. સ્વભાવની જ પ્રીતિ છે. અલ્પ વિકારનો અલ્પ બંધ થાય છે પણ તે અનંત સંસારનું કારણ નથી માટે અહીં જ્ઞાન ઉપયોગની અપેક્ષાએ વાત નથી પણ શ્રદ્ધા અપેક્ષાએ વાત છે.

હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો આ પ્રમાણે અર્થ ઘટે :–

પોતે જ્ઞાતાદ્રષ્ટા છે એવા ભાનસહિત નિર્વિકલ્પ અનુભવથી છૂટે પરંતુ જ્ઞાનસ્વરૂપ છું એવી શ્રદ્ધા ન છોડે તો તેને અસ્થિરતાના રાગથી કાંઈક બંધન થાય છે. તે બંધ જો કે અજ્ઞાનના પક્ષમાં નથી તોપણ તે અલ્પબંધ તો છે જ. માટે તે બંધ ન થવા દેવા માટે જ્ઞાનીએ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવી દ્રષ્ટિથી ને લીનતાથી છૂટવું નહિ ને શુદ્ધ ઉપયોગમાં લીન રહેવું એવો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે. ॥૧૭૭-૧૭૮॥

# પ્રસાદ નં. ૧૮૭

## સમયસાર ગાથા ૧૭૯-૧૮૦

(વૈશાખ સુદ ૨, મંગળવાર, ૨૦૦૭)

હવે આ જ અર્થને દ્રષ્ટાંત દ્વારા દ્રઢ કરે છે.

**પુરુષે ગ્રહેલ આહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે,**
**બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે. ૧૭૯**
**ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળ નિબદ્ધ તે,**
**બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનય પરિચ્યુત બને. ૧૮૦**

અર્થ : જેમ પુરુષવડે ગ્રહાયેલો જે આહાર તે ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો અનેક પ્રકારે માંસ, વસા, રુધિર આદિ ભાવોરૂપે પરિણમે છે, તેમ જ્ઞાનીને પૂર્વે બંધાયેલા જે દ્રવ્યાસ્રવો છે તે બહુ પ્રકારનાં કર્મ બાંધે છે;–એવા જીવો શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. (જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને કર્મ બંધાય છે.)

### "અનુકૂળ પ્રતિકૂળ સંયોગોમાં સુખ-દુઃખ નથી, પરપદાર્થોમાં ભ્રાંતિથી સુખ માનવું તે સંસારને દુઃખ છે."

આત્માની અંદર વિકારી ભાવ થાય છે તેને આસ્રવ કહે છે, તે દુઃખદાયક છે. આત્મા ચૈતન્યવસ્તુ જાણનાર-દેખનાર છે, તેને ભૂલીને અજ્ઞાની જીવ પરવસ્તુમાં સુખ માને છે. અનંતકાળથી સાચું સ્વરૂપ જાણ્યું નથી. ટાણા આવે ત્યારે મોઢું ધોવા જાય, તે જીવ મૂર્ખ છે, તેમ અનંતકાળે મનુષ્યદેહ મળ્યો તેમાં સાચું શ્રવણ મળવું દુર્લભ છે. સાંભળવાનો જોગ હોય તે વખતે સાંભળે નહિ, તો સમજાય ક્યાંથી? આ વાત અલૌકિક છે. જરા પ્રતિકૂળ સંયોગો આવે ત્યાં રાડ નાખે છે. પણ ભાઈ, પ્રતિકૂળતા તો ઘણીવાર આવી ચૂકી છે, પીડાનું કારણ શું છે તે જાણ્યું નથી. શેરડી જેમ પીલાય તેમ અનંતવાર પીલાણો, મનુષ્યદેહે આવી પીડામાં મરાણો, દેવભવમાં આર્તધ્યાન કરી ધવાણો, વસ્તુસ્વરૂપના ભાન વિના દુઃખના આરા આવ્યા નહિ, શરીર, મન, વાણી આદિ જડ છે તેને લીધે દુઃખ અથવા અધર્મ નથી, રોગને લીધે, વીંછી કરડે તેને લીધે, પાંચ લાખ રૂપિયાની નુકશાની થાય તેના કારણે દુઃખ નથી તેમ જ સ્વર્ગમાં ઘણીવાર દેવ થયો તેને લીધે સુખ નથી, પરમાં સુખ દુઃખ નથી પણ પોતાની ચૈતન્ય સત્તા ચૂકીને પરપદાર્થોમાં સુખ-દુઃખની કલ્પના કરવી તે મિથ્યાભ્રાંતિ ને આસ્રવ છે.

## “જ્ઞાની જીવ પણ પોતાની ચૈતન્યદ્રષ્ટિ ચૂકી જાય તો મિથ્યાદ્રષ્ટિ થાય છે.”

ટીકા : પોતાનો જાણવા દેખવાનો સ્વભાવ ચૂકીને અજ્ઞાની જીવ પરપદાર્થ તથા પુણ્યની રુચિ કરી સંસારમાં રઝળે છે પણ તે આસ્રવભાવ છે–અધર્મ છે. ધર્મ તો ચૈતન્યસ્વભાવમાં છે. એક પરમાણુને અને મારે કાંઈ સંબંધ નથી, રાગ આસ્રવભાવ છે તેની રુચિ છોડી ચૈતન્યસ્વભાવની રુચિ કરીને જ્ઞાની થયો પણ જો તે પોતાના શુદ્ધસ્વભાવની રુચિ ટકાવી રાખે નહિ તો તે પણ શુદ્ધનયથી ચ્યુત થાય છે. કર્મથી ચ્યુત થાય છે, એમ કહ્યું નથી, પણ પોતે પર્યાયબુદ્ધિ કરે છે તો પડે છે. જેમ છોકરો ભણતો હોય ને રજામાં રમતે ચડે તો ભણેલો અભ્યાસ ભૂલી જાય છે તેમ જ્ઞાની પોતાના સ્વભાવને ન ટકાવે ને પુણ્યમાં ધર્મ માનવા લાગે તો જ્ઞાનસ્વભાવને ભૂલી જાય છે. સ્વભાવ ચૈતન્ય છું તેવી રુચિ છૂટે છે તો મિથ્યાત્વ રાગ-દ્વેષની રુચિ થાય છે. અંશી સ્વભાવની રુચિ છોડી અંશની રુચિ કરે છે. એકવાર જ્ઞાની થયેલો જીવ પણ જ્ઞાતાસ્વભાવને ટકાવે નહિ તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે, તો પછી જે કુદેવાદિની રુચિમાં ને સંયોગોની સ્થૂલ રુચિમાં પડ્યો છે તેની તો શી વાત કરવી? બીજાની તો શી વાત! પણ ત્રણ લોકના નાથ ભગવાન પ્રત્યે પ્રેમ રાખવો ને તેનાથી ધર્મ માનવો પણ અધર્મ છે. એક પદાર્થના રાગથી ધર્મ માન્યો તેણે ત્રણ લોકની વસ્તુના રાગથી ધર્મ માન્યો છે તે અધર્મભાવ છે, તેથી જ્ઞાની કહે છે કે તારા અંતરમાં જો, તારી સુરતા અંદર છે. શુદ્ધ આત્માની પ્રતીતિ કર ને શુભભાવની રુચિ છોડ.

## “જ્યારે જ્ઞાની શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાય છે ત્યારે મિથ્યાત્વાદિ આસ્રવોનો સદ્‌ભાવ છે.”

આ આસ્રવ અધિકારની છેલ્લી ગાથાઓ છે. ભલામણ કરે છે કે ધર્મી થયા પછી પણ ધ્યાન રાખજે, ચૈતન્યની દ્રષ્ટિ છોડીશ નહિ, જો ચૈતન્યદ્રષ્ટિ ચૂક્યો તો મિથ્યાત્વના રાગ-દ્વેષ ફરી ઉત્પન્ન થશે. નિરાકુળ સિદ્ધદશા-પૂર્ણ આનંદદશા તો જેમાં હોય તેમાંથી આવે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય, ન હોય તેમાંથી પ્રાપ્તિ ન થાય. પુણ્ય-પાપ આકુળતાવાળા ભાવ છે તેમાંથી શાંતિ ક્યાંથી આવે? પણ અજ્ઞાની પર્યાયબુદ્ધિના કારણે પોતાનો આનંદ સ્વભાવ ચૂકીને વિકારને સ્વીકારે તેથી મિથ્યાત્વ રાગ દ્વેષ થાય છે. તે અજ્ઞાનીના રાગ-દ્વેષ જૂના આસ્રવોને નિમિત્ત થાય છે ને તે જૂના આસ્રવો નવાં કર્મો બાંધવામાં અવશ્ય નિમિત્ત થાય છે. જીવને

નિત્યબુદ્ધિ જતાં અને અનિત્યબુદ્ધિ થતાં એટલે કે પુણ્ય-પાપની રુચિ થતાં જૂના કર્મોને યાદ કરે છે.

## "અજ્ઞાની જીવ પુણ્ય ને સંયોગોમાં શાંતિ માને છે."

અજ્ઞાનીની દ્રષ્ટિ પર્યાય ઉપર છે. પૂર્વના પુણ્ય સારાં હોય તો ઠીક પડે, શરીરમાં શાતા રહે તો ઠીક ને પુણ્ય હોય તો પૈસા મળે, ને પૈસા હોય તો માન મળે—એમ તે જૂના પુણ્યને સંભારે છે. અંતરમાં શાંતિ છે, તેને તે ભૂલી જાય છે. શાતા વખતે અહંકાર ન હોવો જોઈએ ને અશાતા વખતે ખેદ ન હોવો જોઈએ, પણ તે વાત તે ભૂલી જાય છે. ચૈતન્ય ગુણનો ભંડાર છે, તેની બુદ્ધિ ન રહી પણ જડની બુદ્ધિ રહી. અનુકૂળતા હોય તો ધર્મ થાય, આમ અજ્ઞાનીની રુચિ નિમિત્ત ઉપર જાય છે, તે ચૈતન્યની સંભાળ કરતો નથી. મનુષ્ય ભવ મળે તો કલ્યાણ થાય, પૂર્વના પુણ્ય હોય તો ઠીક, એમ અનુકૂળતાં ગોઠે છે ને પ્રતિકૂળતા ગોઠતી નથી. અજ્ઞાની જીવ સખ્ત માંદો પડે ત્યારે ભગવાનનું નામ લેવાનું કોઈ કહે તોપણ તેને ગોઠે નહિ. તે કહેશે કે ભાઈ, અત્યારે તો આ શરીરમાં ગોળો ચડ્યો છે, તે યાદ આવે છે, અત્યારે મહાવીર યાદ આવતા નથી. જુઓ, આખી જિંદગીના સરવાળા ! જે માણસે આખી જીંદગી રૂઢિ મુજબ કહેવાતી સામયિકો કરી, પણ સામાયિક શું? આતમા શું? કાંઈ ખબર નહિ. તેથી છેવટે મરણ વખતે તેને શુભ પરિણામ પણ રહેતા નથી. આમ કેમ થાય છે, તે વિચાર કર્યો? જો ધર્મ કર્યો હોય તો મરણ વખતે તે હાજર થઈ તને શાંતિ કેમ આપતો નથી? વિચાર કર તારી ભૂલ છે. ધર્મ શરીરની ક્રિયામાં ને પુણ્યની ક્રિયામાં નથી, પણ સ્વભાવમાં જ છે.

## અજ્ઞાનીને વિકાર તથા સંયોગની રુચિ છે,
## તેથી નવાં કર્મનું બંધન થાય છે.

૧. અજ્ઞાની જીવ પુણ્યની ભાવના ભાવે છે કે પૂર્વનાં પુણ્ય હોય તો ઠીક–અનુકૂળતા રહે ને તો ધર્મ થાય.

૨. નવાં કર્મો જે બંધાય તે સારા બંધાય તો ઠીક. તીર્થંકર નામકર્મ, વૈક્રિયિક શરીર, આહારક શરીર મળે તેવા કર્મો બંધાય તો સારું, એમ ભવિષ્યનાં કર્મોની વાંછા કરે છે.

૩. નવાં કર્મો બાંધવાના કારણરૂપ વિકારની રુચિ કરે છે.

આમ અજ્ઞાનીને પુણ્ય ને સંયોગોની રુચિ છે. તીર્થંકર નામકર્મ આદિ ઊંચા કર્મો તો સમકિતીને જ બંધાય છે, મિથ્યાદ્રષ્ટિને બંધાતા નથી.

## જેમ ખોરાક લોહીરૂપે પરિણમે છે તેમ અજ્ઞાનીને કાર્મણ વર્ગણાઓ જુદા જુદા કર્મરૂપે પરિણમે છે.

જેવી રીતે પુરુષ ખોરાક લ્યે છે તો તે ખોરાકમાંથી કોઈ પરમાણુ રસરૂપે, લોહીરૂપે, હાડકાંરૂપે, ચરબીરૂપે, વગેરેરૂપે પરિણમી જાય છે. ખોરાકના પરમાણુ એક જ જાતના હોવા છતાં જઠરની અગ્નિ ખોરાકને જુદા જુદારૂપે પરિણમાવે છે, એમ જોવામાં આવે છે. તેમ પર્યાયદ્રષ્ટિ થતાં—વિભાવની રુચિ થતાં, કાર્મણ વર્ગણા જ્ઞાનાવરણીયાદિ જુદાં જુદાં કર્મોરૂપે પરિણમી જાય છે.

જ્ઞાતા સ્વભાવનો અનાદર કરતાં જ્ઞાનાવરણીય બંધાય છે જે જ્ઞાન રોકવામાં નિમિત્ત થાય છે. દ્રષ્ટિ સ્વભાવનો અનાદર કરતાં દર્શનાવરણીય બંધાય છે જે દર્શન રોકવામાં નિમિત્ત થાય છે. પૂર્ણ વીર્ય સ્વભાવનો અનાદર કરતાં અંતરાય કર્મ બંધાય છે જે વીર્ય રોકવામાં નિમિત્ત થાય છે, ચૈતન્ય સ્વભાવનો અનાદર કરીને પુણ્ય-પાપની રુચિ કરતાં મોહનીય કર્મ બંધાય છે. આમ વેદનીય, આયુ, નામ, ગોત્રકર્મો પણ એના કારણે બંધાય છે. અનેક પ્રકારના કર્મો પોતાની યોગ્યતા મુજબ બંધાય છે.

ભાવાર્થ : ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિથી છૂટી જાય છે તો તેને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષનો સદ્ભાવ જરૂર થાય છે. તે અજ્ઞાન રાગ-દ્વેષ જૂના આસ્રવોને નિમિત્ત થાય છે ને જૂના આસ્રવો નવા કર્મોને બાંધે છે તેથી કર્મો બંધાવાને યોગ્ય પરમાણુ કર્મરૂપે પરિણમી જાય છે. ટીકામાં કહ્યું કે દ્રવ્ય પ્રત્યયો એટલે જૂના આસ્રવો નવા કર્મને બાંધે છે તે નિમિત્તથી કથન છે. જૂના આસ્રવોનું નિમિત્ત પામીને કાર્મણવર્ગણા સ્વયં કર્મરૂપે પરિણમી જાય છે.

# પ્રસાદ નં. ૧૮૮

## સમયસાર ગાથા ૧૭૯-૧૮૦, કળશ ૧૨૨

(વૈશાખ સુદ ૩, બુધવાર, ૨૦૦૭)

હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે

### શ્લોક-૧૨૨

અર્થ : અહીં આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી કારણ કે તેના અત્યાગથી કર્મનો બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે.

### "શુદ્ધનયના ગ્રહણથી મુક્તિ છે ને તેના ત્યાગથી સંસાર છે."

આ શ્લોકમાં જૈન દર્શનનું રહસ્ય મૂક્યું છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, શરીર, મન, વાણી પર છે ને આત્માની અંદર વિકાર થાય છે તેને જાણનારા નયને અશુદ્ધનય કહે છે. વીતરાગદશા ન થાય ત્યાં સુધી શુભાશુભભાવો થાય છે પણ તે ધર્મ નથી. શુભના આશ્રયે કલ્યાણ છે એવી દ્રષ્ટિ ત્રણેકાળે સાધક જીવોએ છોડવા જેવી છે, અહીં તાત્પર્ય એટલે સાર એ છે કે શુદ્ધનય છોડવાયોગ્ય નથી, આત્મા ત્રિકાળી શુદ્ધ છે તેવા જ્ઞાનને શુદ્ધનય કહે છે. તે શુદ્ધનય આદરવાયોગ્ય છે તે ત્યાગવા યોગ્ય નથી, કારણ કે શુદ્ધ સ્વભાવના અવલંબને પ્રગટતી પરિણતિથી નવો બંધ થતો નથી, આવરણ આવતું નથી ને અંતર્મુખ દ્રષ્ટિ છોડી શુભાશુભભાવનો આદર કરવાથી એકાન્ત બંધન છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે જાત્રા ભક્તિ કરવી કે નહિ?

સમાધાન : પ્રથમ સાચી વાત સમજવી જોઈએ, આત્મામાં થતો જાત્રાઆદિનો ભાવ શુભ છે, તે વિકાર છે માટે છોડવા જેવો છે ને જ્ઞાનાનંદ સ્વભાવ એક જ આદરવા યોગ્ય છે, એમ શ્રદ્ધા પ્રથમ કરવી. અધૂરી દશામાં શુભભાવ થાય તે જુદી વાત છે પણ પ્રથમ નક્કી કરવું કે તે આદરવાયોગ્ય નથી. શુદ્ધનય છોડવા જેવો નથી તો અશુદ્ધનય છોડવા જેવો છે એમ એમાં અર્થ આવી જાય છે.

## "જ્ઞાનનો ઉઘાડ ઓછો હોવા છતાં પણ શિવભૂતિ મુનિ શુદ્ધનયના ગ્રહણથી મોક્ષદશાને પામ્યા."

અહીં જડ પદાર્થો ને બીજા આત્માની વાત કરી નથી. એક શુદ્ધ આત્મસ્વભાવ તે છોડવા જેવો નથી ને વિકાર છોડવા જેવો છે, એમ બે વાત કરી છે. અંતર પરિણમન ઉપર ધર્મનો આધાર છે. શિવભૂતિ મુનિને જ્ઞાનનો ઉઘાડ ઝાઝો ન હતો. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું દ્રવ્ય શ્રુતજ્ઞાન પણ ન હતું. કારણ કે **मा रूष** ને **मा तुष** એટલા શબ્દો પણ યાદ રહેતા ન હતા પણ અંતરમાં ભાવશ્રુતજ્ઞાન હતું. તેમના ગુરુએ કહેલું કે મા રુષ=બીજા પ્રત્યે દ્વેષ કરીશ નહીં, મા તુષ=બીજા પ્રત્યે રાગ કરીશ નહી, પણ તારા જ્ઞાતાસ્વભાવમાં રહેજે. પુણ્ય-પાપના ભાવો તારું સ્વરૂપ નથી. હવે તેઓ શબ્દો ભૂલી ગયા હતા પણ અંતરમાં ભાવનો ખ્યાલ હતો. "મા રુષ ને મા તુષ"ને બદલે "માષતુષ" બોલવા માંડ્યા પણ ભાવમાં ખ્યાલ રહ્યો કે માષ=અડદ ને તુષ=ફોતરાં જેમ જુદા છે તેમ આત્માની અંદર થતા દયા દાનાદિના ભાવો કાળાં ફોતરા છે ને અંદર સફેદ અડદની દાળ શુદ્ધ આત્મા સમાન છે, એમ યાદ લાવી મારા ગુરુએ કહ્યુ હતું તે જ આ છે એમ ભાવમાં વિશેષ એકાગ્ર થતાં સ્વભાવમાં લીનતા કરી. પુરુષાર્થ ઉપાડ્યો ને કેવળજ્ઞાનદશાને પામ્યા. તેમણે શુદ્ધનયનો ત્યાગ કર્યો ન હતો, જ્ઞાનનો ઉઘાડ ઓછો હોવા છતાં શુદ્ધનયને લીધે તેઓ મુક્તિને પામ્યા.

## "અજ્ઞાની વ્રત, તપ કરવા છતાં પણ શુદ્ધનયના ત્યાગથી સંસારમાં રખડે છે."

એટલે અહીં કહે છે કે વિકાર હોવા છતાં જેની દ્રષ્ટિ અવિકારી શુદ્ધ સ્વભાવ ઉપર છે, તેને બંધ થતો નથી. ધર્મી જીવને શુભભાવ હોવા છતાં તેનાંથી તે કલ્યાણ માનતા નથી. અજ્ઞાની જીવ શુભભાવ કરતાં કરતાં ધર્મ થશે, તેમ માને છે ને વ્રત ને તપ કરે છે. એના ઉજમણાં પણ કરે છે, પણ તે શુભભાવ ઉપર દ્રષ્ટિ છે તેથી તેને ધર્મ થતો નથી. તેણે શુદ્ધનયનો ત્યાગ કર્યો છે તેથી તેને બંધ થાય છે ને સંસારમાં રખડે છે.

ફરી શુદ્ધનય છોડવા યોગ્ય નથી એવા અર્થને દ્રઢ કરનારું કાવ્ય કહે છે.

## શ્લોક ૧૨૩

અર્થ :–ધીર (ચળાચળતા રહિત) અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત) જેનો મહિમા છે એવા અનાદિ નિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો (અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય—કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે તે—પવિત્ર ધર્મી (સમ્યગ્દ્રષ્ટિ) પુરુષોએ કદી પણ છોડવા યોગ્ય નથી. શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો બહાર નીકળતા એવા પોતાના જ્ઞાન કિરણોનાં સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને, પૂર્ણ જ્ઞાનઘનના પૂંજરૂપ, એક, અચળ, શાંત તેજને—તેજઃપૂંજને દેખે છે અર્થાત્ અનુભવે છે.

### "શુદ્ધનય અનાદિ નિધન, ધીર, ઉદાર જ્ઞાનસ્વભાવમાં સ્થિરતા કરતો કર્મોનો નાશ કરે છે."

જ્ઞાન ધીરું છે. ચળાચળતા રહિત છે. તપ કરવાનો વિકલ્પ તે અધીરજ છે, અશાંતિ છે. જ્ઞાન વિકલ્પની ચળાચળતા રહિત ધીરું છે, સર્વે પદાર્થોને જાણવાવાળું છે માટે ઉદાર છે. કોઈપણ વસ્તુ ન જાણે તેમ બને નહિ. એવો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ મહિમાવાળો છે. વળી તે જ્ઞાનને આદિ નથી તેમ અંત નથી. એવા અનાદિ નિધન, ધીર ને ઉદાર જ્ઞાનમાં શુદ્ધનય સ્થિર કરે છે. અજ્ઞાનદશામાં જે જ્ઞાન પુણ્ય-પાપને નિમિત્તોમાં અટકતું તે હવે શુદ્ધનય દ્વારા સ્વભાવમાં સ્થિર થાય છે. અજ્ઞાની અજ્ઞાનરૂપી ખીલામાં બંધાતો, જ્યારે જ્ઞાની પોતાના આત્માને સ્વભાવદ્રષ્ટિ વડે ખીલે બાંધે છે, આવો શદ્ધનય ગ્રહણ કર્યો એટલે હું જ્ઞાનજ્યોતિ છું એવું અંતર ભાન થતાં રાગ-દ્વેષાદિભાવો ઉત્પન્ન થતા નથી એટલે તે રાગ-દ્વેષનો નાશ કરે છે ને નિમિત્તરૂપે જડકર્મોનો નાશ કરે છે, તેનું મૂળ તે રહેવા દેતો નથી.

### "શુભાશુભભાવો પલટતા છે, તેના આશ્રયે ધર્મ થતો નથી."

આત્મા ઘડીમાં શુભ ને ઘડીમાં અશુભ ભાવ કરે છે. તે ભાવો મલિન છે. તે ભાવો પૂર્વે ન હતા ને નવા થયા કરે છે. જ્યારે આત્મા જાણનારો કાયમ રહે છે. તેનો સ્વભાવ કાયમ ધીર, ઉદાર છે. ત્રણ લોકના પદાર્થોને જાણે તેવો સ્વભાવ છે. ક્યાંય પણ અટકે તેવો નથી, એવું જેને ભાન છે તે સ્વભાવ તરફ વળે છે ને જેને

તેવું ભાન નથી એવો જીવ શુભાશુભમાં રોકાયેલો છે, દયાદાનમાં ધર્મ માને, ગુરુની કૃપાથી ધર્મ માને. શરીર, મન, વાણીના આધારે લાભ માને. તે જીવ સંસારમાં રખડવાનો ને શુભ પલટીને તીવ્ર અશુભભાવ કરવાવાળો થશે.પણ ભાઈ, એ કૃત્રિમ ઉપાધિ છે. પલટતા ભાવો છે તે કાયમી ચીજ નથી. પલટતા ભાવોના આશ્રયે ધર્મ થઈ શકે નહિ.

## “ધર્મી જીવોએ શુદ્ધનય કદી પણ છોડવાયોગ્ય નથી.”

ભાઈ, તારે ધર્મ કરવો છે ને! કોઈ વાતની ચર્ચા ચાલતી હોય તો કહે કે વાતને ખીલે બાંધો, તો અહીં ધર્મની વાત ચાલે છે. કોના ખીલે બાંધવી? પુણ્ય-પાપમાં રોકાણો છે તે દ્રષ્ટિ છોડી પોતાની પર્યાયને અંતર નિર્મળ જ્ઞાનસ્વભાવના ખીલે બાંધે તો ધર્મ થાય તેમ છે. માટે ધર્મી જીવોએ જ્ઞાનસ્વભાવ બતાવનાર શુદ્ધનય કદી પણ છોડવા યોગ્ય નથી. જ્યાં સુધી તે વાત બેસે નહિ ત્યાં સુધી તેનો અભ્યાસ સતત કરવો ને સ્વભાવનો જ મહિમા કરવો. પોતાનો શુદ્ધ સ્વભાવ જ કાયમ આદરવા જેવો છે.

## “ધર્મી જીવો પોતાના જ્ઞાનસ્વભાવમાં વિશેષ એકાગ્ર થતાં કેવળજ્ઞાનદશાને અનુભવે છે.”

હવે જે જ્ઞાની પુરુષોએ પોતાના જ્ઞાનસ્વભાવના શ્રદ્ધાના જ્ઞાન કર્યા છે, તેમણે પુણ્ય-પાપ આદરવા જેવા છે, એમ તો કદી માનવું નહિ, પણ સાધકદશામાં કર્મના નિમિત્તે પોતાની નબળાઈના કારણે જે અલ્પ રાગ થાય, દેવ, ગુરુ,શાસ્ત્ર તરફ લક્ષ જાય ને જ્ઞાનની પર્યાય અટકે તે જ્ઞાનની વિશેષ અવસ્થાઓને અલ્પકાળમાં સમેટી લેવી. ‘સમેટી લેવી’ એટલે કે પ્રથમ જ્ઞાન પરમાં રોકવું ને પછી સમેટવું એવો એનો અર્થ હશે? ના. પોતાના જ્ઞાન સ્વભાવમાં એટલું એકાગ્ર થવું કે જેથી પર તરફ લક્ષ જ ન થાય. તેણે જ્ઞાનની પર્યાયને સમેટી લીધી, એમ કહેવાય છે. આ સંપૂર્ણપણે આસ્રવ રહિત થવાની વાત ચાલે છે. વળી શુદ્ધનયમાં સ્થિત એમ કહ્યું છે તેનો અર્થ શુદ્ધનયનો વિષય, જે શુદ્ધસ્વભાવ તેમાં સ્થિત, એમ સમજવું. આ પ્રમાણે જે જીવ પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે તે આસ્રવ રહિત કેવળજ્ઞાન પામે છે ને પૂર્ણ એટલે પરની અપેક્ષા વિનાનો, નિમિત્ત ને રાગની અપેક્ષા વિનાનો, જ્ઞાનઘનના પું:જરૂપ=એકલા જ્ઞાનના સમૂહરૂપ, અપૂર્ણતા હોય તે જ્ઞાનઘન નથી માટે અપૂર્ણતા રહિત એકલા પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવને,

એક=અધૂરીદશામાં અનેકતા થતી તે અનેકતાની દ્રષ્ટિ છોડી દીધી છે તે એક જ્ઞાનસ્વભાવને પામે છે. અચળ=પુણ્ય-પાપના ભાવ તે ચલપણું છે ને તે વ્યવહારનયનો વિષય છે, અહીં તો પુણ્ય-પાપ રહિત શુદ્ધનયનો વિષય જે અચળ આત્મા તથા શાંત તેજ=ચૈતન્ય તેજ નિર્વિકારી સ્વભાવપુંજને જ દેખે છે ને અનુભવે છે. માટે નિમિત્તનો આશ્રય છોડી, હીણી પર્યાયનો આદર છોડી, શુભાશુભભાવો ચળ છે તેની રુચિ છોડી, એક, પૂર્ણ જ્ઞાનઘનના પુંજરૂપ, અચળ, શાંત, તેજઃપુંજ આત્માની શ્રદ્ધા કરે છે ને અસ્થિરતાને લીધે ખંડખંડ જ્ઞાનપર્યાય થતી તેને સંકેલીને સ્વભાવમાં વિશેષ એકાગ્ર થાય છે તે કેવળજ્ઞાનદશાને પામે છે.

# પ્રસાદ નં. ૧૮૯

## સમયસાર ગાથા ૧૭૯-૧૮૦, કળશ ૧૨૩

(વૈશાખ સુદ ૪, ગુરુવાર, ૨૦૦૭)

### "શુદ્ધનય બધા ભેદોને ગૌણ કરી અભેદ શુદ્ધ ચૈતન્યમાત્રને ગ્રહણ કરે છે."

અધિકાર સૂક્ષ્મ ને સરલ છે. અનંતકાળથી ધર્મ કર્યો નથી માટે મોંઘો લાગે છે ને સ્વભાવથી ધર્મ થાય છે માટે સરળ છે. જે શ્રુતજ્ઞાનનો અંશ ત્રિકાળી આત્માને પકડે તેને શુદ્ધનય કહે છે ને પુણ્ય-પાપ વિકારને બતાવે તે જ્ઞાનના અંશને અશુદ્ધનય કહે છે. શુદ્ધનય જ્ઞાનની અનેકતાને ગૌણ કરે છે તથા પરલક્ષે થતા શુભાશુભભાવોને પણ ગૌણ કરે છે. અંતરસ્વભાવ સામાન્ય ને શુદ્ધનય ગ્રહણ કરે છે. શુદ્ધનયનું ગ્રહણ કહો કે ધર્મ કહો, એક જ છે. આ ધર્મની વાત ચાલે છે. જેને ધર્મ કરવો છે, શાંતિ જોઈએ છે, તેને શું કરવાથી શાંતિ મળે તેની વાત ચાલે છે. તેણે વિકારરહિત શુદ્ધ, અવિનાશી, શાશ્વત પદાર્થ, વ્યવહારના ભેદ રહિત એક અભેદ આત્માને; ચૈતન્યમાત્ર એકલા જ્ઞાનસ્વરૂપ-આત્માને ગ્રહણ કરવો. અવસ્થામાં રાગ ને ભેદ હોવા છતાં ધર્મી જીવનું તે તરફ વલણ નથી. તેનું વલણ તો એક શુદ્ધ આત્મા તરફ જ છે. શરીરાદિના રજકણોનું જે થવાનું હોય તે થાય ને દયાદાનના વિકલ્પો શરણભૂત નથી, એમ વિચારી ચૈતન્ય સ્વભાવમાં જ ધર્મી જીવ એકાગ્ર થાય છે. જેમાંથી ધર્મ પ્રગટે તેના સામું તે જુએ છે. પુણ્ય-પાપમાંથી ધર્મ થાય એમ નથી જેથી પરિણતિ તે તરફ વળતી નથી, પણ શુદ્ધનયના વિષય શુદ્ધસ્વભાવમાં ધર્મી જીવની પરિણતિ એકાગ્ર થાય છે.

### "શુદ્ધનયનો આશ્રય કરનાર ધર્મી જીવ કેવળજ્ઞાન પ્રગટાવે છે."

આ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા એટલે કે શુદ્ધસ્વભાવનો આશ્રય કરનારા જીવોની પરિણતિ કે જે પ્રથમ પરપદાર્થોમાં ને રાગમાં અટકતી હતી તે હવે તેમાં અટકતી નથી. પણ સ્વભાવમાં એકાગ્ર થાય છે. તેને જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને સંકેલી કહે છે. સ્વભાવમાં એકાગ્ર થતાં જ્ઞાનની પર્યાય પરનું અવલંબન લેતી નથી. સ્વ તરફ વળતાં પર તરફ વલણ છૂટી જાય છે. આવી રીતે શુદ્ધસ્વભાવમાં નિર્વિકલ્પપણે ઠરતાં આઠ કર્મોથી રહિત એકલો જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક, પોતાની પુરુષાકાર વ્યંજન પર્યાયવાળો, વીતરાગી જ્ઞાનમૂર્તિ સ્વરૂપ,

પોતાના આત્માને દેખે છે. જડ શરીરનો આકાર આત્માને નથી માટે આત્માને નિરાકાર કહે છે. પણ પોતાનો આકાર તો જરૂર છે. કોઈ વસ્તુ આકાર વિનાની હોય તેમ બને નહિ. પ્રદેશત્વ ગુણના કારણે પોતાની વ્યંજન પર્યાય હોય જ, માટે પુરુષાકાર કહ્યો છે. તે ધર્મી જીવ શુક્લ ધ્યાનમાં પ્રવૃત્તિ કરીને એટલે કે શુદ્ધસ્વભાવમાં વિશેષપણે એકાગ્ર થઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે. શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે માટે ધર્મી જીવોએ કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી શુદ્ધનયનું આલંબન છોડવું નહિ એટલે કે શુદ્ધનયના વિષયભૂત શુદ્ધઆત્માની પરિપૂર્ણદશા થતાં સુધી તેનું આલંબન લેવું પણ વ્યવહારનયનું કે વિકારનું આલંબન લેવું નહિ. વ્યવહારના આશ્રયે કલ્યાણ નથી, એમ શ્રીગુરુઓનો ઉપદેશ છે.

હવે આસ્રવોનો નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે.

## શ્લોક ૧૨૪

અર્થ :–જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી કોઈ પરમવસ્તુને અંતરંગમાં દેખનારા પુરુષને, રાગાદિક આસ્રવોનો શીઘ્ર સર્વપ્રકારે નાશ થવાથી, અજ્ઞાન પ્રગટ થયું—કે જે જ્ઞાન અત્યંત અત્યંત (-અનંત-અનંત) વિસ્તાર પામતાં નિજરસના ફેલાવથી, લોકના અંત સુધીના સર્વ ભાવોને તરબોળ કરી દે છે. અર્થાત્ સર્વ પદાર્થોને જાણે છે. જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે—ચળતું નથી અને જે જ્ઞાન અતુલ છે અર્થાત્ તેના તૂલ્ય બીજું કોઈ નથી.

## “કેવળજ્ઞાન અનંતા પદાર્થોને જાણે છે, અચળ છે ને અતુલ છે.”

જગતમાં સૂર્યનો પ્રકાશ અસ્ત થાય છે જ્યારે આત્માનો પ્રકાશ કદી અસ્ત થતો નથી પણ નિત્ય રહે છે. આવા જ્ઞાનસ્વભાવી આત્માને જે પુરુષ દેખે છે તેને ભ્રાન્તિનો નાશ થાય છે ને પછી અસ્થિરતાનો નાશ થાય છે. શ્લોકમાં झगिति= શબ્દ છે, સ્વભાવ તરફ વળ્યો તે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરશે. ચૈતન્યસૂર્યમાં કેવળજ્ઞાન ખીલે તેવી તાકાત છે. તેમાં પરિપૂર્ણ સ્થિરતા થતાં મિથ્યાત્વ રાગ-દ્વેષનો નાશ થાય છે ને કેવળજ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે. અનંતા અનંત લોકાલોક હોય તોપણ એક સમયમાં જાણી લ્યે તેવી પ્રગટ શક્તિવાળું કેવળજ્ઞાન પ્રગટ થયું છે. જે કેવળજ્ઞાન અનંત અનંત વિસ્તારવાળું છે ને

નિજરસના ફેલાવથી લોકના અંત સુધીના સર્વભાવોને તરબોળ કરી દે છે. જેવી રીતે પૂરણપોળી ઘીમાં તરબોળ હોય છે તેમ ચૈતન્ય આત્મા પર્યાયમાં પરિપૂર્ણ જ્ઞાનથી તરબોળ થયેલ છે. એટલે કે સર્વ પદાર્થોને જાણે છે. કેવળજ્ઞાન જ્ઞેય પ્રમાણ છે, તે તો અપેક્ષાએ કહેલ છે. બાકી તો જ્ઞાનની અનંત અનંત ગુણી શક્તિ છે. પુણ્ય-પાપ રહિત સ્વભાવની શ્રદ્ધા કરીને શુદ્ધ નય વડે સ્વભાવમાં સ્થિરતા કરી એટલે જ્ઞાન વિસ્તાર પામ્યું, ને તે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ માટે એવું ને એવું રહે છે, ચળતું નથી, ઓછું થતું નથી, સૂર્ય આથમી જાય પણ કેવળજ્ઞાન પ્રગટ થયું તે કદી આથમતું નથી. કેટલાક જીવો કહે છે કે ધર્મની પડતી થાય છે ત્યારે પરમાત્મા ફરી અવતાર ધારણ કરે છે, તે વાત જ અજ્ઞાન છે. કેવળદશા થઈ ને સિદ્ધદશા થઈ તે ફરી સંસારમાં રાગ-દ્વેષરૂપે થાય જ નહિ. સ્વભાવથી પ્રગટ થયેલી દશા નિત્ય ટકી રહે છે, વળી તે જ્ઞાન અતુલ્ય છે, તેને ઉપમા આપી શકાય તેમ નથી. શુદ્ધનયના અવલંબનનું ફળ કેવળજ્ઞાન છે.

## "સંયોગોને સંયોગીભાવો ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન સ્થિરતા કર."

જીવોને વસ્તુ સ્વભાવનો મહિમા આવતો નથી. બહારના સંયોગોમાં સુખ-દુ:ખ માને છે. પુત્રનું મૃત્યુ થયું જાણે કે મારો આખો આધાર ચાલ્યો ગયો, એમ માને છે. પણ તારી અંદર ચૈતન્ય ધાતુ પડી છે તેનો વિચાર કર. તારું નિધાન, તારું ઝવેરાત-કેવળજ્ઞાનની અનંતી પર્યાયો, આનંદની અનંતી પર્યાયો પ્રગટ કરી દે તેવું ધામ—તારો ચૈતન્ય સ્વભાવ છે, તેને શુદ્ધનયથી ગ્રહણ કર, તો અવિનાશી સુખ પ્રગટ થાય તેમ છે. પણ જીવોને સમજવું કઠણ પડે છે, યા તો બહારના સંયોગો ઉપર દ્રષ્ટિ છે અથવા તો બાહ્યક્રિયા ઉપર દ્રષ્ટિ છે. બહારની ક્રિયા તો એના કારણે થાય છે ને શુભભાવ થાય તે પુણ્ય આસ્રવ છે, તેનાથી કલ્યાણ નથી. કલ્યાણ તો શુદ્ધ સ્વભાવમાં છે. ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદ ટૂંક ઉપર સર્વથી અગ્રપદે બિરાજે છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મ થાય. સાધકદશામાં શુભભાવ આવે છે ખરો, પણ તે ધર્મને સહાયક છે એમ માનીશ નહીં. શુદ્ધ સ્વભાવના આશ્રયે ધર્મ, ચારિત્ર, વીતરાગતા ને કેવળજ્ઞાન છે; બીજા કોઈના આશ્રયે નથી, એમ અહીં બતાવવું છે.

ભાવાર્થ : જે પુરુષ અંતરમાં પોતાના જ્ઞાનસ્વભાવમાત્રને દેખે છે અને શુદ્ધનયના અવલંબનથી તેમાં સ્થિરતા કરે છે તે આત્માને તત્કાળ સર્વ રાગદ્વેષનો

અભાવ થાય છે ને ભૂત, વર્તમાન ને ભવિષ્યના પદાર્થોને જાણનાર નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મોટું છે ને તેના સમાન બીજું કોઈ નથી.

ટીકા : ભર્તુહરિને પ્રથમ પિંગલા સાથે પ્રેમ હતો પણ જ્યારે તેને ખબર પડી કે પિંગલા અશ્વપાલને ચાહે છે એટલે ભર્તુહરિએ જાણી લીધું કે તે મારી પ્રીતિપાત્ર નથી. તેથી તેના ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી લ્યે છે. તેમ અજ્ઞાનદશામાં જીવને આસ્રવ પ્રિયપાત્ર હતું પણ ચૈતન્યસ્વભાવનું ભાન થતાં માલૂમ પડ્યું કે તે મારું સ્વરૂપ નથી. એમ આસ્રવ ઉપરથી દ્રષ્ટિ ઉઠી જતાં આસ્રવ રંગભૂમિની બહાર નીકળી ગયો. જેમ ભર્તુહરિને સાચી વાતની ખબર પડતાં પિંગલા સાથે સંબંધ ન રહ્યો. ॥૧૭૯-૧૮૦॥

**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,**
**રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;**
**જે મુનિરાજ કરૈ ઇનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,**
**કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાલ લહૂં મન ભાયે.**

મન-વચન-કાયાના યોગ, કષાય, મિથ્યાત્વ, અસંયમ એ ચારે દ્રવ્યાસ્રવો છે, એમ આગમમાં કહ્યું છે. તે જડરૂપી પરમાણુના સ્કંધો છે. ધૂળના પિંડાની જેમ આત્માની સાથે એકક્ષેત્રે પડેલા છે ને મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અવિરતિ ભાવો તથા ભાવયોગ તેને ભાવાસ્રવ કહ્યા છે. જે મુનિ ભાવ આસ્રવની પાળ બાંધીને અનંતાગુણોની ઋદ્ધિવાળા આત્માને અને અનંતાગુણોનો સમાજ જે આત્મા—તેના શ્રદ્ધા-જ્ઞાન કરે ને સ્થિરતા કરે તે કેવળદશાને તથા શિવપદને પામે છે. ને તેણે વિકારની પાળ બાંધી—એમ કહેવામાં આવે છે. એટલે કે તેને વિકાર હવે થતો નથી. તેવા મુનિઓને કાયા નમાવીને નમસ્કાર કરું છું. વળી મનથી વિચારું છું કે આત્માનો જયજયકાર થાય ને કેવળજ્ઞાન વડે શિવપદની પ્રાપ્તિ થાય.

આમ આ સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકાની પંડિત જયચંદ્રજી કૃત ભાષાવચનિકામાં ચોથો આસ્રવ અધિકાર પૂર્ણ થયો.

# પ્રસાદ નં. ૧૯૦

## સમયસાર સંવર અધિકાર (શરૂ)

(વૈશાખ સુદ ૫, શુક્રવાર, ૨૦૦૭)

સંવર અધિકાર શરૂ કરતાં જયચંદ્રજી પંડિત મંગલાચરણ કરે છે.

**મોહ રાગ રુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;**
**સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારિ.**

### "મોહનો નાશ કરી વીતરાગી સ્વભાવમાં અભેદ થનાર આત્માને નમસ્કાર."

આત્મા સિવાય પરમાં સાવધાની તે મોહ છે. સ્વભાવનું ભાન કરી મોહ-રાગ-દ્વેષનો નાશ કર્યો છે, અંતરસ્વભાવમાં આનંદ ને રમણતા તે સમિતિ ને ગુપ્તિ છે. પુણ્ય-પાપને છોડી સ્વભાવમાં વિશેષ એકાગ્ર થવું તે વ્રત છે. પાંચ મહાવ્રત આસ્રવ છે, સંવર નથી, દેહની ક્રિયા તો વ્રત છે જ નહિ પણ પુણ્ય રાગ પણ બંધન છે. પુણ્ય-પાપ રહિત અંતર રમણતામાં સમિતિ, ગુપ્તિ, વ્રત ત્રણે આવી જાય છે. "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા" આત્માની પૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે ને અધૂરી શુદ્ધદશા તે મોક્ષ માર્ગ છે. મોક્ષ માર્ગ કયાં જતો હશે? મોક્ષ માર્ગ ઉપર મોટર જાય કે નહિ? ભાઈ, મોક્ષમાર્ગ જમીનનો રસ્તો નથી તે તો આત્માનો રસ્તો છે. પૂર્ણ શુદ્ધતાને પહોંચાડે તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગની શરૂઆત સંવરથી થાય છે. આ સંવર અધિકાર શરૂ થાય છે. વીતરાગી મુનિએ પરની સાવધાનીનો ભાવ નાશ કર્યો છે. અરાગ દશા થતાં રાગદ્વેષ દૂર કર્યા છે. વ્યવહાર સમિતિ, ગુપ્તિ તે આસ્રવ છે, જ્ઞાતામાં રમણતા કરવી તે સમિતિ ગુપ્તિ ને વ્રત છે—એમ વીતરાગી સ્વભાવમાં પર્યાયને અભેદ કરી, તે સંવર છે. એવા સંવરમય આત્માને મનમાં ધારણ કરીને નમસ્કાર કરું છું.

પ્રથમ ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે "હવે સંવર પ્રવેશ કરે છે." જેમ નાટકમાં એક પછી એક વેશ ધારણ કરી દાખલ થાય છે, તેમ અહીં આસ્રવ નીકળી ગયા પછી સંવર પ્રવેશે છે. સૂર્ય આવતાં અંધારું રહેતું નથી, તેમ આત્માના જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન થતાં પુણ્ય-પાપમાં સુખ છે એવો આસ્રવભાવ રહેતો નથી. સ્વરૂપ લક્ષ્મી અંતરમાં છે. તેમાં વિશેષ સ્થિરતા થતા આસ્રવ રહેશે

નહિ, વળી સંવરને પણ વેશ કહે છે કારણ કે તે નિર્મળ પર્યાય છે, ક્ષણિક છે, તે આત્માનું કાયમનું સ્વરૂપ નથી.

ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યક્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે.

## શ્લોક ૧૨૫

અર્થ : અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત ગર્વિત (અત્યંત અહંકાર યુક્ત) થયો છે, એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી, પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતાં ભાવોથી જુદી) પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી, ચિન્મય, ઉજ્જ્વળ (નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને નિજરસના (પોતાના જ ચૈતન્ય રસના) ભારવાળી-અતિશયપણાવાળી જ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે.

જેમ લગ્ન વખતે માણેક સ્થંભ નાખીને લૌકિકમાં મંગળ કરે છે (તે તો ખરેખર મંગલિક નથી) તેમ અહીં અમૃતચંદ્રાચાર્ય ભગવાન સંવર અધિકાર શરૂ કરતાં માંગલિક કરે છે. દેહ, મન, વાણી, પુણ્ય-પાપથી આત્માને જુદો શ્રદ્ધવો તે ભેદજ્ઞાન છે, તે મોક્ષમાર્ગનું મૂળ છે.

## અનાદિકાળથી આસ્રવે અજ્ઞાનીઓને જીત્યા છે તેથી તેને અહંકાર થયો છે.

આસ્રવનો વિજય કરી સંવર ઉત્પન્ન થાય છે તો તે આસ્રવ કેવો છે તેની વાત કરે છે કે અનાદિ સંસારથી એટલે સંસારની આદિ નથી, પ્રવાહરૂપે અનાદિથી છે. પુણ્ય-પાપના પરિણામમાં સુખ માનવું, તેમાં હિતબુદ્ધિ કરવી, રાગ-દ્વેષને આદરણીય માનવા, તે આસ્રવ છે. તે આસ્રવ સંવરનો વિરોધી છે. આત્મસ્વભાવની શ્રદ્ધાથી સંવર ઉત્પન્ન થાય છે. આસ્રવે સંવરને જીતી લીધો છે. સંવર ઉત્પન્ન થયો છે ને પછી જીતી લીધો છે, એમ નથી પણ પર તરફના વલણરૂપ મલિનભાવે સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ થવા ન દીધી એટલે આસ્રવે સંવરને જીત્યો એમ કહેવામાં આવે છે. રાગદ્વેષની એકત્વબુદ્ધિ એ ચૈતન્ય સાગરમાં કલ્યાણ થવા દીધું નહીં એવો જે આસ્રવ તેને અત્યંત અહંકાર થયો છે. આસ્રવ કહે છે કે મેં ઘણા અજ્ઞાની જીવોને પાડ્યા છે, ચોરાશીના અવતારમાં રઝળાવ્યા છે, ઘાયલ કર્યા છે, મોક્ષમાર્ગમાં ચાલવા દીધા નથી. મુનિ નામ ધરાવે, પંડિત નામ ધરાવે,

તેને પણ પછાડ્યા છે. વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય, ચૈતન્યપ્રભુ છે તેની પ્રભુતા ન માનતાં પુણ્ય-પાપની પ્રભુતા માનવી તે આસ્રવ છે. છતાં અજ્ઞાની તેમાં ધર્મ માને છે તેથી આસ્રવ કહે છે કે આવી રીતે તેઓને ઘણા ભવોમાં રખડાવ્યા છે. આમ બધા અજ્ઞાની જીતવાથી આસ્રવને ઘણો ગર્વ થયો છે.

## "રાગને ભાવનાર મિથ્યાદ્રષ્ટિને તીર્થંકર નામકર્મ બંધાતું નથી, કોઈ સમ્યગ્દ્રષ્ટિને જ બંધાય છે."

વળી કોઈ જીવ માને છે કે ભગવાનની પ્રતિમા પાસે ભક્તિ કરતાં તીર્થંકર નામકર્મ બંધાય છે. એમ કહી ભક્તિ ને શુભરાગથી પણ તીર્થંકર નામકર્મ બંધાય છે એમ મનાવી રહ્યા છે, પણ તે વાત બરાબર નથી.

૧) રાગથી ધર્મ થાય, તેમ માનનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તેને તીર્થંકર નામકર્મ બંધાય જ નહિ. તીર્થંકર નામકર્મ બાંધવાની ભાવના ભાવનાર કર્મની ભાવના ભાવે છે, તે આત્માની ભાવના ભાવતો નથી, તેથી મિથ્યાદ્રષ્ટિ છે. તેને તીર્થંકર નામકર્મ બંધાતુ નથી. કોઈ સમ્યક્ત્વીને જ શુભરાગની ભૂમિકામાં સહેજે બંધાઈ જાય છે.

૨) તીર્થંકર નામકર્મ કેવળી અથવા શ્રુતકેવળીના સાન્નિધ્યમાં બંધાય છે— ભગવાનની પ્રતિમાના નિમિત્તમાં બંધાતું નથી.

અહીં તો કહેવામાં આવે છે કે જે જીવ કોઈપણ રાગ કરવા જેવો છે, એમ માને છે અથવા ભક્તિ કરતાં કરતાં ધર્મ થાય તેમ માને, તેને આસ્રવ જીતી લ્યે છે, એવા આસ્રવને અહંકાર થયો છે.

## "સંવર અહંકારયુક્ત આસ્રવને જીતે છે."

શરીરાદિ પર છે, પુણ્ય પાપ બન્ને આસ્રવ છે. આત્મા તે બધાથી રહિત જ્ઞાનસ્વભાવી છે. એમ સ્વભાવની રુચિ થતા જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે ને તે સંવરને પ્રગટ કરે છે. તે સંવરે આસ્રવનો સદાય તિરસ્કાર કર્યો છે. સ્વભાવની રુચિ થઈને વિભાવની રુચિ ન થઈ એટલે આસ્રવનો તિરસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. કોઈ કહે કે હોય તેનો તિરસ્કાર થાય ને? શું ત્યાં આસ્રવ ઊભો હશે ને તિરસ્કાર થતો હશે? ભાઈ, એ તો શાસ્ત્રના લખાણની ઢબ છે. સંવર ઉત્પન્ન થયો એટલે આસ્રવ મટી જ ગયો છે. વળી સદાય વિજય મેળવ્યો છે એટલે કે સંવરદશા થઈ ત્યારથી મોક્ષ થતાં સુધી વિજય મેળવ્યો છે. અપ્રતિહતભાવ લીધો

છે, પાછી પડવાની વાત નથી. કર્મનો ઉદય મંદ થયો માટે જીત્યો એમ પણ વાત લીધી નથી. પોતાના પુરુષાર્થથી જીતે છે. કર્મ ઉદય આવશે તો પડી જઈશ, તે વાત યાદ જ કરી નથી. સદાય વિજય મેળવ્યો છે.

## "જુઓ, આચાર્ય ભગવાનનો અપ્રતિહતભાવ ! એમનું અપૂર્વ માંગલિક!"

કોઈ કહે છે કે શાસ્ત્રમાં આવે છે કે ૧૧મે ગુણસ્થાનેથી જીવ પડી જાય છે. પણ ભાઈ, એને કોણ યાદ જ કરે છે? જેને ચૈતન્ય સ્વભાવનો ભાસ થયો ને આસ્રવને જીત્યો તેને ફરી આસ્રવ થાય ને સંસાર રહે તે વાત અહીં છે જ નહિ. સંસારમાં ચડતી-પડતી થાય. અહીં તો ચૈતન્ય સૂર્ય ઊગ્યો તે ઊગ્યો, કેવળજ્ઞાન લીધે જ છૂટકો. એવા અપ્રતિહતભાવની આચાર્ય ભગવાન વાત કરે છે. અહીં તો પડવાની વાત જ નથી. જે અપ્રતિહતભાવ સદાય વિજય મેળવે છે તેની વાત છે. પરથી જુદા આત્માનું ભાન થયું એટલે સદાય વિજય છે ને મંગલિક છે. લૌકિકમાં પરણીને આવે ત્યારે ઘણા દીકરાની મા થજો એમ વહુને વડીલો આશીર્વાદ આપે છે. એ માંગલિક નથી. એનો અર્થ તો એમ થયો કે તમો સદાય વિકારી રહેજો ને સંસાર ભોગવજો ને સંસારમાં રખડજો. એ તો સંસારમાં રખડવાના આશીર્વાદ આપ્યા, એમાં કાંઈ માલ નથી. અહીં તો આચાર્ય ભગવાન અપૂર્વ માંગલિક કરે છે કે જે જીવ પરપદાર્થને વિકારરહિત જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા જ્ઞાન કરી સંવર પ્રગટ કરે છે તે સદાય વિજયવંત છે. તેને ફરી સંસાર ઉત્પન્ન થતો નથી ને કેવળજ્ઞાન દશાને પામે છે. એ અપૂર્વ માંગલિક છે.

## "પરિપૂર્ણ સ્વભાવના લક્ષે પ્રગટ થયેલી જ્ઞાનજ્યોતિ પરિપૂર્ણતાને પામે છે."

ભેદજ્ઞાનથી ઉત્પન્ન થયેલી જ્ઞાનજ્યોતિ સંવરને ઉત્પન્ન કરે છે. તે શરીર, કર્મ ને પુણ્ય-પાપના ભાવોથી જુદી છે. અજ્ઞાન દશામાં પુણ્ય-પાપ સાથે ભાગીદારી હતી, તે ભાગીદારી તોડી નાખી. પરદ્રવ્ય વિકાર કરાવતું નથી પણ પોતે કરે તો પરદ્રવ્યને નિમિત્ત કહેવાય. હવે તે વિકાર કરતો નથી, તેથી પરદ્રવ્ય નિમિત્ત કહેવાતું નથી. પોતાના જ્ઞાન સ્વભાવમાં ડગ્યા વિના પ્રકાશ પામે છે. જ્ઞાનજ્યોતિ છે તે વિકારને બાળી નાખે છે. વળી ચિન્મય=જ્ઞાનસ્વરૂપ છે. જેમાં કોઈ પ્રકારની બાધા પહોંચતી નથી. મલિનતા નથી. એવી નિર્મળ, નિરાબાધ, દૈદીપ્યમાન, પ્રકાશમાન છે. પોતાના ચૈતન્ય સ્વભાવની રુચિનું જોર વધી ગયું. જ્ઞાનનો ભાર

એટલો વધી ગયો કે તેની પાસે વિકાર ટકે નહિ. અહંકારયુક્ત આસ્રવનો જ્ઞાનભારથી નાશ થઈ ગયો એટલે આસ્રવ ઉત્પન્ન જ થયો નહિ. વળી જ્ઞાનજ્યોતિ અતિશયપણાવાળી છે. વિભાવને પરની વિશેષતા નથી પણ સ્વભાવની વિશેષતા છે. આત્મપ્રકાશ ફેલાઈ જાય છે. નદીમાં પૂર આવતા પાણી ફેલાય છે તેમ ચૈતન્ય પૂરમાં કેવળજ્ઞાનનો પ્રવાહ આવ્યો ને ફેલાયો એટલે કે બધાને જાણી લીધું. કેવળજ્ઞાનદશા પ્રગટ થાય છે. પૂર્ણિમાના દિવસે સમુદ્રમાં જેમ ભરતી આવે છે તેમ આત્મા અખંડ પરિપૂર્ણ છે એવી પ્રતીતિ કરી તેને ચૈતન્ય સમુદ્ર ઉછળ્યો છે ને પૂરણજ્ઞાનની ભરતી આવે છે તેને કેવળજ્ઞાનરૂપે થાય છે. તે ફરી સંકોચ પામે નહિ, સંસાર હોય નહિ, આમ ભેદજ્ઞાન કરી સંવર પ્રગટ કરે છે, તે કેવળદશાને પામે છે.

# પ્રસાદ નં. ૧૯૧

## સમયસાર ગાથા ૧૮૧-૧૮૩

(વૈશાખ સુદ ૬, શનિવાર, ૨૦૦૭)

સંવર અધિકારની શરૂઆતમાં જ ભગવાન કુંદકુંદાચાર્યદેવ સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન, તેની પ્રશંસા કરે છે :—

**ગાથા ૧૮૧-૧૮૩**

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગ શુદ્ધાત્મા કરે. ૧૮૩**

અન્વયાર્થ :—ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિકમાં કોઈ ઉપયોગ નથી; વળી ક્રોધ ક્રોધમાં જ છે, ઉપયોગમાં નિશ્ચયથી ક્રોધ નથી. આઠ પ્રકારના કર્મ તેમજ નોકર્મમાં ઉપયોગ નથી અને ઉપયોગમાં કર્મ તેમજ નોકર્મ નથી.—આવું અવિપરીતજ્ઞાન જ્યારે જીવને થાય છે, ત્યારે તે ઉપયોગ સ્વરૂપ શુદ્ધાત્મા ઉપયોગ સિવાય અન્ય કોઈપણ ભાવને કરતો નથી.

<u>શુદ્ધાત્મા શુદ્ધ આત્મામાં છે :</u>— સમ્યક્દર્શનરૂપી સંવર કેમ થાય? 'સમ્યક્દર્શનજ્ઞાન -ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' કેવી રીતે ને શેમાં થાય તે સંવર અધિકાર વર્ણવે છે. જાણવાનો સ્વભાવ જાણપણાના આધારે છે, આત્માના આધારે છે. પુણ્ય-પાપ કે શરીરાદિના આધારે જાણવાનો ઉપયોગ નથી. ચૈતન્યસ્વરૂપ શુદ્ધ છે, તેની દ્રષ્ટિ કરતાં જાણવું-દેખવું થાય છે તે ચૈતન્યના આધારે છે. દયાદાનના આધારે ધર્મ પ્રગટે, તેવો સ્વભાવ નથી—શુદ્ધ આત્મા શુદ્ધ આત્મામાં છે.

<u>ક્રોધમાં શુદ્ધ આત્મા નથી :</u>—આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. તેની રુચિ નહિ કરતાં પર્યાયમાં શુભાશુભ ભાવો થાય તેની રુચિ કરવી, શરીર અનુકૂળ હોય તો ઠીક માનવું, તેને ચૈતન્યની રુચિ નથી, તેને અનંતાનુબંધીનો ક્રોધ કહે છે. આત્મા જ્ઞાન, દર્શન ચારિત્રાદિનો પિંડ છે. તેની રુચિ છોડી પાપમાં સુખ છે ને પુણ્યથી ધર્મ થશે—એમ માની શુભનો સત્કાર કરે છે. તે મિથ્યાત્વનો ભાવ છે. તે ભાવ શુદ્ધ ચૈતન્યનો વેરી છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેના આશ્રયે કલ્યાણ થાય છે, તેમ નહીં માનતાં દયાદાનાદિના વિકૃત ભાવોના આશ્રયે કલ્યાણ થશે, એમ માની

વિભાવનો ગમો ને સ્વભાવનો અણગમો તે અનંતાનુબંધી ક્રોધ છે ને તે ક્રોધમાં શુદ્ધ આત્મા નથી.

માનમાં શુદ્ધ આત્મા નથી :– પોતાના શુદ્ધ આત્માનું બહુમાન નહિ આવતાં, પુણ્ય-પાપનું બહુમાન આવે છે. અમોએ પૂર્વે બહુ પુણ્ય કર્યા હતાં માટે અમો પૈસાવાળા છીએ, મોટા કુટુંબવાળા છીએ, રૂપાળા છીએ, એમ શુભભાવનું માન આવે તે માનમાં શુદ્ધ આત્મા નથી.

માયામાં શુદ્ધ આત્મા નથી :–શુદ્ધાત્મા જ્ઞાનાનંદ સ્વભાવી સરલ છે. તેના આશ્રયે લાભ માનવાને બદલે રાગના આશ્રયે લાભ માને છે. ચૈતન્ય સ્વભાવમાં કપટાઈ કરી આડોડાઈ કરે છે, તેને માયા કહે છે. તે માયાના પરિણામમાં શુદ્ધ આત્મા નથી.

લોભમાં શુદ્ધ આત્મા નથી :–શુદ્ધ આત્માની ભાવના ભાવવાને બદલે જેને પુણ્યની ભાવના રહે છે, તેને લોભ કહે છે. તે લોભી પ્રાણીને આત્મા સમજાતો નથી. તે લોભના પરિણામમાં શુદ્ધ આત્મા નથી.

ક્રોધ-ક્રોધમાં જ છે :–ચૈતન્ય સ્વભાવનો અનાદર થઈને વિભાવની રુચિ થઈ, તે ક્રોધ છે. પુણ્યમાં હિત માનવું તે જ સ્વભાવનો અનાદર ને ક્રોધ છે. તે વિભાવની રુચિ એટલે મિથ્યાત્વ, મિથ્યાત્વમાં જ છે. વિભાવમાં સ્વભાવ નથી. વિભાવની રુચિવાળાને કદી ધર્મ થતો નથી. કારણ કે વિભાવ ને સ્વભાવ બન્ને ભિન્ન છે.

શુદ્ધ આત્મામાં નિશ્ચયથી ક્રોધ નથી : શુદ્ધ આત્માના આદરમાં વિભાવનો અનાદર છે, બન્ને ભિન્ન છે, એટલે શુદ્ધાત્માની રુચિવાળાને વિકારની રુચિ ક્યારેય થતી નથી.

આઠ પ્રકારનાં કર્મમાં શુદ્ધાત્મા નથી :–જ્ઞાનાવરણીયાદિ કર્મોમાં શુદ્ધ આત્મા નથી. અજ્ઞાની માને છે કે કર્મનો ઉદય મંદ પડે તો આત્માનું કલ્યાણ થાય, તો તે વાત ખોટી છે. શુભભાવ કરીએ તો કર્મ સારાં બંધાય ને તેથી વાણી સાંભળવા મળે, એમ અજ્ઞાની કહે છે. પણ તે વાત ખોટી છે. કર્મના આશ્રયે આત્મા પ્રગટ થતો નથી.

નોકર્મમાં શુદ્ધ આત્મા નથી :–અજ્ઞાની માને છે કે શરીર અને વાણીની ક્રિયામાં આત્મા જોડાય તો આત્માને લાભ થાય. પૈસા હોય તો ધર્મ થાય—એમ અજ્ઞાની માને છે, પણ એ વાત સાચી નથી. શરીર ને પૈસા માટી છે, ધૂળ છે, તેમાં આત્મા નથી. શરીરના આશ્રયે ધર્મ થતો નથી, પણ શરીરથી પર શુદ્ધ આત્માના આશ્રયે ધર્મ થાય છે.

<u>શુદ્ધ આત્મામાં કર્મ તેમજ નોકર્મ નથી :</u>—આત્મામાં શરીર નથી, પૈસા નથી, શરીરના રજકણથી આત્મા એકમેક નથી, તેનાથી ત્રણે કાળ જુદો છે. આમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. વિકારમાં આત્મા નથી, આત્મામાં વિકાર નથી; કર્મમાં આત્મા નથી, આત્મામાં કર્મ નથી; શરીરમાં આત્મા નથી, આત્મામાં શરીર નથી; આમ સાચું જ્ઞાન થતાં આત્મા શુદ્ધભાવને જ કરે છે, બીજા ભાવને કરતો નથી, એટલે કે પુણ્ય-પાપનો સ્વામી થતો નથી. સમકિતી ઉપયોગ સિવાય બીજું કાંઈ કરતો નથી. વાણીની ક્રિયા થાય, પુણ્ય-પાપના ભાવો થાય, શરીરાદિની ક્રિયા થાય, એ બધાયે ધર્મી જીવ જાણે છે, પણ પોતાના માનતો નથી. અજ્ઞાની તો શરીરાદિની ક્રિયાને પોતાની માને છે ને પુણ્યથી ધર્મ માને છે. તેને ભેદજ્ઞાન નહિ હોવાથી અધર્મ થાય છે. જ્યારે સમકિતીને શરીર, કર્મ, વિભાવથી આત્મા જુદો છે, એમ ભેદજ્ઞાન વર્તે છે, તે ધર્મ છે. તે ધર્મી જીવ શુદ્ધ ઉપયોગ સિવાય કોઈપણ ભાવને કરતો નથી. આનું નામ સંવર છે. સંવર શરીરથી થતો નથી પણ તે આત્માના લક્ષે પ્રગટ થતી નિર્દોષ નિર્વિકારી અવસ્થા છે ને તે ધર્મ છે.

ટીકા :—ખરેખર આ જગતને વિષે એક ચીજને બીજી ચીજ સાથે સંબંધ નથી. આત્માને શરીર તથા કર્મની સાથે કાંઈ સંબંધ નથી. આમ જ્યાં સુધી નક્કી ન કરે ત્યાં સુધી ધર્મ થતો નથી. આત્મા ને શરીર બંને સાથે છે. આત્મા વિના શરીર ન ચાલે, શરીર વિના આત્મા ન રહે—આમ અજ્ઞાની માને છે. તેનો જવાબ અહીં કહે છે કે કોઈ કોઈને લીધે નથી. એક વસ્તુની બીજી વસ્તુ નથી. આત્મા વસ્તુ છે. જેમાં ગુણ પર્યાય વસે તેને વસ્તુ કહે છે. જ્ઞાનદર્શનાદિ ગુણોને તેની નિર્મળ પર્યાયનો પિંડ તે આત્મ-વસ્તુ છે. શરીર, કર્મ પર વસ્તુ છે. તેમ જ પુણ્ય-પાપના ભાવો થાય છે તે પણ પર છે. તે શુદ્ધ આત્મા નથી કારણ કે તેના પ્રદેશો ભિન્ન ભિન્ન છે. શુભાશુભભાવ આત્માની અરૂપી વિકારી પર્યાય હોવા છતાં તે આત્માના શુદ્ધ સ્વભાવના લક્ષે થતા નથી પણ કર્મના લક્ષે થાય છે. તે વિકૃત ભાવ છે ને આત્મા તો અસંખ્યપ્રદેશી, જ્ઞાનદર્શનનો પિંડ છે. કર્મ, શરીર અજીવ તત્ત્વ છે. તે તો ત્રણે કાળે જુદાં છે. દયાદાન તે પુણ્ય તત્ત્વ છે ને હિંસા, જૂઠું, ચોરી તે પાપ તત્ત્વ છે, તે જીવ તત્ત્વ નથી, તેથી પુણ્ય-પાપને શુદ્ધાત્માથી અનેરી વસ્તુ ગણી છે.

**“શુદ્ધાત્મા અને વિકારના પ્રદેશો જુદા છે,**
**એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.”**

આત્મા નિમિત્ત હોય તો શરીર ચાલે ને તો વાણી બોલાય એમ માનનાર જીવ સ્થૂલ અજ્ઞાની છે. કર્મ, વાણી, શરીર આત્માથી જુદાં છે, તેને ને આત્માને

કાંઈ સંબંધ નથી. કર્મને લીધે આત્મા રખડે છે, તે વાત તો છે જ નહિ. તે વાત તો સ્થૂલ ભૂલવાળી છે પણ પોતાના અપરાધના કારણે આત્મા રખડે છે એવા અજ્ઞાનભાવને જે પોતાનો માને છે, તેને કહે છે કે ભાઈ, તે અજ્ઞાનભાવના તથા શુદ્ધ આત્માના પ્રદેશો જુદેજુદા છે. શરીર, કર્મ ને આત્માની સત્તા તો જુદેજુદી છે જ, પણ દયા દાનાદિ ભાવોની સત્તા ને શુદ્ધ ચૈતન્યની સત્તા જુદેજુદી છે. તેમના પ્રદેશો જુદા છે. માટે બન્નેની સત્તા જુદેજુદી છે. આત્મા અને શરીરની એક સત્તા હોય તો શરીરનો વિયોગ થતાં જ અથવા શરીરના નાશ સાથે આત્માનો નાશ થવો જોઈએ. આત્મા અને વિકારની એક સત્તા હોય તો પુણ્ય-પાપનો નાશ થતાં આત્માનો પણ નાશ થવો જોઈએ, પણ એમ બનતું નથી. પુણ્ય-પાપનો નાશ થાય છે ને આત્મા કાયમ રહે છે માટે બન્નેની સત્તા જુદે જુદી છે. સંસાર એક સમયનો છે. બૈરાં-છોકરાં સંસાર નથી પણ તે પદાર્થો મારા છે, એવો મિથ્યાભાવ તે સંસાર છે. જે ભાવે ૧૪૮ કર્મ પ્રકૃતિ બંધાય તે બધો ભાવ સંસાર છે. તે સંસાર આત્મવસ્તુથી ભિન્ન છે. શરીર, કર્મ, વાણીના પરમાણુ જુદા છે તેની પર્યાયો તો તેના કારણે થાય છે. તેને ને આત્માને કાંઈ સંબંધ નથી. અહીં તો પુણ્ય-પાપના ભાવો થાય છે તે પણ ચૈતન્ય સત્તાથી જુદા કહેવા છે વિકાર જો ચૈતન્યસત્તામાં હોય તો આત્મા વિકાર રહિત કદી થઈ શકે નહિ. આમ પર પદાર્થો ને વિકારથી આત્માને જુદો જાણી ભેદજ્ઞાન કરવું તે સમ્યક્જ્ઞાન છે. ત્યાર પછી અંતર રમણતા કરતાં ચારિત્ર દશા આવે છે. સમ્યક્દર્શન વિના ચારિત્ર હોઈ શકે નહિ.

## "તત્ત્વાર્થ સૂત્રમાં ઔદયિક ભાવને જીવનું સ્વતત્ત્વ કહે છે, અહીં ઔદયિક ભાવને પરતત્ત્વ કહ્યું તેની સ્પષ્ટતા."

અહીં કોઈ પૂછે કે :–તત્ત્વાર્થ સૂત્રમાં ઔદયિક ભાવને જીવનું સ્વતત્ત્વ કહ્યું છે. ઔદયિક ભાવ એટલે કે પુણ્ય-પાપના ભાવો, હાસ્ય, રતિ, અરતિ, શુભ, અશુભ લેશ્યાના પરિણામો વગેરેને જીવનું સ્વતત્ત્વ કહ્યું છે. અહીં તમો તે જ પુણ્ય-પાપ વગેરે ભાવોને પર તત્ત્વ કહો છો, પ્રદેશો જુદાં કહો છો, સત્તા જુદી કહો છો, તો આમાં અમારે શું સમજવું?

સમાધાન :–તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે તેપણ બરાબર છે ને અત્રે જે કેહવાય છે તે પણ બરાબર છે. તત્ત્વાર્થસૂત્રમાં સંસાર—ઔદયિક ભાવ સ્વતત્ત્વ કહેલ છે, ત્યાં પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવવું છે. જીવમાં થતો વિકારી ભાવ જડ નથી તેમજ જડને લીધે નથી, આત્માની પર્યાયમાં છે. આત્મા પરલક્ષે પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ સ્વતંત્રપણે કરે છે ત્યારે જડકર્મ નિમિત્ત હોય છે, એમ વિકારી પર્યાયનું સ્વતંત્ર

જ્ઞાન કરાવવું છે ને તે વ્યવહારનયથી જીવનો કહ્યો છે. પણ ઔદયિકભાવનું સાચું જ્ઞાન કર્યું ક્યારે કહેવાય? કે વિકાર સ્વતંત્ર રીતે પોતે કરે તો થાય છે એમ સમજીને પછી તે વિકાર ક્ષણિક છે એક સમય પૂરતો છે, મારા શુદ્ધ સ્વભાવમાં વિકાર નથી. વસ્તુ સ્વભાવમાં ઔદયિક ભાવ અથવા સંસાર નથી. ઔદયિક ભાવ મારો સ્વભાવ નથી એમ જ્ઞાન કરી શુદ્ધ સ્વભાવ તરફ વળે તો ઔદયિક ભાવનું સાચું જ્ઞાન કર્યું કહેવાય. શરીર, કર્મ તો જડ છે ને ૨૮ મૂળગુણના પાલનનો ભાવ તે પુણ્યભાવ છે. શુદ્ધ ચૈતન્યની અપેક્ષાએ તે ભાવ અચેતન છે, તે ચૈતન્યમાં નથી. ચૈતન્યમાં હોય તો તેમાંથી કદી નીકળે નહિ માટે પર્યાય ઉપરનું લક્ષ છોડાવવાને, શુદ્ધ આત્મા કે જે સ્વતત્ત્વ છે, તેનું લક્ષ કરાવવા ઔદયિક ભાવને પરતત્ત્વ અહીં કહેલ છે.

આમ ભેદજ્ઞાન કરવું તે પ્રથમ સમ્યક્દર્શન ધર્મ ને સંવર છે.

## “વ્યવહાર રત્નત્રય આધાર ને નિશ્ચય રત્નત્રય આધેય એવો આધાર આધેય સંબંધ પણ નથી જ.”

આ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી, એક સાથે બીજીને આધાર આધેય સંબંધ નથી. શરીર આત્માનું નથી, શરીરનો આત્મા નથી; આ આત્માના સર્વજ્ઞદેવ નથી, સર્વજ્ઞદેવનો આ આત્મા નથી; આત્માનાં કર્મ નથી, કર્મમાં આત્મા નથી; સાક્ષાત્ તીર્થંકરદેવ આ આત્માને શરણભૂત નથી. અજ્ઞાની કહે છે કે શરીર છે તો આત્મા ટકે છે, ને આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા આધાર છે તો ભાષા બોલાય છે. તો તે બધી વાત ખોટી છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તે આધાર ને આત્મામાં ધર્મ થાય તે આધેય—તેવો સંબંધ નથી.

વળી આત્મા આધાર ને વિકાર આધેય એવો સંબંધ નથી કારણ કે શુદ્ધ આત્માના આશ્રયે વિકાર થતો જ નથી.

દયા દાનાદિના ભાવો આધાર ને આત્મામાં સમકિત પર્યાય પ્રગટ થાય તે આધેય એવો પણ સંબંધ નથી કારણ કે વિકારમાંથી અવિકારદશા પ્રગટ થતી નથી.

છઠ્ઠે ગુણસ્થાને મુનિને થતા પાંચ મહાવ્રતાદિના વિકલ્પો તે આધાર ને તેને આધારે છઠ્ઠું ગુણસ્થાન ટક્યું છે એ વાત પણ ખોટી છે. કારણ કે પંચ મહાવ્રતનો ભાવ તે રાગ છે, રાગના આધારે વીતરાગ દશા ટકતી નથી પણ શુદ્ધ આત્માના આશ્રયે છઠ્ઠું ગુણસ્થાન ટકે છે.

આગમનું વ્યવહારજ્ઞાન, નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને શુભભાવો ઇત્યાદિ પ્રકારે વ્યવહાર રત્નત્રય તે આધાર ને નિશ્ચય રત્નત્રય તે આધેય—એમ બનતું નથી. નિશ્ચય સમકિતનો આધાર રાગ નથી, તેનો આધાર શુદ્ધ આત્મ સ્વભાવ છે. આત્માની અવસ્થામાં થતાં શુભરાગના પરિણામથી વીતરાગી અવસ્થા પ્રગટતી નથી, એટલે શુભરાગ આધાર ને વીતરાગી દશા આધેય—એવો સંબંધ નથી તો પછી પરવસ્તુ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે આધાર ને સમ્યક્દર્શન ને વીતરાગદશા આધેય—એમ આધાર-આધેય સંબંધ છે જ નહિ.

ભગવાનની વાણી કાને પડી તો મને ધર્મ થયો, એમ અજ્ઞાની માને છે. અહીં તો કહે છે કે પુણ્યથી પણ ધર્મ થતો નથી, તો વાણીથી તો ક્યાંથી જ થાય? વાણી તો જડ છે, પરવસ્તુ છે, તેનો આધાર આત્માને નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે :—પરવસ્તુ અથવા રાગ સાથે આત્માને આધાર આધેય સંબંધ નિશ્ચયથી નથી પણ વ્યવહારથી તો ખરો ને?

સમાધાન :—વ્યવહારનો અર્થ સમજવો જોઈએ. જે વખતે આત્મામાં પોતાના કારણે અવસ્થા થાય છે ત્યારે બીજી કઈ ચીજ ક્ષેત્રે નજીકમાં અથવા પૂર્વ પર્યાયમાં હતી, તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. વ્યવહાર કાંઈપણ મદદ કરે છે, એમ એનો અર્થ નથી.

વ્યવહાર સમકિત આધાર ને નિશ્ચય સમકિત આધેય એમ છે જ નહિ. પોતે નિશ્ચય સમકિત પ્રગટ કરે છે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની શ્રદ્ધાને વ્યવહારનો આરોપ આપવામાં આવે છે.

આમ આત્માને પર પદાર્થો તથા વિકાર સાથે કાંઈ પણ સંબંધ નથી, એમ ભેદજ્ઞાન કરવું તે સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાન છે ને તે મુક્તિનું પ્રથમ પગથિયું છે.

# પ્રસાદ નં. ૧૯૨

## સમયસાર ગાથા ૧૮૧-૧૮૩

(વૈશાખ સુદ ૭, રવિવાર, ૨૦૦૭)

## પરથી જુદા એકત્વની વાત સ્વલક્ષે કદી પણ સાંભળી નથી.

પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને પોતાની અવસ્થામાં જે મિથ્યાત્વ, અત્યાગ, કષાય ને યોગ થાય છે તે આસ્રવ છે. તેનાથી જીવ અનંતકાળથી રખડે છે. તે મલિનતા રહિત આત્મા ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે, એવું ભાન થયું તે સંવરદશા છે ને તે મુક્તિનું કારણ છે, એટલે કે પૂર્ણ શુદ્ધતાનું કારણ છે. આ અલૌકિક અધિકાર છે. સમયસારની ચોથી ગાથામાં કહ્યું છે કે "શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગ બંધનની કથા" દયા દાનથી ધર્મ થાય, શુભ કરતાં કરતાં શુદ્ધતા થાય એવી વાત જીવે ઘણીવાર સાંભળી છે, હરખ શોકનો અનુભવ પણ ઘણીવાર કરી ચૂક્યો છે. તે અપૂર્વ નથી પણ "પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના" દયા દાનાદિ ભાવો પર છે. તેનાથી આત્મા જુદો છે ને સ્વથી એકત્વ છે એવી વાત સ્વલક્ષે અનંતકાળમાં એક ક્ષણ માત્ર પણ સાંભળી નથી તો પછી આત્માનો પરિચય ને અનુભવ તો ક્યાંથી જ થાય? ન જ થાય.

અહીં પરથી જુદો ને સ્વથી એકત્વ છે, એવા ભેદજ્ઞાનનો અધિકાર છે. વળી બધી થઈને એક વસ્તુ હોય તો ભેદ પાડવાનું રહેતું નથી. માટે આત્મા છે ને બીજી વસ્તુ પણ છે. બીજી વસ્તુમાં જીવ મારાપણું માનતો હોય તો તે માન્યતાથી જુદો પાડવા ભેદજ્ઞાન સંભવી શકે. તે વાત આ અધિકારમાં કહેવાય છે.

## "શુદ્ધ આત્મા ને વિકારના પ્રદેશો ભિન્ન ભિન્ન છે. તેની સ્પષ્ટતા."

એક વસ્તુને બીજી વસ્તુ સાથે સંબંધ નથી. આત્માનો શરીર સાથે, કર્મ સાથે કે બીજા આત્મા સાથે કાંઈપણ સંબંધ નથી કારણ તેના પ્રદેશો જુદા છે. વળી આત્માની વિકારી અવસ્થામાં પુણ્યપાપના પરિણામો થાય છે, તેને ને શુદ્ધ આત્માને પણ કાંઈ સંબંધ નથી. નિર્મળ પર્યાય ત્રિકાળી સ્વભાવ સાથે અભેદ થાય છે, તેને અહીં આત્મા કહ્યો છે. તે શુદ્ધઆત્માને તથા પુણ્યને કાંઈ સંબંધ નથી, પ્રદેશભેદ છે. પુણ્યના આશ્રયે ચૈતન્યસત્તા નથી ને ચૈતન્યસત્તાના આશ્રયે પુણ્યની સત્તા નથી.

પ્રશ્ન :–પુણ્યના ને આત્માના પ્રદેશો જુદા કહ્યા છે, તો આત્માનો પ્રદેશત્વ ગુણ ને પુણ્યનો પ્રદેશત્વગુણ જુદો હશે?

સમાધાન :–ના, પ્રદેશત્વ ગુણ જુદો નથી પણ અહીં ચૈતન્ય શુદ્ધ જ્ઞાયકની દ્રષ્ટિ કરાવવા, પુણ્યપાપના પરિણામને પરના કહીને, જડના કહીને તેનાથી શુદ્ધ ચૈતન્યને ભિન્ન કહ્યો છે. પુણ્ય-પાપના પરિણામ ક્ષણિક છે, કાયમની ટકતી ચીજ નથી. જેમ પાણી ઉપર તેલ તરે છે તેમ શુભાશુભ ભાવો ઉપર તરતા છે, શુદ્ધ ચૈતન્યમાં કદી પ્રવેશ પામતા નથી તેથી પુણ્ય-પાપને અનેરી ચીજ ગણી તેના પ્રદેશો જુદા કહીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ કરાવવી છે.

## "દરેક વસ્તુ પોતામાં દ્રઢપણે ટકી રહે છે, તેથી પોતાને પોતાનો આધાર આધેય સંબંધ છે."

આ પ્રમાણે પરપદાર્થ, પુણ્ય પરિણામ ને આત્મા દરેકની સત્તા જુદે જુદી છે. એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નથી તેથી એક બીજાને આધાર આધેય સંબંધ નથી જ. શુભરાગ આધાર ને આત્માના શુદ્ધ પરિણામ તે આધેય એવો આધાર-આધેય સંબંધ નથી. તેથી દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દ્રઢપણે રહેવારૂપ જ આધાર-આધેય સંબંધ છે. દરેક વસ્તુ પોતે પોતાનો આધાર છે. એક આત્માને પોતાનો આધાર છે. અનેક રજકણોનો પિંડ લાડુ છે. તેમાં એક પરમાણુ જે ઉપર છે તેને નીચેના પરમાણુનો આધાર નથી. ઉપરનો પરમાણુ પોતાના આધારે છે. એક વસ્તુ પોતાના કારણે પરિણમે છે, તેને નિમિત્તનો આધાર નથી. હાથ ઉંચો થાય છે, તે આત્માના આધારે થતો નથી. હાથના પરમાણુ પોતે જ પોતાનો આધાર છે. પોતાના કારણે હાથ ઊંચો થાય છે, દરેક વસ્તુ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્તમ્ સત છે. દરેક વસ્તુ પોતે પોતાના કારણે ધ્રુવ રહીને બદલે છે, પરને લીધે નહિ. વસ્તુ "છે" એમ કહો તો તેની શરૂઆત હોઈ શકે નહિ. "છે" કહો તો તેનો અંત હોઈ શકે નહિ માટે વસ્તુ અનાદિ અનંત છે. વળી જે નિત્ય હોય તે ન હોય એમ બને નહિ ને જે હોય તે બીજાને લીધે હોય તેમ પણ બને નહિ. આમ નક્કી કરતાં પરનો આધાર જે ભ્રાંતિથી માનતો હતો તે ભ્રાંતિ નાશ પામે છે ને પોતે પોતાનો આધાર છે, એમ માને છે.

## "આત્માનો જાણવા દેખવાનો સ્વભાવ આત્મામાં જ છે, તે પોતાના આધારે છે."

આત્મા પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં રહેલો છે. તે સ્વભાવ આત્માથી જુદો નથી, આત્મામાં જ છે. આત્માનું જાણપણું, દયા દાનના વિકલ્પો કે શરીર, મન, વાણીના આધારે નથી. આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ કોઈના આધારે પ્રગટતો નથી, ટકતો નથી, વધતો નથી. તેને દેવ, ગુરુ, શાસ્ત્રનો, દયા-દાનના વિકલ્પનો આધાર નથી. જો એના આધારે આત્મા ટકતો હોય તો દેવગુરુશાસ્ત્રનો વિયોગ થતાં, આત્માનો નાશ થવો જોઈએ, પણ એમ બનતું નથી. માટે આત્મા તેના આધારે ટકતો નથી પણ પોતાના આધારે જ ટકે છે, એમ નક્કી થાય છે.

## "શુદ્ધ આત્માને વિકાર સાથે આધાર આધેય સંબંધ નથી."

અનાદિથી જીવને વસ્તુસ્વરૂપની ખબર નથી, ને અનુકૂળ સંયોગોમાં સુખ ને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ માને છે, તે માન્યતા તો સ્થૂલ ભૂલ છે. સંયોગોમાં સુખ-દુઃખ નથી પણ જીવ પર પદાર્થોમાં સુખ-દુઃખની કલ્પના કરે છે તે ભ્રાંતિ ને દુઃખ છે. તે પર્યાયબુદ્ધિમાંથી ઉત્પન્ન થયેલું છે. પરપદાર્થને લીધે તો દુઃખ છે જ નહિ. તેમજ દુઃખનો આધાર શુદ્ધ આત્મા પણ નથી, એમ અહીં બતાવવું છે. વિકાર અથવા દુઃખ અંતરદ્રષ્ટિના આધારે હોય અથવા શુદ્ધ સ્વભાવમાં હોય તો દુઃખ કદી ટળે નહિ, ને દુઃખ આત્માનો સ્વભાવ થઈ જાય, માટે દુઃખનો આધાર આત્મા નથી. આત્માને આધાર ને વિકાર આધેય એવો સંબંધ નથી. વળી વિકાર પુણ્ય-પાપ આધાર ને આત્માની નિર્મળ દશા આધેય, એવો પણ સંબંધ નથી. આત્મા તો સંયોગોને તથા વિકારને જાણનારો છે. તેવી જાણનક્રિયાને અને આત્માને આધાર આધેય સંબંધ છે. પર સાથે સંબંધ નથી. એમ પરભાવોથી લક્ષ છૂટતાં સ્વનો જ્ઞાતાદ્રષ્ટા રહે છે ને તે જ ધર્મ છે.

## "વિભાવ વિભાવમાં છે, વિભાવ સ્વભાવમાં નથી."

વળી, આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, તેની રુચિ નહિ કરતાં વિભાવની રુચિ કરવી તે શુદ્ધ આત્મા પ્રત્યે અણગમો છે, તેને અનેક પ્રકારના વિભાવો ઉપર ને અનંતા નિમિત્તો ઉપરની રુચિ છે. તેને ચૈતન્યનો વેરી કહ્યો છે. તે અકષાયી આત્માનો અનાદર કરે છે તેને અનંતાનુબંધી ક્રોધ કહે છે. 'ક્રોધાદિકમાં' ક્રોધ, માન,

માયા, લોભ આવી જાય છે. ચૈતન્યની અરુચિ તે ક્રોધ છે. વિકારનું માન આવવું તે માન, સ્વરૂપમાં આડ મારવી તે માયા ને પુણ્યની રુચિ કરવી, પુણ્યનો લોભ તે લોભ છે. આવા વિભાવના પરિણામો વિભાવમાં છે. અહીં "વિભાવ" એટલે મિથ્યાત્વ સહિત ક્રોધ માન માયા લોભ સમજવા. વિભાવ વિભાવમાં છે, એમ અસ્તિથી કહ્યું છે એટલે વિભાવ શુદ્ધ સ્વભાવમાં નથી, એમ નાસ્તિથી આવી જાય છે. નિમિત્તનો આદર, વ્યવહારનો આદર, વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે એવી જે રુચિ, તેમાં સંસાર જ રહે છે. તેમાં આત્મા ઊભો થતો નથી, કારણ કે તેને ત્રિકાળી સ્વભાવની રુચિ છૂટી ગઈ છે. પોતે જ્ઞાનમય છે એમ નહિ માનતાં પોતાના વિકાસમાં શુભભાવ મદદ કરશે, એમ માનનારે શુભમાં સામર્થ્ય માન્યું પણ સ્વભાવમાં સામર્થ્ય માન્યું નહિ, માટે આત્માની ધર્મક્રિયા એવી માન્યતાવાળાને થઈ શકે નહિ.

**"વ્રત, તપ વગેરે અનંતીવાર કરી ચૂક્યો પણ ભેદજ્ઞાન એક સમયમાત્ર પણ કર્યું નથી."**

**યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો,**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુ તાર ભર્યો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહી તપે, ઉરસેંહિ ઉદાસિ લહી સબપેં,**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે,**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજૂ ન પર્યો,**
**અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે?**

યમ નિયમ તપ વગેરે અનંતવાર કર્યાં છે, ધર્મના નામે જુદી જુદી ક્રિયાઓ અનંતવાર કરી ચૂક્યો છે, શરીરના ખંડ ખંડ ટુકડા કરવા છતાં ક્રોધ ન કરે, બહારથી ક્ષમા રાખે, શુક્લ લેશ્યાના પરિણામ પણ જીવે કર્યાં છે વગેરે પરિણામો ઘણીવાર કર્યાં પણ હજી વસ્તુસ્વભાવને એટલે ધર્મને પામ્યો નહિ. હે જીવ! કેમ વિચારતો નથી કે તે બધાથી કાંઈ જુદી વસ્તુ રહી જાય છે. અજ્ઞાનભાવે બધુ કર્યું છે તે અપૂર્વ નથી, આત્માને બધાથી જુદો પાડવારૂપ ભેદજ્ઞાન કરવું રહી ગયું છે. તે ભેદજ્ઞાનનો ઉપાય અહીં કહેવાય છે :—

**"સ્વભાવની અરુચિ ને વિભાવની રુચિ એ જ ક્રોધ છે.**
**વિભાવની રુચિવાળાને ધર્મ કદી પણ થતો નથી."**

કોઈને પ્રતિકૂળ સંયોગો આવતા જે જીવ શાંતિ ધારણ કરે ને ગુસ્સો ન કરે તેને લોકો ક્ષમા કહે છે ને બહારથી ગુસ્સો કરે તેને ક્રોધ કહે છે. તે ક્રોધનું ખરુ સ્વરૂપ નથી. લોકો જેને ક્રોધ કહે છે તે ક્રોધની અહીં વાત નથી. પોતાના ચૈતન્ય ક્ષમાસાગર સ્વરૂપને ચૂકીને પ્રતિકૂળતામાં દ્વેષ ને અનુકૂળતામાં રાગ કરવો, એ અનંતાનુબંધીના રાગદ્વેષ છે. અજ્ઞાની જીવ પુણ્યના સંયોગોમાં સુખ માની તેની રુચિ કરે છે. તેને પુણ્યમાં માલ લાગે છે. આત્મા માલ વગરનો લાગે છે. તે પોતાના ચૈતન્યને નપુંસક માને છે. સંયોગો કે પુણ્યની રુચિ એ જ ક્રોધ છે. ક્રોધ અથવા વિભાવ એક જ છે. વિભાવ વિભાવમાં જ છે. વિભાવમાં સ્વભાવ નથી, એટલે ધર્મ નથી. વ્યવહાર વ્યવહારમાં છે, વ્યવહાર નિશ્ચયમાં નથી.

સ્વભાવની અપેક્ષાએ વિભાવ અથવા રાગ અવસ્તુ છે, એમ જ્ઞાની કહે છે છતાં અજ્ઞાની વિભાવને પોતાની વસ્તુ માની અજ્ઞાનમાં ઘુંટાય છે માટે મિથ્યાત્વનો આધાર મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વનો આધાર સ્વભાવ અથવા જ્ઞાન હોઈ શકે નહિ. આત્માના આધારે આત્મા છે. આત્માને આધારે વિભાવ નથી એટલે કે શુદ્ધ આત્માની દ્રષ્ટિ થઈ તેને વિભાવ એટલે અધર્મ થતો નથી, ધર્મ થાય છે. વળી વિભાવના આધારે વિભાવ છે. વિભાવને આધારે આત્મા નથી એનો અર્થ એ કે જેની પર્યાયદ્રષ્ટિ છે, વિકારની રુચિ છે તેને સંસાર છે, તેને આત્માની શુદ્ધ દશા થતી નથી.

# પ્રસાદ નં. ૧૯૩

## સમયસાર ગાથા ૧૮૧-૧૮૩

(વૈશાખ સુદ-૮, સોમવાર, ૨૦૦૭)

## આત્મા ધ્રુવ રહીને અવસ્થામાં પલટન પામે છે.

આત્મામાં ભેદજ્ઞાન વડે શાંતિ થાય તેની વાત ચાલે છે. વર્તમાન અવસ્થામાં પ્રગટ શાંતિ હોય તો શાંતિ કરવાનું રહેતું નથી, ને સ્વભાવમાં શાંતિ ન હોય તો શાંતિ ક્યાંથી આવે? એટલે કે સ્વભાવ શાંતસ્વરૂપ છે ને પર્યાયમાં અશાંતિ છે. જે વસ્તુ છે તે ટકીને તેનું રૂપાંતર થાય છે માટે આત્મા એકલો ક્ષણિક નથી. એકલી વસ્તુ હોય ને પલટન ન હોય તો કાર્ય થઈ શકે નહિ. કાર્ય ન હોય તો દુઃખમાંથી છૂટી સુખી થવાનું બની શકે નહિ માટે આત્મા એકલો ફૂટસ્થ નથી અને દુઃખ મટીને જે સુખ થયું તેનો અનુભવ કરનાર નિત્ય હોવો જોઈએ માટે આત્મા કાયમ રહીને અવસ્થામાં પલટન પામે છે.

## અંશી સ્વભાવની રુચિ છોડી અંશની રુચિ કરવી તે મિથ્યાત્વ ને સંસાર છે.

અહીં "ઉપયોગ" શબ્દ અન્વયાર્થમાં છે. ઉપયોગ એટલે શુદ્ધ આત્મા, શુદ્ધ આત્માને વિષે છે. દેહ, મન, વાણી આત્મા નથી. જો આત્મા સ્વપણે ન હોય તો આત્માનો નાશ થાય છે ને આત્મા સ્વપણે હોય ને પરપણે પણ હોય તો આત્મા પરમાં ભળી જવાનો પ્રસંગ આવે છે. વળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ શુદ્ધના આધારે છે ને પર્યાયમાં જે દયાદાનાદિભાવો દેખાય તે વિકૃતભાવ છે, તે કાયમનો સ્વભાવ નથી. વિકાર વર્તમાનમાં ન હોય તો વિકારના સ્થાનમાં સહજાનંદ હોવો જોઈએ. પણ વર્તમાનદશામાં આનંદનો અભાવ છે, તેથી વિકાર છે, એમ નક્કી થાય છે. સ્વભાવની ભૂલ તે દુઃખ છે, પરમાં દુઃખ નથી. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને દયાદાનાદિ ભાવો થાય છે તેનો આદર જેને છે તેને ત્રિકાળી સ્વભાવનો અનાદર છે, તેને મિથ્યાત્વનો ક્રોધ કહે છે. આત્મા શરૂઆત ને અંત વિનાનો છે. તેમાં સમયે સમયે જૂની અવસ્થાનો વ્યય ને નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે ને ધ્રુવ સદ્રશ કાયમ રહે છે. તે ધ્રુવશક્તિના અભાનમાં એક સમયના અંશ જેટલો જ છું એમ જે અંશની રુચિ ને ત્રિકાળી સદ્રશ સ્વભાવની અરુચિ તેને મિથ્યાત્વનો ક્રોધ કહે છે.

તે ક્રોધ આત્માની પર્યાયમાં છે, બહારમાં નથી ને આત્માના લક્ષે થતી શુદ્ધ દશા તેપણ આત્માની બહાર નથી. મુક્તિ તે સંપૂર્ણ શુદ્ધદશા છે ને સંવર તે અધૂરી નિર્મળદશા છે. તે સંવર કેમ પ્રગટ થાય, તેનો અધિકાર ચાલે છે. શુદ્ધાત્મા શુદ્ધાત્મામાં છે ને વિભાવમાં શુદ્ધાત્મા નથી. એટલે વિકારની રુચિમાં શુદ્ધતા નથી. વળી વિભાવ વિભાવમાં જ છે, જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવ છું એવી પ્રતીતિ ને એકતા થતાં શુદ્ધોપયોગમાં ક્રોધરૂપ ભાવ નથી એટલે કે વિકાર થતો નથી.

પ્રશ્ન : વિકારનું સ્વરૂપ શું છે?

ઉત્તર : વિકાર પરમાં નથી, પરને લીધે નથી, પોતાના કારણે અપરાધથી પોતાની પર્યાયમાં વિકાર થાય છે. જીવ પોતાના સ્વભાવનો આશ્રય છોડે છે તો વિકાર થાય છે. ત્યારે બીજી ચીજ ઉપર આરોપ આવે છે. દરેક વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતામાં છે. બીજામાં તેના ચતુષ્ટનો અભાવ છે. કર્મ પર ચીજ છે. કર્મના ચતુષ્ટયનો આત્મામાં અભાવ છે તેથી કર્મ આત્માને હેરાન કરે નહિ. अपनेको आप भूलके हेरान हो गया।

ક્રોધ ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે, મિથ્યાત્વ શ્રદ્ધાગુણની વિપરીત અવસ્થા છે. તે અવસ્થા પોતે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનો આશ્રય ચૂકે છે તો થાય છે. પરથી વિકાર થતો નથી, પરથી થાય તો ટાળવાનો પ્રસંગ રહેતો નથી.

## આત્માને શરીર, કર્મ તથા વિકાર સાથે આધાર-આધેય સંબંધ નથી.

ટીકા : ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી. એટલે અનેક વસ્તુઓ છે. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા—એમ નથી. બાહ્ય સત્ય છે ને જગત પણ જગતરૂપે સત્ય છે. કર્મ, શરીર, જીવ વગેરે વસ્તુઓ છે તે એકબીજાને લીધે નથી. કર્મ ને આત્મા બન્નેની સત્તા જુદી છે. કર્મનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કર્મમાં છે, તે આત્મામાં નથી. એક બીજાને અત્યંત અભાવ છે. તેવી રીતે શરીર પણ પરવસ્તુ છે. આવી રીતે બન્નેના પ્રદેશો જુદા હોવાથી બન્નેની સત્તા જુદી છે. એક વસ્તુ બીજી વસ્તુરૂપે નહિ હોવાથી એકબીજાને આધાર-આધેય સંબંધ નથી. શરીર ને કર્મનો આધાર આત્મા નથી, ને આત્માનો આધાર શરીર તથા કર્મ નથી. તે ઉપરાંત અહીં એમ કહેવું છે કે પર્યાયમાં જે વિકાર થાય છે તે ક્ષણિક છે, તે આત્માનું કાયમનું સ્વરૂપ નથી તેથી વિકાર ત્રિકાળી સ્વભાવના આધારે નથી. ત્રિકાળી શુદ્ધ સ્વભાવ આધાર

ને વિકાર આધેય એવો આધાર-આધેય સંબંધ નથી, વિકાર આધાર ને આત્માનો શુદ્ધ સ્વભાવ આધેય એવો પણ આધાર-આધેય સંબંધ નથી.

## જ્ઞાનાદિ શક્તિવાન આત્માના શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મદશા પ્રગટ થાય છે.

અહીં પરપદાર્થો તથા પરભાવોથી ભેદજ્ઞાન કરાવવું છે. કારણ કે સમયસાર (પાનું ૨૪૫ કળશ ૧૩૧)માં કહ્યું છે કે જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે, જે કોઈ બંધાયા છે તે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયા છે. ભેદજ્ઞાન કહો, આત્માની શુદ્ધદશા કહો, ધર્મ કહો, સમ્યગ્દર્શન કહો—એક જ છે. તે સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધાત્મા છે. શુદ્ધાત્માની સત્તામાં વિકાર નથી, વિકારની સત્તામાં શુદ્ધ આત્મા નથી. શુદ્ધ આત્મા જ પોતે પોતાનો આધાર છે. તે સ્વભાવની શ્રદ્ધા કરવાથી ધર્મ પ્રગટે છે. જેમ લીંડીપીપર ઘસવાથી તેની તીખાશ ૬૪ પહોરી પ્રગટ થાય છે, તે તીખાશ ક્યાંથી આવે છે? પત્થરમાંથી આવે છે? ના. તે પરપદાર્થ છે. તેમજ પૂર્વ પર્યાયમાંથી વર્તમાનપર્યાય આવે છે? ના. પૂર્વપર્યાયનો તો વ્યય થઈ જાય છે. તેનો સ્વભાવ તીખાશ છે. તેમાંથી વ્યક્તરૂપે બહાર આવે છે. તેમ આત્મા સર્વજ્ઞ શક્તિવાળો છે. 'જ્ઞ' સ્વભાવી આત્માનો 'જ્ઞ' પર્યાય રાગ-દ્વેષમાં અટકેલો છે, તે સ્વભાવની શ્રદ્ધા કરી તે તરફ વળે તો સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે.

દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં રહેવારૂપ આધાર-આધેય સંબંધ છે, તે હવે આત્મામાં ઉતારે છે. પોતાનો જાણવારૂપ સ્વભાવ પોતાના જ્ઞાનસ્વરૂપના આધારે છે, પરવસ્તુ તથા વિકારના આધારે નથી.

(૧) પર વસ્તુને લીધે આત્મા હોય તો પરનો અભાવ થતા સ્વનો અભાવ થશે.

(૨) વિકારના આધારે આત્મા હોય તો વિકારનો નાશ થતાં આત્માનો નાશ થશે.

માટે ચૈતન્ય શદ્ધ સ્વભાવના આશ્રયે વિભાવ નથી, તેના આશ્રયે તો નિર્મળદશા પ્રગટ થાય છે.

अ દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી કારણ કે તે પર છે.

ब રાગના નિમિત્તે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી કારણ કે તે વિકાર છે.

क જ્ઞાનના ઉઘાડના નિમિત્તે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી કારણ કે તે અંશ છે.

ક	હું જ્ઞાયક નિત્ય સ્વભાવી છું એવી અંતરદ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન ને ધર્મ થાય છે.

## શુદ્ધ આત્મામાં વિભાવ નથી ને વિભાવમાં શુદ્ધ આત્મા નથી.

ક્રોધાદિક એટલે મિથ્યાત્વ સહિત ક્રોધાદિ વિભાવ વિભાવમાં છે ને તે વિભાવ સ્વભાવમાં નથી.

પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવની રુચિ નહિ કરતાં વિભાવનો આદર તે ક્રોધ છે. તે વિભાવના આધારે સ્વભાવ પ્રગટતો નથી, ધર્મ થતો નથી. આત્માની વર્તમાન પર્યાયમાં ક્રોધ છે. તે ક્રોધની પાછળ અંતર શક્તિમાં શાંતિ છે પણ ક્રોધ વખતે શાંતિ નથી. ક્રોધમાં ક્રોધ છે, એમ અહીં ક્રોધ ને શાંતિ વચ્ચે ભેદજ્ઞાન કરાવવું છે. દયાદાનાદિ વ્યવહાર કરતાં કરતાં શુદ્ધ સ્વભાવમાં જવાય તે મિથ્યાભાવ છે, દયાદાનાદિ વિભાવ છે, તેનાથી સ્વભાવમાં જવાય નહિ.

પ્રશ્ન : વ્યવહાર એટલે શું?

ઉત્તર : શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ પ્રગટ્યા પછી નબળાઈના રાગ-દ્વેષ હોય તેને જાણવા તે વ્યવહાર છે. વિકાર જેટલો જ હું છું એમ માનનાર તો મિથ્યાદ્રષ્ટિ છે, તેને નય હોતા નથી. હું શરીરાદિથી પર છું, વિકારથી રહિત જ્ઞાતાસ્વરૂપ છું, એવું ભાન કરવું તે નિશ્ચય છે ને અલ્પ રાગદ્વેષ રહ્યા તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

રાગમાં આત્મા નથી એટલે કે વ્યવહારમાં નિશ્ચય નથી,

આત્મામાં રાગ નથી એટલે કે નિશ્ચયમાં વ્યવહાર નથી.

૧) સ્વભાવ પોતે રાગમય હોય ને જ્ઞાનમય ન હોય તો રાગ આત્માનો સ્વભાવ થઈ જાય પછી શાંતિ પ્રગટવાનું સ્થાન રહેતું નથી.

૨) રાગ ને સ્વભાવ એક માનો એટલે કે રાગ તે જ હું છું એમ માનો તો રાગ ટળતાં આત્માનો નાશ થશે.

આવી રીતે સ્વભાવની રુચિ કરતાં વિકારની રુચિ રહેતી નથી, તે સમ્યગ્દર્શનરૂપ પ્રથમ ધર્મ છે. પછી સ્થિરતા વધતાં પાંચમું, છઠ્ઠું આદિ ગુણસ્થાન આવે છે ને ક્રમે ક્રમે કેવળદશા પામે છે. ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે, તેની વાત આમાં કહેવાય છે. વિકાર રહિત શુદ્ધ સ્વભાવના આશ્રયે સંવર અથવા સમ્યગ્દર્શન થાય છે, તેથી ધર્માત્મા જીવને શુદ્ધ સ્વભાવની રુચિ હોય છે પણ વિકારની રુચિ હોતી નથી.

# પ્રસાદ નં. ૧૯૪

## સમયસાર ગાથા ૧૮૧-૧૮૩

(વૈશાખ સુદ ૯, મંગળવાર, ૨૦૦૭)

### "આત્માનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ આત્મામાં છે. આત્માની અરુચિરૂપ ભાવ વિભાવમાં છે."

આ ભેદજ્ઞાનનો અધિકાર છે. આત્મા શુદ્ધ છે, રાગ ને પરપદાર્થથી જુદો છે, એમ નહિ માનતાં રાગને પરથી આત્માને એકમેક માનવો તે સંસાર છે. જે ચીજથી લાભ-નુકશાન માને તે ચીજને પોતાની માન્યા વગર રહે નહિ. શરીર ને પુણ્યથી હિત છે એમ માનનાર વિકાર ને જ્ઞાનની એકતા કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે અને વિકારને તથા જ્ઞાનને જુદા જાણવા-માનવા તે ભેદજ્ઞાન સુખનું કારણ છે. જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ જાણવું તે છે. પર વસ્તુના ગ્રહણ-ત્યાગ તે આત્માનું સ્વરૂપ નથી. પર વસ્તુના ગ્રહણ–ત્યાગ આત્માનું સ્વરૂપ હોય તો તેનાથી આત્મા કદી નવરો થાય નહિ. પરથી જુદાપણું અને આત્માનું એકત્વ અજ્ઞાનીને ગોઠતું નથી. આત્માનું કામ તો માત્ર જાણવાનું છે, માટે આત્મા આધેય છે ને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ નક્કી થયું કે આત્મા જ આધાર છે. કારણ કે જાણનક્રિયા ને આત્મા જુદા નથી તેથી આત્માનો આધાર આત્મા જ છે. આત્માના શુદ્ધસ્વભાવનો આધાર વિકાર નથી એટલે કે વિકારના આધારે આત્મા પ્રગટતો નથી. જો પુણ્ય-પાપના આધારે આત્મા હોય તો પુણ્યપાપનો નાશ થતાં આત્માનો નાશ થઈ જશે. આત્મા આત્માના આધારે છે, તે નિશ્ચય છે ને ત્યારે બીજી કોઈ ચીજ જોડે હોય તેને જાણવું તે વ્યવહાર છે, આત્મા શુદ્ધચૈતન્ય સ્વભાવી છે. પોતાને પોતાનો આધાર છે, એમ નહિ માનતા આત્મામાં પરને લીધે કાંઈ થાય ને આત્મા પરવસ્તુનો આધાર છે એમ માનનાર આત્માને તથા પરને બન્નેને પરતંત્ર માને છે. હું પરનું કરી શકું છું, એમ માનનાર આત્મા જ્ઞાતા છે ને પર જ્ઞેય છે, એમ માનતો નથી. હું કર્તા ને પરનું કરવું તે મારું કાર્ય—એવો જે અજ્ઞાનભાવ, તેને મિથ્યાભાવ કહે છે. તેણે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને સ્વીકાર્યો નહિ. તે આત્માનો વૈરી થયો. તે ભાવને ક્રોધ કહે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ સ્વપરપ્રકાશક છે. ને સ્વને જાણતાં પર એવા નિમિત્તોને જાણવાનું તેનું કાર્ય છે, તેમ નહિ માનતાં પરને કારણે મારમાં કાર્ય થયું, એમ માનવું તે ક્રોધ છે. તે ક્રોધ ક્રોધમાં જ છે. ક્રોધ

આત્માના સ્વભાવના આશ્રયે થયો નથી. ક્રોધનું કારણ પર્યાયબુદ્ધિ છે, આત્મા નથી, તેથી ક્રોધ ક્રોધમા જ છે.

**ક્રોધાદિકમાં જ્ઞાન નથી :–**આત્માનો જાણવા દેખવાનો સ્વભાવ છે. તેમ રુચિ નહીં કરતાં પુણ્ય-પાપ હિતકર છે, તે માન્યતા ક્રોધ છે. ક્રોધાદિકમાં ક્રોધ, માન, માયા, લોભ આવી જાય છે. ચૈતન્યનું બહુમાન છોડી પુણ્યનું બહુમાન કરવું તે માન છે. સ્વરૂપમાં આડ મારવી તે માયા છે. પુણ્યનો લોભ રાખવો તે લોભ છે. ક્રોધ, માન, માયા, લોભના પરિણામમાં આત્મા નથી એટલે તેવા પરિણામથી આત્માને ધર્મ થતો નથી. અજ્ઞાની માને છે કે આપણે શુભરાગ કરીએ તો બીજાનું પણ કામ થાય ને શુભરાગથી આપણને ધર્મ પણ થાય, તે માન્યતા ભૂલવાળી છે.

રાગથી પર પદાર્થની અવસ્થામાં ફેરફાર થતો નથી માટે રાગ પર માટે નિરર્થક છે. રાગ પોતાનો સ્વભાવ ચૂકીને થાય છે માટે રાગ સ્વ માટે પણ નિરર્થક છે. આમ નહિ સમજતાં અજ્ઞાની રાગની રુચિ કરે છે. તેવી ભ્રાંતિમાં આત્મા નથી એટલે કે તેવી ભ્રાંતિથી આત્માને ધર્મ થતો નથી.

**કર્મમાં જ્ઞાન નથી :–**જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોમાં આત્મા નથી. અજ્ઞાની માને છે કે કર્મ મંદ પડે તો સમ્યગ્દર્શન થાય, પણ તેમ નથી. કારણ કે બન્નેને અત્યંત અભાવ છે. તો પછી કર્મ આત્માને મદદ કરે તેમ બને નહિ. અજ્ઞાની કહે છે કે :–“કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી માટે ભોગવવા પડે. વળી મોહનીય કર્મ મંદ પડે તો ધર્મ થાય” આમ માનનાર જીવ આઠે કર્મોને તથા તેના નિમિત્તે થતા વિકારને સ્વીકારે છે, પણ શુદ્ધ આત્માને સ્વીકારતો નથી. આત્મા કર્મોને ગ્રહે છે, ભોગવે છે, ને ત્યાગે છે, તેમ માનનારને કર્મથી ભિન્ન આત્માનું જ્ઞાન નથી, માટે કર્મ સામું જોવાથી આત્માનો ધર્મ થાય એમ નથી, એમ કહ્યું છે.

**નોકર્મમાં જ્ઞાન નથી :–**શરીરમાં આત્મા નથી, શરીર ધર્મનું સાધન છે. શરીર મજબૂત હોય તો અહિંસા પાળી શકાય ને દેશનું રક્ષણ થાય, એમ અજ્ઞાની દલીલ કરે છે. વળી ‘સંહનન ઉત્તમ હોય તો કેવળજ્ઞાન થાય છે. બાહુબલીજીનું શરીર મજબૂત હતું તો આટલો બધો વખત ધ્યાનમાં રહી શક્યા’ એમ અજ્ઞાની ધર્મના નામે દલીલ કરે છે. ભાઈ, ધ્યાનની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય આત્માના આધારે થાય છે, શરીરના આધારે થતી નથી. નિમિત્તોના સંગે શાંતિ નથી. સ્વભાવનો સંગ કરે તો શાંતિ મળે તેમ છે. માટે શરીર, વાણી આદિ નોકર્મની સામું જોવાથી આત્માનો ધર્મ થતો નથી.

જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી :–ગયા કાળે કર્મ બહુ બાંધ્યા હતા એમ અજ્ઞાની કહે છે. અહીં કહે છે કે તારા આત્મામાં કર્મ જ નથી, વાણી પણ

www.vitragvani.com



આત્મામાં નથી, આત્મા વગર વાણી બોલાય છે! એમ કોઈ દલીલ કરે તો કહે છે કે ભાઈ, રેકર્ડ પણ આત્મા વગર જ બોલે છે. વાણી, કર્મ, શરીર બધું પુદ્‌ગલ છે ને અજ્ઞાની ક્રોધાદિક કરે છે તે પણ આત્માના શુદ્ધ સ્વભાવમાં નથી માટે તે વિભાવો, શરીર, મન, વાણી, કર્મ ઉપરની દ્રષ્ટિ છોડ, તારા શુદ્ધ આત્મામાં વિભાવ કે કર્મ આદિ છે જ નહિ—એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

## "ક્રોધાદિક, કર્મ, નોકર્મ ત્રણેયનું સ્વરૂપ શુદ્ધ આત્માથી અત્યંત વિપરીત છે."

આ બધાનો ન્યાય આપે છે. આત્મામાં ક્રોધાદિક નથી કારણ કે તેમને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. શુદ્ધ ચૈતન્યદ્રષ્ટિથી આત્મામાં ધર્મ પ્રગટે છે ને તેનો અનાદર કરવાથી અધર્મ પ્રગટે છે માટે આત્માને તથા વિકારને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે તે નિશ્ચય છે ને ત્યારે પૂર્વના શુભ વિકલ્પને નિમિત્ત કહેવાય છે. તે શુદ્ધસ્વભાવમાં નિમિત્ત નથી ને નિમિત્તમાં શુદ્ધ સ્વભાવ નથી, બન્નેને સ્વરૂપ વિપરીતતા છે. શરીર, કર્મ, વાણી તો જડ છે, પુદ્‌ગલ છે. તેને તથા શુદ્ધ સ્વભાવને સ્વરૂપ વિપરીતતા છે જ, શુદ્ધ સ્વભાવ તે નિરાકુળ શાંત છે. તે ત્રિકાળી છે ને વિભાવ આકુળ અશાંતભાવ છે, ક્ષણિક છે. માટે બન્નેને સ્વરૂપ વિપરીતતા છે. એકમાં શુદ્ધસ્વભાવનો આદર છે, બીજામાં શુદ્ધસ્વભાવનો અનાદર ભાવ છે, તેથી બન્નેમાં વિપરીતતા છે. આમ સ્વરૂપ વિપરીતતા હોવા છતાં ત્રણે સ્વરૂપને સહાયક છે, ધર્મમાં મદદગાર છે—એમ માનનાર જીવને ધર્મ થતો નથી. શરીરથી કે વાણીથી લાભ માનવો, પુણ્યથી ધર્મ માનવો તે દુશ્મનની મદદ લઈ સજ્જનનો લાભ માનવા બરાબર છે. વિભાવ તો આત્માનો દુશ્મન છે. છતાં તેનાથી લાભ માને તેને ધર્મ થાય નહિ.

## આત્માને શરીર, કર્મ, વાણી તથા વિકાર સાથે આધાર આધેય સંબંધ નથી.

આવી રીતે સ્વરૂપ વિપરીતતા હોવાથી તેમને પરમાર્થભૂત આધાર આધેય સંબંધ નથી. શરીર આધાર ને આત્મા આધેય એમ નથી. કર્મ આધાર ને આત્મા આધેય એમ નથી. શુભભાવ આધાર ને આત્મા આધેય એવો સંબંધ નથી.

પ્રશ્ન :–પરમાર્થે આધાર આધેય સંબંધ નથી પણ વ્યવહારે તો છે ને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઉત્તર :–શુદ્ધ આત્માના આધારે વિકાર થતો નથી ને દયા દાનના ભાવથી આત્મામાં ધર્મ થતો નથી—એમ પરમાર્થે આધાર આધેય સંબંધ નથી. એમ સ્વીકાર્યા પછી પૂર્વ પર્યાયમાં વિકાર હતો તેમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે. પણ વિકારથી ધર્મ થયો એમ માનવું તે વ્યવહાર નથી. તે તો વિપરીત શ્રદ્ધા છે. માટે આત્માને શરીર સાથે, કર્મ સાથે, વાણી સાથે, વિકાર સાથે આધાર આધેય સંબંધ નથી.

## "સ્વભાવની રુચિવાળો વિકારની રુચિ કરતો નથી, તેથી તેને અધર્મ થતો નથી."

વળી આત્માનો સ્વભાવ તો જાણવા દેખવાનો છે. પરનું કરવાનો તેનો સ્વભાવ નથી. આત્માનું સ્વરૂપ જાણવું પણ રહે ને આત્માનું સ્વરૂપ પુણ્ય-પાપ કરવાનું પણ રહે—એમ બે એકી સાથે હોઈ શકે નહિ. ચૈતન્ય સ્વભાવ શુદ્ધ છે એવો આદરભાવ ને દયા દાનાદિ વિકારનો પણ આદરભાવ બન્ને ભાવો એકીસાથે સાબિત થતા નથી. શુદ્ધ સ્વભાવથી લાભ માનવો ને પુણ્યભાવોથી પણ લાભ માનવો-એવા બે અભિપ્રાય સાથે હોઈ શકે નહિ. જેણે જ્ઞાનસ્વભાવ શુદ્ધ છું એવો આદર કર્યો છે તેને પુણ્યની રુચિનો આદર કદી આવશે નહિ. સ્વભાવ બુદ્ધિવાળાને પર્યાયબુદ્ધિ રહેતી નથી, તેથી તેને કદી અધર્મ થતો નથી પણ ધર્મ થાય છે.

## "વિકારની રુચિવાળો સ્વભાવની રુચિ કરતો નથી, તેથી તેને ધર્મ થતો નથી."

જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે, એનો અનાદર કર્યો તેમાં સ્વભાવનો આદર રહેતો નથી. જેને પુણ્યની રુચિ છે તેને આત્માની રુચિ હોતી નથી. જે વખતે મિથ્યાભાવ—અધર્મભાવ ઉત્પન્ન થાય છે તે જ સમયે ધર્મભાવ થાય તેમ બને નહિ. પુણ્યની રુચિ કરવાવાળો કહે છે કે અમો આત્માનો પણ આદર કરીએ છીએ ને ધર્મ કરીએ છીએ તો એમ કદી બની શકતું નથી. શરીરની, કર્મની, વિકારની રુચિ રાખીને સ્વભાવનો આદર બનતો નથી કારણ કે વિકાર વર્તમાન છે ને શુદ્ધ સ્વભાવ તો ત્રિકાળ છે. વર્તમાનના આદરમાં ત્રિકાળનો આદર બની શકતો નથી. એક મ્યાનમાં બે તલવાર સંભવતી નથી તેમ છોકરા ઉપર પ્રેમ પણ રાખે ને તે જ સમયે છોકરાને મારે એ સંભવતું નથી, તેમ પર્યાયબુદ્ધિમાં સ્વભાવબુદ્ધિ હોતી નથી, એટલે પર્યાયબુદ્ધિવાળાને કદી ધર્મ થતો નથી.

## "શુદ્ધસ્વભાવ ને વિભાવ બન્નેના સ્વભાવો જુદા છે, માટે બન્નેને આધાર આધેય સંબંધ નથી."

કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા બન્ને જુદા જુદા સ્વભાવે પ્રકાશે છે. જાણનક્રિયા= જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના આશ્રયે થયેલી અંતરક્રિયા, અનાકુળ શાંતક્રિયા છે. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ત્રિકાળી છે, તેના આશ્રયે જ્ઞાન ખીલે છે.

ક્રોધાદિક્રિયા=અંશના લક્ષે કે પરના લક્ષે થયેલો ભ્રાંતિભાવ છે, આકુળતાવાળો ભાવ, દયા દાન વ્રત પૂજાનો આદરભાવ, તે ચૈતન્યના અનાદરરૂપ ભાવ છે, તેથી અધર્મ થાય છે. ચૈતન્યની અરુચિ તે જ ક્રોધ છે.

આથી બન્નેના સ્વભાવ જુદા જુદા છે. બન્નેનું અવલંબન જુદું જુદું છે પણ એક નથી. અહીં અજ્ઞાનપૂર્વકના રાગ-દ્વેષની વાત છે. (અસ્થિરતાના રાગ-દ્વેષની વાત ગૌણ છે.)

અહીં બન્ને વસ્તુ ભિન્ન ભિન્ન કહી છે, તેથી વિકારની ભિન્નતા કરવી પડે છે, એમ નથી પણ સ્વભાવસન્મુખ થતાં વિભાવ ઉત્પન્ન જ થતો નથી. મિથ્યાત્વની ઉત્પત્તિ વખતે સ્વભાવની શાંતિ ઉત્પન્ન થતી નથી.

આ મિથ્યાત્વ છે ને એને જુદું પાડું, એમ તો છે જ નહિ, પણ મિથ્યાભાવ છે તે હું નથી એમ નાસ્તિનું કથન પણ હજી પર તરફનું વલણ બતાવે છે. હું જ્ઞાનસ્વભાવી ચૈતન્યમાત્ર છું એમ અસ્તિ સ્વભાવમાં—જ્ઞાનમાં એકાગ્ર થતાં મિથ્યાત્વ ઉત્પન્ન જ થતું નથી. સ્વભાવની રુચિમાં વિભાવની રુચિ ઉત્પન્ન થતી નથી. આને આત્માએ વિભાવથી ભેદજ્ઞાન કર્યું કહેવામાં આવે છે. આ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

આ પ્રમાણે આત્મા જ્ઞાનસ્વભાવી છે. એવા શુદ્ધ સ્વભાવને અને શુદ્ધસ્વભાવના અનાદરરૂપી વિભાવની રુચિને આધાર-આધયેપણું નથી.

# પ્રસાદ નં. ૧૯૫

## સમયસાર ગાથા ૧૮૧-૧૮૩

(વૈશાખ સુદ ૧૦, બુધવાર, ૨૦૦૭)

### “સ્વભાવ તથા વિભાવને આધાર-આધેયપણું નથી.”

પરથી જુદા ચૈતન્યસ્વરૂપનું ભાન થવું, તે ભેદજ્ઞાન છે. આત્મા જાણનાર-દેખનાર છે, તે અંતર સ્વભાવના આધારે પ્રકાશે છે. તે સ્વભાવનો અનાદર કરી પર સન્મુખ થતાં વિકાર પ્રકાશે છે. વિકારને ભાન નથી, પણ અહીં સમજાવે છે કે એક ક્ષણમાં બે સાથે હોતા નથી. સ્વભાવની અરુચિ થઈ વિકારભાવ ભાસે તેને ચૈતન્ય ભાસતો નથી. જ્ઞાતાની મુખ્યતા ભાસે તેને જ્ઞાતાનો અનાદર એવો ક્રોધ ભાસતો નથી. આવી રીતે જેને શરીર ને કુટુંબ તરફ તથા ઇષ્ટ અનિષ્ટ સંયોગોમાં ઉત્સાહ વર્તે છે, તેને ચૈતન્ય પ્રકાશતો નથી. સ્વભાવના આધારે વિભાવ થતો નથી ને પુણ્ય-પાપના આધારે ધર્મ થતો નથી. આ રીતે સ્વભાવ ને વિભાવને આધાર આધેયપણું નથી.

### “આત્માની માત્ર વાતો કરે પણ કુદેવાદિને માને તે મુમુક્ષુ ભૂમિકાથી ઘણો વિમુખ છે.”

હાલમાં આત્માની માત્ર વાતો કરનારા ઘણા ઉપદેશકો છે. કેટલાય સાંભળનારને તેમની વાત સાંભળીને એમ લાગે છે કે અહીં પણ ઘેર બેઠાં આવી જ આત્માની વાતો સાંભળવા મળે છે. અમોને કાંઈ ફરક લાગતો નથી.—આવો જેનો અભિપ્રાય છે તે જીવો આ સત્ વસ્તુ સાંભળવાનો અવકાશ પણ રહેવા દેતા નથી. તેઓ કહે છે કે “આપણને આત્માની વાત પણ સાંભળવા મળે છે ને આપણા સંપ્રદાયની ક્રિયા પણ સચવાય છે” એટલે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો રાગ રાખવો છે ને આત્માની નામ માત્ર વાતો સાંભળવી છે. તે જીવો તો સત્ વાણીથી પણ વિમુખ થતા જાય છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનો સ્વભાવ છે. જ્યારે વસ્તુનું સ્વરૂપ સમજે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત કહેવાય. અહીં તો એમ કહેવું છે કે કુદેવાદિને છોડીને સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ ને સત્ શાસ્ત્રને નિમિત્ત તરીકે જીવે સ્વીકારી લીધા છે. જીવ, અજીવ વગેર સ્વતંત્ર છે. ગુરુ તથા શાસ્ત્ર કહે છે ને તેની વાણી સાંભળે છે. તેને અહીં કહેવાય છે કે તેને લીધે તને શુભરાગ થયો નથી પણ તારા પોતાના કારણે જે શુભરાગ થાય છે, તેનાથી પણ ધર્મ નથી, સાચાં દેવ-ગુરુ-

શાસ્ત્રને માનવા તે મિથ્યાત્વ નથી, પણ શુભરાગ કે જે પુણ્યબંધનો હેતુ છે તેના વડે ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આધાર અથવા શુભરાગ આધાર અને વીતરાગી પર્યાય-ધર્મ આધેય એવાં આધાર–આધેય સંબંધ નથી, એમ અહીં કહેવું છે. તો પછી જે જીવ કુદેવાદિની માન્યતા રાખે ને આત્માની વાતો નામમાત્ર કરે તે તો મુમુક્ષુની ભૂમિકાથી ઘણો દૂર છે.

## "એક જ આકાશનો વિચાર કરતાં તેને બીજા સાથે આધાર-આધેયપણું નથી."

જ્ઞાનના આધારે જ્ઞાન છે. તે ટીકામાં સમજાવેલ છે. તેને વિશેષ સમજાવવા માટે આચાર્ય ભગવાન આકાશનું દ્રષ્ટાંત આપે છે. લોક અલોકમાં સર્વ વ્યાપક આકાશ એક જ છે. તે આકાશને પોતાના જ્ઞાનમાં સ્થાપો ને વિચારો તો આકાશને બીજા કોઈનો આધાર સંભવતો નથી. આકાશ રહેલું છે તો પોતાના આધારે પણ તેના આધાર માટે નિમિત્તપણાનો આરોપ આવે એવું કોઈ અન્ય દ્રવ્ય નથી. આકાશ નિશ્ચયથી પોતે પોતામાં છે. આકાશ સિવાય બીજા દ્રવ્યોના આધારની તેને અપેક્ષા જ આવતી નથી. જેમકે ધર્મદ્રવ્યનું દ્રષ્ટાંત લઈએ તો ધર્મદ્રવ્ય નિશ્ચયથી પોતાના આધારે છે ને તેને આકાશનો આધાર છે, એમ વ્યવહારથી બોલાય પણ આકાશ માટેનો એવો વ્યવહારનો આરોપ આપવાનું બીજું દ્રવ્ય મળતું નથી. એટલે કે જેના આધાર માટે કોઈ અન્ય દ્રવ્યનું નિમિત્ત કારણ નથી એવા દ્રવ્યનું અહીં દ્રષ્ટાંત આપેલ છે. આવી રીતે આકાશને માટે જુદો આધાર ગોતી શકાતો નથી તેથી બુદ્ધિ ઠરી જાય છે. અને તે ઠરી જતાં 'એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે,' એમ બરાબર સમજી જવાય છે. આકાશને બીજો આધાર છે એવું વ્યવહારે આરોપ કરી શકાય એવું જ્ઞાન પણ નથી ને જેમાં એ આરોપ કરી શકાય એવો જ્ઞેય પદાર્થ પણ આ જગતમાં નથી—એમ સમજી જનારને પર આધાર–આધેયપણું ભાસતું નથી.

## "દરેક પર્યાયનું પરિણમન સ્વતંત્ર છે, નિમિત્ત આધીન નથી."

કેટલાક જીવો કહે છે કે :—નિમિત્ત આવે તો કાર્ય થાય. તો અહીં આકાશના આધાર માટે તો કોઈ નિમિત્ત નથી. જો નિમિત્ત આવે પછી કાર્ય થાય એમ જો તું માને છે તો શું તે પદાર્થોની તે વખતે તે પર્યાય થવાની નહોતી ને થઈ?

કોઈ કહે કે ગુરુની વાણી સાંભળી તો જ્ઞાન થયું, તો તેને પૂછવામાં આવે છે કે શું ત્યાં જ્ઞાનનો પર્યાય નહોતો થવાનો ને થયો છે? જો તે એમ કહે કે વાણી આવી માટે જ્ઞાન થયું, તો શું ત્યાં વાણીનો પર્યાય નહોતો થવાનો ને થયો છે? જો તે એમ કહે કે ઇચ્છાને લીધે વાણી થઈ, તો શું ત્યાં ઇચ્છા નહોતી થવાની ને થઈ છે? જો તે એમ કહે કે કર્મને લીધે ઇચ્છા થઈ, તો શું ત્યાં કર્મ ઉદયમાં નહોતાં આવવાનાં ને ઉદયમાં આવ્યા છે? જો તે એમ કહે કે કર્મ સત્તામાં હતા માટે ઉદયમાં આવ્યાં, તો કર્મ સત્તામાં હતા તેનું કારણ શું? જો તેમ એમ કહે કે પૂર્વે શુભાશુભભાવો કર્યા હતા માટે કર્મ સત્તામાં પડ્યા છે, તો પૂર્વના શુભાશુભભાવોનું કારણ શું? જો તે કહે કે દ્રવ્ય કર્મ કારણ છે, તો દ્રવ્યકર્મોનું કારણ શું? જો તે એમ કહે કે કાળદ્રવ્યની અવસ્થા એની મેળે થાય છે, તો પછી :–

જો કાળની અવસ્થા એની મેળે થયા કરે છે એમ કહો છો તો પછી જ્ઞાનની, વાણીની, ઇચ્છાની, કર્મની બધી અવસ્થા એની મેળે જ થાય છે. એમ પહેલેથી જ કહો ને, નિમિત્તો ઉપર દ્રષ્ટિ શા માટે રાખો છો? જો જીવ નિમિત્તાધીન દ્રષ્ટિ છોડી દરેક અવસ્થા સ્વતંત્ર થાય છે એમ કબૂલ કરે તો જ્ઞાન સાચું થાય છે.

## “આકાશની જેમ આત્માને પણ રાગ તથા પરદ્રવ્યના આધારની અપેક્ષા રહેતી નથી.”

અહીં તો જેમ આકાશને આધાર માટે કોઈ નિમિત્ત નથી, એમ સાબિત કર્યું તેમ હું શુદ્ધસ્વભાવી આત્મા છું, એમ પોતાની બુદ્ધિમાં વિચાર કરો. શુદ્ધાત્માના આધારનો વિચાર કરતાં તેનો આધાર કોઈપણ દ્રવ્યમાં આરોપવાનું બની શકતું નથી. આત્મા સ્વયં સિદ્ધ પદાર્થ છે. તેનો આધાર રાગ છે એમ વિચારો તો તો આત્મા સિદ્ધ થતો નથી પણ રાગ સિદ્ધ થઈ જાય છે. એકલો જ્ઞાનસ્વભાવી આત્માનો વિચાર કરતાં પર તરફ વલણ રહેતું નથી. જેમ આકાશનો આધાર વિચારવા જાય તો આકાશ સિવાય બીજી વસ્તુ મળશે નહિ. આકાશરૂપ ક્ષેત્રનું દ્રષ્ટાંત આપીને આત્માના ભાવનો સિદ્ધાંત નક્કી કરવામાં આવ્યો છે. અહીં આત્માને સિદ્ધ કરવો છે કે રાગને? જો આત્માને સિદ્ધ કરવો છે તો રાગનો આશ્રય સાબિત જ થતો નથી, ને રાગનો વિચાર કરવામાં આવે તો જ્ઞાન ખસી જાય છે. ચૈતન્ય સત્તા લક્ષમાં લેતાં રાગનું લક્ષ રહેશે નહિ, રાગનો અભાવ થઈ ચૈતન્ય તરફ લક્ષ થાય છે. માટે આત્માના આધાર માટે આરોપિત વસ્તુ કોઈ નથી,

રાગનો વિચાર કરવા જતાં જ્ઞાનનો વિચાર રહેતો નથી. વ્યવહારની રુચિમાં એકરૂપ જ્ઞાન રહેતું નથી તેથી આત્માને બીજા આધારની અપેક્ષા રહેતી નથી.

## "મહાવીર ભગવાનની વાણીને તથા ગણધરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ભગવાનની વાણી અફળ ગઈ, તે વાત ખોટી છે."

આજે વૈશાખ સુદી ૧૦ છે. ભગવાન મહાવીરના કેવળજ્ઞાનનો દિવસ છે. તેમને કેવળજ્ઞાન થયા પછી ૬૬ દિવસ સુધી ઓમકાર ધ્વનિ નિકળી ન હતી. કેમ કે તે વખતે નિમિત્તરૂપે એવા પાત્ર જીવો સભામાં ન હતા. ભગવાનની વાણી ગણધરની હાજરીમાં નીકળે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ગણધર નહોતા માટે વાણી અટકી એવો પરાધીન સંબંધ નથી. તે વખતે વાણીનો યોગ જ નહોતો ને નિમિત્તરૂપે ગણધર પણ ન હતા. ભગવાનની વાણી નીકળે ત્યારે ગણધર હોય જ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તાકર્મ સંબંધ નથી. કેટલાક એમ કહે છે કે ભગવાનની વાણી તો નીકળી પણ ધર્મસભામાં કોઈ મનુષ્ય ન હતા તેથી અફળ ગઈ તો તે માન્યતા ભૂલ ભરેલી છે. તીર્થંકરના જીવે પૂર્વે સાધકદશામાં એવી ભાવના ભાવેલી કે હું પૂર્ણ થાઉં ને બધા જીવો પણ ધર્મ પામો અને પૂર્ણ થાઓ. એવા શુભ રાગમાં તીર્થંકર નામકર્મ બંધાયું છે. તે જીવને પૂર્ણદશા પ્રગટ થઈ અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનરૂપી દીવા પ્રગટી ગયા ત્યારે જે વાણી નીકળે તેના ઝીલનાર ન હોય તેમ બને નહિ. બધા જીવો ધર્મ પામે અને પૂર્ણ થાય એવી ભાવનામાં જે કર્મ બંધાયું છે, તેનો ઉદય આવે ને વાણી ખરે તે વખતે પાત્ર જીવો સભામાં હોય જ. તીર્થંકર પુણ્યપ્રકૃતિના નિમિત્તે વાણી નીકળવાના યોગને તથા પાત્ર જીવના સાંભળવાના પુણ્ય યોગને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. મહાવીર ભગવાનને આજે કેવળજ્ઞાન થયું છે ને વાણી ૬૬ દિવસ પછી અષાઢ વદ ૧ના રોજ ગૌતમ ગણધરની હાજરીમાં નીકળી હતી.

## "આત્મા આત્મામાં જ પ્રતિષ્ઠિત છે એમ સમજનારને ભેદવિજ્ઞાન થાય છે."

અહીં એમ કહેવું છે કે વાણી નીકળી તો જ્ઞાન થાય, એમ વિચારવામાં આવે તો વાણી સિદ્ધ થાય છે પણ જ્ઞાન સિદ્ધ થતું નથી. રાગના આધારે ચૈતન્યસત્તા પ્રગટે એમ પરનો વિચાર કરવામાં આવે તો ચૈતન્ય એકરૂપ સત્તા રહેતી નથી. જ્ઞાયકસ્વભાવી આત્મા છે. તેની સન્મુખ સ્થિર થવા માંડે તો પરસન્મુખ વલણ જ

જતું નથી, પરનો નિરોધ થઈ જાય છે. આમ ચૈતન્ય સત્તા ચૈતન્ય સત્તાના આધારે છે, બીજાના આધારે નથી.—આમ સમજે તો ભેદજ્ઞાન થાય. ધર્મ થાય. તે વિના ધર્મ થાય નહિ. એકરૂપ ચૈતન્ય સત્તાનો અંતરવિચાર કરતાં શાસ્ત્ર શું કહે છે તે તરફના રાગના આધારની જરૂર રહેતી નથી. અન્ય દ્રવ્યમાં દેવ, ગુરુ, શાસ્ત્ર, નિમિત્ત, રાગ, પુણ્ય, વ્યવહાર બધું આવી જાય છે. સહજ ચૈતન્ય સ્વભાવી છું, નિમિત્ત કે સંયોગ વિનાનો, રાગ ને પુણ્ય વિનાનો જે સ્વભાવ છે તેમાં એકાગ્ર થતાં રાગની ઉત્પત્તિ થતી નથી. ઘણા જીવો ભક્તિ કરે, માત્ર વાક્યો ગોખે, જેમ કે ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' એમ ગોખ્યા કરે પણ આત્મા શું છે તેના ભાન વિના તે કાંઈ કાર્યકારી નથી. તારી ચૈતન્ય સત્તાનો વિચાર તો કર. ચૈતન્ય સત્તાનો અંતર વિચાર કરતાં, પાંચ મહાવ્રતાદિનો રાગ કે દયાદાનાદિનો રાગ ઉત્પન્ન જ થતો નથી, જ્ઞાનમાં એકતા થાય છે. જ્ઞાનની ખંડખંડ દશા થતી નથી. અહીં જ્ઞાનની ખંડખંડ દશાને પરદ્રવ્યમાં નાખેલ છે. આમ આત્મા આત્મામાં છે, એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર આધાર-આધેયપણું ભાસતું નથી. શુદ્ધ ચૈતન્યના આધારે રાગ પ્રગટે અથવા દયા-દાનના આધારે ચૈતન્યનો અનુભવ થાય એવું ભાસતું નથી. માટે શુદ્ધ ચૈતન્ય ચૈતન્યમાં જઈને ચૈતન્યના અનાદરરૂપ કે પુણ્ય-પાપની રુચિરૂપ ક્રોધ, ક્રોધમાં જ છે, એમ સાબિત થાય છે એટલે શુદ્ધ સ્વભાવના લક્ષે ધર્મ થાય છે ને વિભાવના આધારે ધર્મ થતો નથી પણ અધર્મ થાય છે.

આ પ્રમાણે ચૈતન્ય સ્વભાવી આત્મા અને મિથ્યાત્વ, કર્મ, નોકર્મનું ભેદવિજ્ઞાન સાબિત થયું. કર્મ છે તો આત્મા છે, શરીર છે તો આત્મા છે, પુણ્ય છે તો આત્મા છે, એમ સાબિત થતું નથી. આત્મા આત્માથી સાબિત થાય છે. કોઈના આધારે આત્મા પ્રગટતો હોય તો બેની એકતાબુદ્ધિ થાય છે. વ્યવહાર રત્નત્રયના આધારે આત્મા પ્રગટે તેમ કોઈ રીતે બની શકતું નથી, ને શુદ્ધ આત્મા છે ત્યાં રાગ ભાસતો નથી. હું સ્વથી છું એમ નક્કી કરતાં રાગથી, શરીરથી, કર્મથી હું નથી એમ નક્કી થાય છે. આ પ્રમાણે આત્માને શરીર, કર્મ તથા વિભાવથી ભિન્નપણું સિદ્ધ થયું. એ ભેદજ્ઞાન છે ને ભેદજ્ઞાન ધર્મનું કારણ છે.

**કેવળજ્ઞાનની સંધિ કરનાર શ્રી સદ્ગુરુદેવનો જય હો !**

# પ્રસાદ નં. ૧૯૭

## સમયસાર ગાથા ૧૮૧-૧૮૩

(વૈશાખ સુદ ૧૧, ગુરુવાર, ૨૦૦૭)

## “વીતરાગી પરિણામો જ્ઞાનસ્વરૂપ છે ને ક્રોધાદિભાવો, કર્મ, નોકર્મ જડ છે.”

ભાવાર્થ :–આત્માનો ધર્મ કેમ થાય તે આ ગાથામાં કહેવાય છે. જ્ઞાતાદ્રષ્ટાપણાનો વ્યાપાર તે ઉપયોગ છે ને તે ચૈતન્યનું પરિણમન છે. શુદ્ધ આત્મામાં પરિણતિ કહો કે ધર્મ કહો એક જ છે. તે આત્માના આધારે છે, પુણ્ય-પાપના આધારે નથી. રાગરહિત નિર્મળ ઉપયોગ ચૈતન્યનું પરિણમન છે માટે જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યની અરુચિ થવી ને પુણ્ય-પાપની રુચિ થવી તે ક્રોધ, માન, માયા, લોભ ભાવકર્મ છે. મલિનભાવ છે, અધર્મભાવ છે. જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ જડ છે, તેના સામું જોવાથી આત્માનું કલ્યાણ નથી. શરીર, વાણી આદિ નોકર્મ જડ છે, તેનાથી પણ આત્માનો ધર્મ થતો નથી. તેમાં કર્મને શરીર આદિ તો જડ છે પણ ભાવકર્મ પણ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ હોવાથી જડ કહ્યાં છે. કારણ કે તે મલિનભાવો ચૈતન્યની શાંતિને રોકે છે ને પુદ્‌ગલ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયેલા છે તેથી તેને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહી જડ કહ્યાં છે.

## “શુદ્ધ આત્મા ને તથા વિકાર, કર્મ, નોકર્મને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.”

શરીર, મન, વાણીના આધારે ધર્મ હોય તો, વાણી બોલી ન શકાય, શરીર નબળું પડી જાય, લથડી જાય, ત્યારે ધર્મ કેવી રીતે થશે? તેના આધારે ધર્મ હોય તો તે વખતે ધર્મ થઈ શકશે નહિ. ધર્મ એક એવી ચીજ છે કે જે બધે વખતે થઈ શકે, માટે શરીર, કર્મના આધારે નથી, વળી વિકારીભાવો થાય છે તે આકુળતાવાળા છે. તેને આધારે ધર્મ હોઈ શકે નહિ તેથી એક બાજુ વિકાર, જડ કર્મ ને નોકર્મ ત્રણે જડ છે ને બીજી બાજુ શુદ્ધ ચિદાનંદ આત્મા છે, તેમને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.

## "શુદ્ધ આત્માને વિકાર, કર્મ, નોકર્મ સાથે આધાર આધેયપણું નથી."

આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે. તેના આધારે જે ધર્મદશા પ્રગટ થાય તે આત્મામાં અભેદ થાય છે. તે શુદ્ધાત્મામાં ચૈતન્યથી વિરુદ્ધ ભાવો—પુણ્ય-પાપના ભાવો, કર્મ તથા નોકર્મ નથી. શુદ્ધ ચૈતન્યના આધારે ધર્મ થાય પણ તેના આધારે વિકાર ન થાય અને પુણ્ય-પાપના ભાવો, કર્મ તથા શરીર આદિ નોકર્મમાં શુદ્ધ આત્મા નથી એટલે કે તેના આધારે ધર્મ થતો નથી. આ રીતે શુદ્ધ આત્માને વિકાર, શરીર, કર્મની સાથે આધાર આધેય સંબંધ નથી. આત્મા આધાર ને વિકાર, શરીર, કર્મ આધેય, એમ નથી. તેમ જ વિકાર, શરીર, કર્મ આધાર ને વીતરાગીદશા તે આધેય એવો સંબંધ નથી. દરેક વસ્તુનું આધાર આધેયપણું પોતામાં છે. શુદ્ધ આત્મા શુદ્ધ આત્મામાં છે ને ક્રોધ ક્રોધમાં છે. એટલે કે ચૈતન્યનો આદર કરતાં પુણ્ય-પાપનો આદર થતો નથી ને પુણ્ય-પાપના આદરમાં ચૈતન્યનો આદર રહેતો નથી. રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું. શુદ્ધ આત્માને વિકાર, કર્મ, શરીરની સાથે ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**કળશ ૧૨૬**

અર્થ :–ચિદ્રુપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ—એ બન્નેનો અંતરંગમાં દારૂણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), ચોતરફથી વિભાગ કરીને (–સમસ્ત પ્રકારે બન્નેને જુદા કરીને–) આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનનાં પુંજમાં સ્થિત અને બીજાથી એટલે કે રાગથી રહિત એવા હે સત્પુરુષો! તમે મુદિત થાઓ.

## "આત્મા જ્ઞાનસ્વભાવને ધારે છે ને મિથ્યાત્વાદિ રાગો જડરૂપતા ધારે છે."

આત્મા જાણનાર દેખનાર સ્વરૂપ છે. તે હંમેશા પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને ધારે છે. તે કદી પણ વિકારને ધારણ કરતો નથી. એના આધારે વિકાર થતો નથી. તે સદાય જાગ્રત સ્વરૂપ છે ને પુણ્ય-પાપના ભાવો જડ છે. તે સદાય જડરૂપતા ધારણ કરે છે કારણ કે તે ચૈતન્યની જાગ્રતિને રોકે છે. તે ચૈતન્યથી વિરુદ્ધભાવ છે. પુણ્યથી ધર્મ થાય એવા અજ્ઞાનને આધારે વિકાર થાય છે, ને

ચૈતન્ય છું એવા જ્ઞાનના આધારે વિકાર થતો નથી, પણ ધર્મ થાય છે. બન્નેના સ્વભાવ જુદા છે. ધૂળના લાડવા છોકરાઓ રમવા માટે બનાવે તે જમવામાં કામ આવતા નથી તેમ પુણ્ય-પાપ ધૂળ છે, તે સ્વરૂપની રમણતા માટે કામ આવતા નથી પણ શુદ્ધ ચૈતન્ય એક જ શરણ છે.

## "છકાયની રક્ષા કરી શકતો હો તો તારા જુવાન દીકરાની રક્ષા કેમ કરતો નથી?"

અજ્ઞાની જીવને આ ભેદજ્ઞાનની ખબર નથી તેથી તે માને છે કે મેં પરની દયા પાળી માટે મને ધર્મ થયો. જીવ પુણ્ય-પાપના ભાવો કરી શકે છે પણ તે ભાવોથી પરજીવોની રક્ષા કરી શકે એમ ત્રણ કાળમાં બનતું નથી. વીસ વરસનો જુવાન દીકરો હોય, લગ્ન કર્યા છ માસ થયા હોય ને માંદો પડે ને મરી જાય છે, તો તેને કેમ બચાવતો નથી? છકાયની રક્ષા તું કરી શકે છે, એમ જો માને છે તો તારો જુવાન દીકરો છકાયમાં આવ્યો કે નહીં? તેની રક્ષા કરીને મરણથી તેને કેમ બચાવતો નથી? તેના રક્ષણ માટે તારો ભાવ હોવા છતાં તું તેને રાખી શકતો નથી, તો પછી પર જીવોને રક્ષણ આપી શકું છું, તેની દયા પાળી શકું છું, એમ માનવું તે ભ્રમણા છે ને તે જ ક્રોધાદિ વિભાવ છે. પુણ્ય-પાપના ભાવની મૈત્રી કરવી તે નિર્વિકારી શાંતિના નાશનું કારણ છે. સંસારમાં કોઈ પુરુષ પોતાની પત્નીને છોડી બીજાની પત્ની સાથે પ્રેમ રાખે તો વ્યભિચાર કહેવાય છે, તેમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેનો પ્રેમ છોડી, શરીર, કર્મ ને પુણ્ય-પાપનો પ્રેમ રાખે તેને વ્યભિચાર કહે છે.

## "ભેદજ્ઞાન આત્માને વિકાર, કર્મ, શરીરથી ચારે બાજુથી જુદો કરે છે."

આ પ્રમાણે શુદ્ધ સ્વભાવ અને વિકારનો ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસથી સમસ્ત પ્રકારે બન્નેને જુદા કરીને આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. પર પદાર્થની ક્રિયા કરી શકતો નથી, શરીરની અવસ્થા તેના

કારણે થાય છે. તે આત્માના ભાવને આધીન નથી ને બહારના સંયોગો પણ તેના કારણે આવે છે, એમ આત્માને પર પદાર્થથી તથા વિકારથી ચોતરફથી જુદો પાડ્યો છે. વિકાર ત્યાં ઊભો હશે ને આત્મા તેને જુદો પાડતો હશે? ના. તે બધાં ઉપદેશનાં વાક્યો છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવા શ્રદ્ધા-જ્ઞાન થતાં એટલે કે સ્વભાવદ્રષ્ટિ થતાં વિકારની રુચિરૂપ પર્યાયબુદ્ધિ જ રહેતી નથી, ઉત્પન્ન થતી નથી. ચારે તરફથી બધી બાજુએથી ભેદ પાડે છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળને પરભાવથી આત્માને બિલકુલ શાંતિ નથી. આત્માની શાંતિ તો આત્માના સ્વચતુષ્ટયમાં છે, એમ ચોતરફથી જ્ઞાન ભેદ પાડે છે.

## "સંયોગો તથા સંયોગીભાવમાં શાંતિ નથી, સહજ જ્ઞાનસ્વરૂપ આત્મામાં શાંતિ છે."

ભાઈ તારી શાંતિ અંતર તત્ત્વમાં છે પણ જીવોને શાંતિ ને સુખ બહારમાં ભાસે છે. જુવાન શરીર હોય, ખાવાપીવાના પદાર્થો અનુકૂળ હોય વગેરેમાં શાંતિ ને સુખ અજ્ઞાની માને છે. જો બે ગ્લાસ મોસંબીના પાણીથી શાંતિ ને સુખ હોય તો મોસંબીના પાણીનો આખો હોજ ભરીને તે પીએ તો તેને પૂર્ણ શાંતિ થવી જોઈએ, પણ એમ નથી. ચક્રવર્તીને સંયોગોના ઢગલા હતા, ૯૬,૦૦૦ સ્ત્રી વગેરે શાતાના સંયોગો ઘણા હતા છતાં તે સંયોગો તથા સંયોગી ભાવમાં શાંતિ માનતા ન હતા. અમારી શાંતિ તો અમારા સ્વભાવમાં જ છે, એમ તે જાણતા હતા. આ બાહ્ય વસ્તુઓ અમારી નહિ, આ પુણ્ય-પાપના ભાવો અમો નહિ, અમો તો શાંતસ્વરૂપી છીએ—એમ ભેદ પાડવો તે ધર્મ અને શાંતિનું કારણ છે.

## "કોના આશ્રયે ધર્મ થશે?"

ભાઈ, શાંતિ ને ધર્મ તો આત્માના આશ્રયે છે, શરીર વગેરેના આશ્રયે ધર્મ હોય તો શરીર ઢીલું પડતાં કેવી રીતે ધર્મ થશે?

૧) શરીરની અવસ્થા ઢીલી પડે, દરરોજ પચાસ સો વખત ઝાડે જવું પડે, તે વખતે કોના આશ્રયે ધર્મ થશે?

૨) ભગવાનની વાણી અથવા આગમ સાંભળવાને માટે કાન કામ નહિ કરે, તે વખતે કોના આશ્રયે ધર્મ થશે?

૩) જિનેન્દ્ર ભગવાનનાં, ગુરુનાં ને શાસ્ત્રનાં દર્શન કરવા આંખો કામ કરતી નહિ હોય, તે વખતે કોના આશ્રયે ધર્મ થશે?

૪) દાનાદિના શુભ ભાવને વ્યક્ત કરવા, વાણી બોલી શકતો નહિ હોય તો તે વખતે કોના આશ્રયે ધર્મ થશે?

૫) માટે પર પદાર્થોના લક્ષે ધર્મ નથી, એ બધા વિનાનો જ્ઞાનસ્વભાવ જે આદિ અંત વિનાનો છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી ધર્મ થાય તેમ છે.

## "જુઓ, આચાર્ય ભગવાન ઉલ્લાસમાં આવી આદેશ આપે છે કે હે સત્પુરુષો ! હવે તમે મુદિત થાઓ."

આમ સમસ્ત પ્રકારે આત્માને શરીર ને વિભાવ વગેરેથી જુદો પાડીને આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે, દારુણ વિદારણ શબ્દ ઉગ્ર પુરુષાર્થ બતાવે છે. માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને બીજાથી એટલે રાગથી રહિત એવા હે સત્પુરુષો! તમે મુદિત થાઓ. શરીર, મન, વાણી, પુણ્ય-પાપની રુચિ છોડી આત્મા તરફની દિશા બતાવવી છે. તમારી ચીજ તમારી પાસે છે, અહીં આચાર્ય ભગવાનને ઘણો ઉલ્લાસ આવ્યો છે ને કહે છે કે, હે સત્પુરુષો ! તમોને તમારા ઘરની ચીજ મળતાં તમો આનંદમાં આવો, સધન અવસ્થા કે નિર્ધન અવસ્થા હો, આબરૂ હો કે અણ આબરૂ હો, રોગી હો કે નિરોગી હો, તે તમારી ચીજ નથી, પણ તમારી ચીજ સદાય તમારી પાસે છે. પાણીના પૂરમાંથી નિર્મળ પાણી આવ્યા જ કરે છે. તેમ તમારો આત્મા એક મોટો જ્ઞાનનો દરિયો છે, તેમાં જ્ઞાનની દશા વહે છે.

પર પદાર્થ ને વિકાર રહિત એકલો જ્ઞાનઘન જ્ઞાનનો ગાંગડો તમારો સ્વભાવ છે. એમાં લીન રહીને તમો પણ મુદિત થાઓ! લૌકિકમાં લાડુને મોદક કહે છે. મોદક=આનંદનો કરનાર એવો તેનો અર્થ છે. લાડુમાં તથા લાડુ ખાવાના ભાવમાં આનંદ નથી. તમારો ચૈતન્ય સ્વભાવ આનંદનો કરનાર-મોદક છે. એવા

મોદક મળવાથી તમો હરખમાં આવો. બીજી વસ્તુ વીખરાઈ જાય છે પણ શુદ્ધ સ્વભાવ કદી વિખરાતો નથી. આત્મા અનાદિ અનંત શુદ્ધ એવો ને એવો રહે છે. તારો આનંદ તારા આધારે છે. શરીરનું ગમે તે થાઓ, સંયોગોનું ગમે તે થાઓ પણ આત્મા વિખરાતો નથી. પરપદાર્થની તથા વિકારની રુચિમાં સ્વભાવ ખંડખંડ દશાને પામે છે ને અખંડ સ્વભાવની શ્રદ્ધા કરતાં અખંડતાને પામે છે, તે વસ્તુ તમોને મળી છે માટે મુદિત થાઓ.

શરીરની, સંયોગની, કર્મોની ને વિકારની રુચિ છોડો ને જ્ઞાન સ્વભાવની રુચિ કરો, એમ આચાર્ય ભગવાન આદેશ આપે છે.

## "ચારે બાજુથી સ્વરૂપ લક્ષ્મીને જુઓ ને પ્રસન્ન થાઓ."

માણસો કહે છે કે, અમો પૈસાવાળા, અમારે આટલા મકાન, આબરૂ, દુકાન વગેરે કહીને અભિમાન કરે છે; લક્ષ્મીના ધણી, શરીરના ધણી, બીજી ચીજના ધણી થઈને ચારે બાજુથી પુણ્ય હોય તો ઠીક—એમ રાગમાં ભ્રાન્તિ કરે છે. પ્રતિકૂળ સંયોગવાળા જીવો કહે છે કે અમો નિર્ધન છીએ, અમો રોગી થયા, આબરૂ ગઈ, ઉઘરાણી ખોટી થઈ, વિમાવાળો ભાગ્યો, દાટેલા ધન કોલસા થઈ ગયા—એમ પ્રતિકૂળતામાં દ્વેષ કરી ભ્રાન્તિ કરે છે. અરે ભાઈ, એમાં ક્યાંય શાંતિ નથી. માટે હે ચૈતન્ય, જાગ, જડની રુચિ છોડ, અંતરસ્વરૂપ લક્ષ્મી પડી છે, તેને સંભાળ. તારી આળસે રહી ગઈ છે. ચારે બાજુ અનુકૂળ પ્રતિકૂળ સંયોગોમાં તારી દ્રષ્ટિ છે તે છોડી ચારે બાજુથી તારા જ્ઞાન સ્વભાવને પરભાવોથી તથા પરપદાર્થોથી જુદો પાડી વિજ્ઞાનઘન પુંજ આત્મામાં સ્થિર થા. શરીર, પૈસા, કુટુંબ કર્મ તારા નથી ને શુભભાવ તે આકુળતાવાળા છે માટે તેની દ્રષ્ટિ છોડી, હે સત્પુરુષો! ચૈતન્ય લક્ષ્મી ઉપર ચારે કોરથી નજર કરો ને આનંદમાં આવો.

# પ્રસાદ નં. ૧૯૮

## સમયસાર કળશ ૧૨૬

(વૈશાખ સુદ ૧૨, શુક્રવાર, ૨૦૦૭)

### કુટુંબ, શરીર, કર્મ વગેરે પર વસ્તુ છે; તે આત્માને લાભ-નુકશાનનું કારણ નથી.

ધર્મ કેમ થાય તે આ ગાથામાં કહેવાય છે. પ્રથમ તો આત્મામાં શરીર, કર્મ વગેરે નથી એમ નક્કી કરે તો જુદાનો નિર્ણય થાય, પણ તે પર પદાર્થો મારા છે ને તેથી મને લાભ-નુકશાન છે, એમ માને તો આત્મા તરફ વળવાનો પ્રસંગ રહેતો નથી. પણ હું તો જ્ઞાનમાત્ર છું, એમ નક્કી કરે તો સ્વ તરફ વળવાનો પ્રસંગ રહે છે.

### વિકાર દુઃખદાયક છે, શુદ્ધ સ્વભાવ સુખદાયક છે, એમ પ્રથમ શાસ્ત્ર દ્વારા નક્કી કરવું જોઈએ.

બીજી વાત એ છે કે પુણ્ય પાપના ભાવો આકુળતાવાળા છે, તે મને હિતકર નથી પણ મારો જ્ઞાનસ્વભાવ મને હિતકર છે, એમ શાસ્ત્ર દ્વારા નક્કી કરે તો વિકારરહિત આત્માનાં શ્રદ્ધા જ્ઞાન કરવાનો પ્રસંગ રહે છે. પોતાની પર્યાયમાં થતાં શુભાશુભ ભાવો, જડ કર્મ તો કરાવતા નથી પણ પોતે નબળાઈના કારણે કરે છે તો થાય છે. તે વિકાર ભાવોમાં સુખ નથી. તે એકલા દુઃખદાયક છે, એમ માને ને શુદ્ધ આત્મા સુખદાયક છે એમ માને, તો આત્મા તરફ વળવાનો પ્રસંગ છે, પણ જે જીવ પુણ્યથી ધર્મ માને અને જે પુણ્ય જેટલો જ આત્માને માને તો તેને ભેદજ્ઞાન થાય નહિ ને ધર્મ થાય નહિ. વિકાર જેટલો જ આત્મા હોય તો વિકારના નાશ થવાની સાથે આત્માનો નાશ થઈ જાય, પણ તેમ બનતું નથી, માટે પુણ્ય-પાપ ને આત્મા જુદા છે, તેમ પ્રથમ શ્રદ્ધવું જોઈએ.

### પુણ્ય-પાપ ઉડાઉ દીકરાને મારા માનવાથી ચૈતન્યની દુકાને ખોટ આવે છે ને શાંતિ પ્રગટતી નથી.

આત્માના ભાનપૂર્વક જાગૃતિ થઈ તે શુદ્ધ આત્મા છે. પુણ્ય-પાપના ભાવો તે જાગૃતિને રોકે છે. વળી તે જડના આશ્રયે થાય છે. તે બે કારણસર, તે ભાવોને જડ કીધા છે. એક દુકાન પોતાના બે દીકરાને સોંપી હોય એમાં એક કમાઉ દીકરા હસ્તક કમાણી દેખાય ને ઉડાઉ દીકરા હસ્તક નુકશાની થાય તો ત્યાં વિચાર કરે કે

આ દીકરા હસ્તક નુકશાની કેમ? તપાસ કરતા માલૂમ પડે છે કે પરચુરણ વેચાણમાં તે ઉડાઉ દીકરો ચોરી કરે છે. એમ માલૂમ પડતાં ઉડાઉ દીકરાને દુકાનેથી હેઠે ઉતારી નાખે છે, દુકાન તેને સોંપતો નથી, કારણ કે તેને દુકાન સોંપવામાં તો તે દુકાનની મૂડી ઉડાડી નાખશે. તેમ શુદ્ધસ્વભાવના લક્ષે પ્રગટ થતી પર્યાય (પ્રજા) કમાણી આવે તેવી છે ને તેનો અનાદર કરી થતા વિકારભાવો ઉડાઉ પ્રજા છે, એમ પ્રથમ જાણવું જોઈએ. અનાદિકાળથી હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, કોઈને લીધે હું નથી. એકલું કેવળજ્ઞાન મને પર્યાયમાં કેમ પ્રગટ દેખાતું નથી? મારી શક્તિ તો કેવલજ્ઞાનની છે તો આ કેવલજ્ઞાન પર્યાયમાં કેમ નથી? વિકાસ ન થાય, શાંતિ ન ભાસે, અથવા તો અલ્પકાળમાં મારી મુક્તિ થશે, એમ ભાસ થતો નથી, તેનું કારણ શું? કેટલાંય વ્રત કર્યા, વરસીતપ કર્યા, ઉપવાસ કર્યા, આટલી ચીજ ખપે એમ વ્રત લીધાં, જાત્રા કરી, આટલું આટલું ધર્મના નામે કર્યું, છતાં પણ શાંતિ નહિ. આનું કારણ શું? જરૂર મારા ચૈતન્યની દુકાને લૂંટારા પડ્યા લાગે છે. તેમ વિચાર કરતાં માલૂમ પડે છે કે હું તો શાંત અનાકુળ સ્વભાવી છું ને જે વૃત્તિઓ ઊઠે છે તે આકુળતામય છે, તેને મારી માનું છું તેથી મને ખોટ જાય છે. પુણ્ય-પાપ ને મોહના ભાવો લૂંટારા છે, તે મારી ચૈતન્ય લક્ષ્મીને લૂંટે છે, મારો વિકાસ થવા દેતા નથી. આમ પુણ્ય-પાપના ભાવને લૂંટારા માને તો તેનાથી જુદા પડવાનો પ્રસંગ બને.

## પરપદાર્થ તથા વિકારથી આત્મા જુદો છે, એવું કહેનારા જ્ઞાની ગુરુ પાસે શ્રવણ કરવું જોઈએ.

માટે પ્રથમ તો જીવે નક્કી કરવું જોઈએ કે પરપદાર્થ છે તેથી મને લાભ નુકશાન નથી. આત્મા પરનું કાંઈપણ કરી શકતો નથી, એવા નિર્ણય વિના પર પદાર્થ તરફના વલણથી પાછો ફરે નહિ ને ધર્મ થાય નહિ. વળી પર્યાયમાં થતો વિકાર તે પણ મારું સ્વરૂપ નથી. એ ભાન વિના વિકારથી પાછો ફરે નહિ ને સ્વ તરફ વળે નહિ. માટે પરપદાર્થ તથા રાગથી આત્મા જુદો છે, એમ પ્રથમ સમ્યક્જ્ઞાની ગુરુ પાસેથી સાંભળવું જોઈએ. જે ભાવે બંધન થાય તે ભાવે મુક્તિ થાય નહિ ને અબંધ સ્વભાવના લક્ષે મુક્તિ છે, એમ શ્રીગુરુ પાસે સાંભળીને પછી પુરુષાર્થ લાવી સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરવાં જોઈએ.

પ્રશ્ન : પર્યાય તો ક્રમબદ્ધ છે, તો પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો?

## ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં અક્રમ આત્માના જ્ઞાનસ્વભાવનો નિર્ણય સાથે જ છે ને એ જ પુરુષાર્થ છે.

સમાધાન : પર્યાય ક્રમબદ્ધ થઈ રહી છે, તેનો નિર્ણય કોણે કર્યો? પોતે જો તેનો નિર્ણય કર્યો છે તો પોતે જાણે કે સ્વમાં ને પરમાં ક્રમબદ્ધ અવસ્થાઓ થઈ રહી છે.

૧. પરપદાર્થની અવસ્થાઓ ક્રમબદ્ધ થઈ રહી છે, એમ નિર્ણય કરતાં પરપદાર્થોની અવસ્થા હું કરું, એવી ભ્રાંતિ ટળી જતાં પર ઉપરની દ્રષ્ટિ છૂટી જાય છે. સંયોગી દ્રષ્ટિ નાશ પામે છે.

૨. મારમાં ક્રમબદ્ધ અવસ્થા થઈ રહી છે તેથી પર મને કાંઈપણ કરવા સમર્થ નથી ને મારામાં પણ એક પછી એક અવસ્થા ક્રમબદ્ધ થયા કરે છે, એમ નક્કી કરનારને રાગને ફેરવું અથવા પર્યાયને ફેરવું એવી પર્યાયદ્રષ્ટિ નાશ પામે છે.

૩. આમ પર પદાર્થ ઉપરથી ને સ્વની પર્યાય ઉપરથી દ્રષ્ટિ ખસી જતાં પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ જે અક્રમ પડ્યો છે તેના ઉપર દ્રષ્ટિ જાય છે, ને તેના શ્રદ્ધા-જ્ઞાનથી સમ્યક્દર્શનરૂપ ધર્મ થાય છે. આવી રીતે અક્રમ એવા દ્રવ્યસ્વભાવની રુચિ કરનારને તથા પર અને વિકારની રુચિ છોડનારને ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય યથાર્થ થાય છે.

આમ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય દ્રવ્યદ્રષ્ટિપૂર્વક જ થાય છે ને તેમાં અનંતા પરપદાર્થો, વિકાર ને અંશ ઉપરથી રુચિ ખસીને ત્રિકાળી સ્વભાવ ઉપર રુચિ થાય છે. તેમાં જ ઘણું વીર્ય જોઈએ છે ને તે જ પુરુષાર્થ છે. સ્વભાવદ્રષ્ટિ કહો, ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કહો, પુરુષાર્થ કહો, જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કહો—બધું એક જ છે.

પ્રશ્ન : જ્ઞાનીએ તો અમારો નિર્ણય કર્યો છે ને?

## સંપૂર્ણ જ્ઞાની ને અધૂરા જ્ઞાનીની કબૂલાત.

સમાધાન : જ્ઞાનીએ અમારો નિર્ણય કર્યો છે, એમ નિર્ણય કોના જ્ઞાનમાં કોણે નિર્ણય કર્યો? જ્ઞાનીનો નિર્ણય તો જ્ઞાની પાસે રહ્યો. જ્ઞાની આમ કહે છે, એવો નિર્ણય પોતે પોતાના જ્ઞાનમાં કરે છે, તો જ્ઞાની કોને કહેવા ને જ્ઞાની શું કહે છે, તેની તેને ઓળખાણ થાય. જ્ઞાનીની ઓળખાણ વિના જ્ઞાની અમારા માટે આમ કહે છે, તે વાત યથાર્થ હોઈ શકે નહિ. એટલે તેમાં સંપૂર્ણ જ્ઞાની સર્વજ્ઞદેવ ને અધૂરા

જ્ઞાની નિર્ગ્રંથ ગુરુ બધાની કબૂલાત આવી જાય છે ને નિમિત્ત કેવું હોય તેની પણ ઓળખાણ હોવી જોઈએ.

## જ્ઞાનીની કબૂલાત પોતાના જ્ઞાનમાં થાય છે.

પણ આ જ્ઞાની છે, એવો નિર્ણય સાચો ક્યારે કર્યો કહેવાય? ઋષભદેવ ભગવાનની વાણીમાં ભરત મહારાજાના પ્રશ્નના ઉત્તરરૂપે આવ્યું કે તારા કુટુંબમાંથી તારો પુત્ર મરીચી ભવિષ્યમાં તીર્થંકર થશે. આ વાત જાણીને મરીચીનો જીવ ઉલ્લાસ પામ્યો. હું ભવિષ્યમાં તીર્થંકર થઈશ, એવો નિર્ણય કરીને ઉલ્લાસ કોને આવ્યો? મરીચીના જીવે નક્કી કર્યું કે હું પરિપૂર્ણ થઈશ. એવા સ્વભાવના ઉલ્લાસમાં હા પાડી છે. તે વખતે સમ્યગ્દર્શન થયું નથી પણ ઉલ્લાસ આવ્યો છે. મરીચીના જ્ઞાનમાં પોતાના માટે હા આવી છે. અનંતા ભવોનો અસ્વીકાર ને સ્વભાવનો સ્વીકાર કર્યો છે. અહો હવે મારે અનંત ભવો હોઈ શકે નહિ. જેમ કોઈ છોકરાને મૂડીની વહેંચણી વખતે કહેવામાં આવે કે તારે ભાગે પાંચ કરોડ રૂપિયા આવ્યા. ભલે મૂડી તો મોટો થાય ત્યારે તેના વડીલો અથવા બીજા સોંપે પણ તેણે જ્ઞાન કર્યું છે કે હું પાંચ કરોડનો આસામી છું. તે બીજાના કહેવામાત્રથી હા પાડી નથી પણ પોતે પોતાના જ્ઞાનમાં નિર્ણય કર્યો છે ને તે મૂડીનો હરખ વેદે છે તેમ જ્ઞાની કહે છે ને પોતે કબૂલાત લાવે છે. તેણે જ્ઞાનીનો નિર્ણય કર્યો કહેવાય.

## સર્વજ્ઞદેવની વાણી એક જ નિમિત્તરૂપે છે છતાં સૌ પોતપોતાની યોગ્યતા મુજબ સમજે છે.

ભગવાનની સભામાં તો અનેક પ્રકારના જીવો હોય છે. તેમની વાણી અનક્ષરી નીકળે છે. તે નિમિત્ત તો એક જ છે, છતાં સૌ પોતપોતાની લાયકાત મુજબ સમજે છે.

૧) સીમંધર ભગવાનની વાણી નારદ સાંભળે છે ને એમ સમજે છે કે પ્રદ્યુમ્ન ૧૬ વર્ષે તેની માતાને મળશે.

૨) બીજો જીવ એમ સમજે છે કે ભગવાન મારા પૂર્વભવની વાત કરે છે.

૩) ત્રીજો જીવ એમ સમજે છે કે ભગવાન કથાનુયોગની વાત કહે છે.

૪) ચોથો જીવ સમજે છે કે ભગવાન ક્ષાયિક સમકિતની વાત કરે છે.

૫) પાંચમો જીવ સમજે છે કે હું એક ભવ કરી મોક્ષે જવાનો છું.

ત્યાં વાણી અનક્ષરી એકરૂપ છે. ૐ ધ્વનિ નીકળે છે. દરેક જીવ પોતાના ઉઘાડ મુજબ સમજે છે. તે પ્રમાણે તેમાં નિમિત્તનો આરોપ આવે છે. ભગવાનની

વાણી સાંભળી ગણધર ચાર જ્ઞાન પામે છે ને કોઈ તિર્યંચ સમ્યગ્દર્શન પામે છે. દરેકની સ્વતંત્ર લાયકાત છે, તે મુજબ સમજે છે. એક દુકાનમાં વીસ વર્ષનો છોકરો બે હજાર રૂપિયા કમાય ને ખુશી થાય, નાનો બાળક એક આનાના ભાગથી સંતોષાય ને ધાવણો બાળક ધાવણથી ખુશી થાય તેમ ભગવાનની વાણી સાંભળી સૌ પોતાની યોગ્યતા મુજબ સમજે છે.

## પોતે સર્વજ્ઞ શક્તિવાન છે, એવી કબૂલાત કરે તો જ જ્ઞાનીનો નિર્ણય કર્યો કહેવાય.

હવે તે જ્ઞાનીના જ્ઞાનમાં પોતા માટે શું આવ્યું, તે કહે છે. કેવળજ્ઞાનમાં ને ભગવાનની વાણીમાં એમ આવ્યું કે જેમ સર્વજ્ઞપદ મને પ્રગટ થયું છે, તેમ સર્વજ્ઞ શક્તિવાળો તું છો. અખંડ આત્મસ્વભાવના જ્ઞાન સહિત ત્રણ કાળ ને ત્રણ લોકના પદાર્થોને હસ્તામલકવત જાણવાની તારામાં તાકાત છે. એમ વાણી સાંભળતાં જીવ વિચાર કરે, અહો! મારો સ્વભાવ પણ સર્વજ્ઞ શક્તિવાળો છે. પર, વિકાર કે તે અધૂરાશ રહિત મારો સ્વભાવ છે. જ્ઞાનીએ કહ્યું તે પોતાના જ્ઞાનમાં બેઠું ને પોતાના સ્વભાવને નિમિત્ત વિનાનો, રાગ ને ભેદ વિનાનો આખો કબૂલે છે. તે જ ધર્મની શરૂઆત છે, તે જ પરિપૂર્ણ દશાને પામે છે. વસ્તુસ્વભાવ જેવો છે તેવો કેવળજ્ઞાનીએ જોયો છે ને કેવળજ્ઞાનીએ જોયો છે તેવો વસ્તુસ્વભાવ છે. એમાં કાંઈ ફેર નથી. પોતાનો જ્ઞાનસ્વભાવ વિકાર રહિત છે એવો નિર્ણય કરે તેણે કેવળજ્ઞાનીની વાણીના સારનો નિર્ણય યથાર્થ કર્યો કહેવાય. પોતાના જ્ઞાનસ્વભાવના નિર્ણય વિના કેવળજ્ઞાનીનો નિર્ણય સાચો નથી.

## કેવળીએ દીઠું હશે તેમ થશે, એમ યથાર્થ નિર્ણય કરનારનો પુરુષાર્થ ઊછળી જાય છે.

અહીં કોઈ કહે કે ભગવાને જોયું હશે તેમ થશે, થવાનું હશે તેમ થશે. આપણે ગમે તેટલો પુરુષાર્થ કરીએ પણ ભગવાને જે ભવ જોયા છે એમાંથી આપણો એક ભવ પણ ઓછો થવાનો નથી, એમ કોઈ કહે તો...

સમાધાન : તમોને કોની શ્રદ્ધા છે? કેવળીએ જોયું હશે એ માત્ર ભાષાની શ્રદ્ધા છે કે જ્ઞાનની શ્રદ્ધા છે? તમો જે પ્રમાણે અર્થ કહો છો તે પ્રમાણે શાસ્ત્ર કહેતા નથી. જે જીવ પુરુષાર્થ કરે તે દીર્ઘ સંસારી હોઈ શકે જ નહિ. જે જીવ જેમ થવાનું હશે તેમ થશે, એમ કહી પુરુષાર્થ કરતો નથી તેને વીતરાગના શાસ્ત્રોની શ્રદ્ધા નથી. ગજસુકુમાર હાથીના હોદ્દા ઉપર શ્રીકૃષ્ણના ખોળામાં બેઠા હતા. ગજસુકુમાર

લગ્ન થતા પહેલાં નેમનાથ ભગવાનનાં દર્શન કરવા જાય છે. ભગવાનની વાણી સાંભળે છે. ત્યાં ભગવાનની વાણીમાં શું સાંભળ્યું? "ગજસુકુમાર, વૈરાગ્ય લાવ, આજે તને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાની છે"...આટલું સાંભળીને ગજસુકુમારને વૈરાગ્ય આવ્યો ને માતા પાસે રજા માગે છે, હે માતા! રજા આપો, અમો આજે દીક્ષા લઈએ છીએ. પછી પ્રભુ પાસે દીક્ષા લઈ, રજા માગે છે, કે 'હે ભગવાન્! આજે અમોને સ્મશાનમાં જવાની આજ્ઞા આપો. સ્મશાનમાં મડદાં જાય છે, અમારે જીવતાં સ્મશાનમાં જવું છે.' કલૈયા કુંવર જેવા તે રાજકુમાર ભર જુવાનીમાં સ્મશાનમાં જાય છે, ઉપસર્ગ થાય છે, તેનો સસરો માથા ઉપર સગડી મૂકે છે. એ નિમિત્તે દેહ છૂટી જાય છે. પોતે શુક્લધ્યાનમાં આરૂઢ થઈ કેવળજ્ઞાન પામે છે. **જુઓ ભાવ ઊપડ્યો તે જ દિવસે દીક્ષા, તે જ દિવસે કેવળજ્ઞાન ને સિદ્ધપદ. બધું એક જ દિવસે.** પુરુષાર્થ ઊપડ્યો તે રોકાતો હશે? ભગવાનની વાણી સાંભળી કે કેવળજ્ઞાન થવાનું છે તો પછી આપણે ઘેર બેસી રહો. કેવળજ્ઞાન તો થવાનું છે ને! એવા ભાલા પેથા કરે? કે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉગ્ર પુરુષાર્થ કરે? ત્રિલોકનાથ ભગવાનની દિવ્યધ્વનિના ધોધ સાંભળીને ભગવાન મારા માટે શું કહે છે, એમ સાંભળીને રાગરહિત ચૈતન્યસ્વભાવ ઊછળી જવો જોઈએ.

## તીર્થંકરો ગૃહસ્થદશામાં હતા ત્યારે ભાન હતું કે કેવળજ્ઞાન પુરુષાર્થપૂર્વક પ્રાપ્ત થશે.

તીર્થંકર ભગવાન ત્રણ જ્ઞાન લઈને અવતરે છે. એ જ ભવમાં કેવળજ્ઞાન લઈને મોક્ષે જવાના છે, એમ તેમને ખ્યાલ છે. તેઓ ક્યા ઉપાયથી મોક્ષે ગયા? મુનિપણાની સ્વરૂપ રમણતા વિના મોક્ષ થઈ જશે, એમ તેઓ માનતા હતા? કેવળજ્ઞાન તો થવાનું છે માટે આપણે દીક્ષા લેવાની શી જરૂર છે, એમ માનતા હશે? ના. સ્વભાવનું તો ભાન હતું પણ મુનિપણા વિના કેવળજ્ઞાન થશે નહિ. કેવળજ્ઞાન તે જ ભવે થશે એવા ખ્યાલની સાથે પુરુષાર્થ ભેગો જોઈશે, એમ ખ્યાલ હતો. પુરુષાર્થપૂર્વક કેવળજ્ઞાન લઈશું, એમ તેઓ જાણતા હતા પણ પર ઉપરની દ્રષ્ટિ રાખીને, પ્રમાદ સેવીને કેવળજ્ઞાન થશે, તેમ તેઓની માન્યતા હોઈ શકે નહિ, કારણ કે તે માન્યતા તો મિથ્યાદ્રષ્ટિની છે, તેવા જીવોને તો શ્રદ્ધાના પણ ઠેકાણા નથી.

## "કેવળીએ જોયું હશે તેમ થશે" એમ માત્ર ભાષા પકડનારને જરાપણ ધર્મ થતો નથી.

જે જીવ, 'કેવળીએ જોયું હશે તેમ થશે'—એમ માની પુરુષાર્થ ઉપાડતો નથી ને માત્ર ભાષા બોલે છે તે જીવના શ્રદ્ધા-જ્ઞાન જૂઠાં છે. તેને વીતરાગના શાસ્ત્રની કે સર્વજ્ઞની શ્રદ્ધા નથી. એટલે કે પોતાની પણ શ્રદ્ધા નથી. થવાનું હશે તેમ થશે, એમ માત્ર ભાષા બોલી પોતાના મિથ્યાત્વને ટાળતો નથી, સંયોગીબુદ્ધિ છોડી, સ્વભાવબુદ્ધિ કરી, અક્રમ સ્વભાવની શ્રદ્ધા કરતો નથી, તેને ધર્મ થતો નથી. તેણે ભાષા પકડી છે. ભાષા પાછળ રહેલો મર્મ પકડ્યો નથી. જેને થવાનું હશે તેમ થશે એટલે ક્રમબદ્ધનો નિર્ણય છે તેને રાગરહિત જ્ઞાનસ્વભાવનો નિર્ણય થયા વિના રહે નહિ. તેને ભવ હોઈ શકે નહિ, પણ જે માત્ર ભાષા પકડી પુરુષાર્થ કરતો નથી, તેને સંસાર ઊભો છે. જેમ સંસારમાં 'રોતો જાય તે મુવાના સમાચાર લાવે છે' એટલે કે તે કોઈ કામ પાર ઉતારતો નથી તેમ જેટલા ભવ થવા હશે તેટલા થશે તે રોતલ જેવા છે, પુરુષાર્થહીન છે. તેઓ સંસારનો પાર ઉતરતા નથી.

## ધર્મી જીવને ગતિની શંકા પડતી નથી.

શ્રીમદે કહ્યું છે કે :

**લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;**
**એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?**

જુઓ, શ્રીમદને ૧૯ વર્ષની ઉંમરે આટલી તૈયારી હતી. વર્તમાન ભવમાં તીર્થંકર કે જ્ઞાનીના સમાગમ વિના આત્મા તરફનો જે ઉઘાડ દેખાય છે, તે ઉપરથી પૂર્વનો ભવ નિગોદ વગેરેનો ન હોઈ શકે પણ જ્ઞાનીના પ્રત્યક્ષ સમાગમની નજીકનો હોવો જોઈએ. થોડું આત્માનું આરાધન હતું ને થોડું વિરાધન થયેલ, તેથી વર્તમાન ભવ આ ક્ષેત્રે થયો છે. એમ પૂર્વભવનો ખ્યાલ છે તથા આ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ ઊછળ્યો છે, તે ભવિષ્યમાં કેવળજ્ઞાન લઈને ઠરશે—એમ ભવિષ્યનો પણ ખ્યાલ છે. ગતિ-આગતિ કાં શોધ? પૂર્વે જ્ઞાની પાસે ભવ હતો ને ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું એમાં શંકા નથી. આમ ધર્મી જીવોને ગતિની શંકા હોતી નથી. પોતે અલ્પકાળમાં મુક્તિ જવાના છે, એમ નિઃશંક હોય છે.

## જુઓ, અહીં આચાર્ય ભગવાન કેવળજ્ઞાનના નોતરા આપે છે.

ભાવાર્થ : આત્મા ત્રિકાળ જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે, પુણ્ય-પાપ કલુષિતતા છે, આત્મા તેનાથી રહિત છે, એમ સ્વભાવની દ્રષ્ટિ કરનારને ભવની શંકા હોતી નથી.

આત્મા આનંદ સ્વભાવી છે ને શુભાશુભભાવો દુઃખદાતાર છે, એમ ભેદજ્ઞાન કરવું. પોતાનો આત્મા સદાય જ્ઞાનસ્વરૂપે રહ્યો છે, તે કદી વિકારી થયો નથી. હે ધર્માત્મા, મોક્ષના કામી પુરુષો! તમો મુદિત થાઓ. વિકારનો આદર કરો નહિ, પણ સ્વભાવનો આદર કરો. જેમ કોઈને ઘેરથી સાગમટે નોતરૂં આવતા બધા માણસો જમવા જાય, તેમ અહીં આચાર્ય ભગવાન બધાને કેવળજ્ઞાનનાં નોતરાં આપે છે. સ્વરૂપની રુચિ કરો, સંયોગોમાં લાભ-નુકશાન નથી, પુણ્ય-પાપની રુચિ છોડો, આત્મલક્ષ્મી તમારી પાસે છે, તેનાથી મુદિત થાઓ.

## ભેદજ્ઞાનથી સંવર થાય છે ને સંવરથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

ટીકા : પર પદાર્થ અને પુણ્ય-પાપથી આત્મા જુદો છે, આનંદસ્વરૂપી છે, એમ ભેદજ્ઞાન કરેલ છે. તે ભેદવિજ્ઞાના બળથી આત્મા કદી પણ મિથ્યાભ્રાંતિરૂપે પરિણમતો નથી પણ સ્વરૂપમાં ઠરે છે અને માત્ર જ્ઞાનરૂપે રહે છે. તે મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ કરતો નથી. અહીં સાધકની વાત છે. કેવળ જ્ઞાનરૂપ જ રહેતું=માત્ર જ્ઞાનરૂપ રહે છે (કેવળજ્ઞાનની વાત નથી) તથા જરાપણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી એટલે કે મિથ્યાત્વ સહિતના રાગદ્વેષને કરતો નથી. અસ્થિરતાના રાગદ્વેષની વાત ગૌણ છે. જ્ઞાની ધર્માત્મા વૈભવના ઢગલામાં હોય કે નરકમાં હોય તો પણ અમો તે સંયોગોની રુચિવાળા નથી ને અલ્પ કલુષિતતા અમારી ચીજ નથી, એમ સમજી નિરંતર સ્વભાવની દ્રષ્ટિ રાખે છે. તેથી તેમને ભ્રાંતિપૂર્વકના રાગદ્વેષ થતા નથી. તેથી નક્કી થાય છે કે રાગ ને જડ પદાર્થોથી આત્મા જુદો છે. એવા ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની સિદ્ધિ થાય છે ને શુદ્ધ આત્માની પ્રાપ્તિથી મિથ્યાત્વ સહિતના રાગદ્વેષનો અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે. જેનાથી ક્રમે ક્રમે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

# પ્રસાદ નં. ૧૯૯

## સમયસાર ગાથા ૧૮૪-૧૮૫

(વૈશાખ સુદ ૧૩, શનિવાર, ૨૦૦૭)

હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માનો અનુભવ કેવી રીતે થાય છે, ભેદવિજ્ઞાન કબૂલ કરતાં પરપદાર્થો શરીર, કર્મ છે, વિકાર સ્વતંત્ર પર તરફ લક્ષ કરીને કરે છે ને પર તરફથી પાછો વળીને સ્વ તરફ વળે તો શુદ્ધ અનુભવ થાય છે, એમ નક્કી થાય છે. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–

ગાથા ૧૮૪-૧૮૫

**જ્યમ અગ્નિ તપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહિ તજે,**
**ત્યમ કર્મ ઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪**
**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫**

અન્વયાર્થ :–જેમ સુવર્ણ અગ્નિથી તપ્ત થયું થકું પણ તેના સુવર્ણપણાને છોડતું નથી તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ જ્ઞાનીપણાને છોડતો નથી.–આવું જ્ઞાની જાણે છે અને અજ્ઞાની અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત હોવાથી આત્માના સ્વભાવને નહિ જાણતો થકો રાગને જ આત્મા માને છે. સાચો યોગ કેવી રીતે થાય? જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં જોડાણ તે જ ખરો યોગ છે.

ટીકા :–ભેદવિજ્ઞાન એ જ ધર્મનું કારણ છે. ભેદજ્ઞાન વિના યોગની સમાધિમાં બેસી જાય તો તેથી યોગની સમાધિ થતી નથી. યોગ એટલે જોડાવું એમ અર્થ થાય છે.—કોઈ જીવ યોગ કરવા માગે છે.

(૧) તે ઉપરથી નક્કી થાય છે કે યોગ એટલે તેનું જોડાણ વર્તમાન કોઈથી બીજા તરફ છે માટે બીજા પદાર્થો આ જગતમાં હયાતી ધરાવે છે, બધા થઈને એક વસ્તુ નથી.

(૨) પર સાથેનું જોડાણ છે એમાં એને શાંતિ લાગતી નથી કારણ કે તે જોડાણ બદલવા માગે છે માટે વર્તમાન પર સાથેના જોડાણમાં વિકાર છે, દુઃખદાયક છે, અશાંતિ છે, એમ વર્તમાન પર્યાયની હયાતી સ્વીકારવી પડશે, પર્યાય ભ્રમ નથી.

(૩) વર્તમાન જે જોડાણ છે તે પલટવા માગે છે, તો અવસ્થા પલટી શકે છે. આત્મા સર્વથા કૂટસ્થ નથી, એમ માનવું પડશે.

(૪) એક યોગથી બીજા યોગમાં જોડાણ કરવા છતાં બન્નેમાં કાયમ રહેતો પદાર્થ છે, તે આત્મા નિત્ય છે, સર્વથા ક્ષણિક નથી, એમ માનવું પડશે.

(૫) અત્યાર સુધી પરના લક્ષે યોગ કર્યો, તેમાં શાંતિ ન મળી તો પરમાં પોતાની શાંતિ નથી પણ શાંતિ તો પોતામાં છે, એમ નક્કી કરવું પડશે.

(૬) આ પ્રમાણે પોતાનો સ્વભાવ કે જેમાં જ્ઞાન દર્શન આનંદ આદિ શક્તિઓ ભરેલી છે તેમાં યોગ કરે—જોડાણ કરે તો શાંતિ મળે તેમ છે. તે જ ખરો યોગ છે.

આ પ્રમાણે અનંતા આત્માઓને જડ પદાર્થોની હયાતી કબૂલ કરી, આત્મા નિત્ય પલટતો કબૂલ કરવો પડશે ને તેવી સાચી વાત કહેનારનો સત્સમાગમ કરીને પછી પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં જોડાણ કરે તો યોગ સાધ્યો કહેવાય. આ સમજ્યા વિના ધ્યાનમાં વીસ કલાક બેસે ને અલ્પ આહાર લ્યે તોપણ કાર્યકારી નથી.

## “અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોના ઢગલામાં આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને છોડતો નથી.”

જેને આગલી ગાથાઓમાં કહ્યું છે તેવું ભેદવિજ્ઞાન છે, તે જ તેના સદ્‌ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે. જ્ઞાની થયો થકો એ શબ્દો બતાવે છે કે પૂર્વે અજ્ઞાની હતો તે પલટી પર્યાયમાં હવે જ્ઞાની થાય છે, જેવી રીતે આકરી અગ્નિથી ગરમ થયેલું સોનું સોનાપણાના સ્વભાવને પીળાશ, ચીકાશ, ભારેપણું કે જે તેનો સ્વભાવ છે તેને છોડતું નથી તેમ જ્ઞાની ગમે તેટલા પ્રતિકૂળ સંયોગોમાં ઘેરાયો હોય તોપણ પોતાના જ્ઞાનસ્વભાવને છોડતો નથી. પ્રચંડ કર્મોદય=એવા અશાતાવેદનીયાદિ કર્મોનાં ઉદયને લીધે પ્રતિકૂળતાના ઢગલા આવી પડે તોપણ જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને છોડતો નથી. જ્ઞાની તે ગુણી છે અને જ્ઞાન ગુણ છે. ઠંડી હવા લાગે, વીંછી કરડે, સર્પ કરડે, ગળત કોઢ થાય, ઊલટી થાય, દમ ચડે, સૂળ ચડે, કોઈ ભાવ ન પૂછે વગેરે પ્રકારે પ્રતિકૂળતાના ઢગલા થાય, ને અનુકૂળતામાં ૯૬૦૦૦ સ્ત્રીઓ ખમા ખમા કરે, રાજ્યપાટ હોય, એક માગે તો અનેક ચીજ હાજર થાય, ચારે કોર વૈભવના ગંજ દેખાતા હોય, પણ તે અનુકૂળ સંયોગો જ્ઞાનીને રાગ કરાવી દે ને પ્રતિકૂળ સંયોગો દ્વેષ કરાવે—એમ બનતું નથી. તે પોતાનો જ્ઞાનસ્વભાવ ટકાવી રાખે છે. કારણ કે પોતાના જ્ઞાનસ્વભાવના આદરમાં પરવસ્તુનો આદર નથી.

## "જ્ઞાનસ્વભાવ સ્વભાવવાનથી જુદો પાડવો અશક્ય છે."

કારણ કે હજારો કારણો મળવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે. અહીં તો હજારનું દ્રષ્ટાંત આપેલ છે, અનંત કારણો મળવા છતાં જ્ઞાનસ્વભાવને છોડી દેવો અશક્ય છે. પ્રતિકૂળતા વખતે સહનશીલતા કરવી પડતી નથી. પોતાના જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન થયાં એટલે કે ઉપાદાન દ્રષ્ટિ થઈ પછી અનંતા નિમિત્ત કારણો આવે તોપણ તે પોતાની સ્વભાવ દ્રષ્ટિને નુકશાન કરતા નથી. તે પ્રસંગોને લીધે રાગ-દ્વેષ નથી ને સ્વભાવમાં રાગ-દ્વેષ નથી. દીકરા દીકરી રાગ કરાવતા નથી, દુશ્મન દ્વેષ કરાવતા નથી, સાતમી નરકમાં લાખો વીંછીઓ કરડે તેવી વેદના છે. છતાં ત્યાં ધર્મી જીવને તેના કારણે દ્વેષ થતો નથી. કોઈને વીંછી કરડ્યો હોય ત્યારે લાખ રૂપિયા તેને આપો પણ શાંતિ થશે નહિ. રૂપિયામાં શાંતિ હોય તો શાંતિ થવી જોઈએ પણ શરીરની મમતા, પૈસા ઉપરની મમતા તે દુઃખનું કારણ છે પણ રુચિ ફેરવે તો ભ્રાંતિ થતી નથી. કોઈ વખતે મુનિને પણ પ્રતિકૂળતાના ઢગલા હોય, દેહ પણ છૂટી જાય છતાં તેઓ પોતાના જ્ઞાનસ્વભાવમાં લીન રહે છે, પોતાના સ્વભાવને છોડતા નથી.

## "અજ્ઞાની જીવ બહારથી શાંતિ રાખે તોપણ એકત્વબુદ્ધિના કારણે અધર્મી છે."

અજ્ઞાની જીવ માને છે કે ભાઈ, અમારે કેટલું સહન કરવું? આબરૂ ગઈ, પૈસા ગયા, બાર બાર માસથી રોગ મટે નહિ, શરીર ચાલે નહિ, ઝાડા ઉપરા ઉપરી થાય, છોકરા પણ કંટાળી જાય. ભાઈ, સહન કરવાની પણ હદ હોય ને? આમ અજ્ઞાની બહારથી સહનશીલતા માને છે. શરીરની તથા સંયોગોની પર્યાય જે વખતે જેમ થવાની હોય તેમ થાય છે. તે પર્યાય નહોતી થવાની ને થઈ છે? નિમિત્તે ઉપજાવી છે? જો પરથી પર્યાય હોય તો પર્યાયનો નાશ થાય છે ને પર્યાયનો નાશ થતાં વસ્તુનો પણ નાશ થાય છે. કદાચિત્ અજ્ઞાની જીવ માંદગીના પ્રસંગે બહારથી શાંતિ રાખે ને કહે કે મારે દવાની જરૂર નથી, જેમ થવાનું હશે તેમ થશે, પણ તેના અભિપ્રાયમાં એમ છે કે હું વાણી બોલી શકું છું, દવા લાવી કે છોડી શકું છું, દવાથી મને ઠીક થશે એમ પરવસ્તુની પર્યાયનો ધણી થાય છે, તે મૂઢ અજ્ઞાની છે, તેને ભેદવિજ્ઞાનની ખબર નથી.

## "જ્ઞાની જીવ પ્રતિકૂળ સંયોગોમાં પણ શુદ્ધ આત્માને અનુભવી શાંતિ વેદે છે."

જ્યારે જ્ઞાની જીવ દવા લાવવાનું કહે ને અલ્પ રાગ-દ્વેષ થતાં હોય તોપણ જડની પર્યાયનો ને વિકારનો સ્વામી થતો નથી. પોતાના આત્માના સાચાં શ્રદ્ધા-જ્ઞાન હોવાને કારણે સ્વપરપ્રકાશક સ્વભાવ ખીલ્યો છે. તેમાં રાગનું જ્ઞાન કરે છે ને રાગ થતાં નિમિત્તો ઉપર લક્ષ જાય છે. છ ખંડના ધણી જ્ઞાની હોય પણ સંયોગની પ્રીતિ કરી તેમાં સાવધાન થતો નથી. પણ પોતાના સ્વભાવમાં સાવધાન છે. પુણ્ય-પાપના ભાવોમાં તે શાંતિ માનતો નથી, ચૈતન્યનો આશ્રય વર્તે છે. હજારો કારણો મળવા છતાં સ્વભાવને છોડવો શક્ય છે. કારણ કે સ્વભાવ છૂટતાં વસ્તુનો જ નાશ થાય. પણ એમ બનતું નથી, વસ્તુનો કદી નાશ થતો નથી.—આમ જ્ઞાની જાણે છે. તેથી ગમે તેવા સંયોગોમાં ઘેરાયેલો હોવા છતાં પરપદાર્થને ફેરવું કે પરથી સુખ લઉં એવા મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ તેને થતાં નથી. જીવ પરપદાર્થને તો ફેરવી શકતો નથી પણ રાગને પણ ફેરવી શકતો નથી. પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે રાગ ફરી જાય છે. જ્ઞાની શુદ્ધ આત્માને અનુભવી શાંતિને વેદે છે.

## "અજ્ઞાની જીવ ભેદવિજ્ઞાનના અભાવના કારણે શુદ્ધ આત્માને અનુભવતો નથી."

જેને ભેદવિજ્ઞાન નથી તે જીવ અજ્ઞાની છે. પરપદાર્થની ક્રિયા આમ કરું તો ઠીક પડે, પુણ્યથી ધર્મ થાય, પુણ્ય-પાપના ભાવને ફેરવ્યા કરું, એવી સંયોગી દ્રષ્ટિ હોવાથી તે જીવ અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થયો છે. અંધકારમાં કોલસા ને સોનું સમાન લાગે છે. બે વચ્ચેનો ભેદ માલૂમ પડતો નથી, બધા એક લાગે છે. આત્માનો શુદ્ધ સ્વભાવ એ જ ચૈતન્ય ચમત્કાર છે, તેને જાણતો નથી, બહારના ચમત્કારમાં કાંઈ માલ નથી. અનંતા પ્રતિકૂળ નિમિત્તો હોવા છતાં સ્વભાવમાં એકાગ્ર થઈ શાંતિ અનુભવે એવો ચમત્કાર શુદ્ધ આત્મામાં છે, તેનું ભાન નથી તે જીવ દયા-દાનને વિકાર જેટલો જ હું છું, એમ અંશમાં આખા અંશીને સ્વીકારે છે. પ્રતિકૂળ સંયોગો હોય તો દ્વેષ થાય ને અનુકૂળ સંયોગો હોય તો રાગ થાય—એમ પરમાં તે સાવધાન થાય છે. આમ પર્યાયબુદ્ધિ હોવાના કારણે મોહી, રાગી, દ્વેષી થાય છે. આટલી ક્રિયા હોય તો ધર્મ થાય, અમુક જાતના શુભભાવ હોય તો ધર્મ થાય—એવી ભાવના છે, પણ હું છું તો ધર્મ થાય તેમ તે માનતો નથી. તેથી તે

અજ્ઞાની જીવ આત્માની સ્વરૂપ રમણતા ને શાંતિને બિલકુલ અનુભવતો નથી માટે નક્કી થાય છે કે ભેદવિજ્ઞાનથી જ આત્માનો અનુભવ થાય છે. સોનાને લોઢાની જેમ કાટ લાગતો નથી તેમ ચૈતન્ય સ્વભાવ સોનાની જેમ કાટ વિનાનો છે, એમ દ્રષ્ટિમાં લીધો તેને મિથ્યાત્વરૂપી રાગ-દ્વેષના કાટ લાગતા નથી ને તે આત્મામાં શાંતિ અનુભવે છે.

ભાવાર્થ :—શરીરાદિ પર છે, વિકાર દુઃખદાયક છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે—એવું ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી કદી છૂટતો નથી. તે જ્ઞાનીને પ્રતિકૂળ સંયોગો હોવા છતાં મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ થતા નથી. અજ્ઞાની સંયોગોને ભાળે છે તેથી "કર્મના ઉદય વડે તપ્ત થયો થકો" એ શબ્દો વાપરેલ છે. જ્ઞાની તો પોતાના સ્વભાવમાં જ હોય છે. જ્ઞાની અંતરમાં સ્થિર થાય છે. જડની ક્રિયા જ્ઞાનથી રોકી શકાતી નથી, જે થવાની હોય તે કાળે તેમ થાય છે. વળી કોઈ ધર્મીને શાતાના ઢગલા હોય પણ ભાન છે કે આ ચીજો મને રાગ ઉપજાવી શકે એમ નથી. પ્રતિકૂળતા ને અનુકૂળતામાં ઘેરાવા છતાં અંતર જ્ઞાતા તરફનું વલણ ખસતું નથી તેથી તે મોહી, રાગી, દ્વેષી થતો નથી ને શુદ્ધ આત્માને અનુભવે છે.

અજ્ઞાની જીવ માને છે કે પરવસ્તુ હું મેળવી શકું છું ને તેને ભોગવી શકું છું, એમ પરપદાર્થમાં એકત્વબુદ્ધિના કારણે તથા પુણ્યથી ધર્મ માને છે તેના કારણે રાગી, દ્વેષી, મોહી થાય છે. મારી ધર્મપર્યાય મારા દ્રવ્યના આશ્રયે પ્રગટ થશે, તેમ તે માનતો નથી. ચૈતન્યદ્રષ્ટિ નથી, પણ બહિર્દષ્ટિ હોવાના કારણે જ્ઞાનસ્વભાવી આત્માને જાણતો નથી, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે. તે કદી પણ શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે નક્કી થાય છે કે પરપદાર્થ ને વિકારથી આત્મા જુદો છે, એવી ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે ને એ જ મોક્ષનો ઉપાય છે. ।। ૧૮૪-૧૮૫।।

# પ્રસાદ નં. ૨૦૦

## સમયસાર ગાથા ૧૮૬

(વૈશાખ સુદ ૧૪, રવિવાર, ૨૦૦૭)

હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કેવી રીતે થાય છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા : ૧૮૬

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

અન્વયાર્થ : શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો—અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.

### "જ્ઞાનીજીવ શાસ્ત્રની અનેક અપેક્ષાઓ યથાર્થ સમજે છે."

જે જીવ સદાય અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે, એટલે કે પરપદાર્થને કર્મથી વિકાર થાય તેવી દ્રષ્ટિ છૂટી ગઈ છે, જે પોતાને શરીર, કર્મ, વિકારથી જુદો માને છે, તે પોતે જ્ઞાતાસ્વભાવી છે. એમ અતૂટક જ્ઞાન-ધારાવાહી જ્ઞાનથી આત્માને અનુભવે છે. તે પોતાના આત્માને અખંડ જ્ઞાનસ્વરૂપ માને છે ને શાસ્ત્રનાં કથનને બરાબર અપેક્ષાથી જાણે છે.

(૧) સંસારદશામાં જીવ વિકાર કરે છે ત્યારે કર્મ ને નોકર્મનું નિમિત્ત હોય છે. શાસ્ત્રોમાં કર્માદિ મૂર્ત ચીજો નિમિત્ત છે, એ અપેક્ષાએ આત્માને મૂર્ત ઉપચારથી કથન કરવામાં આવે છે. તેથી કાંઈ જીવ મૂર્ત થઈ જતો નથી, પણ મૂર્ત કર્માદિનું એકક્ષેત્રે અવગાહનપણું બતાવવા જીવને મૂર્ત કહ્યો છે. તે વ્યવહારનયનું કથન છે, એમ જ્ઞાની જાણે છે.

(૨) જીવ સ્વયં પોતાના કારણે વિકાર કરે છે, ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે. શાસ્ત્રોમાં કથન આવે છે કે કર્મના ઉદયને લીધે વિકાર થાય છે, તો તેનો અર્થ એ છે કે વિકાર સ્વલક્ષે થતો નથી પણ સ્વને મૂકીને પર લક્ષ કરે છે તો વિકાર થાય છે. ત્યાં પર ચીજનું જ્ઞાન કરાવે છે. પણ તેથી કર્મ વિકાર કરાવે છે, એવો એનો અર્થ નથી.

(3) વ્યવહારથી નિશ્ચય થાય છે—એમ કથન શાસ્ત્રમાં આવે તો શું રાગથી અરાગીદશા થાય છે? ના, પોતે શુદ્ધ સ્વભાવ આત્માના આશ્રયે પ્રગટ કરે

ત્યારે શુભભાવરૂપ વિકારને વ્યવહાર કહેવામાં આવે છે. પણ વિકારથી અવિકારી દશા થાય નહિ, એમ જ્ઞાની જાણે છે.

(૪) મોક્ષમાર્ગથી મોક્ષ થાય—એમ શાસ્ત્રમાં લખાણ આવે પણ ખરેખર તો આત્માના શુદ્ધ સ્વભાવની એકાગ્રતાથી જ મોક્ષ થાય છે. ત્યારે મોક્ષમાર્ગની પર્યાય ઉપર કારણનો ઉપચાર આવે છે. મોક્ષમાર્ગ તો પર્યાય છે. અધૂરી પર્યાયમાંથી પૂર્ણ પર્યાય પ્રગટ થાય નહિ. વ્યવહારના કથનને જ્ઞાની યથાર્થ જાણે છે.

## "જ્ઞાની સદાય અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવે છે."

આમ શાસ્ત્રના કથનને જ્ઞાની બરાબર સમજે છે. કર્મ અને પરપદાર્થથી વિકાર થાય તો ત્યાંથી ખસીને આત્મા તરફ વળવાનું રહેતું નથી. તેથી જ્ઞાની માને છે કે મૂર્તનું નિમિત્ત હોવા છતાં, હું મૂર્ત નથી. કર્મનું નિમિત્ત છે માટે મને વિકાર થાય છે, એમ તે માનતો નથી પણ મારા કારણે વિકાર થાય છે એટલો પણ હું નથી. હું તો જ્ઞાતાસ્વભાવી છું. મૂર્ત કર્મ, રાગ વગેરે હોવા છતાં તેની રુચિ નથી. રુચિ તો શુદ્ધ જ્ઞાનસ્વભાવની છે. પૂર્વે આટલા બધા ભવો કર્યા તેમાં મૂર્ત ને વિકારી હતો કે નહિ? ના, પૂર્વે પણ હું જ્ઞાનસ્વભાવી જ હતો ને અત્યારે પણ જ્ઞાનસ્વભાવી જ છું. પણ ભવિષ્યમાં પણ જ્ઞાનસ્વભાવી જ રહીશ. "સદાય અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી" એ શબ્દ વાપરેલ છે. અતૂટક જ્ઞાનની ધારા કહેલ છે. જે જ્ઞાનની ધારા મટી પુણ્ય-પાપ અને પરમાં એકત્વબુદ્ધિ કદી પણ કરે નહિ, કારણ કે પોતાનો જ્ઞાનસ્વભાવ પોતાથી છે, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રથી નહિ, શ્રવણથી નહિ, પુણ્યથી નહિ, પૂર્વ પર્યાયથી નહિ પણ એકલા જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવે છે.

## "અચ્છિન્ન ધારાવાહી જ્ઞાન રાગ-દ્વેષ-મોહની સંતતિનો નાશ કરે છે."

આત્મા જ્ઞાનસ્વભાવી છે, એનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ થાય છે. એ ન્યાય અનુસાર જ્ઞાનીને મિથ્યાત્વરૂપી રાગ-દ્વેષ થતાં નથી ને તેથી આગામી કર્મોનો બંધ પડતો નથી, તેથી આત્માની શુદ્ધતાને અનુભવે છે. આગામી કર્મો આવવાનાં હતાં ને તેણે રોક્યા એમ નથી. તે તો સમજાવવાની

શૈલી છે. જ્ઞાયક સ્વભાવમાં એકાગ્ર થતાં વિકારની ઉત્પત્તિ જ થઈ નહિ, ને કર્મો અટકી ગયા. કર્મો આવવાના હતા ને અટકી ગયા એમ નથી પણ કર્મો આવવાને લાયક જ ન હતા, અનાદિથી પુણ્ય-પાપની રુચિ કરી, નિમિત્તથી લાભ માની, શરીરની ક્રિયાથી ધર્મ માની, રાગદ્વેષમોહની પરંપરા ચાલ્યા કરતી હતી, તેની સામે અતૂટક જ્ઞાનધારાની સંતતિ એ રાગ-દ્વેષની સંતતિનો નાશ કર્યો. આ પ્રમાણે જ્ઞાની પોતાના શુદ્ધ આત્માને પામે છે. આનું નામ આત્મયોગ, આત્મધ્યાન, આત્મચારિત્ર, આત્મસંવર, બધું એક જ છે.

હવે અજ્ઞાનીની વાત કરે છે :–

## "અજ્ઞાની અજ્ઞાનમય ભાવોને લીધે મોહરાગદ્વેષને જ અનુભવે છે. તેને આગામી કર્મો અટકતા નથી."

અનાદિકાળથી શુદ્ધ ચૈતન્ય કોણ છે, તેની અજ્ઞાનીને ખબર નથી. શરીર સારું રહે તો ધર્મ થાય, પુણ્ય ધર્મમાં મદદગાર થશે, સંયોગો અનુકૂળ રહે તો ઠીક, ઘડીએ ઘડીયે શુભભાવ કરું તો ઠીક, એમ સંયોગો અને વિકાર ઉપર દ્રષ્ટિ હોવાના કારણે તેના બધા ભાવો અજ્ઞાનમય છે. તેમાંથી અજ્ઞાનમય ભાવો જ થાય છે. પણ કોઈ દિવસ જ્ઞાન પ્રગટતું નથી. અજ્ઞાનીની ભાવના એમ છે કે મહાવિદેહક્ષેત્ર હોય, સંહનન સારું હોય, ચોથોકાળ હોય તો મોક્ષ થાય એમ પરની તથા અશુદ્ધતાની ભાવના ભાવે છે. પણ હું જ્ઞાનસ્વભાવી આત્મા છું તો મોક્ષ થશે—એમ ભાવના ભાવતો નથી. અજ્ઞાની જીવ વિકારને મુખ્ય કરે છે તેથી અજ્ઞાની જ રહ્યા કરે છે. આથી મોહરાગદ્વેષનો નિરોધ નથી પણ સદ્‌ભાવ છે. તેથી આગામી કર્મો બંધાય છે, ને તે અશુદ્ધ આત્માને જ પામે છે. એટલે મોહરાગદ્વેષને જ અનુભવે છે, પણ ધર્મ પામતો નથી.

## "નિશ્ચયધર્મ પોતામાં પ્રગટ થયા વિના વ્યવહાર કોનો?"

કોઈ જીવ દલીલ કરે છે કે :- તમારી નિશ્ચયની વાત બરાબર છે પણ વ્યવહાર કાંઈ આવતો નથી.

સમાધાન :—નિમિત્ત ને વ્યવહાર છે. છે તેનો કોઈ નિષેધ કરતું નથી પણ તેનાથી આત્મ કલ્યાણ થશે એવી માન્યતાનો નિષેધ કરાય છે. પુણ્ય-પાપને નિમિત્ત ઉપરથી લક્ષ ખેસવી પોતાના જ્ઞાન સ્વભાવમાં ઠરે તે નિશ્ચય છે ને પૂર્વ

પર્યાયના રાગને વ્યવહાર કહે છે ને બીજી જોડે સંયોગી વસ્તુને નિમિત્ત કહે છે. પણ જે જીવ પરથી ને રાગથી ધર્મ થાય તેમ માને તેને નિશ્ચય ધર્મ તો પ્રગટ થયો નથી, તે શુદ્ધતા પ્રગટ થયા વિના અશુદ્ધતાનું યથાર્થ જ્ઞાન કરશે કોણ? પોતામાં નિશ્ચય પ્રગટ થયા વિના વ્યવહાર કોનો? આત્માના ઉપાદાનમાં કાર્ય થયા વિના નિમિત્ત કોનું? પોતાના જ્ઞાયક સ્વભાવમાં વળે ત્યારે પૂર્વની પર્યાયમાં રાગ હોય તેને નિમિત્ત કહેવાય, ને શુભ રાગવાળી દશામાં શુભરાગ થાય તો કર્મને નિમિત્ત કહેવાય પણ કર્મના નિમિત્તે શુભરાગ થયો ને શુભરાગથી ધર્મ થયો, એમ નથી. જીવોને વ્યવહારની પકડ ઘણી છે. પણ જેને નિશ્ચય પ્રગટ થયો નથી, તેને વ્યવહાર છે જ નહિ.

## "જીવ શુદ્ધ સ્વભાવના ભાનથી ને પુરુષાર્થથી તરે છે ત્યારે ભગવાનને નિમિત્ત તરીકેનો આરોપ અપાય છે."

જ્ઞાની પણ ભક્તિ વખતે કહે કે હે નાથ! તારી ભક્તિથી હું મોક્ષ જવાનો છું, ભક્તિનો ભાવ તો રાગ છે ને રાગના ભાવથી મોક્ષ જવાતું હશે? ભાઈ, એ બધા નિમિત્તોના કથનો છે. ભગવાનથી કે ભગવાનની ભક્તિના રાગથી હું તરવાનો નથી. હું તો મારાથી જ તરવાનો છું, એવું ભાન છે. પણ સ્વભાવમાં પૂર્ણ ઠરી શકતો નથી ત્યાં સુધી ભગવાન ઉપર લક્ષ જાય છે, એમ કહેવાનો આશય છે. વિવેકની ભાષામાં ભગવાનની ભક્તિમાં નિમિત્તપણાનો આરોપ આવે છે. વળી "તીત્થયરા મે પસીયંતુ" એ શબ્દો આવે છે. હે તીર્થંકરો, તમો મારા ઉપર પ્રસન્ન થાઓ. બોલ્યા કે લખ્યા પ્રમાણે અર્થ કરે તો અજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. મૂર્તિ તો પરદ્રવ્ય છે, તે કાંઈ ભક્તિનો ભાવ કરાવતી નથી. દેહની ક્રિયા સ્વતંત્ર છે ને શુભભાવ થાય તેથી કાંઈ ધર્મ થતો નથી. શુભભાવ હોય તો પર તરફ લક્ષ જાય છે પણ જ્ઞાની શુભભાવથી ધર્મ માનતો નથી ને અધૂરીદશામાં શુભભાવ આવ્યા વિના પણ રહેતો નથી. શુભભાવથી ધર્મ માને તો અજ્ઞાની છે ને અધૂરીદશામાં શુભ ને શુભનાં નિમિત્તો હોય છે, એમ ન સમજે તો પણ અજ્ઞાની છે.

આ પ્રમાણે અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવો થયા જ કરે છે. તે મોહ રાગ દ્વેષને જ અનુભવે છે, ને તેથી નવા કર્મો બંધાય છે માટે શુદ્ધ આત્માના અનુભવથી જ સંવર એટલે કે અશુદ્ધતાનું અટકવું ને કર્મોનો નિરોધ થાય છે.

## "જેને જેવી ભાવના તેમાં તૂટ પડવા દે નહિ"

ભાવાર્થ :—સૂતર કાંતનારો એક પૂણી પછી બીજી પૂણી સાંધ્યા કરે છે, તૂટ પડવા દેતો નથી; તેમ જેને જેની ભાવના હોય તેમાં તૂટ પડવા દ્યે નહિ. પુણ્ય પાપ વિના અખંડ ધારાવાહી જ્ઞાયકસ્વભાવની પૂણી કાંતે છે ને શુદ્ધ આત્માને નિરંતર અનુભવે છે ને તેથી મિથ્યાત્વ રાગ-દ્વેષ થતા નથી, તેથી તે શુદ્ધ આત્માને પામે છે. તેથી ઊલટું, જે જીવ પુણ્ય પાપની ને પરની એકત્વબુદ્ધિની ભાવના કરતો નથી, તેને મોહરાગદ્વેષ થયા કરે છે તેથી તે અશુદ્ધ આત્માને પામે છે. આ રીતે નક્કી થાય છે કે શુદ્ધ આત્માની પ્રાપ્તિથી સંવર થાય છે.

## સમાધિ કરવા ઇચ્છતા જીવે શું કરવું?

વસ્તુ સ્વરૂપના ભાન વિના કેટલાક જીવો સમાધિ કરે છે, તેને કદીપણ સમાધિ હોઈ શકે નહિ. સમાધિ કરવા ઇચ્છનારે પ્રથમ વસ્તુ સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. વળી આત્માનો પૂર્ણ વિકાસ પામેલા સર્વજ્ઞદેવ ને તેના સાધક સંતોને યથાર્થ સ્વરૂપ બતાવનારા શાસ્ત્રો વગેરેનું સ્વરૂપ સમજવું જોઈએ. તે જાણ્યા વિના સમાધિ થાય નહિ. શરીર પુણ્ય-પાપ રહિત આત્માના જ્ઞાન સ્વભાવની એકાગ્રતા થવી, તે સમાધિ છે. આ પ્રમાણે શુદ્ધ આત્માના શ્રદ્ધા જ્ઞાન ને રમણતાથી સંવર થાય છે, એ જ સમાધિ છે. સમાધિ બહારમાં કે શરીરની ક્રિયામાં કે પુણ્ય-પાપના ભાવોમાં નથી, આત્મજ્ઞાનપૂર્વક શાંતિ એ જ સમાધિ છે.

### કળશ ૧૨૭

અર્થ :—જો કોઈપણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને નિશ્ચળપણે અનુભવ્યા કરે તો આ આત્મા, જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને પરપરિણતિના નિરોધથી શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.

## અનેકાંતનું યથાર્થ રહસ્ય સમજી શુદ્ધ આત્મામાં એકાગ્ર થાય છે, તેનું જ્ઞાન ધારાવાહી છે.

કેટલાક જીવોને આવી સ્પષ્ટ વાત સાંભળીને થાય છે કે નિશ્ચય તો બધે થઈ શકે છે પણ જેને નિશ્ચય ધર્મ પ્રગટ થાય તેને સાચા દેવગુરુ શાસ્ત્ર જ નિમિત્ત હોય. ભલે સાચા દેવ આદિથી ધર્મ થતો નથી પણ ત્યારે નિમિત્ત સાચું જ હોય. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું નિમિત્ત ન હોય. જેમ મીઠાઈ લેવા જતાં પહેલાં કાંટા તોલા ને

ભાવનું નક્કી કરે છે પણ માલ ખાતી વખતે ભાવને ગોખતો નથી તેમ નિશ્ચયધર્મ પ્રગટ કરતા પહેલાં આગમજ્ઞાન દ્વારા બરાબર નક્કી કરે છે. તે આગમમાં શું આવ્યું?

૧. આત્મા સ્વથી છે ને પરથી નથી, એમ નક્કી કરતાં અનંતા પદાર્થો સ્વતંત્ર નક્કી થયા.

૨. વળી, વર્તમાન પર્યાય છે તે પૂર્વપર્યાયથી નથી તેમજ નિમિત્તથી પણ નથી, એમ અનેકાંત નક્કી કરતાં પર્યાય સ્વતંત્ર નક્કી થાય છે.

૩. જીવને શાંતિ જોઈએ છે તો વર્તમાનમાં શાંતિ નથી, એમ નક્કી થયું.

૪. તે અશાંતિ પલટી શાંતિ થઈ શકે છે, તેથી પલટનપણું સાબિત થયું.

૫. શાંતિ, અશાંતિમાંથી ન આવે પણ શાંતિ નિત્ય ટકતા પદાર્થમાંથી આવે, એમ નક્કી થયું.

૬. આમ નિત્ય દ્રવ્ય પર્યાયે પલટતું માન્યું ને સ્વ તરફ જોયું.

પ્રથમ ખોટી માન્યતા હતી તે સાચી માન્યતા થઈ. પ્રથમ ખોટું જ્ઞાન હતું તે સાચું થયું; પુરુષાર્થ રાગ-દ્વેષમાં રોકાતો તે ઊંધો હતો, તે હવે સ્વમાં રોકાતાં સવળો થયો. પ્રથમ રાગ-દ્વેષમાં ને પરમાં લીનતા હતી તે હવે સ્વમાં થઈ.

આવી રીતે અનેકાંતનું રહસ્ય સત્ સમાગમે સ્વલક્ષે સમજે તો પોતામાં જ્ઞાનધારા પ્રગટે. પાઠમાં તીવ્ર પુરુષાર્થ કરીને કહ્યું છે તથા જ્ઞાનને ધારાવાહી કહ્યું છે. આમ પરથી ને વિકારથી જુદો માની પોતાના જ્ઞાનસ્વભાવનો સતત આશ્રય લ્યે તેના જ્ઞાનને ધારાવાહી જ્ઞાન કહે છે.

જેની સ્વભાવસન્મુખ દ્રષ્ટિ થઈ તેને હવે પર ને વિકાર તરફ દ્રષ્ટિ જશે નહિ.

જેનો સવળો પુરુષાર્થ થયો તેને ઊંધો પુરુષાર્થ થશે નહિ.

જેને સમ્યક્જ્ઞાન પ્રગટ થયું તેને મિથ્યાજ્ઞાન થશે નહિ.

જેને સ્વમાં લીનતા થઈ તેને પરમાં ને વિકારમાં લીનતા થશે નહિ.

તેને ભવિષ્યમાં મલિનતા થશે નહિ. અનંતકાળ મિથ્યાત્વ ને પાપમાં ગયો. તે ભૂતની પર્યાય, વર્તમાન સાચા જ્ઞાનમાં નથી ને વર્તમાન સાચાં જ્ઞાન-શ્રદ્ધામાં, ભવિષ્યમાં મલિનતા આવશે નહિ. આ ધારાવાહી જ્ઞાનનું ફળ છે.

*************